
# શ્રી ભગવતીસૂત્ર-વંદના

[શ્રી ભગવતીસૂત્ર વિષયક પરિચયલેખો અને
સજ્ઝાયાદિ પદ્યકૃતિઓનો સંચય]

સંપાદક :
પૂજ્ય આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર
પૂજ્ય આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરિ મહારાજના શિષ્ય
**પૂજ્ય આચાર્યશ્રી વિજય પ્રદ્યુમ્નસૂરિમહારાજ**

સહસંપાદક :
**કાન્તિભાઈ બી. શાહ**



# શ્રી ભગવતીસૂત્ર-વંદના

[શ્રી ભગવતીસૂત્ર વિષયક પરિચયલેખો અને
સજ્ઝાયાદિ પદ્યકૃતિઓનો સંચય]


સંપાદક :
પૂજ્ય આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર
પૂજ્ય આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરિ મહારાજના શિષ્ય
પૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિ મહારાજ

સહસંપાદક :
કાન્તિભાઈ બી. શાહ



પ્રકાશક :
શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
C/o શ્રી જિતેન્દ્ર કાપડિયા,
અજંતા પ્રિન્ટર્સ, લાભ કૉમ્પ્લેક્સ,
૧૨/બી, સત્તર તાલુકા સોસાયટી,
પો. નવજીવન, અમદાવાદ ૩૮૦૦૧૪

SHREE BHAGWATISUTRA-VANDANA
Ed. Acharya Vijaypradyumnasuri Maharaj, 2001
Shree Shrutgnana Prasaraka Sabha,
Ahmedabad.

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર ૨૦૦૧ (સં. ૨૦૫૭)

નકલ : ૫૦૦

પૃષ્ઠસંખ્યા : ૧૨+૧૬૪

કિંમત : રૂ. ૪૦.૦૦

આવરણ : રોહિત કોઠારી

પ્રાપ્તિસ્થાન :

(૧) **શ્રી જિતેન્દ્ર કાપડિયા,**
અજંતા પ્રિન્ટર્સ, લાભ કૉમ્પ્લેક્સ,
૧૨/બી, સત્તર તાલુકા સોસાયટી,
પો. નવજીવન, અમદાવાદ ૩૮૦૦૧૪.
ફોન : ૭૫૪૫૫૫૭

(૨) **શ્રી શરદભાઈ શાહ,**
બી/૧, વી. ટી. એપાર્ટમેન્ટસ,
દાદાસાહેબ સામે, કાળા નાળા,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૪૨૬૭૯૭

ટાઇપસેટિંગ અને મુદ્રક :
**ઇમ્પ્રેશન્સ**
૨૪, સત્યકામ સોસાયટી,
સુ. મં. માર્ગ, આંબાવાડી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫

## શ્રુતલાભ

વિ.સં. ૨૦૫૭માં કૃષ્ણનગર સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના સમુદાયનાં આજ્ઞાવર્તિની પૂ. સાધ્વીજીશ્રી રાજીમતીશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી મુક્તિમતીશ્રીજી મ. આદિની પ્રેરણાથી આ પુસ્તકનો સંપૂર્ણ શ્રુતલાભ શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (સૈજપુર બોઘા) (અમદાવાદ)ના જ્ઞાન ખાતામાંથી લીધેલ છે.

# પ્રકાશકીય નિવેદન

એક વિચાર આવ્યો !

આગમ પ્રત્યેની ભક્તિ પ્રકટ કરવાનો મનોરથ થયો.

અને પ્રો. શ્રી કાંતિભાઈ બી. શાહે શ્રુતસેવા કરવાનું શરૂ કર્યું. ફલશ્રુતિરૂપે આ પુસ્તક આપના હાથમાં મૂકી રહ્યા છીએ. શ્રી ઉપેન્દ્રભાઈએ આમાં ઉત્સાહપ્રેરક રસ લીધો છે એનું સ્મરણ કરીએ છીએ.

ઇચ્છા તો એવી ખરી કે આચારવિચારના દીવામાં આગમભક્તિ દ્વારા જ તેલપુરવણી થાય તો મૂળ માર્ગની નજીક આવી શકીએ. એ કાર્યમાં આ પ્રકાશન ઉપયોગી નીવડશે એવી આશા છે.

ભાદરવા સુદ ૭, સં. ૨૦૫૭ — પ્રકાશક

અમદાવાદ

॥ नमोनमः श्री गुरुनेमिसूरये ॥

## શ્રી ભગવતીજીસૂત્રનો સ્વાધ્યાય : બિંદુમાં સિંધુ

વિવિધ વિષયોના ખજાના જેવા શ્રી ભગવતીસૂત્ર માટે પ્રભુના સંઘમાં અનેરો આદર છે, બહુમાન છે. આગમ તો છે જ, પણ આગમગ્રંથ શિરોમણિ છે.

***પ્રભુ ! તુજ આગમ સરસ સુધારસ સીંચ્યો શીતળ થાય છે,***
***તાસ જનમ સુકૃતારથ માનું સુરનર તસ ગુણ ગાય રે.'***

એ જ્ઞાનવિમલસૂરિ મહારાજની પંક્તિ વાંચી ત્યારે આગમના સુધારસથી ચિત્તને સીંચવાનો મનોરથ થયેલો અને પછી ગુરુમહારાજનાં ચરણોમાં બેસીને જ્યારે એ અક્ષરના અમીરસનું પાન કરવાનો અવસર આવ્યો ત્યારે વળી એ જ જ્ઞાનવિમલસૂરિ મહારાજના શબ્દોનો સાક્ષાત્કાર થયો હતો.

***'આગમ તે જિનવર ભાખીયો ગણધર તે હૈડે રાખીયો,***
***તેહનો રસ જેણે ચાખીયો તે હુવો શિવસુખ-શાખીયો'***

શિવસુખના સાક્ષી બનાવે તેવો એ આગમનો રસ છે, તે વાત સમજાય એવી છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ 'અધ્યાત્મસાર'માં લખે છે કે રસ, કામમાં ભોગાવધિ છે, સદ્ભક્ષ્યમાં માત્ર ભોજનાવધિ છે પણ જ્ઞાનમાં રસ નિરવધિ છે. આ નિરવધિ રસને માણનારના સૌભાગ્યની ઈર્ષ્યા આવે તેવી છે.

આમે સકલ આગમગ્રંથો સર્વજ્ઞભાષિત છે અને જે સર્વજ્ઞભાષિત હોય તે લક્ષણોપેત હોય. જે લક્ષણોપેત હોય તે દેવતાથી અધિષ્ઠિત હોય એ નિયમ છે છતાં નવાંગી ટીકાકાર આચાર્યશ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજે માત્ર શ્રી ભગવતીસૂત્ર માટે જ દેવતાધિષ્ઠિત એવું વિશેષણ વાપર્યું છે.

આવા ગહન ભાવોના ભંડાર સ્વરૂપ, ચારે અનુયોગ – દ્રવ્યાનુયોગ,

ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ અને ચરણકરણાનુયોગ – મય. અનેક આત્મહિતકર ભાવોના ખજાનારૂપ શ્રી ભગવતીસૂત્ર ઉપર પણ ઘણું ખેડાણ થયું છે. નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજની વિશદ વૃત્તિ-વિવરણ રચાયું તે પૂર્વે બે ચૂર્ણિગ્રંથ પણ રચાયા છે અને તે પ્રકાશિત પણ થઈ ચૂક્યા છે. એક સુંદર પ્રયત્ન એ થયો છે કે ભગવતીસૂત્ર ઉપરની જે આચાર્યશ્રી અભયદેવસૂરિ મહારાજની વૃત્તિ છે તેમાં પ્રત્યેક શતકના અંતે તેમણે એક અથવા બે એમ શ્લોક પ્રશસ્તિ સ્વરૂપે એકથી વધારે અર્થને પ્રકટ કરે તેવા રચ્યા છે. એ તમામ શ્લોકના અંદર છુપાયેલા અર્થોને પ્રકટ કરનારો 'भगवती प्रशस्ति परिमल' નામનો સંસ્કૃત ગદ્યબદ્ધ ગ્રંથ પૂજ્યપાદ શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વર મહારાજના સમુદાયના સમર્થ વિદ્વાન આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજે રચ્યો છે જે હજી સુધી અપ્રકાશિત છે. આ તો આખા શ્રી ભગવતીજી સૂત્રની વાત થઈ. પણ આના અંતર્ગત આવતા વિષયોને લઈને રચાયેલા અલગ, અલગ, નાના, નાના, પ્રકરણો, કુલકો વળી જુદા. એ ગાંગેયભંગ પ્રકરણ વગેરે છે. તેની જેમ જ એ મહાગ્રંથમાં નિરૂપિત ભાવોને સરળ ગુજરાતીમાં આલેખતી સજ્ઝાય સ્વરૂપે પણ ઘણી રચના મળે છે. તેમાં વિક્રમના સત્તરમા શતકમાં થઈ ગયેલા જગદ્‌ગુરુશ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજની પરંપરાના ઉપાધ્યાયશ્રી માનવિજયજી મહારાજે રચેલી ભગવતીસૂત્રના તે તે શતકની સજ્ઝાય ખૂબ જ નોંધપાત્ર છે. જો કે હજી શ્રી સંઘના પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજમાં એ પ્રચલિત નથી. તેઓના કંઠને શોભાવે તેવી આ રચના સજ્ઝાયસંગ્રહમાં પ્રકાશિત છે પણ તેના તરફ ધ્યાન ગયું નથી.

આ પ્રકાશનનું એ પ્રયોજન પણ છે કે આના માધ્યમથી તેઓનું ધ્યાન આ તરફ જાય અને તેનું ગાન વધે અને શ્રી ભગવતીસૂત્રના ગૂઢ-માર્મિક ભાવો આ રીતે સંઘના શ્રાવક/શ્રાવિકા સુધી પહોંચે.

એક વખત આ રીતની વાત શ્રી કાંતિભાઈ બી. શાહ સાથે થઈ ત્યારે તેમણે એમાં જરૂરી પરિશ્રમ કરવાની તૈયારી બતાવી અને એ સામગ્રી મુદ્રિત તથા હસ્તલિખિત ભેગી કરવામાં આવી. અને તે તે શતકના ગુજરાતી સારભાગ માટે પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીના પટ્ટાલંકાર આચાર્યશ્રી વિજયપદ્મસૂરીશ્વરજી મહારાજે પિસ્તાલીસ આગમગ્રંથોનો સાર ગુજરાતીમાં આપ્યો છે. 'પ્રવચન કિરણાવલિ' નામે તે સુલભ છે. તેમાંથી શ્રી ભગવતીસૂત્રનો સાર તે તે શતકની

સજ્ઝાયની સાથે આપ્યો છે.

વિ. સં. ૨૦૫૪માં આંબાવાડી શ્રી સંઘના આંગણે ચાતુર્માસ દરમિયાન પૂજ્યપાદ સૌમ્યમૂર્તિ આચાર્ય મહારાજશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ, પૂજ્યપાદ વ્યાકરણાચાર્ય આચાર્ય મહારાજશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં મુનિશ્રી ગુણશીલવિજયજી તથા મુનિશ્રી રાજહંસ વિજયજીને પરમ પાવન પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રના મોટા જોગની આરાધના શરૂ થઈ અને તેની અનુજ્ઞાસ્વરૂપ ગણિપદપ્રદાન નિમિત્તનો પ્રભુજીનો મહોત્સવ ઊજવાયો ત્યારે પ્રાસંગિક રીતે શ્રી ભગવતીજી સૂત્રના સ્કંદક, પરિવ્રાજક અને જમાલિકુમાર વગેરે અધિકારોનું નિરૂપણ કરવાનું બન્યું. ત્યારે એક વિચાર એવો પણ વહેતો થયો કે આ રીતે શ્રી ભગવતીસૂત્ર પ્રવચનમાળાનું આયોજન પણ થઈ શકે અને આઠ દિવસમાં શ્રી ભગવતીજીસૂત્રનું वर्णिका દર્શન કરી-કરાવી શકાય. સમગ્ર તો વંચાય/સંભળાય ત્યારે, પણ તેનું આચમન તો થઈ શકે તોય ઘણું. એમાંથી આ પ્રકાશનનો વિચાર ઉદ્ભવ્યો. એ પ્રવચનમાળામાં સંગીતના ભાગમાં આ સજ્ઝાયોનું ગાન કરાવવું.

હાલ તો પ્રવચનમાળાનો વિચાર અભિલાષારૂપ છે પણ તે નિમિત્તે થયેલા આ સંગ્રહને તો પ્રકાશિત કરાવવું તે મુનાસિબ લાગ્યું.

આના વાચન-મનનથી પવિત્ર પંચમાંગશ્રી ભગવતીસૂત્રના દરિયા જેવા ભાવોનો એક ચળુ જેટલો ભાગ પણ આસ્વાદવા માટે ખપ લાગશે તો ક્યારેક ભવનો તાગ પણ લાધશે.

આના શ્રમપૂર્વકના સંપાદન બદલ શ્રી કાંતિભાઈ બી. શાહને અંતરના હાર્દિક ધન્યવાદ આપવા ઉચિત છે. તેઓની શ્રુતસેવાની ભાવના પ્રશંસનીય છે સમ્યગ્જ્ઞાન દ્વારા આત્મદર્શન એ મુદ્રાલેખ છે તેને સાર્થક કરવા આપણે સૌ પ્રયત્ન કરીએ.

વિ. સં. ૨૦૫૭
શ્રાવણ સુદિ પંચમી.
દશાપોરવાડ જૈન ઉપાશ્રય,
પાલડી, અમદાવાદ-૭

એ જ.
**શ્રી નેમિ – અમૃત – દેવ –**
**હેમચંદ્રસૂરિશિષ્ય પ્રદ્યુમ્નસૂરિ**

# અનુક્રમ


પ્રકાશકીય નિવેદન ૩

શ્રી ભગવતીજી સૂત્રનો સ્વાધ્યાય : બિંદુમાં સિંધુ /
આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ ૪

૧. શ્રી ભગવતીસૂત્ર ૧
(શતક, ઉદ્દેશક અને સૂત્રસંખ્યા નિર્દેશક તાલિકા) /
સં. મુનિશ્રી કન્હૈયાલાલ કમલ

૨. श्री विवाहप्रज्ञप्तिः ५ - अङ्गस्तोत्रम् / श्री विबुधप्रभसूरि महाराज ૨

૩. श्री भगवती-स्तोत्रम् / આ. શ્રી ધુરન્ધરસૂરિ મહારાજ ૩

૪. पेथड पुस्तक-पूजा प्रबन्धः / શ્રી રત્નમંડનગણિ ૫

૫. પેથડ મંત્રીની પુસ્તકપૂજા / અનુ. આ. શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી ૭

૬. શ્રી ભગવતીસૂત્રનો મંગલ પ્રારંભ / સંપા. અનુ. પં. બેચરદાસ દોશી ૮

૭. શતકાંત શ્લોકો / અનુ. પં. બેચરદાસ દોશી ૧૧

૮. कालादय इति / શ્રી રત્નપ્રભાચાર્ય ૧૩

૯. મૂળપાઠ ('अभिधानचिंतामणिकोश') અને
'अभिधानचिंतामणिनाममाळा'માંથી / શ્રીમદ્ હેમચંદ્રચાર્ય ૧૬

૧૦. શ્રી ભગવતીસૂત્રની સજ્ઝાયો ૧૮-૨૬
(૧) શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત ૧૮
(૨) ઉપા. યશોવિજયજીકૃત ૨૦
(૩) શ્રી નિત્યવિજયકૃત ૨૧
(૪) શ્રી ખિમાવિજયકૃત ૨૨
(૫) ઉપા. વિનયવિજયકૃત ૨૩
(૬) શ્રી દેવચંદ્રકૃત ૨૪
(૭) શ્રી લક્ષ્મીસૂરિકૃત ૨૫

૧૧. પંચમ શ્રી ભગવતીસૂત્ર પૂજા / પં. રૂપવિજયજી ૨૭

૧૨. દ્વિતીય ચંદન પૂજા / પં. વીરવિજયજી ૨૮

૧૩. ભગવતીસૂત્રની ગહુંલી / પં. દીપવિજય કવિરાજ ૩૦

૧૪. પંચમાંગશ્રી ભગવતીસૂત્રનો પરિચય / શ્રી વિજયપદ્મસૂરિજી ૩૧-૧૫૪
શતક ૧ ૪૨
*પ્રથમ શતકની સજ્ઝાય(૧), (૨) / શ્રી માનવિજય* ૫૫

| | |
|---|---|
| શતક ૨ | ૫૭ |
| બીજા શતકની સજ્ઝાય / શ્રીમાનવિજય | ૬૧ |
| બીજા શતક અંતર્ગત શ્રી સ્કંદક મુનિની સજ્ઝાય / શ્રી માનવિજય | ૬૩ |
| શતક ૩ | ૬૪ |
| ત્રીજા શતકની સજ્ઝાય (૧) / શ્રી માનવિજય | ૬૯ |
| ત્રીજા શતકની સજ્ઝાય (૨) / શ્રી માનવિજય | ૭૦ |
| ત્રીજા શતકની સજ્ઝાય (૩) / શ્રી માનવિજય | ૭૧ |
| શતક ૪ | ૭૨ |
| શતક ૫ | ૭૨ |
| પાંચમા શતકની સજ્ઝાય (૧), (૨) / શ્રી માનવિજય | ૭૮ |
| પાંચમા શતકની સજ્ઝાય (૩) / શ્રી માનવિજય | ૭૯ |
| શતક ૬ | ૮૦ |
| શતક ૭ | ૮૫ |
| સાતમા શતકની સજ્ઝાય(૧) / શ્રી માનવિજય | ૮૯ |
| સાતમા શતકની સજ્ઝાય(૨) / શ્રી માનવજિય | ૯૦ |
| સાતમા શતકની સજ્ઝાય(૩) / શ્રી માનવજિય | ૯૧ |
| શતક ૮ | ૯૧ |
| શતક ૯ | ૯૪ |
| નવમા શતકની સજ્ઝાય (૧), (૨) / શ્રી માનવિજય | ૯૭ |
| નવમા શતકની સજ્ઝાય (૩) / શ્રી માનવિજય | ૯૮ |
| શતક ૧૦ | ૧૦૦ |
| દશમા શતકની સજ્ઝાય(૧) / શ્રી માનવિજય | ૧૦૧ |
| શતક ૧૧ | ૧૦૨ |
| અગિયારમા શતકની સજ્ઝાય(૧) / શ્રી માનવિજય | ૧૦૪ |
| અગિયારમા શતકની સજ્ઝાય(૨) / શ્રી માનવિજય | ૧૦૫ |
| અગિયારમા શતકની સજ્ઝાય(૩) / શ્રી માનવિજય | ૧૦૬ |
| શતક ૧૨ | ૧૦૭ |
| બારમા શતકની સજ્ઝાય(૧), (૨) / શ્રી માનવિજય | ૧૧૦ |
| શતક ૧૩ | ૧૧૧ |
| તેરમા શતકની સજ્ઝાય / શ્રી માનવિજય | ૧૧૪ |
| શતક ૧૪ | ૧૧૫ |

| | |
|---|---|
| ચૌદમા શતકની સજ્ઝાય(૧) / શ્રી માનવિજય | ૧૧૭ |
| ચૌદમા શતકની સજ્ઝાય(૨) / શ્રી માનવિજય | ૧૧૮ |
| શતક ૧૫ | ૧૧૮ |
| શતક ૧૬ | ૧૨૧ |
| સોળમા શતકની સજ્ઝાય(૧), (૨) / શ્રી માનવિજય | ૧૨૪ |
| શતક ૧૭ | ૧૨૫ |
| શતક ૧૮ | ૧૨૮ |
| અઢારમા શતકની સજ્ઝાય(૧), (૨) / શ્રી માનવિજય | ૧૩૦ |
| અઢારમા શતકની સજ્ઝાય(૩) / શ્રી માનવિજય | ૧૩૧ |
| અઢારમા શતકની સજ્ઝાય(૪), (૫) / શ્રી માનવિજય | ૧૩૨ |
| શતક ૧૯ | ૧૩૩ |
| શતક ૨૦ | ૧૩૪ |
| વીસમા શતકની સજ્ઝાય / શ્રી માનવિજય | ૧૩૬ |
| શતક ૨૧ | ૧૩૭ |
| શતક ૨૨ | ૧૩૮ |
| શતક ૨૩ | ૧૩૮ |
| શતક ૨૪ | ૧૪૧ |
| શતક ૨૫ | ૧૪૫ |
| શતક ૨૬ | ૧૪૬ |
| શતક ૨૭-૨૮ | ૧૪૬ |
| શતક ૨૯ | ૧૪૬ |
| શતક ૩૦ | ૧૪૭ |
| શતક ૩૧ | ૧૪૮ |
| શતક ૩૨ | ૧૪૮ |
| શતક ૩૩ | ૧૪૮ |
| શતક ૩૪ | ૧૪૯ |
| શતક ૩૫ | ૧૫૦ |
| શતક ૩૬થી ૪૦ | ૧૫૧ |
| શતક ૪૧ | ૧૫૨ |
| ૧૫. શ્રી 'ભગવતીસૂત્ર'માં ઉલ્લિખિત શ્રી મહાવીરસ્વામી પાસે દીક્ષિત થનારા થોડાક અનગારોનો પરિચય / મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી | ૧૫૫-૧૬૩ |

# શ્રી ભગવતીસૂત્ર-વંદના

[શ્રી ભગવતીસૂત્ર વિષયક પરિચયલેખો અને
સજ્ઝાયાદિ પદ્યકૃતિઓનો સંચય]

●

સંપાદક : આચાર્ય વિજયપ્રદ્યુમ્નસૂરિ મહારાજ
સહસંપાદક : કાન્તિભાઈ બી. શાહ

શુદ્ધાચારજ આચારજ મતિશ્યું કલ્પિત રિપુગણ જીપે,
એહવો જે આગમ જયકુંજર તે જિનશાસને દીપે.

– શ્રી જ્ઞાનવિમલસૂરિ

*

ગૌતમસ્વામીયેં પૂછીયા રે પ્રશ્ન સહસ છત્રીસ,
તેહના ઉત્તર એહમાં રે દીધા શ્રી જગદીશ રે,
ભવિકા ! સુણજો ભગવઈ અંગ
મન આણી ઉછરંગ રે.

– ઉપા. વિનયવિજયજી

# શ્રી ભગવતીસૂત્ર

## શતક, ઉદ્દેશક અને સૂત્રસંખ્યા નિર્દેશક તાલિકા

| શતક | ઉદ્દેશક | સૂત્ર | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦ | ૩૨૬ | ૨૧ | | ૮ વર્ગ | ૧૫ |
| ૨ | ૧૦ | ૭૬ | ૨૨ | | ૬ વર્ગ | ૬ |
| ૩ | ૧૦ | ૧૫૬ | ૨૩ | | ૫ વર્ગ | ૫ |
| ૪ | ૧૦ | ૬ | ૨૪ | | ૨૪ | ૩૯ |
| ૫ | ૧૦ | ૧૮૬ | ૨૫ | | ૧૨ | ૫૮૧ |
| ૬ | ૧૦ | ૧૬૦ | ૨૬ | | ૧૨ | ૪૩ |
| ૭ | ૧૦ | ૧૪૬ | ૨૭ | | ૧૧ | ૧૧ |
| ૮ | ૧૦ | ૪૬૦ | ૨૮ | | ૧૧ | ૧૪ |
| ૯ | ૩૪ | ૧૬૯ | ૨૯ | | ૧૧ | ૧૫ |
| ૧૦ | ૩૪ | ૭૨ | ૩૦ | | ૧૧ | ૫૦ |
| ૧૧ | ૧૨ | ૧૩૪ | ૩૧ | | ૨૮ | ૪૧ |
| ૧૨ | ૧૦ | ૧૭૩ | ૩૨ | | ૨૮ | ૩૩ |
| ૧૩ | ૧૦ | ૧૪૭ | ૩૩ | ↑ | ૧૨-૧૨૪ | ૧૩૯ |
| ૧૪ | ૧૦ | ૯૭ | ૩૪ | અ | ૧૨-૧૨૪ | ૧૫૪ |
| ૧૫ | ૦ | ૪૯ | ૩૫ | વા ન્ત | ૧૨-૧૨૪ | ૧૨૪ |
| ૧૬ | ૧૪ | ૯૮ | ૩૬ | ર | ૧૨-૧૨૪ | ૧૨૪ |
| ૧૭ | ૧૪ | ૭૦ | ૩૭ | શ | ૧૨-૧૨૪ | ૧૨૪ |
| ૧૮ | ૧૦ | ૧૩૩ | ૩૮ | ત | ૧૨-૧૨૪ | ૧૨૪ |
| ૧૯ | ૧૦ | ૯૯ | ૩૯ | ક | ૧૨-૧૨૪ | ૧૨૪ |
| ૨૦ | ૧૦ | ૧૦૧ | ૪૦ | છે. ↓ | ૨૧-૧૮૭ | ૧૮૭ |
| | | | ૪૧ | | ૨૨૨ | ૧૯૬ |

| | | | |
|---|---|---|---|
| શ્રુતસ્કંધ | ૧ | ગદ્યસૂત્ર | ૫૨૯૩ |
| શતક, અવાન્તર શતક | ૧૩૮ | પદ્યસૂત્ર | ૭૨ |
| ઉદ્દેશક | ૧૯૨૭ | | |
| પ્રશ્નોત્તર | ૩૬૦૦૦ | | |
| પદ | ૨૮૮૦૦૦ | | |

['જૈનાગમ નિર્દેશિકા'માંથી
(સં. મુનિશ્રી કન્હૈયાલાલ કમલ)]

## श्री विबुधप्रभसूरि महाराजरचित

# ॥ श्री विवाहप्रज्ञप्तिः ५ - अङ्गस्तोत्रम् ॥

चतुर्विंशश्रीमज्जिन विततवंशध्वजलते !
सुधर्मस्याम्युद्यद् - वदन विधुचन्द्रातपतते ।
नव-स्फुर्जत् - तत्त्वप्रकटनकलादीपकलिके !
विवाहप्रज्ञप्ते ! जय जय जय त्वं भगवति ! ॥ १ ॥
शिखरिणीवृत्तम् ।

जितात्मा षण्मासावधिसमयसंसाधनपरः,
सहायैः सम्पन्नो गतविकृतिकाचाम्लतपसा ।
उपास्ते भक्त्या श्री भगवति गतक्लान्तिमनिशं;
महामन्त्रं यस्त्वां स भवति महासिद्धि भवनम् ॥ २ ॥

शिवश्रीवश्यत्वं विकटविपदुच्चाटनघटां,
समाकृष्टिं सिद्धेर्विषयमनसो द्वेषणविधिम् ।
विमोहं मोहस्य प्रभवदशुभस्तम्भविभवं;
ददत्या मन्त्रत्वं किमिव भगवत्या न भवति ? ॥ ३ ॥

महार्धं रत्नाढ्यं प्रसृमरसुवर्णं निधिमिव,
क्षमा-संवीतं त्वां सुभग ! भगवत्यङ्ग कृतिनः ।
तपस्यन्तो ज्ञानाञ्जननिचितसद्दर्शनतया;
लभन्ते ये ते स्युर्नहि जगति दौर्गत्य भवनम् ॥ ४ ॥

गभीरः सद्रत्नो दिशि विदिशि विस्मेरमहिमा,
क्षमाभृद्भिः सेव्यो जयति भवत्यङ्गजलधिः ।
कवीन्द्राः पर्जन्या इव यमुपजीव्य प्रकरणा —
ऽमृतैर्वृष्टिं चक्रुः कटरि बहुधान्योपकृतये ॥ ५ ॥

अलीकार्तिच्छेदो विशदतरता दर्शनविधौ,
विभेदोऽन्तर्ग्रन्थेर्घनहृदयशुद्धिर्विमलता ।

सतापोद्यत् - कामज्वरभरहृतिः सद्गतिकृतिः
त्रिदोषी - मोषोऽपि व्यरचि भगवत्यङ्गभिषजा ॥ ६ ॥

सदौषध्याटोपं न घटयसि नो लङ्घ्यनविधिं,
क्वचिज्जन्तोः प्रख्यापयसि न कषायान् वितरसे ।
तथाऽप्याधत्से त्वं विषमतमकर्मामयहृतिं;
नवीनस्त्वं वैद्यो जयसि भगवत्यङ्ग ! जगति ॥ ७ ॥

तदेवं विश्वेषामपहरसि निष्कारणकृतो
पकार - स्फारान्तर्गतनत विकारव्रजमपि ।
विवाहप्रज्ञप्ते ! तदपि मयि बाह्यज्वरभर –
व्यथाक्रान्ते सम्प्रत्यहह करुणां किं न कुरुषे ? ॥ ८ ॥

वदत्येवं यावद् रजनियिरमे विंशदिवसे,
विनेयस्तापार्त्तेरयमुदयसूरिप्रभगुरोः ।
स आत्मानं तावत् प्रमुद सुभगः श्रीभगवती;
प्रभावादद्राक्षीत् पटुतरमपेतज्वरतया ॥ ९ ॥

विवाहप्रज्ञप्ते ! स्तवनमवनौ योऽत्र विबुध-
प्रभाचार्यप्रोक्तं पढति शठता-भाव-रहितः ।
स वीतप्रत्यूहं भजति परपारं प्रवचना-
ऽधिदेव्याः सांनिध्यादनणुगणियोगाख्यतपसः ॥ १० ॥

इति श्री विवाहप्रज्ञप्तिः — ५. अङ्गस्तोत्रम् ॥

**श्री भगवती-स्तोत्रम् ।**

*अहो भंते ! भंते ! मधुररवभृद् गोयमपदं*
*पदस्थानां योग्यं विजयजयदं कुञ्जरसमम् ।*
*चतुर्ज्ञानैर्दृब्धं सुचतुरनुयोगैश्च चतुरं*
*जयत्यङ्गं चङ्गं शिवसदनरङ्गं भगवती ॥*

**— આચાર્ય શ્રી ધુરન્ધરસૂરિજીરચિત**

# पेथड पुस्तक-पूजा प्रबन्धः

''प्रातः प्रोत्थाय वीक्ष्यो जिनमुखमुकुरः[1] सद्गुरोः पन्नखत्विट्
कङ्कत्या मार्ज्यमाज्ञासुमणिपरिचितं चोत्तमाङ्गं विधेयम् ।
सत्योक्त्या वक्त्रपूतिर्गुरुमधुरगिरा [2]गन्धधूल्या सुगन्धी,
कर्णौ गात्रं परीतं परीतं गुणिनतिवसनैर्बोधनी चाग्र पाठैः ॥ १०९ ॥''

देवान्नत्वा गुरुन्नन्तुं, धर्मशालान्तिकं गतः ।
श्रुतपाठखाद्वैतं, [3]श्रुतपूर्वीत्यशङ्कितः ॥ ५० ॥

श्रुतपाथोधिमन्थेन, गुरुपर्जन्यगर्जिना ।
किंवा कल्मषकुल्माषपेषेणोद्घोषवत्यसौ ॥ ५१ ॥

प्राप्तोऽथ धर्मशालायां, नत्वा क्लृप्तोचितासनः ।
दृष्ट्वाऽपृच्छद् गुरूनेकं, वाचनाग्राहिणं गणिम् ॥ ५२ ॥

नैकशो गौतमाख्याङ्कं, किमेतद्वाचयन्त्यमी ।
गुरवो जगुरार्येष, पञ्चमाङ्गोत्तमागमः ॥ ५३ ॥

पृष्टं यद्गौतमेनान्योपकारायेह जानता ।
तन्नामादाय चादिष्टं, वीरेण श्रीमुखेन तत् ॥ ५४ ॥

नाम श्रीगौतमस्यात्र, तत्षट्त्रिंशत्सहस्रशः ।
तावतीनामतुच्छानां, पृच्छानामत्र निर्मितेः ॥ ५५ ॥ उक्तं च --

''या षट्त्रिंशत्सहस्रान् [4]प्रतिविधिसजुषां बिभ्रती प्रश्नवाचां,
चत्वारिंशच्छतेषु प्रथयति परितः श्रेणिमुद्देशकानाम् ।
रङ्गद्भङ्गोत्तरङ्गा नयगमगहना दुर्विगाहा विवाह -
प्रज्ञप्तिः पञ्चमाङ्गं जयति भगवती सा विचित्राऽर्थकोशः ॥ ११० ॥''
तादृक्प्रज्ञाबलोन्मुक्तः, शक्तोऽध्येतुं न यो गणि : ।
विधिना व्यूढयोगः सोऽङ्गानां गृह्णाति वाचनाम् ॥ ५६ ॥

यत्तपोऽध्यापनाऽधीति-श्रुति-वाचन-लेखनैः ।
अङ्गाद्यागमभक्तो यः, स वै सार्वज्ञमश्नुते ॥ ५७ ॥

१. दर्पणः, २. कस्तूरिकया, ३. श्रुतं पूर्वमनेनासौ श्रुतपूर्वी प्रथमं श्रुतवानित्यर्थः, ४. उत्तरसहितानाम्

प्रधानः स्माह मच्चित्तमयूरः प्रीतिमत्तरः ।
श्रीवीरवचनश्रुत्या, कादम्बिन्येव नृत्यति ॥ ५८ ॥

तस्मादादिश्यतामेषां, वाचयन्त्यादितो यथा ।
भदन्ताङ्गमिदं तावदाचि [१]कर्णयिषाम्यहम् ॥ ५९ ॥

आदि तोऽङ्गं ततो गुर्वादिष्टैकयतिवाचितम् ।
शुश्राव मुञ्चन्निष्कं स, प्रति गौतमनामकम् ।. ६० ॥

व्यक्तवर्णावली[२]सीरमार्गस्तोमे तदाऽद्भुतम् ।
क्षेत्रे तृतीयके निष्क[३]वृष्टिं मन्त्रिघनोऽतनोत् ॥ ६१ ॥

षट्त्रिंशता सहस्रैः स, निष्काणां दिनपञ्चके ।
रचयित्वा [४]चितोऽर्चां सच्चितं चम[५]दचीकरत् ॥ ६२ ॥

धनेनानिध[६]नेनाढ्यो, भृगुकच्छादिपूर्षु च ।
प्रौढानि सप्तभारत्या, भाण्डागाराण्यबीभरत् ॥ ६३ ॥

पट्टसूत्र-गुणक्षौम-वेष्टनस्वर्णचातिकाः ।
निर्माप्य पुस्तकेषु स्वं [७]कृतार्थ्यकृत धीसखः ॥ ६४ ॥

**इति पेथडपुस्तकपूजाप्रबन्धः**

**[श्री रत्नमंडनगणिकृत संस्कृत काव्य 'सुकृतसागर'**
**(संपा. आ.श्री विजयप्रद्युम्नसूरिजी महाराज)मांथी]**

---

१. श्रोतुमिच्छामि, २. हलः, ३. निर्जलां वृष्टिमिति विरोधः, सुवर्णमुद्रावृष्टिमिति परिहारः, ४. ज्ञानस्य, ५. चमत्कारमकाषीत्, ६ अक्षयेन, ७. कृतार्थमकरोत्

# પેથડ મંત્રીની પુસ્તકપૂજા

ચૈત્યમાં અરિહંત દેવને નમીને મંત્રીશ્વર ગુરુને નમન કરવા માટે ધર્મશાળાની નજીક ગયો. તેટલામાં તેણે દૂરથી સિદ્ધાંતના પાઠનો અદ્વૈત શબ્દ પ્રથમ જ સાંભળી તર્ક કર્યો, 'શું આ સિદ્ધાંતરૂપી સમુદ્રના મંથનનો શબ્દ છે કે ગુરુરૂપી મેઘના ગર્જારવનો શબ્દ છે કે પાપરૂપી ધાન્યને પીસનાર ઘંટીનો શબ્દ છે ?' આ પ્રમાણે વિચાર કરતો મંત્રી ધર્મશાળામાં ગયો. ત્યાં ગુરુને વાંદી યોગ્ય સ્થાને બેઠો. તે વખતે વાચના લેતા એક સાધુને જોઈ તેણે ગુરુને પૂછ્યું : "વારંવાર ગૌતમના નામવાળું કયું શાસ્ત્ર આ સાધુ વાંચે છે ?" ગુરુએ કહ્યું : "હે ભદ્ર ! આ સર્વ આગમોમાં ઉત્તમ પાંચમું અંગ (ભગવતીજી સૂત્ર) છે. તેમાં ગૌતમસ્વામીએ જાણતા હોવા છતાં પણ અન્ય જીવોના ઉપકારને માટે પ્રશ્ન કર્યા છે, અને શ્રી વીર ભગવાને પોતાના જ મુખથી ગૌતમને સંબોધીને તે દરેક પ્રશ્નના જવાબ આપ્યા છે. તેમાં શ્રી ગૌતમસ્વામીએ છત્રીસ હજાર મોટા પ્રશ્નો કર્યા છે, તેથી તેટલી વખત એટલે છત્રીશ હજાર વખત ગૌતમનું નામ આવે છે." કહ્યું છે કે —

'જે વિવાહપ્રજ્ઞપ્તિ ઉત્તર સહિત છત્રીસ હજાર પ્રશ્નોને ધારણ કરે છે, જે ચાળીશ[1] શતકમાં ઉદ્દેશાઓની શ્રેણિને ચોતરફથી વિસ્તારે છે, જેમાં દેદીપ્યમાન ભાંગાઓરૂપી મોટા તરંગો છે, જે સાત નય અને ગમા (સૂત્રના અલાવા)થી ગહન છે તથા જેમાં પ્રવેશ કરવો અશક્ય છે, તે વિવાહપ્રજ્ઞપ્તિ નામનું પાંચમું અંગ જય પામે છે. તેનું બીજું નામ ભગવતી છે. વળી તે વિચિત્ર અર્થનો કોશ ખજાનો છે.' (૭૨)

તેવા પ્રકારની બુદ્ધિના બલથી રહિત એવો જે મુનિ તે ભગવતીને ભણવા માટે શક્તિમાન ન હોય, તે વિધિપૂર્વક યોગ વહન કરી અંગની વાચના લે છે. "જે પુરુષ તે-તે અંગના તપ વડે, ભણાવવા વડે, ભણવા વડે, સાંભળવા વડે, વાંચવા

૧. શ્રી ભગવતીસૂત્રના ૪૧ શતક છે, અહીં ગ્રંથકાર મહારાજ ચાલીશ જણાવે છે.

વડે અને પુસ્તક લખાવવા વડે અંગ વગેરે આગમની ભક્તિ કરે છે, તે સર્વજ્ઞપણું પ્રાપ્ત કરે છે.'' આ પ્રમાણે ગુરુનું વચન સાંભળી મંત્રીએ કહ્યું : 'મેઘ-ઘટાની જેવી શ્રી વીર ભગવાનની વાણી સાંભળવાથી અત્યંત પ્રીતિવાળો થયેલો મારો ચિત્તરૂપી મયૂર નૃત્ય કરે છે. તેથી હે પૂજ્ય ! આપ તે મુનિને આજ્ઞા આપો, કે જેથી તે પ્રથમથી વાંચે. કેમકે તે પાંચમું અંગ હું સાંભળવા ઇચ્છું છું.'

તે સાંભળી ગુરુએ એક મુનિને આજ્ઞા આપી, તેથી તે પ્રથમથી પાંચમા અંગને વાંચવા લાગ્યા. તેમાં જે જે ઠેકાણે ગૌતમનું નામ આવતું તે-તે વખતે એકેક સોનામહોર મૂકીને તે મંત્રી સાંભળવા લાગ્યો. તે વખતે સ્પષ્ટ અક્ષરોની શ્રેણીરૂપી હળના માર્ગના (લિસોટાના) સમૂહરૂપ જ્ઞાન નામના ત્રીજા ક્ષેત્રમાં મંત્રીરૂપી મેઘે સોનામહોરોની વૃષ્ટિ કરી. પાંચ દિવસમાં છત્રીશ હજાર સોનામહોરો વડે જ્ઞાનની પૂજા કરીને તેણે સત્પુરુષોના ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કર્યો. અખૂટ ધનના સ્વામી તે મંત્રીએ ભરુકચ્છ (ભરૂચ) વગેરે નગરોમાં સાત મોટા જ્ઞાનભંડાર ભરી દીધા. તે બધાં પુસ્તકોને માટે પટ્ટસૂત્ર, રેશમી દોરાનું વેષ્ટન અને સુવર્ણની પાટલીઓ કરાવી તે મંત્રીએ પોતાનું ધન કૃતાર્થ કર્યું.

**[શ્રી રત્નમંડનગણિકૃત સંસ્કૃત કાવ્ય 'સુકૃતસાગર'ના આ. શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજીએ કરેલા ભાષાંતરમાંથી]**

# શ્રી ભગવતીસૂત્રનો મંગલ પ્રારંભ

सर्वज्ञमीश्वरमनन्तमसंगमग्र्यं सार्वीयमस्मरमनीशमनीहमिद्धम्,
सिद्धं शिवं शिवकरं करणव्यपेतं श्रीमज्जिनं जितरिपुं प्रयत: प्रणौमि १.

नत्वा श्री वर्धमानाय श्रीमते च सुधर्मणे,
सर्वानुयोगवृद्धेभ्यो वाण्यै सर्वविदस्तथा;
एतट्टीका-चूर्णी जीवाभिगमादिवृत्तिलेशांश्च,
संयोज्य पञ्चमाङ्गं विवृणोमि विशेषत: किञ्चित् २.

**અનુવાદ :**

સર્વજ્ઞ, ઈશ્વર, અનંત, અસંગ, અગ્ર્ય, સર્વહિતાવહ, અસ્મર, અનીશ, અનીહ, તેજસ્વી, સિદ્ધ, શિવ, શિવકર, કરણ-ઇન્દ્રિયો અને શરીરરહિત, જિતરિપુ શ્રીમાન્ જિનને પ્રયત્નપૂર્વક પ્રણમું છું. ૧.

શ્રી વર્ધમાનસ્વામિને, શ્રી સુધર્મગણધરને, સર્વાનુયોગ વૃદ્ધોને અને સર્વજ્ઞની વાણીને નમી, આ સૂત્રની ટીકા, ચૂર્ણિ અને જીવાભિગમાદિવૃત્તિના લેશો-અંશોને સંયોજી કાંઈક વિશેષથી પંચમ અંગ – ભગવતીસૂત્ર – ને વિવરું છું. ૨.

**(શાસ્ત્રપ્રસ્તાવના)**

व्याख्यातं 'समवाया'ख्यं चतुर्थमङ्गम्. अथावसरायातस्य 'विआहपण्णत्ति' त्तिसञ्ज्ञितस्य पञ्चमाङ्गस्य समुन्नतजयकुञ्जरस्येव, ललितपद-पद्धतिप्रबुद्धजनमनोरञ्जकस्य, उपसर्गनिपाताऽव्ययस्वरूपस्य, घनोदारशब्दस्य, लिङ्गविभक्तियुक्तस्य, सदाख्यातस्य, सल्लक्षणस्य, देवताधिष्ठितस्य, सुवर्णमण्डितोद्देशकस्य, नानाविधाद्भुतप्रवरचरितस्य, षट्त्रिंशत्प्रश्नसहस्र-प्रमाणसूत्रदेहस्य, चतुरनुयोगचरणस्य, ज्ञान-चरण-नयनयुगलस्य, द्रव्यास्तिक-पर्यायास्तिकनयद्वितयदन्तमुसलस्य, निश्चय-व्यवहार-नयसमुन्नतकुम्भद्वयस्य, योगक्षेमकर्णयुगलस्य, प्रस्तावनावचनरचनाप्रकाण्डशुण्डादण्डस्य, निगमन-वचनातुच्छपुच्छस्य, कालाद्यष्टप्रकारप्रवचनोपचारचारुपरिकरस्य, उत्सर्गाऽ-पवादवादसमुच्छलदतुच्छघण्टायुगलघोषस्य, यश:पटहपटुप्रतिरवाऽऽपूर्णदिक्-चक्रवालस्य, स्याद्वादविशदांकुशवशीकृतस्य, विविधहेतुहेतिसमूहसन्वितस्य, मिथ्यात्वा-ऽज्ञाना-ऽविरमणलक्षणरिपुबलदलनाय श्रीमन्महावीरमहाराजेन नियुक्तस्य, बलनियुक्त-कल्पगणनायकमतिप्रकल्पितस्य मुनियोधैरनाबाध-

मधिगमाय पूर्वमुनिशिल्पिकल्पितयोर्बहु-प्रवरगुणत्वेऽपि ह्रस्वतया महतामेव वाञ्छितवस्तुसाधनसमर्थयोर्वृत्ति – चूर्णिनाडिकयोः, तदन्येषां च जीवाभिगमादि-विविधविवरणदवरकलेशानां संघट्टनेन बृहत्तरा अत एवाऽमहतामप्युपकारिणी हस्तिनायकादेशादिव गुरुजनवचनात् पूर्वमुनिशिल्पिकुलोत्पन्नैरस्माभिर्नाडिकेवेयं वृत्तिरारभ्यते. इति शास्त्रप्रस्तावना । ३

**અનુવાદ :**

'સમવાય' નામના ચતુર્થ અંગનું વ્યાખ્યાન કરવામાં આવ્યું. હવે અવસરપ્રાપ્ત 'વિઆહપણ્ણત્તિ' નામક પંચમ અંગનું વિવરણ કરીશ. આ પંચમ અંગ તે એક પ્રૌઢ જયકુંજર (માનીતા હાથી)ની પેઠે છે, કે જે લલિતપદની પદ્ધતિથી પ્રબુદ્ધ મનુષ્યોના મનને રંજન કરનાર છે, જે [1]ઉપસર્ગનિપાતાવ્યયસ્વરૂપ છે, જેના શબ્દો ઘન અને ઉદાર છે, જે લિંગ અને વિભક્તિથી યુક્ત છે, જે સદાખ્યાત છે, જે સલ્લક્ષણયુક્ત છે, જે દેવાધિષ્ઠિત છે, [2]જેનો ઉદ્દેશક સુવર્ણમંડિત છે, જેનું ચરિત વિવિધ પ્રકારનું, અદ્ભુત અને શ્રેષ્ઠ છે, જે છત્રીશ હજાર પ્રશ્નાત્મક સૂત્રદેહ સહિત છે, જેને ચાર અનુયોગરૂપ ચાર ચરણ છે, જેને જ્ઞાન અને ચારિત્રરૂપ નયનયુગલ છે, જેને દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નામના બે નયરૂપ બે દન્તશૂલ છે, જેને નિશ્ચય અને વ્યવહારનયરૂપ બે સમુન્નત કુંભસ્થલ છે, જેને યોગ અને ક્ષેમરૂપ બે કર્ણ છે, જેને પ્રસ્તાવનાની વચનરચનારૂપ પ્રચંડ શુંઢ છે, જેને નિગમન – ઉપસંહાર – વચનરૂપ અતુચ્છ પુચ્છ છે, જેને [3]કાલાદિ અષ્ટ પ્રકારના પ્રવચનોપચારરૂપ મનોહર તંગ છે, જે ઉત્સર્ગવાદરૂપ અને

---

૧. જેમ 'ભગવતીસૂત્ર', દ્વાદશાંગી અન્તર્ગત હોવાથી અને શાશ્વતી હોવાથી ઉપસર્ગોનો – વિઘ્નોનો [दुष्षम, दुष्षमदुष्षमादि-समयादिनो] નિપાત થયે છતે પણ અવ્યય – અનશ્વર સ્વરૂપ છે, તેમ હસ્તી પણ ઉપસર્ગોનો – વિઘ્નોનો [દુઃખદ અંકુશાદિનો] નિપાત થયે છતે અવ્યય – અનશ્વર છે. આ વિશેષણ 'ભગવતીસૂત્ર'ના પક્ષમાં બીજા પ્રકારે પણ ઘટાવી શકાય છે. 'ભગવતીસૂત્ર'માં ઉપસર્ગો, (પ્ર, પરા વગેરે) નિપાતો અને અવ્યયો આવતા હોવાથી તે 'ભગવતીસૂત્ર' ઉપસર્ગનિપાતઅવ્યયસ્વરૂપ કહેવાય.

૨. જેમ 'શ્રી ભગવતીસૂત્ર'ના ઉદ્દેશકો સુવર્ણ – સારા વર્ણોથી મંડિત છે તેમ હસ્તીનો ઉદ્દેશક – શિરોભાગ સુવર્ણ – સોનાથી મંડિત છે.

૩. કાલ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવન (અપલાપ ન કરવો તે), વ્યંજન, અર્થ અને તદુભય (વ્યંજન અને અર્થ એ ઉભય) એ આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે. – **પંચપ્રતિક્રમણસૂત્ર** અથવા કાલ, આત્મરૂપ, સંબંધ, સંસર્ગ, ઉપકાર ગુણિદેશ, શબ્દ અને અર્થ એ આઠ કાલાદિ કહ્યા છે. – **રત્નાકરાવતારિકા, ચતુર્થ પરિચ્છેદ.**

– **અનુવાદક**

અપવાદવાદરૂપ ઊછળતા બે અતુચ્છ ઘંટના ઘોષયુક્ત છે, જેણે યશરૂપ પરહ-ઢોલ-જન્ય સ્ફુટ પ્રતિધ્વનિથી દિક્ચક્રવાલ – દિગ્મંડલ પૂરી દીધું છે – ગજાવી મૂક્યું છે, જે સ્યાદ્વાદરૂપ વિશદ અંકુશથી વશીકૃત છે, જે વિવિધ હેતુરૂપ શસ્ત્રસમૂહથી યુક્ત છે, જેને શ્રીમન્મહાવીર મહારાજે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરમણસ્વરૂપ શત્રુસૈન્યનો નાશ કરવાને નિયોજ્યો છે, અને જે સૈન્યનિયુક્ત કલ્પગણનાયકની મતિથી પ્રકલ્પિત છે. તેના સ્વરૂપને મુનિરૂપ યોદ્ધાઓ સુગમતાથી જાણી શકે એ માટે પૂર્વના મુનિરૂપ શિલ્પીઓએ વૃત્તિરૂપ અને ચૂર્ણિકારૂપ નાડિકા રચેલી છે; તે જોકે બહુ શ્રેષ્ઠ ગુણયુક્ત છે, તથાપિ સંક્ષિપ્ત છે અને તેથી તે મહાન્ પુરુષોના જ વાંછિત અર્થને સાધી આપવામાં સમર્થ છે, માટે વૃત્તિ અને ચૂર્ણિકારૂપ નાડિકાના તથા તદન્ય 'જીવાભિગમ' આદિ વિવિધ વિવરણ-સૂત્રાંશોના સંઘટ્ટનથી બૃહત્તર – માટે જ અલ્પજ્ઞોને પણ ઉપકાર કરનારી નાડિકા જેવી આ વૃત્તિ, પૂર્વમુનિરૂપ શિલ્પિના કુળમાં જન્મેલા અમો હસ્તિનાયકના આદેશતુલ્ય ગુરુજનના વચનથી આરંભીએ છીએ. એ પ્રમાણે શાસ્ત્રપ્રસ્તાવના થઈ.

[1]णमो [2]अरहन्ताणं. णमो सिद्धाणं. णमो आयरियाणं.

णमो उवज्झायाणं. णमो सव्वसाहूणं.....

णमो बंभीए लिवीए..... णमो सुअस्स.

**અનુવાદ :**

અર્હંતોને નમસ્કાર હો. સિદ્ધોને નમસ્કાર હો. આચાર્યોને નમસ્કાર હો. ઉપાધ્યાયોને નમસ્કાર હો. સર્વ સાધુઓને નમસ્કાર હો..... બ્રાહ્મી લિપિને નમસ્કાર હો..... શ્રુતને નમસ્કાર હો.

**['ભગવત્સુધર્મસ્વામિપ્રણીતં શ્રીમદ્ભગવતીસૂત્રમ્ (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિઃ)' ખંડ ૧-૨ (સંપા. અનુ. પં. બેચરદાસ દોશી)માંથી]**

---

१. मूलच्छाया: नमोऽर्हद्भ्यः, नमः सिद्धेभ्यः, नमः आचार्येभ्यः, नमः उपाध्यायेभ्यः, नमः सर्वसाधुभ्यः. नमो ब्राह्म्यै लिप्यै. नमः श्रुताय.

२. एतत्समानपाठोऽयम् — एसो पञ्चनमुक्कारो सव्वपावप्पणासणो, मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं.

- नमस्कारमन्त्र

# શતકાન્ત શ્લોકો

**પ્રથમ શતકને અંતે :**

इति गुरुगमभङ्गैः सागरस्याऽहमस्य
स्फुटमुपचितजाड्यः पञ्चमाङ्गस्य सद्यः ।
प्रथमशतपदार्थावर्तगर्तं व्यतीतो
विवरणवरपोतौ प्राप्य सद्धीवराणाम् ॥

**અનુવાદ :**

ઇતિ ગુરુગમભ્મ્હેરે હું વટ્યો છેક મૂઢ નિધિસમ શુભસૂત્ર પાંચમાની સુગૂઢ,
પ્રથમ શતક ખાડી, મેળવી ધીવરોની વિવરણ વર નૌકા, શીઘ્ર અર્થો કરીને.

**દ્વિતીય શતકને અંતે :**

श्रीपञ्चमाङ्गे गुरुसूत्रपिण्डे शतं स्थितानेकशते द्वितीयम् ।
अनैपुणेनापि मया व्यचारि तत्सूत्रयोगज्ञवचोऽनुवृत्त्या ॥

**અનુવાદ :**

જેમાં રહેલાં શતકો અનેક એ પંચમાંગ ગુરુસૂત્ર યુક્ત,
વિચાર્યું તેનું શતક દ્વિતીય [1]સૂત્રજ્ઞવાક્યે [2]ચતુરાઈહીણે.

**તૃતીય શતકને અંતે :**

श्री पञ्चमाङ्गस्य शतं तृतीयं, व्याख्यातमाश्रित्य पुराणवृत्तिम् ।
शक्तोऽपि गन्तुं भजते हि यानं, पान्थः सुखार्थं किमु यो न शक्तः ? ॥

**અનુવાદ :**

શ્રી પંચમાંગે શતક તૃતીય વ્યાખ્યાયું આશ્રીને પુરાણવૃત્તિ,
છતાં બળે ગાડું ધરે પ્રવાસી જાવાને સૌખ્યે નબળાનું તો શું ?

**ચતુર્થ શતકને અંતે :**

स्वतः सुबोधेऽपि शते तुरीये व्याख्या मया काचिदियं विदृब्धा ।
दुग्धे सदा स्वादुतमे स्वभावात् क्षेपो न युक्तः किमु शर्करायाः ॥

---

૧. શ્રી ટીકાકારે આ વિવરણ, સૂત્રજ્ઞ પુરુષોનાં વાક્યોને અનુસરીને કર્યું છે એમ આ વિશેષણથી જાણવાનું છે. – અનુવાદક

૨. આ વિશેષણ શ્રી વિવરણકાર – શ્રી અભયદેવસૂરિ – નું છે અને તેનું નિરભિમાનપણું સૂચવે છે. – અનુવાદક

**અનુવાદ :**

ચોથે શતે સર્વ રીતે સુબોધે વ્યાખ્યા કરી મેં કંઈ આ રચેલી,
સેજે હંમેશાં રસયુક્ત દૂધે ભેળ્યું ગળ્યું શું નથી છાજતું તે ?

**પંચમ શતકને અંતે :**

श्रीरोहणाद्रेरिव पञ्चमस्य शतस्य देशानिव साधुशब्दान् ।
विभज्य कुश्येव बुधोपदिष्ट्या प्रकाशिताः सन्मणिवद् मयाऽर्थाः ॥

**અનુવાદ :**

સુજ્ઞે જણાવેલી પ્રથા પ્રમાણે વિવેચ્યું આ શત પાંચમું અહીં,
શ્રી રોહણાદ્રિ-ખડકો જ જાણે કોશે કરી ભાંગી મણિ પ્રકાશ્યા.

**છઠ્ઠા શતકને અંતે :**

प्रतीत्यं भेदं किल नालिकेरं षष्ठं शतं मन्मतिदन्तभञ्जि, ।
तथापि विद्वत्सभसच्छिलायां नियोज्य नीतं स्व-परोपयोगम् ॥

**અનુવાદ :**

શિલાએ યોજી જેમ નાલિએર ખવાય હોંશે તેમ આકરું આ,
વિદ્વત્સભારૂપ શિલાએ યોજી છટ્ઠું વિવેચ્યું શત સ્વાન્યહેતુ.

[ભગવત્સુધર્મસ્વામિપ્રણીતં શ્રીમદ્ ભગવતીસૂત્રમ્ (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિઃ) – શ્રી અભયદેવસૂરિવિરચિત વિવરણ અને પં. બેચરદાસ દોશીના અનુવાદસહિત – ખંડ ૧ અને ૨માંથી]

# कालादय इति

हेतु: कालात्मरूपार्थाः सम्बन्धोपकृतिः तथा।

गुणिदेशश्च संसर्गः शब्दश्चाष्टौ भिदाऽभिदोः ॥ १ ॥

एते अष्ट भेदाभेदयोर्हेतुरिति योगः । आत्मरूपमिति स्वरूपम् ।

एकवस्त्वात्मनेत्यादि एकवस्तु घटादि ।

तत्र स्याज्जीवादीत्यादि ॥ तेषामिति शेषानन्त धर्म्माणाम् । तद्गुणत्वमिति । तस्य जीवादि वस्तुनो गुणत्वम् । स्वात्मरूपमिति स्वकीय स्वरूपम् । अर्थ – इति घटादिः ॥ स्वानुरक्तेति व्यापक निमित्तम् । एकवस्त्विति एकस्य वस्तुनो घटादेरात्मनः । स एवेति संसर्गः । अस्येति संसर्गः ॥ ४४ ॥

५. द्रव्यार्थिकगुणभावेन पर्यायार्थिक प्राधान्ये तु न गुणानामभेदवृत्तिः संभवति, समकालमेकत्र नानागुणानामसंभवात्, संभवे वा तदाश्रयस्य तावद्धा भेदप्रसङ्गात् (१), नानागुणानां संबन्धिन आत्मरूपस्य च भिन्नत्वात्, आत्मरूपाभेदे तेषां भेदस्य विरोधात् (२), स्वाश्रयस्यार्थस्यापि नानात्वात्, अन्यथा नानागुणाश्रयत्वविरोधात् (३), संबन्धस्य च संबन्धिभेदेन भेददर्शनात्, नानासंबन्धिभिरेकत्रैकसंबन्धा घटनात् (४), तैः क्रियमाणस्योपकारस्य च प्रतिनियतरूपस्यानेकत्वात्, अनेकैरुपकारिभिः क्रियमाणस्योपकारस्यैकस्य विरोधात् (५), गुणिदेशस्य च प्रतिगुणं भेदात्, तदभेदे भिन्नार्थगुणानामपि गुणिदेशाभेदप्रसङ्गात् (६), संसर्गस्य च प्रतिसंसर्गिभेदात्, तदभेदे संसर्गिभेदविरोधात् (७), शब्दस्य च प्रतिविषयं नानात्वात्, सर्वगुणानामेकशब्दवाच्यतायां सर्वार्थानामेकशब्दवाच्यताऽऽपत्तेः शब्दान्तरवैफल्यापत्तेः (८), तत्त्वतोऽस्तित्वादीनामेकत्र वस्तुन्येवमभेदवृत्तेरसंभवे कालादिभिर्भिन्नात्मनामभेदोपचारः क्रियते । तदेताभ्यामभेदवृत्त्यभेदोपचाराभ्यां कृत्वा प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकस्य वस्तुनः समसमयं यदभिधायकं वाक्यं स सकलादेशः प्रमाणवाक्यापरपर्याय इति स्थितम्.

६. "कालात्मरूपसंबन्धाः संसर्गोपक्रिये तथा।

गुणिदेशार्थशब्दाश्चेत्यष्टौ कालादय स्मृताः" ॥ १ ॥ ४४ ॥

§ ૫. આ અભેદવૃત્તિ જ્યારે પર્યાયાર્થિક નયની ગૌણતા અને દ્રવ્યાર્થિક નયની પ્રધાનતા હોય ત્યારે ઘટી શકે છે, પરંતુ જ્યારે દ્રવ્યાર્થિક નયની ગૌણતા અને પર્યાયાર્થિક નયની પ્રધાનતા હોય ત્યારે ઘટી શકતી નથી. કારણકે — (૧) એક કાલે એક જ વસ્તુમાં ભિન્નભિન્ન ગુણો રહી શકતા નથી અને જો

નાના ગુણો એક સમયે એક વસ્તુમાં રહે તો ગુણોના આશ્રયરૂપ દ્રવ્યમાં ગુણો જેટલા જ ભેદનો પ્રસંગ આવશે. (૨) અનેક ગુણોનું આત્મરૂપ (સ્વરૂપ) પરસ્પર ભિન્ન છે, કારણકે તે ગુણો એકબીજાના સ્વરૂપમાં રહેતા નથી પરંતુ પોતપોતાના સ્વરૂપમાં રહે છે માટે ગુણોમાં અભેદ નથી. જો ગુણોમાં આત્મરૂપ અભિન્ન માનશો (પરસ્પર ભેદ નહિ માનો) તો ગુણોમાં ભેદનો વિરોધ આવશે. અર્થાત્ ગુણોમાં ભેદ ઘટશે નહિ. (૩) ગુણોના આશ્રય-આધારરૂપ અર્થ પણ ભિન્નભિન્ન છે. જો ગુણોના આધાર અર્થને ભિન્નભિન્ન નહિ માનો તો ભિન્નભિન્ન ગુણોનો તે આધાર બની શકશે નહિ. (૪) સંબંધીઓના ભેદથી સંબંધનો ભેદ જોવાય છે. માટે નાના સંબંધીઓનો એ સ્થળે એક સંબંધ ઘટી શકતો નથી. (૫) ગુણોથી પ્રતિનિયત રૂપે કરાતો ઉપકાર પણ અનેક પ્રકારે છે કારણકે અનેક ઉપકારીઓથી કરાતો ઉપકાર એક હોય તો એમાં વિરોધ છે. (૬) દરેક ગુણમાંનો ગુણિદેશ ભિન્નભિન્ન છે. કારણકે ગુણિદેશને ભિન્ન નહિ માનો તો ભિન્ન પદાર્થના ગુણોને પણ અભિન્ન ગુણિદેશનો પ્રસંગ આવશે. (૭) દરેક સંસર્ગીના ભેદથી સંસર્ગને ભિન્ન માનવામાં ન આવે તો સંસર્ગીના ભેદનો વિરોધ થશે. (૮) શબ્દ પણ દરેક વિષયમાં જુદો જુદો છે. કારણકે સમસ્ત ગુણોને જો એક જ શબ્દના વાચ્ય માનવામાં આવે તો સમસ્ત પદાર્થોનો પણ એક જ શબ્દના વાચ્ય બનવાનો પ્રસંગ આવશે. આથી અન્ય શબ્દો નિષ્ફળ બની જશે. આ પ્રમાણે વાસ્તવિક રીતે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અસ્તિત્વાદિ સમસ્ત ગુણોની અભેદવૃત્તિ (યુગપત્ભાવ)નો એક વસ્તુમાં અસંભવ છે. અર્થાત્ અભેદવૃત્તિ થઈ શકતી નથી માટે કાલ, આત્મસ્વરૂપ આદિ દ્વારા ભિન્ન સ્વરૂપવાળા અસ્તિત્વાદિ ધર્મોમાં અભેદનો ઉપચાર કરવામાં આવે છે. તેથી દ્રવ્યાર્થિક નયની મુખ્યતા હોય ત્યારે વાસ્તવિક અભેદવૃત્તિ અને પર્યાયાર્થિક નયની મુખ્યતા હોય ત્યારે અભેદવૃત્તિનો ઉપચાર કરીને અનંત ધર્મવાળા પદાર્થને યુગપદ્ કહેનાર વાક્યને સકલાદેશ અથવા પ્રમાણવાક્ય કહેવામાં આવે છે, એ સિદ્ધ થયું.

§ ૬. "૧ કાલ, ૨ આત્મસ્વરૂપ, ૩ સંબંધ, ૪ સંસર્ગ, ૫ ઉપકાર, ૫ ગુણિદેશ, ૭ અર્થ અને ૮ શબ્દ આ આઠ કાલાદિ કહેવાય છે."

સારાંશ છે કે વસ્તુમાં અનંત ધર્મો છે, એ વાત પ્રમાણથી સિદ્ધ છે. માટે કોઈ પણ એક વસ્તુનું પૂર્ણરૂપથી પ્રતિપાદન કરવાને માટે અનંત શબ્દોનો પ્રયોગ કરવો જોઈએ, કારણકે – એક શબ્દ એક જ ધર્મનું પ્રતિપાદન કરી શકે છે, પરંતુ

એ રીતે કરવાથી લોકવ્યવહાર ચાલી ન શકે. માટે એક શબ્દનો પ્રયોગ કરીએ છીએ, તે એક શબ્દ મુખ્ય રૂપથી એક ધર્મનું પ્રતિપાદન કરે છે અને બાકી રહેલ બીજા ધર્મોને તે એક ધર્મથી અભિન્ન માની લેવામાં આવે છે. આ રીતે એક શબ્દથી એક ધર્મનું પ્રતિપાદન થયું અને તેનાથી અભિન્ન હોવાના કારણે શેષ ધર્મનું પણ પ્રતિપાદન થઈ ગયું. આ ઉપાયથી એક જ શબ્દ એકીસાથે અનંત ધર્મોનો અર્થાત્ સંપૂર્ણ વસ્તુનો પ્રતિપાદક થઈ જાય છે, આને સકલાદેશ કહે છે.

શબ્દ દ્વારા સાક્ષાત્ રૂપે પ્રતિપાદિત ધર્મથી બાકીના ધર્મોનો અભેદ કે અભેદોપચાર કાલાદિ દ્વારા થાય છે, તે કાલાદિ આઠ પ્રકારે છે. (૧) કાલ, (૨) આત્મરૂપ, (૩) અર્થ, (૪) સંબંધ, (૫) ઉપકાર, (૬) ગુણિદેશ, (૭) સંસર્ગ, (૮) શબ્દ.

અસ્તિત્વ ધર્મથી બીજા ધર્મોનો અભેદ છે, તે આ પ્રકારે થશે – જીવમાં જે કાલે અસ્તિત્વ છે તે જ કાલમાં અન્ય ધર્મો પણ છે, માટે કાલની અપેક્ષાએ અસ્તિત્વ ધર્મ સાથે અન્ય ધર્મોનો અભેદ છે. આ જ રીતે બાકીના સાતની અપેક્ષાએ પણ અભેદ જ સમજવો જોઈએ. આ પ્રકારને અભેદની પ્રધાનતા કહે છે. દ્રવ્યાર્થિક નયની મુખ્યતા અને પર્યાયાર્થિક નયની ગૌણતા કરવાથી અભેદની પ્રધાનતા થાય છે. જ્યારે પર્યાયાર્થિક નયની મુખ્યતા અને દ્રવ્યાર્થિક નયની ગૌણતા હોય ત્યારે અનંત ગુણો વાસ્તવિક રીતે અભિન્ન થઈ શકતા નથી, માટે તે ગુણોમાં અભેદનો ઉપચાર કરવો પડે છે. આ રીતે અભેદની પ્રધાનતા અને અભેદના ઉપચારથી એકી સાથે અનંત ધર્માત્મક વસ્તુનું પ્રતિપાદન કરનાર વાક્ય (વચન) સકલાદેશ કહેવાય છે. ૪૪

(प.) गुणिदेशस्येत्यादि गद्यो तदभेदे इति गुण्यभेदे । तदभेदे इति संसर्गाभेदे ॥ ४४ ॥

अधुना नयवाक्य स्वभावत्त्वेन नयविचारावसरलक्षणीयस्वरूपमपि विकलादेशं सकलादेशस्वरूपनिरूपणप्रसङ्गेनात्रैव लक्षयन्ति —

तद्विपरीतस्तु विकलादेशः ॥ ४५ ॥

§ १. नयविषयीकृतस्य वस्तुधर्मस्य भेदवृत्तिप्राधान्याद्, भेदोपचाराद्वा क्रमेण यदिभिधायकं वाक्यम्, स विकलादेशः । एतदुल्लेखस्तु नयस्वरूपानभिज्ञश्रोतृणां दुरवगाह इति नयविचारावसर एव प्रदर्शयिष्यते ॥ ४५ ॥

વિકલાદેશ નયસ્વરૂપ હોવાથી નયવિચારના સમયે જ તેનું લક્ષણ કરવું

જોઈએ, છતાં સકલાદેશના સ્વરૂપના નિરૂપણના પ્રસંગથી અહીં જ તે જણાવવામાં આવે છે –

ઉપર્યુક્ત સકલાદેશથી વિપરીત વિકલાદેશ છે. ૪૫.

§ ૧. ભેદની પ્રધાનતાથી અથવા ભેદના ઉપચારથી નયના વિષયરૂપ વસ્તુધર્મને ક્રમે કરી પ્રતિમાન કરનારું વાક્ય (વચન) વિકલાદેશ કહેવાય છે, વિકલાદેશનો ઉલ્લેખ (શબ્દપ્રયોગ) નયવાક્યને નહિ જાણનાર શ્રોતાને દુર્બોધ છે, માટે તે નયવિચારના સમયે જણાવવામાં આવશે.

સારાંશ છે કે સકલાદેશમાં દ્રવ્યાર્થિક નયની પ્રધાનતાને કારણે વસ્તુના અનંત ધર્મોનો અભેદ કરવામાં આવે છે, વિકલાદેશમાં પર્યાયાર્થિક નયની પ્રધાનતાને કારણે તે ધર્મોનો ભેદ છે. અહીં પણ કાલાદિ આઠને આધારે જ ભેદ કરવામાં આવે છે, પર્યાયાર્થિક નય કહે છે કે – એક કાલમાં એક જ વસ્તુમાં ભિન્નભિન્ન ધર્મોની સત્તા સ્વીકારવામાં આવે તો વસ્તુ પણ ભિન્નભિન્ન સ્વરૂપવાળી થઈ જશે પણ એક સ્વરૂપવાળી નહિ રહે. આ જ રીતે ભિન્નભિન્ન ગુણો સંબંધી આત્મરૂપ ભિન્નભિન્ન જ હોઈ શકે છે, પરંતુ એક હોઈ શકતું નથી. ૪૫.

**श्री रत्नप्रभाचार्यविरचिता लघ्वीटीका 'रत्नावतारिका' भा. २, चतुर्थः परिच्छेदः कालादि निरूपणम् (आगमस्वरूपनिर्णयोनाम)માંથી**

**મૂળ પાઠ**

आचाराङ्गं सूत्रकृतं, स्थानाङ्गं समवाययुक् ।
पञ्चमं भगवत्यङ्गं, ज्ञाताधर्मकथापि च ॥ २४३ ॥

उपासकान्तकृदनुत्तरोपपातिकाद् दशाः ।
प्रश्नव्याकरणं, चैव, विपाकश्रुतमेव च ॥ २४४ ॥

इत्येकादश सोपाङ्गान्यङ्गानि द्वादशं पुनः ।
दृष्टिवादो द्वादशाङ्गी, स्याद् गणिपिटकोह्वया ॥ २४५ ॥

परिकर्म्म-सूत्र-पूर्वानुयोग-पूर्वगत-चूलिकाः पञ्च ।
स्युर्दृष्टिवादभेदाः पूर्वाणि चतुर्दशापि पूर्वगते ॥ २४६ ॥

उत्पादपूर्वमग्रायणीयमथ वीर्यतः प्रवादं स्यात् ।
अस्तेर्ज्ञानात् सत्यात् तदात्मनः कर्मणश्च परम् ॥ २४७ ॥

प्रत्याख्यानं विद्याप्रवाद-कल्याणनामधेये च ।

प्राणावायं च क्रियाविशालमथ लोकबिन्दु सारमिति ॥ २४८ ॥

**અનુવાદ :**

આચારાંગમ્, સૂત્રકૃતમ્, સ્થાનાંગમ્, સમવાયઃ, ભગવત્યંગમ્, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાઃ, અન્તકૃદ્દશાઃ, અનુત્તરોપપાતિકદશાઃ, પ્રશ્નવ્યાકરણમ્, વિપાકશ્રુતમ્ આ અગિયાર અંગો તે (ઉવવાઈ વગેરે) બાર ઉપાંગ સહિત છે. દૃષ્ટિવાદ તે બારમું અંગ છે. દ્વાદશાંગી, ગણિપિટકમ્ એ બે દ્વાદશાંગીનાં નામ છે.

પરિકર્મસૂત્ર, પૂર્વાનુયોગઃ, પૂર્વગતમ્, ચૂલિકા આ પાંચ બારમા દૃષ્ટિવાદના ભેદો છે. એમાં ચોથા 'પૂર્વગત'માં ૧૪ પૂર્વો છે. તેનાં નામ ઉત્પાદમ્, અગ્રાયણીયમ્, વીર્યપ્રવાદમ્, અસ્તિનાસ્તિપ્રવાદમ્, જ્ઞાનપ્રવાદમ્, સત્યપ્રવાદમ્, આત્મપ્રવાદમ્, કર્મપ્રવાદમ્, પ્રત્યાખ્યાનપ્રવાદમ્, વિદ્યાપ્રવાદમ્, કલ્યાણપ્રવાદમ્, પ્રાણાવાયપ્રવાદમ્, ક્રિયાવિશાલમ્ અને લોક બિંદુસારમ્ છે.

[કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય વિરચિત
'અભિધાનચિંતામણિકોશઃ'ના દ્વિતીય 'દેવકાંડ'માંથી]

भगवतीति पूजाऽभिधानं व्याख्याप्रज्ञप्तेः पञ्चमाङ्गस्य,

सा चासौ अङ्गं च भगवत्यङ्गम् ॥ ५ ॥

['अभिधानचिन्तामणिनाममाला' (हेमचन्द्राचार्यविरचिता) — स्वोपज्ञ टीका -માંથી]

# શ્રી ભગવતીસૂત્રની સજ્ઝાયો

## ૧. શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત સજ્ઝાય

આવો આવો સયણા રે ભગવતી સૂત્રને સુણીયે,
પંચમ અંગ સુણીને નરભવ સફળ કરીને ગણીયે. આવો૦
શુદ્ધ સ્વરૂપ (પ્રરૂપક ને) કથક સંવેગી જ્ઞાન તણા જે દરિયા,
નીરાશંસથી જિનવર આણા (જિનઆણાઈ) અનુસારે કરે કિરિયા... આવો૦ ૧

ગીતારથ ગુરુકુલના વાસી ગુરુમુખથી અર્થ લીધા
પંચાંગી સમ્મત નિજ હઠ વિણ અનુભવ અર્થયેં કીધા. આવો૦ ૨

સૂત્ર અર્થ નિર્યુક્તિ ને ચૂર્ણી ભાષાવૃત્તિના ભાખે (ભાખી),
જે (જો) કડયોગી સાધુ સમીપેં સુણીયેં પ્રવચન સાખે (સાખી). આવો૦ ૩

કાલ વિનયાદિક આઠ આચારે શક્તિ ભક્તિ બહુમાન,
નિદ્રા, વિકથા ને આશાતના વર્જી થઈ સાવધાન... આવો૦ ૪

દેઈ પ્રદક્ષિણા શ્રુતને પૂજી કર જોડીને સુણીયે,
તો ભવસંચિત પાપ પણાસે જ્ઞાનાવરણી હણીયે... આવો૦ ૫

કેવલનાણ થકી પણ વધતું કહ્યું શાસ્ત્રે સુયનાણ,
નિજ-પરનેં(તેં) સવિ ભાવ પ્રકાશે એહથી કેવલનાણ... આવો૦ ૬

ઉન્નત પંચમ અંગ સોહાવે જિમ જયકુંજર હાથી,
નામ વિવાહપન્નત્તી કહીયે વિવિધ પ્રશ્ન પ્રવાહથી... આવો૦ ૭

સુલલિત પદપદ્ધતિ રચનાયે બુધજનનાં મન રંજે
બહુ ઉપસર્ગ, નિપાત ને અવ્યય શબ્દ ઉદારે ગુંજે... આવો૦ ૮

સુવર્ણમયા ઉદ્દેશે મંડિત ચતુરનુયોગ ચઉ શરણા,
જ્ઞાનાચરણ દોય નયન અનોપમ શુભ લોકને આચરણા... આવો૦ ૯

દ્રવ્યાસ્તિક પર્યાયાસ્તિક નય દંત મુસલ સમ ગાઢા,
નિશ્ચય (નય) ને વ્યવહાર નય દ્વય કુંભસ્થલના આઢા... આવો૦ ૧૦

પ્રશ્ન છત્તીસ સહસ શતક એકતાલીસ સુંદર દેહ વિભાસે,
રચના વચન તણી બહુ સુંદર શુંડા દંડ વિલાસે... આવો૦ ૧૧

નિગમન ઉત્તર વચન મનોહર પૂંછ પરે જે (તે) લલકે
ઉત્સર્ગ ને અપવાદ અતુલરવ ઘંટાનાદ શ્યું રણકે... આવો૦ ૧૨

વાદી અંગ જય યશ પડહેં કરી પૂર્ણ દિશો દિશ દીસે,
અંકુશ સ્યાદ્વાદે વશ કીધો નિરખી નીરખી જન હીંસે... આવો૦ ૧૩

વિવિધ યુક્તિ પ્રહરણ શ્યું ભરીયો વીર જિનેશે પ્રેર્યો,
મિથ્યા અજ્ઞાન અવિરતિ રિપુદલથી મુનિયોધે રહ્યો ઘેર્યો... આવો૦ ૧૪

શુદ્ધાચારજ આચારજ મતિશ્યું કલ્પિત રિપુગણ જીપે,
એહવો જે આગમ જયકુંજર તે જિનશાસને દીપે... આવો૦ ૧૫

સુયખંધ એક અધ્યયન શત જાણો દસ સહસ ઉદ્દેશા,
લાખ દોય અઠ્યાશી સહસા પદ પરિણામ વિશેષા. આવો૦ ૧૬

શ્રી વિવાહપન્નત્તી, ભગવતી દોય નામ જસ લહીયેં,
પ્રથમ પંચ પરમેષ્ઠી નમીને ભાવ શ્રુતનેં કહીયેં... આવો૦ ૧૭

દ્રવ્ય શ્રુત અષ્ટાદશ લિપીને પ્રણમી અર્થ પ્રકાશ્યા,
બોધ અનંતર કારણ શિવફલ પરંપરાયે વાસ્યા... આવો૦ ૧૮

ગુરુ પર્વક્રમ એહ સંબંધે સુણીયે ઉલટ આણી,
પાવન મન પાવન ઉપગરણે વિધિ ગુરુમુખથી જાણી... આવો૦ ૧૯

સચિત્ત પરિહારી ને એકલ આહારી (એકાહારી) થઈયે વળી બ્રહ્મચારી,
ગુરુપૂજા અને શ્રુતપૂજા પ્રભાવના મનોહારી... આવો૦ ૨૦

અર્થભાવ નવિ લહિયેં તો પણ સુણતાં પાપ પણાસે,
નાગમંતાથી (મંત્રથી) જિમ વિષ જાયેં તિમ શ્રુત શ્રવણ અભ્યાસે... આવો૦ ૨૧

શતક ઉદ્દેશા ગૌતમને નામે નાણું મૂકે તિણ ઠામ,
જિમ શ્રીમાલી વંશ વિભૂષણ સોની શ્રી સંગ્રામ... આવો૦ ૨૨

આગમ સુણતાં સહાય કરે જે તે પણ લહે સુયનાણ,
વીર ભદ્ર પરે પૂરવધારી તિણે ભવે કેવલનાણ... આવો૦ ૨૩

ઈણ પેરે ધનનો લ્હાવો લેઈ(વેં) જે આગમને નિસુણે
**જ્ઞાનવિમલ** ગુણ તેહના જગમાં હુંસે કરી સહુ પભણે... આવો૦ ૨૪

## ૨. ઉપા. યશોવિજયજીકૃત સજ્ઝાય

(અહો, મતવાલે સાજના – એ દેશી)

અંગ પાંચમું સાંભળો તુમે, ભગવઈ નામે ચંગો રે,
પૂજા કરો ને પ્રભાવના, આણી મનમાંહિ દઢ રંગો રે. ૧

સુગુણ સનેહી સાજના ! તુમે માનો ને બોલ અમારો રે,
હિતકારી જે હિત કહે, તે તો જાણીજે મન પ્યારો રે. સુ૦ ૨

બ્રહ્મચારી ભૂંએ સૂએ, કરે એકાસણું ત્રિવિહારો રે,
પડિકમણાં દોઈ વારનાં, કરે સચ્ચિત્ત તણો પરિહારો રે. સુ૦ ૩

દેવ વાંદે ત્રિણ ટંકના, વલિ કઠિણ વચન નવિ બોલે રે,
પાપસ્થાનક શકતેં ત્યજે, ધર્મીશું હઈડું ખોલે રે. સુ૦ ૪

કીજે સૂત્ર આરાધના, કાઉસ્સગ્ગ લોગસ્સ પણવીસો રે,
જપીએ ભગવઈ નામની, નોકારવાલી વલી વીસો રે. સુ૦ ૫

જે દિને એહ મંડાવિયે, ગુરુભક્તિ તે દિવસ વિશેષે રે,
કીજે વલી પૂરે થયે, ઉત્સવ જિમ બહુજન દેખે રે. સુ૦ ૬

ભક્તિ સાધુ-સાહમી તણી, વલી રાતિજગા સુવિવેકો રે,
લખમી લાહો અતિ ઘણો, વલી ગૌતમ નામે અનેકો રે. સુ૦ ૭

ત્રિણ નામ છે એહનાં, પહિલું તિહાં પંચમ અંગો રે,
વિવાહપન્નત્તી બીજું ભલું, ત્રીજું ભગવઈ સૂત્ર સુરંગો રે. સુ૦ ૮

એક સુયખંધ એહનો વલી, વલી ચ્યાલીસ શતક સુહાય રે,
ઉદ્દેશા તિહાં અતિઘણા, ગમ-ભંગ અનંત કહાયા રે. સુ૦ ૯

ગૌતમ પૂછે પ્રભુ કહે, 'તે તો નામ સુણ્યે સુખ હોઈ રે,
સહસ છત્તીસે તે નામની, પૂજા કીજે વિધિ જોઈ રે. સુ૦ ૧૦

મંડપગિરિ વિવહારીયા, જ્યો ધન્ય સોની સંગ્રામ રે,
જિણે સોનૈયે પૂજિયાં, શ્રી ગુરુ ગૌતમ નામ રે. સુ૦ ૧૧

પુસ્તક સોનાને અક્ષરે તે તો દીસે ઘણા ભંડાર રે,
કલ્યાણ કલ્યાણનો હોયે, અનબંધ અતિ વિસ્તાર રે. સુ૦ ૧૨

સફળ મનોરથ જસ હોયે, તે પુણ્યવંતમાં પૂરો રે,
ઉમાહી અલગો રહે, તો તો પુણ્ય થકી અધૂરો રે. સુ૦ ૧૩

સૂત્ર સાંભલિયે ભગવતી, લીજે લખમીનો લાહો રે,
ભાવ ભૂષણમાં ધારિયે, સદ્દહણા ઉચ્છાહો રે. સુ૦ ૧૪

ઉત્કૃષ્ટી આરાધના, ભગવઈ સૂણતાં શિવ લહિયે રે,
ત્રીજે ભવ **વાચક જસ** કહે, ઇમ ભાખ્યું તે સદ્દહિયે રે. સુ૦ ૧૫

**[ઉપા. યશોવિજયજીકૃત 'અગ્યાર અંગની સજ્ઝાય'માંથી]**

## ૩. શ્રી નિત્યવિજયકૃત સજ્ઝાય

(દેશી રસીઆની)

ચોવીસમા શ્રી વીર જિણેસરૂ કહઇ એ ભગવતી અંગ, હો ગોયમ !
પાંચમો અંગ એ અવિચલ હો સદા લહરિ જિસી જલગંગ. હો ગોયમ ! ...૧

અરથ અનેક હો જિનજી ઉપદિશઇ એ સંસાર અસાર, હો ગોયમ !
સુખદુખ કરમ પ્રમાણિં પામીઇ, ધરમ વડો તે આધાર. હો ગોયમ !
અરથ અનેક હો જિનજી. (આંકણી) ...૨

સૂક્ષ્મ બાદર જીવ ત્રસ થાવર એકેંદ્રી બેંદ્રી નામ, હો ગોયમ !
તેરિંદ્રી ચઉરિંદ્રી પંચેંદ્રી વલી, સંગની અસંગની ઠામ. હો ગોયમ ! અ૦ ૩

પંચેંદ્રી ચાર પ્રકારિં મઇં કહ્યા, નર તિરી નારકી દેવ. હો ગોયમ !
જલથલચારી ખેચર જે જીવ, જાણો એ ભેદ સંખેવ. હો ગોયમ ! અ૦ ૪

જંઘાચારણ વિદ્યાચારણ, જિન વંદઇ પરભાતિ, હો ગોયમ !
ચમરો સોહમ સુરલોગઇં ગયો, શરણ ધર્યો સુવિખ્યાત. હો ગોયમ ! અ૦ ૫

પ્રીતિ વિવાસઇ સંયમનઇં બાલઇં ક્રોધ મહારિપુ જાણ, હો ગોયમ !
વિદ્યાનાશ કરઇં ગુરુ દૂહવઇં, ઠુંઠ જિસ્યો અભિમાન. હો ગોયમ ! અ૦ ૬

માયા પાપિણ સાપિણથી ઘણું, પાડઇ સબલા તે પાસ, હો ગોયમ !
કપટ દિખાવઇં પાવઇં પાપથી, દુરભગ નારીનો વાસ. હો ગોયમ ! અ૦ ૭

વંચઇં લોકના થોક તે અતિ ઘણા, લોભ તણઇં પરભાવિં, હો ગોયમ !
દુખ પામઇં સુખ વેચઇં આપણું, જુઆરી હારઇં જિમ દાવ. હો ગોયમ ! અ૦ ૮

ઇમ જાણીનઇં ચ્યાર એ પરીહરો, પંચસ્યું રાખો તે રાગ, હો ગોયમ !
સૂધો સંયમ-મારગ આદરો, પરિહરો દુઃકૃત જાગ. હો ગોયમ ! અ૦ ૯
સાઢા ત્રિણ્ય કર ધરતી પડિલેહી વિચરઇં સાધુ-મહંત, હો ગોયમ !
આધાકરમી આહાર ન લીઇં કદા, રાખઇં ભગતિ ભગવંતની. હો ગોયમ ! અ૦ ૧૦
ઇમ ઉપદેશ શ્રી વીર જિણેસરૂ દીઇં ભવિક સુખ કાજ, હો ગોયમ !
શ્રી લાવણ્યવિજય ઉવઝાય સુહંકરૂ **નિત્યવિજય** શિવરાજ. હો ગોયમ ! અ૦ ૧૧

ઇતિ શ્રી ભગવતીસૂત્રાભિધાંન સૂચક સ્વાધ્યાય ॥ ૫ ॥

## ૪. શ્રી ખિમાવિજયકૃત સજ્ઝાય

ધન્ય કુંવર ત્રિશલા તણો બહિન માહરી ભાખ્યો ભગવઈ અરથ હો,
સૂત્રથી પંચમ ગણધરે બહિન માહરી ગૂંથ્યો સાધ્યશદ અરથ હો,
જ્ઞાનવિલાસી (ચરણ અભ્યાસી) ગુરૂ વંદીયે...સુણીયેં ભગવતીસૂત્ર હો... જ્ઞાન૦ ૧
આચારાંગ સુયગડાંગનો બહિન માહરી ઠાણાંગ સમવાયંગ હો,
સૂત્ર નિર્યુક્તિ ચૂરણે બહિન માહરી ટીકા ભાષ્ય સુરંગ હો... જ્ઞાન૦ ૨
પંચાંગી વ્યાખ્યા કરે બહિન માહરી પહિલો થવિર કહાય હો,
વાયગ પંચમ અંગનો બહિન માહરી યોગ્ય કહે જિનરાય હો... જ્ઞાન૦ ૩
કઠિણ કર્મગઢ ભેદવા બહિન માહરી જિનશાસન ગજરાજ હો,
સુણ્યો વીર જગતગુરે બહિન માહરી મહાવત સમ મુનિરાજ હો... જ્ઞાન૦ ૪
લલિતપદેં જન રંજતો બહિન માહરી ઉપસર્ગ અધ્યાયરૂપ હો,
લક્ષણ લક્ષિત વરતનું બહિન માહરી લિંગ વિભક્તિ અનુપ હો... જ્ઞાન૦ ૫
ચઉ અનુયોગ ચરણ ભલા બહિન માહરી જ્ઞાન-ચરણ યુગ નેત હો,
દ્રવ્યાસ્તિક પજ્જવાસ્તિક બહિન માહરી દંત-મુસલ દ્વય સમેત હો.. જ્ઞાન૦ ૬
નિશ્ચય ને વ્યવહાર બે બહિન માહરી કુંભસ્થલ બળવંત હો,
ઘન ઉદાર ગર્જના રવી બહિન માહરી જસપુરિત સદાખ્યાત હો... જ્ઞાન૦ ૭
અવતર રચના શુંડ છે બહિન માહરી નિગડન પુચ્છ તુચ્છ હો,
છત્તીસ સહસ પ્રશ્નેં કરી બહિન માહરી દેવતાધિષ્ઠિત સ્વચ્છ હો... જ્ઞાન૦ ૮
ઘંટ યુગલ ગાજે ઘણું બહિન માહરી ઉત્સર્ગ ને અપવાદ હો,
'સ્યાત્'પદ અંકુશ વશી કર્યો બહિન માહરી બહુવિધ ચરિત્ર સુવાદ હો... જ્ઞાન૦ ૯

વર્તમાન ઈહ ભરતમાં બહિન માહરી ગહન ગીતારથ ગમ્ય હો,
ઉદ્દેશા દશ સહસ છે બહિન માહરી શતક ચાલીસ છે રમ્ય હો... જ્ઞાન૦ ૧૦
સહસ અઠ્યાસી ઉપરે બહિન માહરી દો લખ પદ સમુદાય હો,
વિવાહપન્નત્તિ વંચાવીયે બહિન માહરી પૂજા શ્રુત ગુરૂ પાય હો... જ્ઞાન૦ ૧૧
તિવિહાર એકાસણું બહિન માહરી પડિકમણાં દોય સાધ્ય હો,
ગોયમ નામે પૂજના બહિન માહરી સાહમી ભગતી સુખસિંધ હો... જ્ઞાન૦ ૧૨
સોહમ સ્વામી પરંપરા બહિન માહરી વિજયદયા સુરિરાય હો,
રાજનગરે જિનવિજયના બહિન માહરી **ખિમાવિજય** ગુરૂ સાહાય્ય હો... જ્ઞાન૦ ૧૩

## ૫. ઉપા. વિનયવિજયકૃત સજ્ઝાય

વંદી પ્રણમી પ્રેમશું રે પૂછે ગૌતમ સ્વામ,
વીર જિનેસર હિત કરી રે અરથ કહે અભિરામ રે.
ભવિકા ! સુણજો ભગવઈ અંગ મન આણી ઉછરંગ રે... ભવિકા૦ ૧
ગૌતમ સ્વામીયેં પૂછીયા રે પ્રશ્ન સહસ છત્રીસ,
તેહના ઉત્તર એહમાં રે દીધા શ્રી જગદીશ રે... ભવિકા૦ ૨
એક સુયક્ખંધ એહનો રે શતક એકચાલીશ,
શતકેં શતકેં અતિઘણા રે ઉદ્દેશા જગદીશ રે... ભવિકા૦ ૩
વાંચ્યું સૂઝે તેહને રે જેણે છમાસી યોગ,
વાંચ્યો હોય ગુરુ આગળે રે તપ કિરિયા સંજોગ રે... ભવિકા૦ ૪
સાંભળનાર એકાસણું રે પચ્ચખી કરે તિવિહાર,
બ્રહ્મચારી ભુંઈ સુવે રે કરે સચિત્ત પરિહાર રે... ભવિકા૦ ૫
દેવ વાંદે ત્રણ ટંકના રે પડિકમણું બે વાર,
કઠિણ બોલ નવિ બોલીયે રે રાગ-દ્વેષ નિવાર રે... ભવિકા૦ ૬
કલહ ન કીજે કેહશું રે પાપસ્થાનક અઢાર,
યથાશક્તિએ વરજીયે રે ધર્મધ્યાન મન ધાર રે... ભવિકા૦ ૭
ઉંડે મન આલોચીયે રે એહના અર્થ વિચાર,
વળી વળી એહ સંભારીયે રે જાણી જગમાં સાર રે... ભવિકા૦ ૮
પંચવીસ લોગસ્સ તણો રે કીજીયે કાઉસગ્ગ,
એહ સૂત્ર આરાધવું રે થિર કરી ચિત્ત અભંગ રે... ભવિકા૦ ૯

નામ ત્રણ છે એહનાં રે પહિલું પંચમ અંગ,
વિવાહપન્નત્તી એ ભલું રે ભગવતીસૂત્ર સુરંગ રે... ભવિકા૦ ૧૦
જિણ દિન સૂત્ર મંડાવિયે રે તિણ દિન ગુરુની ભક્તિ,
અંગ પૂજણું કીજીયે રે પ્રભાવના નિજ શક્તિ રે... ભવિકા૦ ૧૧
ગૌતમને નામે કરો રે પૂજા ભક્તિ ઉદાર (અપાર),
લખમીનો લાહો લીજીયે રે શક્તિ તણે અનુસાર રે... ભવિકા૦ ૧૨
માંડવના વ્યવહારિયા રે ધન સોની સંગ્રામ,
જેણે સોનૈયે પૂજીયું રે ગુરુ ગૌતમનું નામ રે... ભવિકા૦ ૧૩
સોનૈયા અવિચલ થયા રે તેહ છત્રીસ હજાર,
પુસ્તક સોવન અક્ષરે રે દીસે ઘણાં ભંડાર રે... ભવિકા૦ ૧૪
જપીયે ભગવતી સૂત્રની રે નવકારવાળી વીસ,
જ્ઞાનાવરણી છૂટિયે રે એહથી વીસવાવીસ રે... ભવિકા૦ ૧૫
સર્પ-ઝેર જેમ ઊતરે રે તે જિમ મંત્ર પ્રયોગ,
તિમ એ અક્ષર સાંભળે રે ટાળે કરમના રોગ રે... ભવિકા૦ ૧૬
સૂત્ર એ પૂરું થઈ રહે રે ઓચ્છવ કરો અનેક,
ભક્તિ સાધુ સાહમી તણી રે રાતીજગા વિવેક રે... ભવિકા૦ ૧૭
વિધે કરી એમ સાંભળે રે જે અગ્યારે અંગ,
થોડા ભવમાંહે લહે રે તે શિવરમણી સંગ રે.. ભવિકા૦ ૧૮
સંવત સત્તર અડત્રીસમેં રે રહ્યા રાંદેર ચોમાસ,
સંઘે સૂત્ર એ સાંભળ્યું રે આણી મન ઉલ્લાસ રે... ભવિકા૦ ૧૯
પૂજા ભક્તિ પ્રભાવના રે તપ કિરિયા સુવિચાર,
વિધિ ઈમ સઘળો સાચવ્યો રે સમય તણે અનુસાર રે... ભવિકા૦ ૨૦
કીર્તિવિજય ઉવજ્ઝાયનો રે સેવક કરે સજ્ઝાય,
ઈણિ પેરે ભગવતી સૂત્રનો રે વિનયવિજય ઉવજ્ઝાય રે... ભવિકા૦ ૨૧

## ૬. શ્રી દેવચંદકૃત સજ્ઝાય

શ્રી સોહમ જંબુને ભાખે સાંભળજો ભવિ પ્રાણી રે
ગૌતમ પૂછે વીર પ્રકાશે મધુરી સુખકર વાણી રે... શ્રી સોહમ૦ ૧

સૂત્ર ભગવતી પ્રશ્ન અનુપમ સહસ છત્રીસ વખાણ્યા રે
દશ હજાર ઉદ્દેશા મંડિત શતક એકતાલ પ્રમાણ્યા રે... શ્રી સોહમ૦ ૨
ખંદક આદિક મુનિવર સુવિહિત શ્રાવક પ્રશ્ન અનેક રે
ધર્મ યથારથ ભાવ પ્રરૂપ્યા શ્રી ગણધર સુવિવેક રે... શ્રી સોહમ૦ ૩
સંવેગી સદ્‌ગુરુ કૃતયોગી ગીતારથ શ્રુતધાર રે
તસ મુખ શુદ્ધ પરંપર સુણતાં થાવે ભવ નિસ્તાર રે... શ્રી સોહમ૦ ૪
ગૌતમ નામે વંદન-પૂજન ગહુંલી ગીત સુભવ્ય રે (કરતાં-સૂણતાં ભવ્ય રે)
શ્રુત બહુ માને પાતક છીજે લહીયે શિવસુખ નવ્ય રે... શ્રી સોહમ૦ ૫
મન-વચ-કાય એકાંતે હરખે સુણીયે સૂત્ર ઉલ્લાસ રે
ગારુડ મંત્રે જેમ વિષ નાશે તેમ ત્રુટે ભવપાશ રે.. શ્રી સોહમ૦ ૬
જયકુંજર એ શ્રી જિનવરનો જ્ઞાનરત્ન ભંડાર રે
આતમ તત્ત્વ પ્રકાશન રવિ એ એ મુનિજન આધાર રે... શ્રી સોહમ૦ ૭
સાંભળશે વિધિથી સૂત્ર જે ભણશે-ગણશે જેહ રે
દેવચંદ્ર આણાથી લહેશે પરમાનંદ સુખ તેહ રે... શ્રી સોહમ૦ ૮

## ૭. શ્રી લક્ષ્મીસૂરિકૃત સજ્ઝાય

ત્રિશલાનંદન ત્રિજગવંદન પ્રણમી પ્રભુના પાયા,
યાવજ્જીવ છઠ તપિયા ગણધર સોવણ્ણવરણ સમ કાયા,
ભવિ ! તુમે સુણજો રે ભગવતિ પંચમ અંગે દુરિતને હરજો રે લહી સમકિત ઉછરંગે...૧
બારસે છન્નુ ગુણના દરિયા ગોયમ ગણધર પૂછે,
તિમ તિમ વીર જિણંદ પ્રકાશે પંચમ અંગ નિરૂપ્યું... ભવિ તુમે૦ ૨
પ્રશ્ન બત્રીસ હજારના ઉત્તર પામી અતિ હરખંતા,
દો લખ સહસ અક્યાસી અનોપમ પદ પદવી વિરચંતા... ભવિ તુમે૦ ૩
ચાલીસ એક શતક છે એહના દશ હજાર ઉદ્દેશા,
રોહાદિક સંબંધ સુણંતા નવિ લહે પાપ પ્રવેશા... ભવિ ! તુમે૦ ૪
ખંધક તપસી તુંગીયાગિરિના શ્રાવક ગુણ મન વસિયા
જમાલિ તમાલિ તાપસ મહાબલ ગંગેય મુનિ શિવ રસિયા...ભવિ તુમે૦ ૫
ઋષભદત્ત ને દેવાનંદા કાર્તિક સંખ જયંતી,
ઉદાયિરાજ ઋષિ શિવરાયા ઉદ્દેશના ગુણવંતી... ભવિ તુમે૦ ૬

છઠ્ઠે વરસે સંજમ પામ્યા નવમે કેવલધારી,
અઈમુત્તામુનિ જીવાજીવનો સુણીયે નિગોદ વિચારી... ભવિ તુમે૦ ૭
સાંભળી મંખલીસુત અધિકારી મિથ્યા નાણો સો હિણે,
એક એક અક્ષર કોડિ ભવ પાતિક નિઠે મીઠેં વયણેં... ભવિ તુમે૦ ૮
એકલ આહારી ને ભૂમી સંથારી બ્રહ્મચારી અવિકારી,
મનોહર યુગતિ એહ આગમની નિસુણે નર ને નારી... ભવિ તુમે૦ ૯
ગોયમ નામ પ્રમાણે સોનઈયા સંગ્રામ સોની ઠવંતા,
શતકે શતકે પૂજા પ્રભાવના રાતિજગા સોહંતા... ભવિ તુમે૦ ૧૦
થંભણપાસ જિણંદનમણથી સવિ દેહ રોગ પણાસે,
અભયદેવસૂરીંદ અતિ હેતો ટીકા એહની પ્રકાસે... ભવિ તુમે૦ ૧૧
પંચ સમિતિ વ્રત પંચ આચારા લબ્ધિ પંચમ નાણ,
પંચમગતિ કારણ મહાનાણી થાપે પંચાંગી પ્રમાણ... ભવિ તુમે૦ ૧૨
સવિ આગમના મુગુટ નગીના ભવોભવ હોઈ સહાઈ,
સૌભાગ્યસૂરિ સીસ **લક્ષ્મીસૂરિનેં** સંઘ સકલ સુખદાઇ... ભવિ તુમે૦ ૧૩

# પંચમ શ્રી ભગવતીઅંગસૂત્ર પૂજા

(દુહા)

પાવન પંચમ અંગમાં, પ્રશ્ન છત્રીશ હજાર,
ગૌતમ ગણધરે પૂછિયા, વીર કહ્યા નિરધાર. ૧.

(ઢાળ પાંચમી : મારું મન મોહ્યું રે શ્રી સિદ્ધાચળે રે – એ દેશી)

ભવિતુમ પૂજો રે ભગવતી સૂત્રને રે, વિવાહપન્નતિ નામ,
પંચમ અંગ એ પંચમ ગતિ દિયે રે, ચરણકરણ ગુણઠામ. ભવિ૦ ૧

એકસો આડત્રીશ શતકે સોહતું રે, વળી બેંતાલીશ ધાર,
ઉદ્દેશા ઓગણીશ સેં ઉપરે રે, પચ્ચીશ છે નિરધાર. ભવિ૦ ૨

સહસ ચોરાશી પદવૃંદે કરી રે, સોહે સૂત્ર ઉદાર,
વિવિધ સુરાસુર નર નૃપ મુનિવરે રે, પૂછ્યા પ્રશ્ન પ્રકાર. ભવિ૦ ૩

ષડ્દ્રવ્ય ચરણકરણ નભકાલના રે, પજ્જવ ને પરદેશ,
અસ્તિ-નાસ્તિતા સ્વ-પર વિભાવથી રે, ભાખ્યા અર્થ વિશેષ. ભવિ૦ ૪

ઉપક્રમ નિક્ષેપ અનુગમ નય વળી રે, ચાર પ્રમાણ વિચાર,
લોકાલોક પ્રકાશક જિને કહ્યા રે, પ્રશ્ન છત્રીશ હજાર. ભવિ૦ ૫

શ્રદ્ધા ભાસન રમણપણું કરી રે, સાંભળો સૂત્ર ઉદાર,
ત્રિવિધ ભક્તિ કરી પૂજો સૂત્રને રે, મણિ-મુક્તાફળે સાર. ભવિ૦ ૬

સોનામહોર સહસ છત્રીશથી રે, સંગ્રામ સોનીએ સાર,
રૂપવિજય કહે પૂજ્યું ભગવતી રે, તિમ પૂજો નર-નાર. ભવિ૦ ૬

[— પંડિત શ્રી રૂપવિજયજીકૃત
'પિસ્તાલીસ આગમની પૂજા'માંથી]

## દ્વિતીય ચંદન પૂજા

(દુહા)

હવે પિસ્તાલીશ વરણવું, કલિયુગમાં આધાર,
આગમ અગમ અરથભર્યાં, તેહમાં અંગ અગ્યાર. ૧

(ઢાળ : ધન્ય ધન્ય જિનવાણી – એ દેશી)

ચંદનપૂજા ચતુર રચાવો, નાગકેતુ પરે ભાવો રે, ધન ધન જિનવાણી.
રાય ઉદાયી પ્રભુગુણ ગાવે, પદ્માવતીને નચાવે રે, ધન૦ ૧
કાળ સદા જે અરિહા થાવે, કેવળનાણ ઉપાવે રે, ધન૦
આચારાંગ પ્રથમ ઉપદેશે, નાથની ભજના શેષે રે. ધન૦ ૨

આચાર-રથ વહેતા મુનિ-ધોરી, બહુશ્રુત હાથમાં દોરી રે, ધન૦
પંચ પ્રકારે આચાર વખાણે, ગળિયા બળદ કેમ તાણે રે. ધન૦ ૩

દો શ્રુતખંધ આચારાંગ કેરા, સંખિત અણુયોગ દ્વારા રે, ધન૦
સંખ્યાતી નિર્યુક્તિ કહી રે, અજ્ઝયણા પણવીશ રે. ધન૦ ૪

પદની સંખ્યા સહસ અઢાર, નિત્ય ગમતા અણગાર રે, ધન૦
સૂત્રકૃતાંગે ભાવ જિવાદિ, ત્રણ સેં ત્રેસઠ વાદી રે. ધન૦ ૫

અધ્યયન ત્રેવીશ છે બીજે, અવર પૂરવ પરે લીજે રે, ધન૦
દુગુણાં પદ હવે સઘળે અંગે, દશ ઠાણા ઠાણાંગે રે. ધન૦ ૬

દશ અધ્યયને શ્રુત ખંધ એકો, હવે સમવાયાંગ છેકો રે, ધન૦
શત સમવાય શ્રુતખંધ એકે, ધરિયે અર્થ વિવેકે રે, ધન૦ ૭

**ભગવતી પાંચમું અંગ વિશેષા, દશ હજાર ઉદ્દેશા રે, ધન૦**
**એકતાલીશ શતકે શુભવીરે, ગૌતમ પ્રશ્ન હજુ રે. ધન૦ ૮**

(દુહા)

નિર્યુક્તિ પ્રતિપત્તિયો, સઘળે તે સમભાવ,
બીજી અર્થ પ્રરૂપણા, તે સવિ જુજુઆ ભાવ. ૧

(ગીત ઝુમખડાની – એ દેશી)

જ્ઞાતાધર્મ વખાણિયે રે, દશ બોલ્યા તિહાં વર્ગ, પ્રભુ ઉપદેશિયા.
ઊઠતે કોડી કથા કહી રે, સાંભળતાં અપવર્ગ. પ્રભુ૦ ૧

ઓગણીશ અધ્યયને કરી રે, બે શ્રુતખંધ સુભાવ, પ્રભુ૦
ઉપાસકદશાંગમાં રે, દશ શ્રાવકના ભાવ. પ્રભુ૦ ૨
અંતગડે અડવર્ગ છે રે, અનુત્તરોવવાઈ ત્રણ વર્ગ, પ્રભુ૦
એક સૂત્રે મુક્તિ વર્યા રે, બીજે ગયા જે સ્વર્ગ. પ્રભુ૦ ૩

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં રે, દશ અધ્યયન વખાણ, પ્રભુ૦
સૂત્રવિપાકે સાંભળો રે, વીશ અધ્યયન પ્રમાણ. પ્રભુ૦ ૪

બે શ્રુતખંધે ભાખિયા રે, દુઃખ-સુખ કેરા ભોગ, પ્રભુ૦
એમ એકાદશ અંગની રે, ભક્તિ કરો ગુરુયોગ. પ્રભુ૦ ૫

આગમને અવલંબતાં રે, ઓળખિયે અરિહંત, પ્રભુ૦
શ્રી શુભવીરને પૂજતાં રે, પામો સુખ અનંત. પ્રભુ૦ ૬

[પંડિત શ્રી વીરવિજયજીકૃત 'પિસ્તાલીસ આગમની પૂજા'માંથી]

# ભગવતીસૂત્રની ગહુંલી

(ભવિ તુમ વંદો રે સંખેસર જિનરાય – એ દેશી)

સહિયર સુણીયે રે ભગવતીસૂત્રની વાણી
પાતિક હણીયે રે આતમને હિત આણી (ટેક આંકણી)
સમકિતવંત તણી એ કરણી ભવસાગર ઉદ્ધરણી,
નરક નિગોદ તણી ગતિ હરણી મોક્ષ તણી નિસરણી.
સહિયર સુણીયે રે ભગવતીસૂત્રની વાણી. ૧

પંચમું અંગ વિવાહપન્નત્તી ત્રીજું ભગવતી નામ,
સતક બેહેતાલીસ બહુ ઉદ્દેસે અનંત અનંત ગુણધામ. સહિયર૦ ૨

વીર જગતગુરુ ગોયમ ગણધર જોડી મોહનગારી,
પ્રશ્ન છત્રીસ હજાર પ્રકાસ્યા વાણીની બલીહારી. સહિયર૦ ૩

ગંગમુની રોહા મુનીવરના પ્રશ્ન સરસ છે જેહમાં,
ભાવભેદ ષટદ્રવ્ય પ્રકાસ્યા અમૃતરસ છે એહમાં. સહિયર૦ ૪

સંગ્રામ સોની પ્રમુખ જે ભાવી સમકિતવંત પ્રસિદ્ધા,
પ્રશ્નૈ કંચન મોહોર ઠવીને નરભવ લાહા લીધા. સહિયર૦ ૫

સ્વસ્તિક મુગતાફલ સું વધાવો ગ્યાન ભગતિ ગુરુસેવા,
ભગવતી અંગ સુણો બહુ ભાવૈ ચાખો અમૃત મેવા. સહિયર૦ ૬

ચાર ક્ષેત્રના સકલ સંઘને વિઘન હરે વરદાઈ,
દીપવિજય કવિરાજ એ સુણતી મંગલ કોટી વધાઈ. સહિયર૦ ૭

## ઇતિ ભગવતિ સૂત્રની ગહુંલી

સંવત ૧૯૦૦ના વર્ષે શાકે ૧૭૬૬ પ્રવર્તમાને દ્વિતીય શ્રાવણ શુક્લ પક્ષે લિખિતં. પં. દીપવિજય કવિરાજ શ્રી વડોદરા નગરે. શ્રી હૅંદરાબાદના વાસી વીસા ઓસવાલ જ્ઞાતી, સેઠ હીરાચંદ વડોદરે આવ્યા તિવારે એ પત્ર લખ્યું છે.

(સ્વહસ્તાક્ષરી પ્રત)

# પંચમાંગ શ્રી ભગવતીસૂત્રનો પરિચય

('શ્રી જૈન પ્રવચન કિરણાવલી' – ૬ઠ્ઠા પ્રકાશમાંથી)

– લેખક : શ્રી વિજયપદ્મસૂરિજી

॥ आर्या ॥

अहुणा छट्ठपयासे, वण्णिज्जइ परिचओ भगवईए ॥
जहजोगं सारंपि य, वुच्छं सुत्ताइवयणेहिं ॥ ३२ ॥

समवायंगे वुत्तं, वित्तंतं भगवईइ नंदीए ॥
सारक्खाणावसरे, दुवालसंगीइ संखेवा ॥ ३३ ॥

सपरोभयसमयाणं, जीवाजीवाण लोयलोयाणं ॥
वण्णणममराईहिं, कयपण्हाणं जिणुत्ताइं ॥ ३४ ॥

वागरणाइ विसेसा, दव्वाइ पयासगाइ विविहाइं ॥
संसारंबुहितारण-- पच्चलदढपोयसरिसाइं ॥ ३५ ॥

भव्वाभिणंदियाइं, तमरयविद्धंसणाइ मइयाइं ॥
सीसहियत्थसुयत्था, उवइट्ठा पंचमंगम्मि ॥ ३६ ॥

संखेज्जसिलोगाई, एगे पण्णाविओ सुयक्खंधे ॥
साहियमज्झयणसयं, दसउद्देसगसहस्साइं ॥ ३७ ॥

छत्तीस सहस्साइं, वागरणाणं दिसिट्ठतत्ताणं ॥
इगयालीससयाइं, दुगुणपयाइं चउत्थंगा ॥ ३८ ॥

अंगस्सेयस्सत्था, कहिया दस वट्टमाणवित्तीए ॥
गोयमपुच्छियपण्हा, बहुप्पमाणा तहण्णेसिं ॥ ३९ ॥

सिरिअग्गिभूइपमुहा, रोहजयंती तहा अजइणावि ॥
पण्हविहायगभविया, सिरिवीरचरित्तवयणाइं ॥ ४० ॥

देवाणंदाईणं, दिक्खा मोक्खा जिणेहिं पण्णत्ता ॥
सुरभासा कडजुम्मा इ जमालिचरित्तगोसाला ॥ ४१ ॥

सिरिखंदगाइ चरिया, महासिलाकंटगस्स वुत्तंतं ॥
राहुग्गहनामाइं जत्ता जवणिज्ज वाबाहा ॥ ४२ ॥

सरिसवमासकुलत्था, तामलितववण्णणं च देसाई ॥
सुत्तत्ताइयपण्हा, कहिया बुद्धाइजागरिया ॥ ४३ ॥

दाणकसायाइफलं, निगोय सावग्ग मुणी सवुत्तता ॥
चमरिंदाइचरित्तं, पुग्गलबंधाइतत्ताइं ॥ ४४ ॥

अणुओगचउक्कफलं, नियगुणरमणाइविविहबोहदयं ॥
संखेवा पण्णत्तं, वियाहपण्णत्तिणिस्संदं ॥ ४५ ॥

**શબ્દાર્થ** – હવે શ્રી પ્રવચન કિરણાવલી ગ્રંથના છઠ્ઠા પ્રકાશમાં સર્વાનુયોગમય પંચમાંગ શ્રીભગવતીસૂત્ર (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર)નો, પહેલાં તેનો જ્યાં જણાવવો ઉચિત લાગે ત્યાં, સાર પણ ગોઠવીને પરિચય શ્રીનંદીસૂત્રાદિનાં વચનો (પાઠ)ને અનુસારે ટૂંકામાં કહીશ. ૩૨.

શ્રીસમવાયાંગસૂત્રમાં અને શ્રીનંદીસૂત્રમાં સંક્ષેપથી દ્વાદશાંગી(બાર અંગો)નો સાર કહેવાના પ્રસંગે શ્રીભગવતીસૂત્રનું પણ વૃત્તાંત કહ્યું છે. ૩૩.

તે ટૂંકામાં આ પ્રમાણે જાણવું – શ્રીભગવતીસૂત્રમાં સ્વસમયની ને પરસમયની તથા બંને સમયની, તેમજ જીવ-અજીવની ને લોક-અલોકના પદાર્થોની બીના કહી છે. તથા જુદી જુદી જાતના અભિલાપ્ય પદાર્થો કહ્યા છે. તે પદાર્થો વિવિધ પ્રકારના સંશયવાલા દેવ, રાજા, રાજર્ષિ તથા ગણધરાદિ મહાપુરુષોએ પ્રભુ શ્રીમહાવીરદેવને જુદા જુદા સ્થળે જુદા જુદા પ્રસંગે જે જે પ્રશ્નો પૂછ્યા તે બધા પ્રશ્નોના પ્રભુ શ્રી મહાવીરદેવે આપેલા ઉત્તરોની હકીકતને જણાવનારા છે. તે ઉત્તરો દ્રવ્ય-ગુણ-પર્યાયાદિ પદાર્થોનો ને લોક-અલોકમાં રહેલા ધર્માસ્તિકાયાદિ પદાર્થોનો બોધ કરાવનારા તથા સંસારરૂપી સમુદ્રનો પાર પમાડવાને સમર્થ મજબૂત છિદ્ર વિનાના વહાણ જેવા છે. ૩૪-૩૫.

વળી તે ઉત્તરો દેવોના સ્વામી ઇંદ્રોથી પણ પૂજાયેલા છે એટલે વખણાયેલા છે. ને ભવ્ય જીવોએ હૃદયના ખરા ઉમળકાથી તે બધા ઉત્તરોની અનુમોદના કરી છે. તથા તે ઉત્તરો અજ્ઞાનનો અને પાપકર્મોનો નાશ કરનારા તથા ઈહા-મતિ-બુદ્ધિને દેનારા અને વધારનારા છે. આ પ્રશ્નો અને ઉત્તરો શિષ્યોનું ભલું (કલ્યાણ) કરવાના ઇરાદાથી અનુક્રમે પુછાયા છે ને દેવાયા છે. આ રીતે શ્રુતજ્ઞાનને અનુસરતા પદાર્થો શ્રીભગવતીસૂત્રમાં કહ્યા છે એમ જાણવું. ૩૬.

આ શ્રીવ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રમાં સંખ્યાતા (ગણી શકાય તેવા) શ્લોકો વગેરે છે. એક શ્રુતસ્કંધ છે. શત(સો ૧૦૦)થી વધારે અધ્યયનો હતાં, અને દશ

હજાર ઉદ્દેશાઓ હતા. ૩૭. આમાં યથાર્થ રહસ્યને સમજાવનારા ૩૬૦૦૦ પ્રશ્નો અને તે સર્વેના ઉત્તરો, ૪૧ શતકો અને ૨૮૮૦૦૦ પદો કહ્યાં છે. ૩૮. આ ભગવતીસૂત્રનું પ્રાકૃતમાં ''विवाहपण्णत्ती'' નામ છે. તેના ૧૦ અર્થો શ્રી અભયદેવસૂરિકૃત વિદ્યમાન ટીકામાં કહ્યા છે. અહીં શ્રીગૌતમ ગણધરે પૂછેલા પ્રશ્નો ઘણા છે ને બીજા અગ્નિભૂત વગેરેના પ્રશ્નો થોડા છે. ૩૯.

અહીં પ્રશ્નોને પૂછનારાઓમાં શ્રીઅગ્નિભૂતિ અને વાયુભૂતિ વગેરે, તથા રોહમુનિ, જયંતી શ્રાવિકા વગેરે જૈનો, અને સ્કંદક વગેરે અજૈનો પણ જાણવા. તથા શ્રીમહાવીર દેવના પવિત્ર જીવનનાં વચનો ઘણે સ્થળે કહેલાં છે. ૪૦. કેવલીજિન શ્રીમહાવીરદેવે શ્રીઋષભદત્ત બ્રાહ્મણની અને દેવાનન્દાની દીક્ષાની અને મોક્ષની બીના જણાવી તે મનઃપર્યવ જિન શ્રીસુધર્માસ્વામીએ સૂત્રમાં ગૂંથી છે. એ પ્રમાણે બીજાઓની દીક્ષા વગેરેની પણ બીના અહીં જણાવી છે. તથા દેવોની ભાષાનો તથા કૃતયુગ્માદિનો તેમજ જમાલિ અને ગોશાલાનો વૃત્તાંત પણ અહીં કહ્યો છે. ૪૧.

તથા અહીં શ્રીસ્કંદક પરિવ્રાજક વગેરેનાં ચરિત્રો અને મહશિલાકંટક, સંગ્રામનું વર્ણન તથા રાહુગ્રહનાં નવ નામો, जत्ता, जवणिज्ज, अव्वाबाह, सरिसव, मास, कुलत्थी વગેરે વિશિષ્ટ અર્થોવાળા શબ્દોનું વર્ણન, તામલિ-તાપસનું વર્ણન, દેશવિદેશની દાસીઓનાં નામ, સૂવું સારું કે જાગવું સારું વગેરે પ્રશ્નોના ઉત્તરો, તથા બુદ્ધજાગરિકા વગેરેનું સ્વરૂપ, આ બધી હકીકતો પણ અહીં કહી છે. ૪૨-૪૩.

વળી અહીં સંયતાદિને આપેલા દાનનું વર્ણન, કષાયનાં કડવાં ફ્લો, નિગોદનું સ્વરૂપ, તુંગિયા નગરીના શ્રાવકોનું વર્ણન ને અતિમુક્તમુનિ વગેરેનાં ચરિત્રો, ચમરેન્દ્ર વગેરેની બીના, તથા છત્રીશ છત્રીશ ગાથાઓમાં પુદ્‌ગલોનું અને બંધાદિનું વૃત્તાંત પણ કહ્યું છે. ૪૪. આ શ્રીભગવતીને સાંભળવાનું અને ભણવાનું ફ્લ એ છે કે ચારે અનુયોગોનું સ્વરૂપ સમજાય, વળી નિજગુણરમણતા વગેરે જુદા જુદા પદાર્થોનો બોધ કરાવનારું આ પાંચમું અંગ છે. આ રીતે શ્રીભગવતીસૂત્રનું રહસ્ય ટૂંકામાં જાણવું. ૪૫.

## શ્રી ભગવતીસૂત્રનો સાર

**સ્પષ્ટાર્થ :** આ છઠ્ઠા પ્રકાશની મૂલ પ્રાકૃત ૧૪ ગાથાઓના શબ્દાર્થમાં જણાવ્યા પ્રમણે શ્રીભગવતીસૂત્રનો સારાંશ જાણવો. આ સંબંધી વધારે લખતાં ગ્રંથ મોટો થઈ જાય. અહીં ટૂંકામાં જણાવવાનો પ્રયાસ કરાય છે, તેમાં મુદ્દો

એ છે કે સંક્ષેપમાં વસ્તુને જાણવાની રુચિવાળા જીવો ઘણા ઘણા હોય છે. તેથી તેમને બોધ કરવાના ઇરાદાથી ટૂંકામાં કહેવું ઉચિત છે. તે સાથે વિસ્તારરુચિવાળા જીવો પણ જિનપ્રવચનનો બોધ પામે, તે માટે જરૂર બનતું લક્ષ્ય રખાય છે. અહીં દ્વાદશાંગીની સાથે ગણિપિટક શબ્દને જોડીને ટીકાકારે તે દ્વાદશાંગી-ગણિપિટકનું સ્વરૂપ જણાવતાં ફરમાવ્યું છે કે, શ્રુતજ્ઞાનરૂપી મહાપુરુષનાં જાણે અંગો ન હોય તેવા જણાતાં હોવાથી શ્રીઆચારાંગાદિ બારે અંગોમાં અંગ શબ્દ ગોઠવ્યો છે, જેમકે આચારાંગ, સૂત્રકૃતાંગ વગેરે. તેવાં બારે અંગોનો જે સમુદાય તે દ્વાદશાંગી કહેવાય. તથા ગુણોના સમુદાયને જે ધારણ કરે તે ગણી એટલે આચાર્ય જાણવા. તેમની પેટીના જેવું પિટક એટલે દાબડો, જિનશાસનનું સર્વસ્વ એટલે તમામ રહસ્ય દ્વાદશાંગીમાં સમાયેલું હોવાથી દ્વાદશાંગી-ગણિપિટક કહેવાય છે. અથવા જ્ઞાનનો જે સમૂહ તે દ્વાદશાંગી-ગણિપિટક કહેવાય. એટલે દ્રવ્યાદિનું સંપૂર્ણ યથાર્થ જ્ઞાન દ્વાદશાંગી-ગણિપિટકમાં સમાયેલું છે. જેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરે પદાર્થોની બીના સ્પષ્ટ કહી હોય તે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કહેવાય. તેનાં વિબાધપ્રજ્ઞપ્તિ, વિબાધપ્રજ્ઞાપ્તિ વગેરે નવ નામોના અર્થોની સ્પષ્ટ માહિતી ટીકાકારે ટીકામાં કરાવી છે.

ચોથા શ્રીસમવાયાંગમાં ને શ્રીનંદીસૂત્રમાં બારે અંગોનો સાર ટૂંકામાં જણાવનારી દ્વાદશાંગીની હૂંડી કહી છે. અહીં હૂંડી શબ્દ વ્યવહારને અનુસરીને કહ્યો છે. એથી સમજવું કે જેમ એક વેપારી બીજા વેપારીની ઉપર હૂંડી લખે, તેમાં વેપારની ને લેવડદેવડની બીના સારરૂપે ટૂંકામાં જણાવે, તેમ અહીં પણ બારે અંગોનો સાર ટૂંકામાં કહ્યો છે. તેથી "બાર અંગોની હૂંડી" એમ કહ્યું છે. તેમાં અનુક્રમે ચાર અંગોનો સાર જણાવ્યા બાદ આ ભગવતીસૂત્રનો સાર જણાવતાં કહ્યું છે કે ભગવતીસૂત્રમાં સ્વસમયની એટલે જૈન દર્શનની બીના જણાવી છે તથા પરસમયની એટલે સાંખ્ય, બૌદ્ધ મીમાંસકો આદિ અન્ય ધર્મીઓના વિચારો પણ જણાવ્યા છે. તે જાણીને અપરિપક્વ (કાચી) બુદ્ધિવાળા જીવો સ્વધર્મને તજીને પરધર્મને સાચો ન માને, આ ઇરાદાથી પરસમયના વિચારોમાં ઓછાશ, અઘટિતપણું, તેનો વક્તા સર્વજ્ઞ નથી વગેરે બીના સ્પષ્ટ સમજાવી અંતે સચોટ રીતે સાબિત કર્યું છે કે જૈન દર્શન સર્વજ્ઞે કહેલું છે, તેમાં લગાર પણ ન્યૂનતા છે જ નહીં. જેનો વક્તા સર્વજ્ઞ (કેવલજ્ઞાની) હોય, તેમાં પૂર્ણતા જ હોય ને પદાર્થોની પ્રરૂપણા પણ ઔચિત્ય ગુણવાળી જ હોય.

આ હકીકતને વિસ્તારથી સમજાવી પરસમયના વિચારોનું ખંડન કરી

સ્વસમયના સિદ્ધાંતો આબાદ રીતે સાચા ઠરાવ્યા છે. માટે જ કહ્યું કે, સ્વસમયની, પરસમયની ને બંનેની બીના વર્ણવી છે. તેમજ જુદા જુદા સ્થળે જુદા જુદા પ્રસંગોને લક્ષ્યમાં રાખીને શ્રીગૌતમ-ગણધર વગેરે પ્રશ્નકારો જીવ-અજીવ, લોક-અલોક વગેરેના સ્વરૂપને જાણવાની ઇચ્છાથી, અને પોતાના શિષ્ય પ્રશિષ્યાદિને વધારે ખાત્રી થાય, આ ઇરાદાથી એટલે શિષ્ય વગેરે ભવ્ય જીવો મનમાં સચોટ સમજે કે શ્રી ગણધર દેવે જેવું કહ્યું હતું તેવું જ પ્રભુ શ્રી મહાવીરદેવ ફરમાવે છે, માટે તેમનાં વચનો નિઃસંદેહ સાચાં જ છે. આવી ખાત્રી જો કે શિષ્યાદિને કાયમ હોય જ છે. તો પણ પ્રભુદેવનાં વચનો સાંભળતાં તેઓ પરમ ઉલ્લાસથી સાંભળેલી બીનાની જેવી હકીકત જાણીને પોતાનો સમ્યગ્દર્શન ગુણ વધારે નિર્મળ બનાવે છે. કેટલાએક પુણ્યાત્માઓ ક્ષાયિક સમ્યક્ત્વને પણ પામે છે. તથા જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી શ્રી ગણધરદેવોને પણ અનુપયોગભાવ, વિસ્મરણ, અજાણપણું, જ્ઞાનમાં ન્યૂનતા વગેરે સંભવે છે. તેમાંથી તેમાંના કોઈ પણ કારણથી અથવા શ્રોતાઓને પ્રતિબોધ થાય અને પદાર્થોનો સ્પષ્ટ બોધ થાય, આવા ઇરાદાથી પણ ગણધર વગેરે પ્રશ્નકારો પ્રશ્નો પૂછે છે. પ્રશ્ન કરનારા જીવોમાં ગણધરો, દેવો, રાજાઓ, જેમણે છતી રાજ્યઋદ્ધિનો ત્યાગ કરી સંયમધર્મ સ્વીકાર્યો છે તેવા રાજર્ષિઓ મુખ્ય છે. તેમાં પણ વધારે મુખ્યતા શ્રી ગૌતમ ગણધરની છે. કારણકે વધારે પ્રશ્નો તેમણે પૂછ્યા છે.

અહીં શરૂઆતમાં મૂલ સૂત્રમાં જ શ્રી ગૌતમ ગણધરનું સ્વરૂપ વર્ણવ્યું છે. તે અપૂર્વ બોધને દેનારું છે ને આત્માને નિર્મળ બનાવનારું છે, તથા મોક્ષમાર્ગની આરાધનામાં આત્માને ટકાવે છે. ઉત્તરોત્તર આગળ આગળ પ્રગતિ કરાવે છે. તેમાં શ્રી ગૌતમ ગણધરનું બાહ્ય સ્વરૂપ જણાવતાં કહ્યું કે તેઓ સમચતુરસ્ર સંસ્થાનને તથા વજ્રઋષભનારાચ સંઘયણને ધારણ કરનારા તેજસ્વી હતા. તેમનું અભ્યંતર સ્વરૂપ જણાવતાં કહ્યું કે તેઓ છઠ્ઠ છઠ્ઠની તપશ્ચર્યા કરતા હતા. દુર્ધર શીલ, સંયમ, સંતોષ, સાદાઈ, સમતા, નમ્રતા, ક્ષમા, સરલતા વગેરે ગુણવાળા હતા. વિશાળ તેજોલેશ્યા, શુભ ધ્યાનરૂપી કોઠારમાં મનને સ્થિર રાખનાર, લબ્ધિના ભંડાર અને વિનયાદિ ગુણોને ધારણ કરનારા તેઓ હતા. શ્રીગૌતમગણધર પ્રભુ શ્રીમહાવીરદેવને દેવ તરીકે ને ગુરુ તરીકે પણ માનતા હતા. એટલે તેમને જે દેવ તે જ ગુરુ પણ હતા. પરમોપકારક પરમઉદ્ધારક પણ તે જ હતા. વળી પ્રભુ વીરના ત્રિપૃષ્ઠ વાસુદેવપણાના ભવમાં શ્રીગૌતમસ્વામી તેમના સારથિ (રથ હાંકનારા) હતા. આવાં આવાં અનેક

કારણોથી તેમને પ્રભુ શ્રીમહાવીરદેવની ઉપર બહુમાન સહિત બહુ જ ભક્તિભાવ હતો.

''आणाए धम्मो'' પ્રભુ દેવની આજ્ઞા પ્રમાણે વર્તવામાં જ ધર્મનું ખરું રહસ્ય રહ્યું છે. તથા ''विणयमूलो धम्मो'' ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ વિનય છે. વિનયથી ચૂકેલા આત્માઓ સર્વ પ્રકારે ધર્મારાધનથી ચૂકી જાય છે એટલે વિનયી આત્માઓ જ જિનધર્મની સાત્ત્વિકી સંપૂર્ણ આરાધના કરી શકે છે. જિનદેવ વગેરેને ઓળખાવનાર અને તેમના પ્રત્યે ભક્તિભાવ પેદા કરાવવો વગેરે સ્વરૂપે અનહદ ઉપકારોના કરનારા, આરાધક બનાવી સંસારસમુદ્રનો પાર પમાડનારા, શ્રી ગુરુ મહારાજ જ છે. આવાં આવાં ઘણાં પવિત્ર જીવનસૂત્રોને અસંખ્યાતા આત્મપ્રદેશે ઓતપ્રોત કરનારા શ્રીગૌતમ ગણધર છઠ્ઠ છઠ્ઠ તપના પારણે પણ પ્રભુદેવની આજ્ઞા લઈ ને ગોચરી લેવા જાય. પ્રાયે ઘણીવાર પ્રભુદેવને આહાર વગેરે વપરાવીને જ પારણું કરે. અવધિજ્ઞાનનો નિર્ણય કરવામાં અને પોતાના દીક્ષિત કેવલી સાધુઓને કેવલજ્ઞાની તરીકે જાણવામાં પ્રભુના કહેવાથી ભૂલ જણાતાં તરત જ ખમાવે. આવા આવા શ્રીગૌતમ ગણધરના અનેક જીવનપ્રસંગો હૃદયમાં ઉતારી મનન કરનારા જીવો જરૂર નિજગુણરમણતા વધારી સ્વપરતારક બની શકે છે.

આ રીતે મુખ્ય પ્રશ્નકાર શ્રીગૌતમ ગણધરની બીના જણાવીને હવે બીજા પ્રશ્નકારો અંગે જરૂરી બીના જણાવું છું. શ્રીઅગ્નિભૂતિ, વાયુભૂતિ અને મંડિતપુત્ર આ ત્રણ ગણધરોએ પણ પ્રભુ શ્રી મહાવીરદેવને અવસરઉચિત પ્રશ્નો પૂછી પોતે પદાર્થ-સ્વરૂપ જાણ્યું છે ને બીજાને પણ તેવો બોધ કરાવ્યો છે. એવી રીતે માકન્દીપુત્ર, રોહક મુનિ અને જયંતી શ્રાવિકા વગેરે ભવ્ય જીવોએ પણ પ્રભુદેવને પ્રશ્નો પૂછી ધર્મબોધ મેળવ્યો છે. આમાંથી સમજવાનું એ મળે છે કે પ્રશ્નો પૂછવાનો અધિકાર એકલા જૈનોનો જ નથી, પણ જૈન કે અજૈન કોઈ પણ પ્રશ્નો પૂછી શકે છે.

જયંતી શ્રાવિકાએ પૂછેલા પ્રશ્નોના જવાબમાં જે કહ્યું તેનો ટૂંક સાર એ છે કે જે ભવ્ય જીવો પરમ ઉલ્લાસથી શ્રી જિનશાસનની સાત્ત્વિકી આરાધના કરે છે તેઓ જાગતા સારા છે. એટલે ધર્મી જીવોનું જાગવું સારું ગણાય. અધર્મીનું જાગવું સારું ન ગણાય. કારણકે જાગતા એવા ધર્મી જીવો ધર્મસાધના કરી મોક્ષમાર્ગને આરાધે છે, ને અધર્મી જીવો જાગતા હોય તો તેઓ પાપનાં કર્મો કરે છે. એ પ્રમાણે ધર્મીનું પંડિતપણું સારું વગેરે બીના પણ સમજી લેવી. આવી પ્રશ્નોત્તરની પદ્ધતિ બાલ જીવોને પણ સહેલાઈથી ને થોડા સમયે પદાર્થ તત્ત્વનો

બોધ કરાવી શકે છે. માટે જ ગીતાર્થ મહાપુરુષો પણ વ્યાખ્યાનાદિના પ્રસંગે આવી પદ્ધતિને જરૂર અનુસરે છે. સંશયો, જિજ્ઞાસા બુદ્ધિને પ્રકટાવે છે; પણ સમ્યગ્દર્શનને મલિન કરતા નથી, તેથી જેને જેવો સંશય થાય, તે તેવો પ્રશ્ન પૂછે છે. કદાચ પૂછનારા જીવોએ ટૂંકામાં પ્રશ્ન પૂછ્યો હોય તો પણ ઉત્તર દેનાર મહાપુરુષોએ બીજાને તારવાની ભાવના રાખીને પ્રશ્નોનો જવાબ વિસ્તારથી દેવો જોઈએ. એમ ''वित्थरेण भासियाणं'' આનું રહસ્ય વિચારતાં જણાય છે. કેવલજ્ઞાનથી પ્રશ્નોના મર્મને યથાર્થ સંપૂર્ણ સ્વરૂપે જાણતા પ્રભુ શ્રી મહાવીરદેવે જુદા જુદા સ્થલે જુદા જુદા પ્રસંગે જે જે ઉત્તરો આપ્યા તેમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની, જ્ઞાનવર્ણાદિ ગુણોની, આકાશ વગેરે ક્ષેત્રની, સમયાદિ કાલની, સ્વપર પર્યાયોની અથવા નવુંજૂનું વગેરે પર્યાયોની, જીવાદિના પ્રદેશોની ને પરિણામોની બીના સમાયેલી હતી, તેમજ સંહિતાદિરૂપ આગમની, ઉદ્દેશ-નિર્દેશ-નિર્ગમાદિ દ્વારોના સમુદાયરૂપ અનુગમની, નામાદિ નિક્ષેપાની, નૈગમાદિ દ્રવ્યાસ્તિક તથા પર્યાયાસ્તિક જ્ઞાનનય તથા ક્રિયાનય તથા નિશ્ચયનય અને વ્યવહાર નયોની તથા પ્રમાણોની તેમજ આનુપૂર્વી વગેરેનું સ્વરૂપ તથા ઉપક્રમાદિ પદાર્થોની પણ સ્પષ્ટ હકીકતો જણાવી હતી. તથા લોકની ને અલોકની પણ બીના જાણવાનો લાભ મળતો હતો, વળી તે ઉત્તરો સાંભળવાના પ્રતાપે જ આસન્નસિદ્ધિક ભવ્ય જીવો મોક્ષ માર્ગને આરાધી નિર્વાણપદને પામતા હતા.

ઇંદ્રો પણ તે ઉત્તરો સાંભળી પ્રભુનાં વખાણ કરતા હતા. ભવ્ય જીવો તે ઉત્તરોની ને તેના દેનાર પ્રભુની અનુમોદના કરતા હતા. તેમજ તે ઉત્તરો કેવલજ્ઞાનથી જાણીને પ્રભુએ આપ્યા તેથી દીવા જેવા ને બુદ્ધિને વધારનારા હતા. શ્રુતજ્ઞાનને અનુસરતા ૩૬૦૦૦ પ્રશ્નોના ઉત્તરો શિષ્યાદિના અનર્થો નાશ પામી અર્થપ્રાપ્તિ (સાધ્યસિદ્ધિ : મુક્તિનો લાભ) રૂપ હિતને લક્ષ્યમાં રાખીને અપાયા છે. વળી તે ઉત્તરો શ્રુતજ્ઞાનસંબંધી અર્થરૂપ છે. એટલે એમાં વિવિધ પ્રકારના અભિલાપ્ય (જેનું સ્વરૂપ વર્ણવી શકાય તેવા) પદાર્થોની બીના ભરી છે. એમ 'सुयत्था बहु विहप्पगारा' આનું રહસ્ય વિચારતાં જણાય છે. 'શ્રુતાર્થાઃ' આનો બીજો અર્થ ટીકાકારે એ જણાવ્યો છે કે શ્રીતીર્થંકર દેવની પાસેથી ગણધરે સાંભળેલા અર્થોથી શોભ્યમાન તે ઉત્તરો છે. આનો ત્રીજો અર્થ એ જાણવો કે 'શ્રુતાર્થાઃ' અહીં શ્રુત એટલ મૂલસૂત્ર, અને અર્થ એટલે નિર્યુક્તિ વગેરે. આ બંને બીના તે ઉત્તરોથી જણાય છે.

વળી એ પણ યાદ રાખવું કે તે ઉત્તરો આત્મિક ગુણોરૂપી કમલોને વિકસાવનાર છે. તથા અહીં શ્રી ભગવતીસૂત્રમાં અનુષ્ટુપ છંદરૂપ સંખ્યાતા શ્લોકો છે. બત્રીશ અક્ષરો એક અનુષ્ટુપ શ્લોકમાં આવે છે. તેમાં ૪ પાદ હોય છે, આઠ અક્ષરનો એક પાદ એટલે શ્લોકનો ચોથો ભાગ થાય. આ રીતે ગણતાં આના સંખ્યાતા શ્લોકો કહ્યા તે બે રીતે જણાવેલી પદસંખ્યાનો વિચાર કરતાં ઘટી શકે છે. સંખ્યાતી વાચનાઓ છે. શિષ્યોને સૂત્રાર્થ ભણાવવા તે વાચના કહેવાય. તે સંખ્યાતી છે. કારણ કે ગણત્રીની વાચનાઓથી આ સૂત્ર સંપૂર્ણ ભણાવી શકાય છે, અથવા અવસર્પિણી અને ઉત્સર્પિણીકાલની અપેક્ષાએ પણ સંખ્યાતી વાચનાઓ ઘટી શકે છે. તેમજ ઉપક્રમ વગેરે અનુયોગનાં દ્વારો પણ સંખ્યાતાં જ છે. કારણકે અધ્યયનો જ સંખ્યાતાં છે તે પ્રજ્ઞાપકનાં વચનો દ્વારા કહી શકાય છે. તથા સંખ્યાતી પ્રતિપત્તીઓ એટલે મતાંતરો છે. સંખ્યાતા વેષ્ટકો છે, વેષ્ટક એક જાતના છંદનું નામ છે. વેઢ શબ્દના ત્રણ અર્થો કહ્યા છે. તે આ પ્રમાણે : ૧. એક જાતનો છંદ, ૨. વેષ્ટન (લપેટો), ૩. એક વસ્તુ વિષયક (એક અધિકારને અનુસરતાં) વાક્યોનો સમુદાય. છંદવિશેષરૂપ અર્થ શ્રીનંદીસૂત્રની ચૂર્ણિમાં અને તેને અનુસરીને બનાવેલી શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકામાં પણ જણાવ્યો છે. સમવાયાંગની વૃત્તિમાં ''एकार्थ प्रतिबद्ध वचन संकलिका'' એટલે એક અર્થને અનુસરતાં જે શૃંખલાબદ્ધ વાક્યો તે વેષ્ટક કહેવાય. તેમજ જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનની ટીકામાં ૨૨૨મા પાનામાં વેષ્ટકનો અર્થ 'એક વસ્તુ વિષયક પદપદ્ધતિ' અને ૨૩૦મા પાનામાં ''વર્ણનાર્થ વાક્યપદ્ધતિ'' એમ કહ્યું છે.

કેટલાએક વિદ્વાનો માને છે કે ''આ વેષ્ટક છંદ આર્યા છંદનો પુરોગામી છંદ છે. અને વેઢનું માપ વિવિધ પ્રકારનું હોવાથી તેમાં કડીરૂપ વિભાગ હોતો નથી, માટે લયબદ્ધ ગદ્ય સ્વરૂપ આ વેષ્ટક છે.''

આવા સંખ્યાતા વેષ્ટકો આ શ્રીભગવતીજીમાં હતા, તેમજ નિક્ષેપ નિર્યુક્તિ વગેરે નિર્યુક્તિઓ પણ અહીં સંખ્યાતી છે. સૂત્રના વાચ્યાર્થની વિશિષ્ટ જે યોજના તે નિર્યુક્તિ કહેવાય. બાકીનાં અધ્યયનોની ને ઉદ્દેશાની તથા શતકોની તેમજ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના દશ અર્થોની અને અગ્નિભૂતિ વગેરે પ્રશ્નકારોની બીના સ્પષ્ટ સમજાય એવી છે. તથા અહીં પ્રભુ શ્રીમહાવીરદેવના શ્રમણ જીવનના અપૂર્વ બોધદાયક જુદી જુદી જાતના પ્રસંગો વધારે પ્રમાણમાં જણાવ્યા છે. એ સર્વેનું રહસ્ય વિચારતાં આત્મિક ગુણો જરૂર નિર્મળ બને છે. કર્મોની સાથે નિશ્ચલપણે

સ્પર્ધા કરનાર પ્રભુ મહાવીરદેવની પરોપકાર રસિકતા, ગભરાયેલા આત્માને આશ્વાસન દેનારી અપૂર્વ દેશના, વ્યક્તિને ઓળખીને તેના પ્રશ્નને અનુસરીને જવાબ દેવાની ભવ્ય પ્રણાલિકા, ક્રોધી અને અનુચિત વચનો કહેનારા જીવોની ઉપર પણ અપૂર્વ દયા, તેને તારવાની તીવ્ર લાગણી, સમભાવ, સહનશીલતા વગેરે ગુણો આદરવા લાયક છે, એમ તે તે પ્રસંગમાંથી જાણી શકાય છે. તથા શ્રીઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણી પ્રભુ શ્રીમહાવીરદેવની પાસે આવ્યાં, વંદન કરીને દેવાનંદા વધતા પુત્રસ્નેહથી સ્થિર નજરે જોતાં તેમને પાનો (સ્તનમાંથી દૂધનું ઝરવું) ચડ્યો. આ પ્રસંગ જોઈને પૂછનાર શ્રીગૌતમ ગણધરને પ્રભુ શ્રીમહાવીરદેવે ખુલાસો કર્યો કે હે ગૌતમ ! એ મારી પૂર્વમાતા છે. હું પહેલાં દેવલોકથી ચ્યવીને એની કુક્ષિમાં નીચગોત્રના ઉદયથી ૮૨ દિવસ સુધી રહ્યો હતો. ૮૩મા દિવસની રાત્રિએ હરિણેગમેષી દેવની મારફત હું ત્રિશલાની કુક્ષિમાં મુકાયો. ત્યાં મારો જન્મ થયો તેથી મારી માતા ત્રિશલારાણી કહેવાય છે. મને જોઈને પુત્રસ્નેહ વધવાથી દેવાનંદા મને સ્થિર નજરે જોઈ રહી, ને તેને પાનો ચડ્યો.

પ્રભુ શ્રીમહાવીરની દેશના સાંભળી પ્રતિબોધ પામેલા તે બંને પ્રભુના હાથે દીક્ષા લઈ તેની નિર્મળ આરાધના કરી મોક્ષે ગયા. તથા પૂર્વભવના શુભ સંસ્કારોને ધારણ કરનાર અતિમુક્તકુમાર શ્રીગૌતમસ્વામીજીને દેખીને રાજી થાય છે. તેમની સાથે વિનયથી વાતચીત કરે છે. પ્રભુની પાસે આવી દીક્ષા લઈ આરાધે છે. બાલપણાની ચપલતાથી કરેલી સચિત્ત જલની વિરાધનાનો દોષ પ્રભુનાં વચનથી જાણી તે દોષની શુદ્ધિને માટે ઇરિયાવહી પ્રતિક્રમતાં કાયોત્સર્ગમાં શુભ ભાવના ભાવી કેવલજ્ઞાની થઈ મોક્ષે ગયા. આ બીના "વૃદ્ધાવસ્થામાં ત્યાગધર્મ સ્વીકારવો જોઈએ" આવી માન્યતા વાજબી છે જ નહિ એમ સાબિત કરે છે.

સૌ કોઈ જાણે જ છે કે ઘડપણમાં દયાજનક પરિસ્થિતિ હોય છે. શરીરની ક્ષીણતા વધે છે પણ આશા ઘટતી નથી. દાંતનું પડવું, લાકડીના ટેકે ચાલવું, પરાધીનતા વગેરે પણ નજરો નજર દેખાય છે. માટે જ જૈનદર્શન ફરમાવે છે કે "જે સમયે દીક્ષાની ભાવના થાય, તે જ સમયે તે સિંહની જેવા શૂરવીર થઈને તેવી જ રીતે પાળીને મુક્તિનાં સુખ પામવાં." ગુરુમહારાજ દીક્ષાના વિચાર જણાવનાર ભવ્ય જીવોને અનુમોદના કરતાં એ જ ટૂંકામાં જણાવે છે કે, "जहासुक्खं देवाणुप्पिया ! मा पडिबंधं करेह" એટલે હે પુણ્યશાલી ભવ્ય

જીવ ! જેમ તને સુખ ઊપજે તેમ કર, તેમાં વિલંબ (ઢીલ) કરીશ નહિ, માટે જ બીજાઓએ પણ સ્વાર્થની ખાતર પણ કહ્યું છે કે જે દિવસે વૈરાગ્ય થાય, તે જ દિવસે પ્રવ્રજ્યા (ત્યાગધર્મ) સ્વીકારવી. એમ તેમના જ ગ્રંથોમાં કહેલાં ''यदहनि विरजेत तदहनि प्रव्रजेत'' વગેરે વાક્યોનું રહસ્ય વિચારતાં જણાય છે. શંકરાચાર્યે નાની ઉંમરમાં સંન્યાસ સ્વીકાર્યો છે. આથી પણ જૈન દર્શનની માન્યતા વાજબી ઠરે છે.

ત્યાગધર્મની સાધનાના પહેલા પગથિયા જેવું સામાયિક છે, તેની પણ યથાર્થ કિંમત આંકનારા શ્રીગુરુમહારાજ સામાયિક પારનાર ભવ્ય જીવ જ્યારે પારવાનો આદેશ માગે છે, ત્યારે એ જ કહે છે કે ''पुणरवि कायव्वं'' એટલે હે ભવ્ય જીવ ! ફરી પણ આ સામાયિક કરવું, અને બીજા આદેશને અંતે પણ કહે છે કે – 'आयारो न मोत्तव्वो' સામાયિક કરવું, એ તમારો હંમેશાં વારંવાર કરવાનો આચાર છે, તેને કરવાનું ચાલુ રાખજો, પણ મૂકી દેશો નહિ.

વળી ખરાબ નિમિત્તોના સંસર્ગથી શુભ ભાવ ક્ષણવારમાં પલટાઈ જાય છે. માટે જ પ્રભુ શ્રીમહાવીરદેવે બાલક છતાં પણ યોગ્ય જાણીને અતિમુક્તકુમારને દીક્ષા આપી. આ બાલમુનિનું જીવન વિચારતાં ઘણો આત્મિક બોધ મળે છે, ને પુદ્ગલરમણતાની ઓછાશ પણ જરૂર થાય છે. તેમજ આ શ્રીભગવતીસૂત્રમાં શરૂઆતમાં પાંચ પરમેષ્ઠીને અને બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યો છે, તથા પાંચમા શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યું છે કે દેવો અર્ધમાગધી ભાષા બોલે છે. તેમજ નવમા શતકના બીજા ઉદ્દેશામાં ગાંગેયના ભાંગા કહ્યા છે. તે ગણિતાનુયોગના રસિયાને બહુ જ બોધ આપનારા છે. વળી અહીં કૃતયુગ્મ ત્ર્યોજ, દ્વાપર યુગ્મ અને કલ્યોજનું વર્ણન કર્યું છે. પ્રભુની દેશનાદિ સારાં નિમિત્તોને પામી પૂર્ણ વૈરાગ્યથી દીક્ષા લેનાર રાજકુમાર જમાલી પાપકર્મના ઉદયે ૧૫ ભવોમાં કેવાં કેવાં દુઃખો ભોગવે છે, ને અંતે સન્માર્ગને સાધી કઈ રીતે સિદ્ધ થશે ? – આ હકીકત જમાલીના ચરિત્રમાંથી મળી શકે છે.

૧૫મા શતકમાં ગોશાલ મંખલિપુત્રનું જીવન જણાવ્યું છે. તેમાંથી જિનની આશાતનાનાં કડવાં ફળો, મરતાં તને થયેલો ખેદ, શિષ્યોને સાચી બીના જણાવતાં સમ્યગ્દર્શન પામે છે, પછીના ભવોની વિડંબના વગેરે ઘણી બીના જણાવી કહ્યું કે ઘણા લાંબા કાળે પાપકર્મો ખપાવી સન્માર્ગને સાધી તે પણ સિદ્ધ થશે. પોતાના કટ્ટાશત્રુ ગોશાલાને તેજોલેશ્યાથી બળતો જોઈને પ્રભુ શ્રી મહાવીરદેવે શીતલેશ્યા મૂકીને બચાવ્યો. તેમાંથી બોધ એ મળે છે કે જેઓ

શત્રુનું પણ ભલું કરે તેઓ જ જિનશાસનના ખરા આરાધક કહેવાય. પ્રભુદેવની આવી દયાળુતા વગેરે ગુણોનો વિચાર કરવાથી જ અંતે ગોશાલો સમ્યક્ત્વ પામ્યો છે. ને ભવિષ્યમાં સિદ્ધ પણ થશે. તથા અહીં શ્રીસ્કંદક પરિવ્રાજકાદિનાં આત્મબોધદાયક જીવનચરિત્રો આપ્યાં છે. તથા મહાશિલાકંટક નામના સંગ્રામની બીના એ લોભાદિ દોષોની પ્રબળતા જણાવે છે.

પ્રસંગે રાહુનાં નામ જણાવી યાત્રા, યાપનીય, અવ્યાબાધ, પ્રાસુક વિહાર, સરિસવ, કુલત્થ, માસ શબ્દોનું વર્ણન કર્યું છે. તેમાં પ્રભુ શ્રીમહાવીરદેવે એ પણ સમજવા જેવી હકીકત જણાવી કે – ''सरिसव'' શબ્દના બે અર્થો થાય છે. એક અર્થ સર્ષપ=સરસવ, તે ભક્ષ્ય છે એટલે ખવાય છે. બીજો અર્થ સરખી ઉંમરવાળા જીવો, તે અભક્ષ્ય છે એટલે ખવાય નહિ. એ પ્રમાણે ''मास'' શબ્દના ત્રણ અર્થોમાંથી માસ=મહિનો અને માષ=માસો. એ એક જાતનું માપ છે, તે ગદિયાણાની પહેલાનું માપ છે. તે બંને અભક્ષ્ય છે. પણ માષ=અડદ, તે ભક્ષ્ય છે. તથા ''कुलत्थि'' શબ્દના કળથી અને કુલવંતી (ખાનદાન) સ્ત્રી આ બે અર્થોમાંથી અનુક્રમે કળથી ભક્ષ્ય છે, ને કુલવંતી નારી અભક્ષ્ય છે. આ બીના ૧૮મા શતકના ૧૦મા ઉદ્દેશાના ૬૪૬મા સૂત્રમાં જણાવી છે.

ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં તામલિ તાપસનું વર્ણન કરતાં તેના બાલ તપની પણ જે બીના વર્ણવી છે તે સમ્યક્ત્વની મહત્તા સાબિત કરે છે. અંતકાલે સમ્યગ્દર્શન પામી કાળ કરી ઇંદ્રપણું પામે છે, કારણકે ઇંદ્રો નિશ્ચયે સમ્યગ્દષ્ટિ જ હોય. જે સાધનામાં સમ્યગ્દર્શન નથી, તે સાધના ભલેને આકરી હોય, તો પણ છાર (રાખ) પર લીંપણ કરવા જેવી જ ગણાય. એ રહસ્ય આમાંથી સમજવાનું છે. તેમજ ઊના પાણીના કુંડની બીના બીજા શતકના પાંચમા ઉદ્દેશામાં જણાવી છે. તે ઉષ્ણ યોનિવાળા અપકાય જીવોની વિશેષતાથી તે કુંડાદિનું પાણી કાયમ ગરમ જ રહે છે, એ રહસ્ય જણાવે છે. અને એ જ બીજા શતકના પહેલા ઉદ્દેશામાં વેદ વગેરે નામો પણ જણાવ્યાં છે. તથા પાંચમા શતકના ૩૩મા ઉદ્દેશામાં સ્વદેશની ને પરદેશની દાસીઓનાં નામ કહ્યાં છે. તેવાં જ નામો નવમા શતકના ૩૩મા ઉદ્દેશામાં પણ કહ્યાં છે.

દેવાધિદેવ, દ્રવ્યદેવ, નરદેવ, ધર્મદેવ અને ભાવદેવ, એમ ૫ પ્રકારના દેવોનું અને સૂવું સારું કે જાગવું સારું વગેરે પ્રશ્નોનું તથા બુદ્ધજાગરિકા વગેરેનું પણ વર્ણન બહુ તાત્ત્વિક બોધને કરાવનારું છે. વળી સંયતને કે અસંયતને નિર્દોષ કે સદોષ આહારાદિ દેતાં કેવા કેવા લાભ થાય તે બીના ટીકાકારે

લુબ્ધક શ્રાવકાદિનાં દૃષ્ટાંતો, યુક્તિઓ, અન્ય શાસ્ત્રોના સાક્ષીપાઠો વગેરે આપીને યથાર્થ સમજાવી છે. તથા કષાય કરવાથી ભોગવવા પડતા આકરા વિપાકો, નિગોદ, બંધ અને પુદ્ગલોની બહુજ સૂક્ષ્મ બુદ્ધિવાળા જીવોને સમજાય તેવી હકીકતો નિગોદ છત્રીશી, બંધ છત્રીશી, પુદ્ગલ છત્રીશીની વ્યાખ્યા સાથે આપીને સ્પષ્ટ સમજાવી છે. તેમજ તુંગિયાનગરીના શ્રાવકોનું ને મંડૂક વગેરે શ્રાવકોનું વર્ણન પણ અપૂર્વ તાત્ત્વિક બોધ આપે છે. સુનક્ષત્ર મુનિ તથા સર્વાનુભૂતિ મુનિનું વર્ણન અને ચમરેન્દ્રના ઉત્પાદાદિનું વર્ણન પણ દેવ-ગુરુ-ભક્તિ આદિ ગુણોનો અપૂર્વ બોધ આપે છે. આ રીતે આ શ્રી ભગવતીજીસૂત્રમાં ચારે અનુયોગોનું વર્ણન કર્યું છે. તેને સાંભળનારા અને ભણનારા ભવ્ય જીવો ચારે અનુયોગોના જાણકાર બની પુદ્ગલરમણતા વગેરે દોષોને દૂર કરી નિજગુણરમણતા, કર્મનિર્જરા વગેરે લાભ પામી મોક્ષમાર્ગને સાધી મુક્તિનાં અવ્યાબાધ સુખો જરૂર પામે છે.

## સર્વાનુયોગમય પંચમાંગ શ્રીભગવતીજી સૂત્રનો શતકવાર ટૂંક પરિચય :

### શતક ૧

**ઉદ્દેશા ૧ :** અહીં સૂત્રો ૮૬૯ અને સૂત્રગાથાઓ ૧૧૪ છે. આ પાંચમા અંગની ટીકા શરૂ કરતાં પહેલાં શ્રીઅભયદેવસૂરિ મહારાજ જણાવે છે કે આ ભગવતીસૂત્રની પ્રાચીન ટીકા અને ચૂર્ણિ તથા શ્રીજીવાભિગમસૂત્ર વગેરે શાસ્ત્રોની વૃત્તિઓના જરૂરી ભાગ યોગ્ય સ્થલે જોડીને હું નવી ટીકા બનાવીશ. પછી આ સૂત્રને જયકુંજર (લડાઈમાં વિજય પમાડનાર હાથી)ની ઉપમા દઈને ઉપમેય (જેમાં ઉપમા ઘટાવી હોય તે) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનું યથાર્થ સ્વરૂપ જણાવી શબ્દાર્થ કહ્યો છે. પછી પંચ પરમેષ્ઠીમય પંચમંગલ નમસ્કારમંત્રને, અને બ્રાહ્મીલિપિને નમસ્કાર કરી પહેલા શતકના ૧૦ ઉદ્દેશાની સંગ્રહગાથા કહી છે. પછી શ્રુતજ્ઞાનને નમસ્કાર કરી અનુક્રમે રાજગૃહ, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા અને તેની ચેલ્લણા રાણીની બીના ટૂંકામાં જણાવી શ્રીવીરપ્રભુના સમવસરણસુધીનું વર્ણન કર્યું છે.

અહીં શ્રોતાઓ માંહેમાંહે વાતચીત કરીને પોતાના ઘેરથી નીકળી પ્રભુ શ્રીમહાવીરદેવની પાસે આવી પ્રદક્ષિણા વંદનાદિ વિધિ જાળવી ધર્મદેશના સાંભળી હર્ષથી અનુમોદના કરી સ્વસ્થાને ગયા, ત્યાં સુધીની બીના વિસ્તારથી કહી છે. દેશનાનું સ્વરૂપ સમજવા માટે ઔપપાતિકસૂત્રની ભલામણ કરી છે,

તે વાજબી છે. કારણ કે ત્યાં પ્રભુએ આપેલી દેશનાની હકીકત વિસ્તારથી જણાવી છે.

પછી યથાર્થ સાધુતાને દર્શાવનારું શ્રીગૌતમસ્વામીનું વર્ણન કરી ''चलमाणे चलिए'' વગેરે પદાર્થોને લક્ષ્યમાં રાખીને શ્રીગૌતમસ્વામી મહારાજે પ્રભુ શ્રીમહાવીરદેવને ૯ પ્રશ્નો પૂછ્યા, તે બધા પ્રશ્નોના અનુક્રમે ઉત્તર દેતાં चलत् (જે ચાલતું હોય) તે चलित (અમુક અંશે ચાલ્યું) કહેવાય વગેરે હકીકતને વિસ્તારથી સમજાવી છે. પછી चलच्चलादिना એકાર્થને અંગે અને અનેકાર્થને અંગે પ્રશ્નો તથા તે સર્વેના ઉત્તરો વિસ્તારથી સમજાવ્યા છે. પછી નારકીના જીવોને ઉદ્દેશીને તેમની સ્થિતિ, ઉચ્છ્વાસ, આહાર વગેરે (૩૯ દ્વારો)નું સ્વરૂપ સમજાવી પહેલા ખાધેલા પુદ્ગલોના ચય વગેરેનું વર્ણન કરતાં પુદ્ગલોનાં ચયન-ઉપચયન અને ઉદીરણ-વેદન તથા નિર્જરણ-ઉદ્વર્ત્તન તેમજ સંક્રમ, નિધત્ત અને નિકાચનાને અંગે પૂછેલા જરૂરી પ્રશ્નોનું સ્વરૂપ કહ્યું છે. પછી તૈજસ કાર્મણનાં ગ્રહણ-ઉદીરણ અને વેદન તથા નિર્જરાને અંગે બે પ્રશ્નો અને તેના ઉત્તરો જણાવી ચલિત કર્મબંધ અને અચલિત કર્મબંધ વગેરેની બીના કહી છે.

પછી નારકાદિના દંડકમાં સ્થિતિની અને આહારની બીના જણાવી આત્મારંભાદિનું સ્વરૂપ સમજાવતાં કહ્યું કે જે અપ્રમત્ત હોય તે અનારંભ એટલે આરંભરહિત હોય એમ સમજવું, પછી ઇહભવિક જ્ઞાનાદિના અને પરભવિક જ્ઞાનાદિના તથા ઉભયભવિક જ્ઞાનાદિના પ્રશ્નોત્તરો જણાવી ફરમાવ્યું કે અસંવૃત (સંવરભાવને નહિ સાધનારા) જીવો અસિદ્ધિ (ભવભ્રમણ) રૂપ ફલને પામે છે, ને સંવૃત (સંવર માર્ગના સાધક) જીવો મુક્તિના અવ્યાબાધ સુખને પામે છે. તથા અસંવૃત જીવોમાંના કેટલાએક જીવો અકામનિર્જરાના પ્રતાપે દેવપણું પણ પામે છે.

ઉ. ૨ : અહીં સંસારી જીવો પોતે બાંધેલા અશાતાવેદનીય કર્મને કઈ રીતે ક્યારે ભોગવે અને ક્યારે ન ભોગવે, તે હકીકત સમજાવી નારકાદિ જીવોના આહાર, શરીર તથા ઉચ્છ્વાસ-નિઃશ્વાસ તેમજ કર્મની બીના કહી તેમના શરીરના વર્ણ, લેશ્યા તથા વેદના તેમજ ક્રિયાનું વર્ણન કરી તેમના આયુષ્યની સમાનતા વગેરેનું વર્ણન કરતાં લેશ્યાનું વિસ્તારથી સ્વરૂપ જાણવા માટે શ્રીપ્રજ્ઞાપના સૂત્રના લેશ્યાપદને સમજવાની ભલામણ કરી છે. પછી નારકાદિ જીવોના શૂન્ય કાલાદિનું વર્ણન કરી અંતક્રિયાનો અતિદેશ (તેનું વિસ્તારથી સ્વરૂપ જાણવા માટે બીજા ગ્રંથને સમજવાની ભલામણ) કર્યો છે. પછી અસંયત

ભવ્ય દ્રવ્યદેવ વગેરે જીવો, સલિંગ જીવો તથા વ્યાપન્ન દર્શન (સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા) જીવો મરીને જઘન્યથી અને ઉત્કૃષ્ટથી દેવગતિમાં જાય તો ક્યાં સુધી જઈ શકે ? આનો ઉત્તર સમજાવી નારકાદિ જીવોના અસંજ્ઞી આયુષ્યનું પ્રમાણ વગેરે બીના વિસ્તારથી સમજાવી છે.

ઉ. ૩ : અહીં કાંક્ષામોહનો વિચાર જણાવી કાંક્ષામોહને ભોગવવાની રીત સમજાવી કહ્યું છે કે "શ્રી જિનવચનો જ સાચાં છે." પછી કાંક્ષામોહને બાંધવાનાં કારણો (પ્રમાદ, યોગ, વીર્ય, શરીર, જીવ) કહીને જણાવ્યું છે કે ઉત્થાનાદિથી અનુદીર્ણ કર્મોના ઉદીરણા વગેરે થાય છે. તથા નારકાદિ જીવોને અને પૃથ્વીકાયાદિ જીવોને તર્ક વગેરે સંભવતા નથી. તો પણ તેઓ કાંક્ષામોહ કર્મને ભોગવે છે તેમજ નિર્ગ્રંથો કાંક્ષામોહ કર્મને ભોગવે છે. આ હકીકત તથા પ્રસંગે બીજી પણ જરૂરી બીના ટીકાકારે વિસ્તારથી સમજાવી છે.

શ્રી ભગવતીજીના પહેલા શતકના શરૂઆતના ત્રણ ઉદ્દેશામાં જણાવેલી હકીકતોને અંગે મુખ્ય મુખ્ય મુદ્દાઓ અનુક્રમે આ રીતે સમજવા.

**ઉ. ૧ના મુદ્દા :** ૧. મંગલાચરણ કરી, ૨. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ શબ્દની વ્યાખ્યા જણાવી છે. પછી અરિહંતાદિ પાંચને નમસ્કાર કરવાની બાબતમાં શિષ્યે પૂછેલા સવાલનો જવાબ દેતાં અરિહંત વગેરેને અલગ નમસ્કાર ન કરવાનું પણ કારણ અને શ્રીઋષભદેવ વગેરેનું અલગ અલગ નામ લઈને નમસ્કાર ન કરવાનું પણ કારણ દર્શાવતાં ફરમાવ્યું છે કે તેમનાં અલગ અલગ નામ લઈને નમસ્કાર કરવાનું બની શકે જ નહિ. આઠે કર્મથી રહિત સિદ્ધો છે ને અરિહંતને ૪ અઘાતી કર્મો ખપાવવાનાં બાકી હોવાથી સિદ્ધને નમસ્કાર કર્યા પછી અરિહંતને નમસ્કાર કરવો ઉચિત છે, છતાં પહેલાં અરિહંતોને નમસ્કાર કરવાનું શું કારણ ? આનું કારણ સમજાવીને કહ્યું છે કે અરિહંત એ દેવાધિદેવ હોવાથી આચાર્યની જેવા પરતંત્ર નથી. તેથી તેઓ કેવલજ્ઞાની સ્વતંત્રપણે સિદ્ધ વગેરેના સ્વરૂપને સમજાવી તેમની આરાધના કરવાનું ફરમાવે છે. આચાર્ય ભગવંતો તેવા સ્વતંત્ર નથી, કારણકે તેઓ છદ્મસ્થ છે. માટે અરિહંતોના કહ્યા મુજબ જ સિદ્ધાદિના સ્વરૂપાદિને જણાવતા હોવાથી અરિહંતની પહેલાં તેમને નમસ્કાર કરવો વાજબી નથી, જે કેવલજ્ઞાની હોય, તે જ સ્વતંત્ર ઉપદેશક થઈ શકે. આ હકીકત વિસ્તારથી સમજાવીને શ્રુતજ્ઞાનની પ્રધાનતા સાબિત કરી બ્રાહ્મીલિપિને નમસ્કાર કરવાનો મુદ્દો સમજાવ્યો છે. પછી આ ભગવતીજીસૂત્ર જો કે પોતે જ મંગલરૂપ છે, છતાં શિષ્યાદિ પરિપાટીના ક્રમે મંગલ કરવાની પદ્ધતિ ચાલુ રખાવવી વગેરે કારણોથી મંગલ

કરવું જ જોઈએ; આ બીના વિસ્તારથી સમજાવીને ભગવતીજી સૂત્રના અભિધેય (વાચ્ય, કહેવાની હકીકત) અને પ્રયોજન (ફલ) તથા સંબંધ જણાવતાં આ સૂત્ર ભણવાને લાયક અધિકારી મુનિ વર્ગની બીના કહીને અનુબંધચતુષ્ટય કહેવાનો શિષ્ટ માર્ગ સાચવ્યો છે. પછી ભગવતીનું પરિમાણ, ઉદ્દેશાનો અર્થ, દરેક ઉદ્દેશામાં કહેવાની બીના સંક્ષિપ્ત સાર કહી શ્રુતજ્ઞાનને નમસ્કાર કર્યો છે.

ગુરુપર્વક્રમ સંબંધ જણાવતાં સુધર્માસ્વામીની, ને જંબૂસ્વામીની ઓળખાણ કરાવી, રાજગૃહ નગરનું વર્ણન વિસ્તારથી કર્યું છે. તેમાં અવસરે ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા, ચેલ્લણા રાણી, પ્રભુ શ્રીમહાવીરદેવનું સ્વરૂપ, તેમનું અહીં પધારવું, દેવોએ રચેલા સમવસરણની બીના, સભાનું ઘેરથી નીકળવું, પ્રભુએ પર્ષદાને આપેલી દેશના, તે સાંભળી પર્ષદાએ કરેલી અનુમોદના, તેનું સ્વસ્થાને જવું વગેરે હકીકતો વિસ્તારથી જણાવી મુખ્ય ગણધર શ્રીગૌતમસ્વામીનો યથાર્થ બોધદાયક પરિચય ટૂંકામાં કરાવ્યો છે.

પછી પ્રશ્ન પૂછવાના સમયની પૂર્વાવસ્થાનું સ્વરૂપ જણાવીને પ્રભુની પાસે આવતાં અને આવીને કેવો વિનય વગેરે વિધિ સાચવે છે ? કેવા સ્વરૂપમાં રહીને પ્રશ્નો પૂછે છે ? આ પ્રશ્નોના સ્પષ્ટ ખુલાસા કરી ''चलमाणे चलिए'' ઇત્યાદિ પદોથી પ્રશ્નોનું સ્વરૂપ પણ જણાવ્યું છે. અહીં પહેલા ઉદ્દેશાની બીના શરૂ થાય છે. તેમાં ''चलमानं चलितं'' આ વાક્યને અંગે એકાર્થતાનો ને અનેકાર્થતાનો પ્રશ્ન પુછાયો છે. તેનો ખુલાસો કરતાં ઉત્પાદ-વિગમનું સ્વરૂપ કહ્યા બાદ અનુક્રમે સામાન્યથી જીવોમાં, પછી ક્રમસર નારકી વગેરેના ૨૪ દંડકોમાં સ્થિતિ, શ્વાસોચ્છ્વાસ, આહાર, આહારનો પરિણામ, ચિત, ઉપચિત, ચય, ઉપચય, પુદ્ગલ, ભેદ વગેરે પદાર્થો ઘટાવ્યા છે.

પછી એ જ પ્રમાણે જીવાદિમાં આત્મારંભ, પરારંભ, ઉભયારંભ, અનારંભ પદોના અર્થોની જેમ ઘટે તે રીતે ઘટના (યોજના) કરી છે. અહીં આત્મારંભાદિનું સ્વરૂપ અને જીવોના ભેદ સમજાવીને તેમના આત્મારંભપણું વગેરે ઘટતા સ્વરૂપોમાં કારણો દર્શાવ્યાં છે. આ જ બીના સલેશ્ય (લેશ્યાવાળા) જીવાદિમાં ઘટાવીને પૂછ્યું છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ તથા સંયમ, એ આ ચાલુ ભવના સમજવા કે પરભવના સમજવા કે ઉભય ભવના સમજવા ? તેનો ખુલાસો કરી અસંવૃત સાધુ મોક્ષે ન જાય, ને સંવૃત સાધુ મોક્ષે જાય તેનાં કારણો સ્પષ્ટ રીતે સમજાવ્યાં છે. પછી શ્રીગૌતમ ગણધરે પૂછ્યું કે અસંયત જીવ દેવ થાય ? આના જવાબમાં પ્રભુએ કહ્યું કે અકામ નિર્જરાદિ સ્વરૂપવાળા

અસંયત જીવો દેવપણું પામે, ને તે સિવાયના જીવો ન પણ પામે. અહીં વાનવ્યંતરનાં સ્થાનો વર્ણવતાં દેવલોકની બીના જણાવી પહેલો ઉદ્દેશો પૂર્ણ કરતાં અંતે જણાવ્યું કે આટલા પ્રશ્નો અને ઉત્તરો થયા બાદ શ્રીગૌતમસ્વામી ગણધરે પ્રભુ શ્રી મહાવીરદેવની સાથે વિહાર કર્યો.

**ઉ. ૨ના મુદ્દા :** ટીકાકારે પહેલા ઉદ્દેશાનો ને બીજા ઉદ્દેશાનો અર્થની અપેક્ષાએ સાંકળની કડીઓના જેવો સંબંધ જણાવી ઉદ્દેશાના અર્થને ટૂંકામાં જણાવનારી ગાથામાં કહ્યું છે કે જીવ ઉદયમાં આવેલા દુઃખ એટલે કર્મ અને આયુષ્યને વેદે છે એટલે ભોગવે છે. અને અનુદીર્ણ એટલે ઉદયમાં નહિ આવેલા કર્મને અને આયુષ્યને ભોગવતો નથી.

નારકી વગેરે જીવોના આહાર, કર્મ, વર્ણ, લેશ્યા, સરખી વેદના, સરખી ક્રિયા અને સરખાં આયુષ્ય, આ સાત પદાર્થોના સમતા (સરખાપણાના) અને વિષમતાના પ્રશ્નોના ઉત્તરો પણ સમજવા લાયક છે. "જે કર્મોનો કર્તા છે, તે જ જીવ કર્મના ફલને ભોગવે છે." આ સત્ય બીના જણાવવા માટે પ્રભુએ કહ્યું કે કર્મનો કર્તા (બાંધનાર) જીવ જ ઉદયમાં આવેલા કર્મને ભોગવે છે. એ જ બીના આયુષ્યની બાબતમાં પણ સમજવાની છે.

ચોવીસે દંડકોના જીવોને લક્ષ્યમાં રાખીને પુછાયેલા પ્રશ્નોના જવાબોમાં પણ પ્રભુદેવે કહ્યું કે નારકી વગેરે જીવોમાંનો એક જીવ કે અનેક જીવો એ જ પ્રમાણે ઉદયમાં આવેલાં કર્મ, આયુષ્યને ભોગવે છે. અહીં આવા એકવચન બહુવચનવાળા પ્રશ્નો પૂછવાનાં બે કારણો પણ ટીકાકારે સમજાવ્યાં છે. પછી તમામ નારકીઓના આહારાદિ (આહાર, શરીર અને શ્વાસોચ્છ્વાસ) એક સરખા ન હોય તેમાં તેમના શરીરનું મોટાપણું ને નાનાપણું કારણ તરીકે જણાવ્યું છે. પછી બધા નારકીઓ સરખાં કર્મવાળા નથી, એનું કારણ જણાવ્યું કે નરકમાં પહેલાં ઊપજેલા જીવોને કર્મો થોડાં હોય, ને નવા ઊપજેલાને કર્મો વધારે હોય છે. આ વાત પણ વિસ્તારથી સમજાવીને તેમના વર્ણ, લેશ્યા અને વેદનાને અંગે પણ જણાવ્યું છે કે આ કારણ(ટીકામાં જણાવેલા હેતુ)થી બધા નારકીઓનાં તે ત્રણે વાનાં સરખાં ન હોય. અહીં સંજ્ઞીભૂત નારકીપણું અને અસંજ્ઞીભૂત નારકીપણું સમજાવીને તે ત્રણેની વિષમતા વિસ્તારથી સમજાવી છે. પછી બધા નારકોને સરખી ક્રિયા ન હોય, તેમાં સમ્યગ્દષ્ટિપણું વગેરે ત્રણ કારણો કહ્યાં છે. વળી બધા નારકોનું આયુષ્ય એક સરખું ન હોય, ને તેઓ નરકમાં એક સાથે ઊપજતા નથી. અહીં પ્રસંગે નારકોના ચાર પ્રકાર પણ સ્પષ્ટ સમજાવ્યા

છે. આ જ પ્રમાણે હકીકત ભુવનપતિદેવોમાં જાણવી. પણ કર્મ, વર્ણ અને લેશ્યામાં જે જુદાશ છે તે અહીં સ્પષ્ટ સમજાવી છે. પછી કહ્યું છે કે પૃથ્વીકાયિકાદિમાં પહેલાં કહેલી આહાર, કર્મ, વર્ણ, લેશ્યાની બીના જેમ નારકીમાં કહી તેમ અહીં જાણવી. તેમને પીડા એક સરખી ભોગવવાની હોય છે. બાકીનું વર્ણન જેમ નારકીમાં કહ્યું તેમ જાણવું.

પછી કહ્યું કે એ જ બીના જેમ નારકીમાં કહી તે જ પ્રમાણે વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચોમાં પણ ઘટી શકે છે. ફક્ત ક્રિયામાં જે જુદાશ છે, તે અહીં સ્પષ્ટ સમજાવી દેશવિરતિ અને અસંયત એવા તિર્યંચોમાં બે ભેદો કહ્યા છે. પૂર્વે કહેલી બીના જેમ નારકીમાં ઘટાવી તેમ મનુષ્યોમાં ઘટાવવી. ફક્ત આહારની ને ક્રિયાની બાબતમાં જે જુદાશ છે તે અહીં સમજાવી છે. તથા પૂર્વે જેમ અસુરકુમારાદિમાં કર્માદિની બીના કહી તે જ પ્રમાણે વ્યંતર, જ્યોતિષિ ને વૈમાનિકમાં સમજવી. ફક્ત જ્યોતિષ્ક અને વૈમાનિકોમાં વેદનાને અંગે જે ફરક છે તે અહીં જણાવ્યો છે. પછી આ જ વિચાર લેશ્યાવાળા નારકી વગેરે ૨૪ દંડકોમાં જણાવતાં જ્યાં જ્યાં જે જે બાબતમાં સમાનતા અને જુદાશ છે, તે પણ કહી છે.

પછી અહીં કહેલી વાતને ટૂંકામાં સારરૂપે જણાવનારી એક ગાથા કહીને પૂછેલા લેશ્યાના પ્રશ્નનો જવાબ દેતાં પ્રજ્ઞાપનાસૂત્રના ૧૭મા પદમાં લેશ્યાનું સ્વરૂપ વિસ્તારથી કહ્યું છે, તેથી તેમાંથી તે જાણવાની ભલામણ કરી છે. પછી સંસાર-સંસ્થાનકાળના ૪ ભેદો, તેમાં નારક સંસાર-સંસ્થાનકાળના શૂન્ય, અશૂન્ય, મિશ્રકાળ એવા ત્રણ ભેદો જણાવી કહ્યું કે આમાંના બે ભેદો તિર્યંચ-સંસાર-સંસ્થાનકાળના જાણવા. આ બીના જેમ નારકીમાં કહી, તે જ પ્રમાણે દેવોમાં ને મનુષ્યોમાં તે બેના સંસાર-સંસ્થાનકાળને અંગે જાણવી. પછી આ નારકી વગેરેના કાળનું જુદું જુદું અલ્પબહુત્વ ને ભેગું અલ્પબહુત્વ કહ્યું છે. પછી કેટલાએક જીવો અંતક્રિયા કરે ને કેટલાએક જીવો ન પણ કરે, આ હકીકતનો વિસ્તાર જાણવા માટે શ્રીપ્રજ્ઞાપનાસૂત્રની ભલામણ કરી છે.

પછી અસંયત-ભવ્ય-દ્રવ્યદેવ વગેરે ૧૫ જાતના જીવો મરીને જો દેવલોકમાં જાય તો કયા કયા દેવલોકમાં જાય ? તે બીના સ્પષ્ટ જણાવી છે. અહીં ૧૫ જાતના જીવો આ પ્રમાણે જાણવા–૧. અસંયત ભવ્ય દ્રવ્ય દેવ, ૨. અખંડિતસંયમી, ૩. ખંડિતસંયમી, ૪. દેશવિરતિની અખંડ આરાધના કરનાર જીવો, ૫. દેશવિરતિમાં અતિક્રમાદિ દોષો લગાડનારા જીવો, ૬. અસંજ્ઞી,

૭. તાપસ, ૮. કાંદર્પિક જીવો, ૯. ચરકપરિવ્રાજક, ૧૦. કિલ્બિષિક જીવો, ૧૧. તિર્યંચો, ૧૨. આજીવિક મતને અનુસરનારા જીવો, ૧૩. આભિયોગી જીવો, (વશીકરણાદિના કરનારા જીવો) ૧૪. શ્રમણધર્મથી રહિત માત્ર મુનિવેશને રાખી આજીવિકા ચલાવનારા વેષધારી દ્રવ્ય સાધુઓ, ૧૫. સમ્યક્ત્વ રહિત જીવો. પછી અસંજ્ઞી-આયુષ્યના ૪ ભેદો કહી જણાવ્યું છે કે અસંજ્ઞી જીવ ચાર ગતિના આયુષ્યમાંથી કોઈ પણ આયુષ્યને આયુના બંધકાલે મળેલી સામગ્રીને અનુસારે બાંધે છે. આ હકીકત જણાવતાં તે બંધાતા આયુષ્યનું પ્રમાણ પણ જણાવી અંતે તે ચારે આયુષ્યોના અલ્પ-બહુત્વનું સ્વરૂપ કહીને શ્રીગૌતમ ગણધરનો વિહાર જણાવ્યો છે.

**૩. ૩ના મુદ્દા :** આખો જીવ પોતે એક કાળે બાંધી શકાય તેવું (આખું) કાંક્ષામોહનીય કર્મ બાંધે છે. આ મુદ્દાને સ્પષ્ટ સમજાવવા માટે કાંક્ષામોહનીયને કરવાના એટલે બાંધવાના ચાર ભાંગામાંથી ચોથો ભાંગો માનવાની 'હા' કહી છે. અહીં પ્રશ્નમાં પૂછેલા ચાર ભાંગાનું સ્વરૂપ ટીકાકારે વિસ્તારથી સમજાવ્યું છે. તે આ રીતે ૧. સામાન્યથી કાંક્ષામોહનીયના બંધનો વિચાર, ૨. વર્તમાનકાલનો વિચાર, 'બાંધે છે' વગેરે, ૩. ભૂતકાલનો વિચાર, જેમ 'બાંધ્યું' વગેરે, ૪. ભવિષ્યકાલનો વિચાર, જેમ 'બાંધશે' વગેરે. આ રીતે ચાર ભેદો કૃત, ચિત અને ઉપચિતમાંના એકેક પદાર્થના કહ્યા છે. એટલે સામાન્ય ક્રિયા, ભૂતકાળની ક્રિયા, વર્તમાનકાળની ક્રિયા, ને ભવિષ્યકાળની ક્રિયા, આ ચાર ભેદ, કૃત વગેરે ત્રણ પદાર્થોને અંગે પ્રશ્નોત્તરોમાં વિચાર્યા છે. અને છેવટના ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણ પદાર્થોમાંના દરેકમાં માત્ર ત્રણ કાળની જ ક્રિયા કહી છે. આ રીતે ત્રીજા ઉદ્દેશાની સંગ્રહ ગાથાના અર્થમાં ત્રીજા ઉદ્દેશામાં કહેલી બીનાનો સાર આવી જાય છે.

જે મૂંઝાવે તે મોહનીય (કર્મ) કહેવાય. દર્શનમોહનીયની જ ચાલુ પ્રસંગે જરૂરિયાત છે. આ ઇરાદાથી મોહનીય શબ્દની પહેલાં કાંક્ષા શબ્દની યોજના કરી છે. કાંક્ષામોહનીયનો શબ્દાર્થ ટીકામાં આ રીતે કહ્યો છે. જે બીજાં બીજાં દર્શનોના વિચારો માનવા એટલે અમુક જ મત સાચો ન માનતાં બીજા બીજા ધર્મના વિચારોમાં તણાઈ જવું, ક્ષણે ક્ષણે, મત વિષેના વિચારો બદલાય, તે કાંક્ષા કહેવાય. કાંક્ષારૂપ (મોહ પમાડનારું) જે મોહનીય તે કાંક્ષામોહનીય એટલે મિથ્યાત્વ મોહનીય જાણવું. આના ચય (સામાન્યથી કર્મનો બંધ), ઉપચય (ગાઢ કર્મનું બાંધવું), ઉદીરણ (અપૂર્ણ કાલે વહેલા કર્મનું ભોગવવું), નિર્જરણ

(ભોગવાયેલા કર્મોનું આત્મપ્રદેશોથી ધીમે ધીમે જુદા પડવું)ની ત્રૈકાલિક બીના નારકાદિ ૨૪ દંડકોમાં વર્ણવી છે. પછી સંગ્રહગાથાનું રહસ્ય જણાવી તે કાંક્ષામોહને ભોગવવાની રીત જણાવતાં કહ્યું છે કે ૧. સંદેહ કરવાથી, ૨. જિનધર્મને તજી અન્યધર્મને ગ્રહણ કરવાથી, ૩. ફલની શંકા કરવાથી, ૪. શું આ જિનધર્મ (જિનશાસન) છે કે બૌદ્ધાદિનો ધર્મ એ જિનશાસન છે, આ રીતે અનિશ્ચય રૂપ મતિભંગ થવાથી, ૫. કલુષ ભાવ ધારણ કરવાથી, એટલે 'આ શ્રી જિનેશ્વરદેવે કહેલી બીના સાચી નથી' આ રીતે બુદ્ધિના વિપરીતપણાથી; (આ પાંચ કારણરૂપે) કાંક્ષામોહનીય કર્મ ભોગવાય છે. આથી જણાવ્યું કે આ પાંચ સ્વરૂપમાંના કોઈ પણ એકાદિ સ્વરૂપે કાંક્ષામોહ ભોગવાય છે.

પછી કહ્યું કે જિનેશ્વરદેવોએ કહેલાં વચનો સાચાં છે. તેમાં શંકાને સ્થાન છે જ નહિ, આવી ધારણાથી (દૃઢતાથી) મોક્ષમાર્ગને સાધનારા જીવો આરાધક કહેવાય. પછી અસ્તિત્વ(હોવાપણા)ના, ને નાસ્તિત્વના પરિણામના વિચારો જણાવતાં પ્રયોગ અને સ્વભાવનાં કાર્યો જણાવ્યાં છે. પછી કાંક્ષામોહના બંધના વિચારો જણાવી, તેને બાંધવાના કારણ તરીકે પ્રમાદ અને યોગ કહ્યા છે. અહીં પ્રસંગે એ પણ કહ્યું છે કે પ્રમાદને ઉત્પન્ન કરનાર યોગ છે. યોગનું જનક વીર્ય ને વીર્યનું જનક શરીર છે. શરીરને ઉપજાવનાર જીવ છે. પછી ઉત્થાન અને કર્માદિની હયાતી જણાવી ઉદીરણ, ગર્હણ અને સંવરણનું સ્વરૂપ જણાવી કહ્યું કે ઉદીરણા યોગ્ય કર્મ પુદ્ગલોનું ઉત્થાનાદિ વડે ઉદીરણ થાય. અનુદીર્ણનો ઉપશમ થાય ને ઉદયમાં આવેલાની નિર્જરા થાય. પછી એ કાંક્ષામોહના વેદનની બીના દશ ભુવનપતિમાં ઘટાવીને તે જ વિચાર સ્થાવરોમાં ગોઠવીને કહ્યું કે તેને તર્ક, સંજ્ઞા, પ્રજ્ઞા, મન કે વચન નથી છતાં તે તે કર્મને વેદે છે એવું જિનવચન છે, તે સાચું છે.

આ જ બીના વિકલેન્દ્રિયોમાં કહી જણાવ્યું કે પંચેન્દ્રિય તિર્યંચોથી માંડીને વૈમાનિક દેવ સુધીના પાંચ દંડકોમાં આ કાંક્ષામોહાદિની બીના જેમ સામાન્ય જીવોમાં કહી તેમ જાણવી. અંતે શ્રમણો કાંક્ષામોહને વેદે છે ? આ પૂછેલા પ્રશ્નના જવાબમાં પ્રભુ શ્રીમહાવીરદેવે કહ્યું કે જ્ઞાનાદિના ભેદોને જોઈને, જિનવચનમાં શંકા કરવાથી, કે પોતાનો ધર્મ તજી દેવાથી, ધર્મક્રિયાના ફલમાં 'આ ધર્મક્રિયાનું ફલ મળશે કે નહિ ?' આવી શંકા કરવાથી, અનિશ્ચિતપણાથી કે વિપરીતતા પામવાથી (આ પાંચ સ્વરૂપોમાંથી કોઈ પણ સ્વરૂપે) શ્રમણ નિર્ગ્રંથો તેને (કાંક્ષામોહને) વેદે છે. આ રીતે ત્રીજા ઉદ્દેશાના મુદ્દાઓ જાણવા.

ઉ. ૪ : અહીં કહ્યું છે કે મોહનીય કર્મના ઉદયવાળા જીવો બાલવીર્યથી ઉપસ્થાન (પરલોકની ક્રિયાનો સ્વીકાર) કરે છે, ને બાલવીર્યથી કે બાલપંડિતવીર્યથી અપક્રમણ (ઉત્તમ ગુણસ્થાનકેથી હીનતર એટલે ઊતરતા ગુણસ્થાનકે જવું) કરે છે. અને જેમણે મોહનો ઉપશમ કર્યો છે તેવા જીવો પંડિતવીર્યથી ક્રિયામાં ઉપસ્થાન કરે છે, ને બાલપંડિતવીર્યથી અપક્રમણ કરે છે. આ હકીકત સ્પષ્ટ સમજાવીને કહ્યું કે પ્રદેશ કર્મ અને અનુભાગ કર્મ, આ બે ભેદમાં કર્મના પ્રદેશો જરૂર ભોગવાય જ પણ પ્રદેશ કર્મમાં તેનો રસ ન પણ ભોગવાય.

પછી વર્તમાનકાલ, ભૂતકાલ અને ભવિષ્યકાલને લક્ષ્યમાં રાખીને પુદ્ગલોની તથા જીવની અને કેવલજ્ઞાનીની બીના વિસ્તારથી સમજાવી છે. આ ચોથા ઉદ્દેશામાં મુખ્ય મુખ્ય મુદ્દાઓ આ રીતે કહ્યા છે–૧. આઠ કર્મ પ્રકૃતિ. ૨. ઉપસ્થાન અને અપક્રમણનો વિચાર વર્ણવતાં વચમાં બાલવીર્યાદિનું સ્વરૂપ કહીને ઉપશાંત મોહ જીવને અંગે ઉપસ્થાનાદિની બીના જણાવી છે. ૩. ઉપસ્થાનનો કે અપક્રમણનો કરનાર આત્મા પોતે જ છે. ૪. રુચિ-અરુચિની બીના. ૫. કરેલાં કર્મો ભોગવવાં જ પડે; અહીં કર્મના બે ભેદો પણ સ્પષ્ટ કહ્યા છે. ૬. આભ્યુપગમિકી વેદના. ને ઔપક્રમિકી વેદનાની બીના કહી છે. ૭. પુદ્ગલ જીવ અને કેવલીના વિચારો; આ સાત મુદ્દાઓ ખાસ ધ્યાનમાં રાખવા. કારણકે તેનું જ અહીં વિસ્તારથી વર્ણન છે.

ઉ. ૫ : અહીં નરકાવાસોની, અસુરના આવાસોની તથા વિમાનોની સંખ્યા જણાવી નરકાવાસાદિ સ્થિતિ સ્થાનોમાં ક્રોધોપયુક્ત જીવો વગેરે કહ્યા છે. છેવટે અવગાહનાદિમાં, દષ્ટિજ્ઞાનાદિમાં, અસુરકુમાર વગેરેના આવાસોમાં, સ્થાવરમાં અને વિકલેન્દ્રિયાદિમાં ક્રોધોપયુક્તાદિના ભાંગા વગેરે બીના સ્પષ્ટ જણાવી છે.

ઉ. ૬ : અહીં સૂર્યનો ચક્ષુઃસ્પર્શ, અવભાસન (ઊગતાં ને આથમતાં દેખાવું) વગેરે તથા પ્રાણાતિપાતિકી વગેરે ક્રિયા તેમજ રોહકમુનિના પ્રશ્નો, અને લોકસ્થિતિના ૮ ભેદ (બસ્તિ પૂરણનું દષ્ટાંત) કહીને જીવ પુદ્ગલોનું માંહોમાંહે બદ્ધત્વ વગેરે અને (દ્રહનૌનું દષ્ટાંત) સૂક્ષ્મ સ્નેહકાયનું પડવું વગેરે બીના સ્પષ્ટ જણાવી છે. વચમાં ક્ષેત્રવિચારાદિ પણ કહ્યા છે.

ઉ. ૭ : અહીં જીવોનો દેશોત્પાત અને સર્વોત્પાત અને આહાર, ઉદ્વર્ત્તના વગેરે તથા વિગ્રહ ગતિ વગેરે કહીને દેવોને ચ્યવનકાલે આહારનો અભાવ અને ગર્ભરચના, ગર્ભોત્પત્તિ તથા માતાનાં ને પિતાનાં અંગો તેમજ તેનો કાલ

જણાવ્યા છે. પછી ગર્ભસ્થ જીવનું નરકમાં અને દેવ ગતિમાં મરીને ઊપજવું તથા ગર્ભમાંથી નીકળવું વગેરે બીના સ્પષ્ટ જણાવી છે.

ઉ. ૮ : અહીં કહ્યું છે કે એકાંત બાલ ચારે ગતિમાં પણ જાય. પછી પંડિતની અને બાલપંડિતની ગતિ કહીને અગ્નિકાયાદિને અંગે ક્રિયા લાગવાનો પ્રશ્ન તથા મૃગવધાદિમાં ક્રિયાનો પ્રશ્ન તેમજ વૈરક્રિયાના પ્રશ્ન જણાવ્યા છે. પછી જયપરાજયનાં કારણ, સકરણ વીર્ય અને અકરણ વીર્ય વગેરેનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવ્યું છે. ને આ હકીકત ચોવીશે દંડકોમાં ઘટાવી છે.

ઉ. ૯ : અહીં કહ્યું છે કે હિંસાદિથી આત્મા ભારે બને અને અહિંસાદિથી જીવ હળવો થાય છે. પછી અવકાશાંતરનો અને વાતાદિનો તથા નારકાદિનો ગુરુત્વ-લઘુત્વ વગેરે વિચાર કહીને જણાવ્યું કે, લાઘવાદિ અને અક્રોધત્વાદિપણું પ્રશસ્ય છે અને પહેલાં જેને મોહ ઘણો હોય, તે જીવ પણ સંવૃત બની સિદ્ધ થાય છે. તથા એક સાથે બે ભવનું આયુષ્ય ભોગવી શકાય નહિ. પછી શ્રી પાર્શ્વનાથના સંતાનીય શ્રી કાલાસ્યવેષિપુત્ર સાધુના ને સ્થાવરોના સામાયિકાદિની બાબતમાં પ્રશ્નોત્તરો કહી અંતે જણાવ્યુ કે તે પંચ મહાવ્રત સાધી મોક્ષે ગયા. અપ્રત્યાખ્યાનિકી શેઠ દરિદ્ર વગેરેને સરખી લાગે. પછી આધાકર્મ આહારાદિ વાપરતાં કર્મબંધ ને પ્રાસુક આહારાદિ વાપરતાં અબંધ વગેરે તથા અસ્થિરાદિ પદાર્થોનું બદલાવવું વગેરે બીના સ્પષ્ટ જણાવી છે.

ઉ. ૧૦ : અહીં પ્રભુ શ્રી મહાવીરે 'ચલત્ અચલિત' વગેરે બાબતમાં અને વિષમ પરમાણુ સ્કંધાદિની બાબતમાં અન્ય દર્શનીઓનો મત જણાવી સત્ય હકીકત વર્ણવી છે. પછી અન્ય તીર્થિકોનો વિચાર એ છે કે એક જીવ એક સમયે ઇર્યાપથિક ક્રિયા અને સાંપરાયિક ક્રિયા એ બે ક્રિયા એક સાથે કરે. અહીં પ્રભુના યથાર્થ વિચારો કહીને નરક ગતિમાં ઉત્પાદના વિરહનો અતિદેશ વગેરે બીના સ્પષ્ટ જણાવી છે.

પંચમાંગ સૂત્રના પહેલા શતકના દશ ઉદ્દેશાઓ છે. તેમાં દરેક ઉદ્દેશાના અર્થની સંગ્રહ ગાથા પણ જણાવી છે. એથી ટૂંકામાં ઉદ્દેશાનો સાર જણાવાય છે. આ પહેલા શતકના પાંચમા ઉદ્દેશામાં નારકાદિ ચોવીશે દંડકોમાં આવાસો, સ્થિતિસ્થાન, ક્રોધોપયુક્તપણું, માનોપયુક્તપણું વગેરેને અંગે સંભવતા ભાંગા, શરીરાદિની બીના, ત્યાં લોભની પ્રધાનતા વગેરે મુદ્દાઓનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

પછી છઠ્ઠા ઉદ્દેશામાં ૧. અહીંથી સૂર્ય ઊગવાના સમયે જેટલા યોજન દૂર દેખાય છે, તેટલા જ યોજન દૂર આથમતાં દેખાય છે. ૨. સૂર્યનું પ્રકાશક્ષેત્ર

સરખું છે. અહીં જરૂરી ક્ષેત્રની બીના કહી જણાવ્યું કે લોકનો છેડો અલોકના છેડાને અડકે છે. ને દ્વીપનો છેડો સમુદ્રના છેડાને અડકે છે. તથા છાયાનો છેડો આતપના છેડાને અડકે છે. તેમજ સંસારી જીવોને પ્રાણાતિપાતિકી લાગે છે. અહીં ક્રિયાનું વર્ણન ટૂંકામાં કરી તે બીના અને મૃષાવાદ વગેરેની બીના ચોવીશે દંડકોમાં વિચારી છે.

પછી રોહ મુનિએ પ્રભુ મહાવીરને પૂછેલા પ્રશ્નોનું વર્ણન શરૂ થાય છે. તેનું રહસ્ય એ છે કે લોક અને અલોક બંને પહેલાં અને બંને પછી કહી શકાય એવી રીતે જીવ અજીવ અને ભવ્ય અભવ્યમાં તથા સિદ્ધ અસિદ્ધમાં તેમજ સિદ્ધિ અને અસિદ્ધિ (સંસાર)માં તેમજ ઈંડા અને કુકડીમાં સમજવું. એમ બીજા પણ પ્રશ્નો પૂછ્યા બાદ શ્રી ગૌતમ ગણધરે પૂછેલા પ્રશ્નના જવાબમાં લોકસ્થિતિના ૮ ભેદ તથા આકાશાદિ પદાર્થોનો માંહોમાંહે આધાર આધેય ભાવ સમજાવવામાં વ્યાવહારિક ઉદાહરણો આપી કહ્યું કે જીવો અને પુદ્ગલો માંહોમાંહે સંબદ્ધ છે. તેમાં વ્યાવહારિક દૃષ્ટાંત પણ આપ્યું છે. છેવટે સૂક્ષ્મ સ્નેહકાય પડે છે તે થોડો કાલ રહે છે, વગેરે મુદ્દાઓનું અહીં સવિસ્તર વર્ણન કર્યું છે.

સાતમા ઉદ્દેશામાં ચોવીશે દંડકોમાં જીવોના ઉત્પત્તિ, આહાર અને ઉદ્વર્ત્તનના વિચારો તથા વિગ્રહગતિ-અવિગ્રહગતિની બીના કહીને દેવોના ચ્યવનકાલને અંગે જરૂરી હકીકત જણાવી છે. પછી ગર્ભનો અધિકાર શરૂ થતાં ગર્ભમાં ઊપજતા જીવને ઇંદ્રિયો હોય કે નહિ ? તેનો ઉત્તર દેતાં દ્રવ્યેન્દ્રિય-ભાવેન્દ્રિયનું સ્વરૂપ કહ્યું છે. તે જીવ શરીરવાળો હોય કે શરીર વગરનો હોય ? આનો જવાબ દેતાં શરીરનું સ્વરૂપ જણાવી કહ્યું કે ગર્ભમાં ઊપજતો જીવ શરૂઆતમાં માતાનું લોહી, અને પિતાનું વીર્ય આ બેનો આહાર કરે છે. ઉત્પન્ન થયા પછી માતાનું લોહી અને માતાએ ખાધેલો આહાર લે છે. પછી ગર્ભમાં રહેલા જીવને વિષ્ટાદિ ન હોય તેમાં કારણ જણાવી, તે આહારનું બીજા બીજા રૂપે પરિણમન જણાવ્યું છે. ગર્ભમાં રહેલ જીવ મોઢેથી ન ખાય, તેનું કારણ જણાવી કહ્યું કે તે આખા શરીરથી આહારાદિ કરે છે. ગર્ભમાં બે નાડી હોય છે : ૧. માતૃજીવ-રસહરણી નાડી. ૨. પુત્રજીવ-રસહરણી નાડી. આ બે માંહોમાંહે સંબદ્ધ હોય છે. નળીની મારફત માતાએ ખાધેલા ચાવેલા આહારનો રસ પુત્રજીવ-રસહરણીમાં ઊતરે છે. તેનો આહાર ગર્ભમાં રહેલો જીવ કરે છે. તથા સંતાનને માતાનાં ત્રણ અંગો હોય. વારસામાં મળેલાં અંગો સંતાન

જીવે ત્યાં સુધી રહે. પછી ગર્ભમાં રહેલો કોઈક જીવ જે કારણથી નરકે (પણ) જાય તે કારણ જણાવતાં સંજ્ઞી જીવની હકીકત કહી છે. પછી જણાવ્યું છે કે ગર્ભમાં રહેલો કોઈક સંજ્ઞી જીવ લબ્ધિના પ્રભાવે શત્રુની સાથે લડાઈ કરે છે ને કોઈ તેવો (ગર્ભમાં રહેલો) જીવ દેવ પણ થાય છે. ને તેવો કોઈ સંજ્ઞી જીવ ગર્ભમાં રહ્યા છતાં ધાર્મિક વચનો સાંભળે છે. તથા ગર્ભમાં જીવ ચત્તો કે પડખાભેર હોય, કોઈ જીવ કેરીની માફક કુબ્જ હોય, ઊભો હોય, બેઠો હોય, કે સૂતો હોય, તે જીવ માતાના સુખે સુખી, ને માતાના દુઃખે દુઃખી હોય.

અંતે જણાવ્યું છે કે પ્રસવકાલે પહેલાં માથાથી કે પગથી નીકળે, તે જીવ જીવતો રહે; પણ જે જીવ આડો થઈને ગર્ભમાંથી નીકળે તે મરણ પામે અથવા કદરૂપો થાય.

૮. આઠમા ઉદ્દેશામાં એકાંત બાલનો અને બાલપંડિતનો તથા અંતક્રિયાનો વિચાર જણાવ્યો છે. એટલે એકાંત બાલ જીવ ચાર ગતિમાંથી કોઈ પણ ગતિનું આયુષ્ય બાંધે, બાલપંડિત જીવ દેશવિરતિના પ્રતાપે દેવાયુષ્ય બાંધે તથા એકાંત પંડિત મનુષ્ય મોક્ષે જાય અથવા દેવાયુષ્ય જ બાંધે. પછી હરિણને મારનાર પુરુષને લાગતી ક્રિયાનું ને પાંચે ક્રિયાનું સ્વરૂપ કહી ઘાસને બાળનાર પુરુષને ને ધનુર્ધારી પુરુષને લાગતી ક્રિયા તથા મરાતા હરિણની સાથે વૈર બંધાવવાનો વિચાર જણાવીને કહ્યું કે પુરુષને મારનારો પુરુષ મરાતા પુરુષના વૈરથી બંધાયેલો છે, ને તે ૬ મહિનાની અંદર મરે તો તેને કાયિકી વગેરે પાંચે ક્રિયાને લગતો કર્મબંધ થાય, ને છ મહિના પછી મરે તો પહેલી ચાર ક્રિયાને લાગવાથી થતો કર્મબંધ કરે. તથા બલ શસ્ત્ર વગેરેની અપેક્ષાએ બે પુરુષો સરખા હોવા છતાં એક પુરુષ જીતે ને એક પુરુષ હારે તેનું કારણ સમજાવીને લબ્ધિવીર્યનું ને કરણવીર્યનું સ્વરૂપ વર્ણવતાં ચોવીશે દંડકોના જીવોને અંગે ચાલુ હકીકત જણાવી છે.

તથા નવમા ઉદ્દેશામાં ટૂંકામાં રહસ્ય એ કહ્યું છે કે હિંસાદિથી જીવ ભારેકર્મી બને, ને અહિંસાદિથી જીવ હલુકર્મી થાય. પછી નિર્ગ્રંથ સાધુનાં ૪ પ્રશસ્ત વાનાં (ગુણો) જણાવી કહ્યું કે અવકાશાંતર અને સાતમો તનવાત અનુક્રમે અગુરુલઘુ ને ગુરુલઘુ છે વગેરે. અહીં આ પ્રસંગને અનુસરીને જરૂરી બીજા પ્રશ્નોત્તરો વર્ણવીને કહ્યું કે ક્રોધરહિતપણું વગેરે ગુણો નિર્ગ્રંથને શોભાવનારા છે. તથા કાંક્ષામોહનો ક્ષય કરીને સંવૃત બનેલા સાધુ અથવા પહેલા બહુ મોહવાળી સ્થિતિમાં રહીને સંવૃત બનેલા સાધુ કર્મોને ખપાવી સિદ્ધ

થાય. પછી આયુષ્યની બાબતમાં બીજાઓ કહે છે કે 'એક જીવ એક સમયે બે આયુષ્ય બાંધે છે,' આ વાત ખોટી છે એમ સ્પષ્ટ સમજાવી પ્રભુએ કહ્યું કે એક જીવ એક સમયે એક આયુષ્યને બાંધે છે. કારણકે એક પ્રકારના આત્માના પરિણામ વડે વિરુદ્ધ બે આયુષ્ય ન બંધાય. પછી ગૌતમસ્વામી વિહાર કરે છે.

પછી કાલાસ્યવેષિપુત્ર અનગાર પ્રભુ મહાવીરના સ્થવિરોને પ્રશ્નો પૂછતાં જવાબ સાંભળી સંતોષ પામ્યા ને પંચ મહાવ્રત ધર્મને સાધી મોક્ષે ગયા. પછી અપ્રત્યાખ્યાન ક્રિયાનો પ્રસંગ હેતુ કહેવાપૂર્વક સમજાવી આધાકર્મ દોષથી દૂષિત આહારાદિ વાપરવાથી નુકસાન ને નિર્દોષ આહારાદિ વાપરવાથી મળતા લાભ જણાવ્યા છે. અંતે કહ્યું કે જે અસ્થિર હોય તે જ પદાર્થ બદલાય છે, આ વગેરે બીના સ્પષ્ટ સમજાવી છે. દશમા ઉદ્દેશામાં અન્ય તીર્થિકોના વિચારો કહ્યા છે. તેનો સાર એ છે કે અન્ય ધર્મીઓ કહે છે કે ૧. જે ચાલતું હોય તે ચાલ્યું કહેવાય. ૨. બે પરમાણુ માંહોમાંહે ચોંટે નહિ, કારણ કે તેમાં ચીકાશ નથી. ૩. ત્રણ પરમાણુ જોડાય, ને તેના બે સરખા ભાગ ૧||-૧|| થાય, અને ત્રણ ભાગ પણ થાય. ૪. ચાર અણુ પાંચ અણુનું કર્મ બને, તે શાશ્વત છે. ૫. કર્મનો ચય અને અપચય થાય છે. ચય એટલે વૃદ્ધિ, અપચય એટલે ઘટવું ઓછા થવું. ૬. બોલ્યા પહેલાં ભાષા તે ભાષા કહેવાય, પણ બોલાતી ભાષા તે ભાષા ન કહેવાય. બોલ્યા પછીની જે ભાષા તે ભાષા કહેવાય વગેરે માન્યતાઓને ખોટી સાબિત કરવાના પ્રસંગે પ્રભુએ કહ્યું કે ૧. જે ચલમાન પદાર્થ હોય તે ચલિત કહેવાય; ૨. બે પરમાણુ માંહોમાંહે ચોંટે છે; તેના બે સરખા ભાગ થાય. ૩. ત્રણ પરમાણુઓ માંહોમાંહે ચોંટે તેના બે ભાગ થાય, પણ સરખા ભાગ ન થાય, તથા ત્રણ ભાગ થાય. ૪. ચાર અણુનો કે પાંચ અણુનો સ્કંધ "કર્મ" ન કહેવાય, તે અશાશ્વત છે. ૫. બોલ્યા પહેલાંની ભાષા તે અભાષા કહેવાય. બોલાતી જે ભાષા તે ભાષા કહેવાય. બોલ્યા પછીની જે ભાષા (ભાષાવર્ગણાનાં પુદ્ગલો) તે અભાષા કહેવાય એટલે ભાષા ન કહેવાય. બોલતાં (પુરુષાદિ)ની ભાષા કહેવાય, પણ જે બોલતો જ ન હોય તેની અભાષા એટલે તે બોલે છે એમ કહેવાય જ નહિ.

આ ભાષાની જેવું જ ક્રિયાનું સ્વરૂપ જાણવું. કૃત્ય એ દુઃખ છે (દુઃખરૂપ છે, દુઃખનું સાધન છે) પછી બીજાઓ માને છે કે એક જીવ એક સમયે ઐર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયા આ બે ક્રિયા સાથે કરે. આ બાબતમાં

પ્રભુ શ્રી મહાવીરદેવે કહ્યું કે એક જીવ એક સમયે એક ક્રિયા કરે છે. બે ક્રિયા કરે નહિ. નરકમાં ઉત્પત્તિનો ઉત્કૃષ્ટ વિરહકાળ ૧૨ મુહૂર્ત્ત છે. એટલે ૧૨ મુહૂર્ત્ત સુધી નરકમાં કોઈ જીવ ઊપજે જ નહિ. વિશેષ બીના શ્રી પ્રજ્ઞાપના સૂત્રના વ્યુત્ક્રાંતિ પદમાં કહી છે. આ રીતે પહેલા શતકની બીના સમજવામાં બહુજ કઠિન હોવાથી ટૂંક પરિચયની સાથે તેનું યથાર્થ રહસ્ય પણ જણાવ્યું. તેમાં કેટલીક બીના ઉત્તર રૂપે જ જણાવી છે. ત્યાં પ્રશ્નની બીના સરલ છે એમ સમજવું.

## પ્રથમ શતકની સજ્ઝાય(૧) (માનવિજયકૃત)

સદ્દહણા સૂધી મન ધરિયે એહ જ સમકિત રૂપ રે
તસ વિણુ કિરિયાકારિન ભલા રાજ્ય વિણા વિણા ભૂપ રે

શ્રી જિનવચન વિનયસ્યું ગ્રહીઇં ટાલિઇં મનનિ સંક રે
આણાગમ્ય પદારથ નિસુણી તહત્તિ કરો : નિઃસંક રે... શ્રી જિન૦ ૧
જે જીમ જ્ઞાની ભાવા દેખે તેહ તથા ઉપદેસ રે
તિહાં જુગતિ જે મૂઢ કરેસ્યઇ તે સંસાર ફરેસ્ય રે... શ્રી જિન૦ ૨
રોહો નામે વીર તણો શિષ્ય પ્રકૃતિ ભદ્રક મન્ન રે
સહજઇં વિનયી અલ્પકષાયી મિઉ મદ્દવ સંપન્ન રે... શ્રી જિન૦ ૩
વિનય કરી નઇં વીરને પૂછેઈ લોક–અલોક ક્રમ કેમ રે
જીવ-અજીવનો ભવ્ય-અભવ્યનો કુકડી-અંડનો તિમ રે... શ્રી જિન૦ ૪
લોકસ્થિતિ સઘલિ ઈમ પૂછી ઉતર કહિ જિનરાજ રે
શાશ્વતભાવ અનાનુપૂર્વઇં પૂર્વાપર ન કહાય રે... શ્રી જિન૦ ૫
પ્રણમી પ્રમાણ કીયો સવિ રોહે ઈમ આણા સૂચી એહ રે
તપ-જપ-સંજમ-કિરિયા લેખે તેહ જ ધન્ય ગુણ ગેહ રે... શ્રી જિન૦ ૬
ભગવતિ **પહિલે શતકે** વાંચી રોહ મુનિ અધિકાર રે
પંડિત શાંતિવિજય વર વિનયી **માનવિજય** ધરિ પ્યાર રે...શ્રી જિન૦ ૭

## પ્રથમ શતકની સજ્ઝાય(૨) (માનવિજયકૃત)

પાર્શ્વનાથ સંતાનીયો કાલાસવેશિક પુત્ર રે
કહઈ જિનવીર નાથ વિરનઇં અભ્યસતા છઈ સૂત્ર રે... આતમ૦ ૧

આતમતત્ત્વ નિહાલીઈ પર પરિણતિ કરી દૂરિ રે
અંતરજ્ઞાન વિના વહઈ બાહ્ય ક્રિયાઈ ભૂરિ રે... આતમ૦ ૨
સામાયિક જાણો નહીં સામાયિક (સ્વ) સ્યારૂપ રે
તિમ તસ અરથ લહો નહીં જેહ કહિઓ ફલરૂપ રે... આતમ૦ ૩
ઈમ પચ્ચક્ખાણહ તણા સંયમના પણિ જોય રે
સંવર વિવેક વ્યુત્સર્ગનો બોલ કહિયા દોય રે... આતમ૦ ૪
થવિર કહે જાણ્યું અમ્હે વૈશિકપુત્ર વિચાર રે
જ્ઞાન વિના કિરિયા કરી મિથ્યાત્વી નિરાધાર રે... આતમ૦ ૫
સમભાવે જે પરિણમ્યો જીવ સામાયિક રૂપ રે
કર્મ અગ્રહણા નિર્જરા ફલ પણ જીવ સરૂપ રે... આતમ૦ ૬
પૌરુષી આદિ નિયમ તથા પચ્ચક્ખાણ જીવ ભાવ રે
સંયમ ષટકાય રક્ષણા પરિણતિ શુદ્ધ સ્વભાવ રે... આતમ૦ ૭
મન ઇંદ્રિયનું નિવર્તવું સંવર ચેતન રૂપ રે
આશ્રવ રોધ એ ત્રિહું તણું ફલ ઈમ અલખ સરૂપ રે... આતમ૦ ૮
ભેદ બુદ્ધિ જડ અલખની તેહ વિવેક નિજરૂપ રે
તસ ફલ જડનું છંડવું તેહ પણ તિમ જ અનૂપ રે... આતમ૦ ૯
વ્યુત્સર્ગ કાયાદિક તણું નિઃસંગતા તસ અર્થ રે
આતમરૂપજ ગુણ ગુણી ભેદ કલ્પના અનર્થ રે... આતમ૦ ૧૦
તવ વૈશિકપુત્ર ઈમ ભણઇ સામાયિક મન ભાવ રે
તો કિમ અવદ્યની ગરહણા કરતાં રહિ નિજ ભાવ રે...આતમ૦ ૧૧
સંયમ રૂપ એ ગરહણા ઈમ ઉત્તર કહઈ મા'વીર રે
રાગાદિક ક્ષય કારિણી પોષઈ સંયમ સરીર રે... આતમ૦ ૧૨
કહઇ વૈશિકપુત્ર બુઝીયો પ્રણમી સ્થવિરના પાય રે
પૂર્વ અજ્ઞાનાદિક પણઈ ન લહિઓ એહ ઉપાય રે... આતમ૦ ૧૩
જ્ઞાનીઈ અરથ વીઠા સુણ્યા હવઈ સદ્દહું તુમ વયણઇં રે
સંયમ તિમિર નિરાકરિઉં ભાસ્યું અંતર નયણઇં રે... આતમ૦ ૧૪
પંચયામ ધરમ આદર્યો આરાધી બહુ કાલ રે
અધ્યાતમ કિરિયા કરી પહોતો મોક્ષ મયાલ રે... આતમ૦ ૧૫

ભગવતી **પ્રથમ શતકઇં** કહિઓ કીજે એહનું ધ્યાન રે
પંડિત શાંતિવિજય તણો પ્રણમઇં નિતુ **મુનિ માન** રે... આતમ૦ ૧૬

## શતક ૨

ઉ. ૧ : અહીં ૧૦ ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશામાં કહ્યું છે કે પૃથ્વીકાયાદિના જીવો શ્વાસોચ્છ્વાસ લે ને મૂકે છે તેમાં શ્વાસોચ્છ્વાસ વર્ગણાના વર્ણાદિવાળા પુદ્ગલસ્કંધો ગ્રહણ કરે ને મૂકે છે. આની વિશેષ બીના પ્રજ્ઞાપનાસૂત્રથી જાણવા ભલામણ કરી છે. પછી કહ્યું કે પવનના જીવો પણ એ પ્રમાણે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે. ને બીજા જીવોની માફક તે પણ મરીને ઘણી વાર તે રૂપે (પવનરૂપે) ઊપજે છે. તથા પવનનું આઘાત (અથડાવવું) વગેરે કારણોથી મરણ થાય છે. તેને ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ચાર શરીર હોય. પછી પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ વગેરેની બીના વગેરે કહીને બુદ્ધ, મુક્ત વગેરેનું સ્વરૂપ જણાવ્યું છે. પછી શ્રીગૌતમસ્વામીજીના વિહારની બીના જણાવી શ્રીસ્કંદક પરિવ્રાજકનો અધિકાર શરૂ કર્યો છે. તેનો ટૂંક સાર આ પ્રમાણે : કૃતંગલા નગરી, છત્રપલાશક ચૈત્ય, શ્રાવસ્તી નગરી, ગર્દભાલ પરિવ્રાજક છે. તે ઋગ્વેદાદિ ચાર વેદનો જાણકાર છે. ઇતિહાસ, (પુરાણ) નિઘંટુ, ષષ્ટિતંત્ર ને ગણિતશાસ્ત્રોને તથા શિક્ષા, કલ્પ, વ્યાકરણ, પિંગળ, નિરુક્ત, અને જ્યોતિઃશાસ્ત્ર આ વેદનાં ૬ અંગોને પણ જાણે છે. પિંગલ શ્રમણે સ્કંદક પરિવ્રાજકને પૂછેલા પ્રશ્નોનો સાર એ છે કે લોકનો, જીવનો, સિદ્ધિનો ને સિદ્ધનો છેડો છે કે નહિ ? તથા કયા મરણથી જીવ વધે અને ઘટે ?

સ્કંદક આ પાંચે પ્રશ્નોના જવાબ બે ત્રણ વાર પૂછતા પિંગલ શ્રમણને આપી શકતા નથી. તેને મનમાં તે બાબત શંકાદિ થાય છે. એવામાં પ્રભુ શ્રીમહાવીરદેવ પધાર્યા. તે જાણી સ્કંદકને ત્યાં જઈ તે પ્રશ્નો પૂછવાની ને પ્રભુ મહાવીરની સેવા કરવાની ભાવના થઈ. હાલ તે તાપસના વેશમાં છે. અહીં તેની બાબતમાં શ્રીમહાવીરદેવ અને ગૌતમસ્વામી વાતચીત કરે છે. સ્કંદક પ્રભુને વાંદવા સ્વસ્થાનથી નીકળ્યા. અહીં પ્રભુએ ગૌતમસ્વામીને કહ્યું કે સ્કંદક એ તારો પૂર્વસંગતિક છે (મિત્ર છે). તે દીક્ષા જરૂર લેશે. એવામાં સ્કંદકને આવતા જાણી શ્રીગૌતમસ્વામીએ તેમનો આદર કર્યો. તેમના મનના ભાવ જણાવ્યા. ત્યારે સ્કંદકે અચંબો પામી શ્રીગૌતમને પૂછ્યું. તેનો તેમણે ખુલાસો કર્યો. તે સાંભળી સ્કંદકને પ્રભુજીની ઉપર બહુમાન થયું. શ્રીગૌતમની સાથે

સ્કંદક પ્રભુની પાસે ગયા. પ્રભુને જોઈને તે રાજી થયા.

અહીં પિંગલ શ્રમણે પૂછેલા પ્રશ્નોનો જવાબ દેતાં પ્રભુએ દ્રવ્ય-ક્ષેત્રાદિનું સ્વરૂપ જણાવવા પૂર્વક કહ્યું કે અમુક અપેક્ષાએ લોક વગેરેનો છેડો છે એમ કહી શકાય ને અમુક અપેક્ષાએ લોક વગેરેનો છેડો નથી, એમ પણ કહી શકાય. આ વાત વિસ્તારથી સમજાવી ને બાલમરણનું તથા પંડિતમરણનું સ્વરૂપ અને બાલમરણના ૧૨ ભેદો કહ્યા છે. તેમાંના કોઈપણ મરણથી મરનાર જીવનો સંસાર વધે છે. પછી પંડિતમરણના બે ભેદ કહી જણાવ્યું કે તેમાંના કોઈપણ મરણથી મરનાર જીવ સંસારને ઓછો કરે છે. પ્રભુ શ્રીમહાવીરની અવસરોચિત બીજી પણ દેશના સાંભળી સ્કંદક પરિવ્રાજક પ્રતિબોધ પામ્યા. ફરી પ્રભુનો ધર્મોપદેશ સાંભળતાં તેમને પ્રભુના પ્રવચન ઉપર શ્રદ્ધા થઈ. અહીં સંસારને દાવાનલ જેવો જાણતા તે સ્કંદક પરિવ્રાજક પ્રભુના હાથે દીક્ષા લઈ હિતશિક્ષા સાંભળી સંયમ સાધતાં ૧૧ અંગો ભણે છે. પ્રભુની આજ્ઞા, આકરી તપશ્ચર્યા, ભિક્ષુની ૧૨ પ્રતિમા, (અહીં તેનું સ્વરૂપ ટીકામાં જણાવ્યું છે.) ગુણરત્ન સંવત્સર તપ વગેરે કરતા તે દુર્બલ થઈ જાય છે. અવસરે પ્રભુની આજ્ઞા લઈ વિપુલ પર્વત ઉપર સાધુઓની સાથે ગયા. ભગવંતને વંદના, સર્વ જીવોને ક્ષમાપના (ખમાવવું), ફરી વ્રતનું ઉચ્ચરવું વગેરે વિધિપૂર્વક એક મહિનાનું અનશન કરી સમાધિ મરણે કાલધર્મ પામી તેઓ બારમા અચ્યુત દેવલોકે મહર્દ્ધિક દેવ થયા. અહીં ૨૨ સાગરોપમ સુધીનાં દેવસુખ ભોગવી મહાવિદેહે સિદ્ધ થશે. આ બીના તથા પ્રસંગને અનુસરીને બીજી પણ હકીકત વિસ્તારથી સમજાવી છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં વેદનાસમુદ્ઘાત વગેરે સાતે સમુદ્ઘાતોનું સ્વરૂપ જણાવતાં કહ્યું કે શ્રીપ્રજ્ઞાપનાસૂત્રના ૩૬મા સમુદ્ઘાતપદમાં આની બીના વિસ્તારથી કહી છે. તે ત્યાંથી જાણવી. તથા ભાવિતાત્મા અનગારનું પણ સ્વરૂપ જણાવ્યું છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં રત્નપ્રભાદિ સાતે નરક પૃથ્વીઓનું વર્ણન કરી જણાવ્યું કે ભૂતકાલમાં સર્વ જીવો નરકમાં ઘણી વાર જઈ આવ્યા છે. આની વધારે બીના જાણવા માટે શ્રી જીવાભિગમસૂત્રના બીજા ઉદ્દેશાની ભલામણ કરી છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં ઇંદ્રિયોની બીના જણાવતાં કહ્યું છે કે પ્રજ્ઞાપનાસૂત્રના ઇંદ્રિય પદના પહેલા ઉદ્દેશામાં આ હકીકત વિસ્તારથી સમજાવી છે. તથા ટીકાકારે ઇંદ્રિયોના ભેદો, આકાર, જાડાઈ, વિષય વગેરેનું વર્ણન વિસ્તારથી કર્યું છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં અન્યધર્મીઓ માને છે કે "દેવોને સ્ત્રીઓ ન હોય, ને એક જ જીવ એક સમયે બે વેદોને અનુભવે." આ વિચારો ખોટા છે, એમ જણાવતાં પ્રભુદેવે સાચી બીના સ્પષ્ટ રીતે જણાવી કે "દેવને સ્ત્રીઓ (દેવીઓ) હોય. તથા એક જીવ એક કાળે એક વેદને અનુભવે." પછી ઉદકગર્ભ (પાણીનો ગર્ભ) જઘન્યથી એક સમય સુધી, ને ઉત્કૃષ્ટથી ૬ માસ સુધી ટકે, ને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયનો ગર્ભ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત સુધી, ને ઉત્કૃષ્ટથી આઠ વરસ સુધી ટકે. મનુષ્યનો ગર્ભ એ જ પ્રમાણે જઘન્ય અંતર્મુહૂર્ત્ત ને ઉત્કૃષ્ટ બાર વરસ સુધી ટકે. તેમજ કાયભવસ્થ ગર્ભને ટકવાનો કાળ જઘન્ય અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટથી ૨૪ વરસ. કાયભવસ્થ ગર્ભનું સ્વરૂપ ટૂંકામાં આ પ્રમાણે જાણવું. માતાના પેટની વચ્ચે રહેલ "ગર્ભમાં રહેલા જીવનું" જે શરીર તે કાય કહેવાય, તે શરીરમાં જે ઊપજવું, તે કાયભવ કહેવાય. અને તેમાં જ જે જીવ જન્મ્યો હોય તે કાયભવસ્થ કહેવાય. તે કાયભવસ્થ જીવ કાયભવસ્થ રૂપે ચોવીશ વર્ષ સુધી રહે, તે આ રીતે –જેમ કોઈ જીવનું શરીર ગર્ભમાં રચાઈ ગયું હોય, પછી તે જીવ ત્યાં બાર વર્ષ સુધી રહી મરણ પામી પાછો પહેલાં પોતે બનાવેલા તેના તે શરીરમાં ઊપજી ફરી બીજાં બાર વર્ષ સુધી રહે. આ રીતે ચોવીશ વર્ષની યોજના જણાવી કહ્યું કે મનુષ્યના અને તિર્યંચ પંચેન્દ્રિય જીવના બીજમાં બીજપણું જઘન્ય અંતર્મુહૂર્ત્ત ને ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત્ત સુધી ટકે. એક જીવ એક ભવમાં એક, બે, ત્રણનો કે બસેંથી નવસેંનો પુત્ર થાય, તથા એક જીવને એક ભવમાં જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટથી બેથી નવ લાખ પુત્રો થાય. આ હકીકત આશ્ચર્યજનક લાગે પણ ટીકાકારે ટીકામાં વિસ્તારથી સ્પષ્ટ સમજાવતાં કારણ પણ જણાવ્યું છે.

પછી મૈથુનજન્ય અસંયમની બીના જણાવી આ પ્રસ્તાવ પૂર્ણ કરતાં શ્રીમહાવીરદેવનો વિહાર જણાવ્યો છે. પછી તુંગિકા નગરીના ને ત્યાં રહેતા શ્રાવકોના વર્ણનમાં કહ્યું કે એક વખત શ્રીપાર્શ્વનાથના સ્થવિર શિષ્યો અહીં પધાર્યા. તે ખબર શ્રાવકોને પડી ત્યારે વિચાર કરી ત્યાં જઈ તેમનો ધર્મોપદેશ સાંભળી જે પ્રશ્નો પૂછી જવાબ મેળવ્યા તેનું ટૂંક રહસ્ય એ છે કે, સંયમ અને તપનું ફળ અનાશ્રવ એટલે સંવરભાવ છે વગેરે બીના કહી દેવ થવાની બાબતમાં થયેલી પ્રશ્નોત્તરી ટૂંકામાં જણાવી કહ્યું છે કે શ્રાવકો સ્વસ્થાને ગયા ને સ્થવિરોએ વિહાર કર્યો. પછી શ્રીગૌતમસ્વામીના તપ, પારણું, ભિક્ષા લેવા જવું, ત્યાં સ્થવિરોની વાત સાંભળી તેમને થયેલ આશ્ચર્ય, પ્રભુએ તેનો કરેલો

ખુલાસો જણાવીને ૧. સાધુભક્તિનું ફલ-શાસ્ત્રોનું સાંભળવું, ૨. તેનું ફલ-જ્ઞાન, ૩. તેનું ફલ-વિજ્ઞાન, ૪. તેનું ફલ-પ્રત્યાખ્યાન, ૫. તેનું ફલ-સંયમ, ૬. સંયમનું ફલ-અનાશ્રવ એટલે આશ્રવનું રોકાણ, ૭. તેનું ફલ-તપ, ૮. તેનું ફલ-વ્યવદાન (નિર્જરા), ૯. તેનું ફલ-અક્રિયા, ૧૦. તેનું ફલ-સિદ્ધિ જણાવી છેવટે રાજગૃહના કુંડની બાબતમાં અન્ય મત કહી પ્રભુએ સાચી હકીકત સ્પષ્ટ જણાવી છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં ભાષાના અવધારિણી આદિ સ્વરૂપનું વર્ણન કરતાં વિસ્તાર માટે પ્રજ્ઞાપનાસૂત્રના ભાષાપદની ભલામણ કરી છે.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં દેવોના ભેદ, સ્થાનો (સ્થાનપદની ભલામણ), સ્વર્ગોના આધાર, વિમાનોની જાડાઈ, ઊંચાઈ, આકાર વગેરેનું વર્ણન કરતાં જીવાભિગમના વૈમાનિક ઉદ્દેશાની વિસ્તાર માટે ભલામણ કરી છે.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં કહ્યું કે જંબૂદ્વીપના મેરુની દક્ષિણે ચમરેન્દ્રની સુધર્મા સભા છે. પછી અરુણવરદ્વીપ, તેની વેદિકાનો છેડો, તિગિચ્છ કૂટ નામના ઉત્પાત પર્વતનું પ્રમાણ, ગોસ્તુભ નામે આવાસ પર્વતની સરખાઈ, પદ્મવરવેદિકા, વનખંડ, તે બેની બીના કહીને પ્રાસાદાવતંસકના પ્રમાણનું વર્ણન કરી મણિપીઠિકા, અરુણોદય સમુદ્ર, ચમરચંચા રાજધાનીનો કિલ્લો, સુધર્મા સભા, જિનગૃહ, ઉપપાત સભા, હદ, અભિષેક, તથા અલંકાર સભાદિનું વર્ણન કરતાં વિજયદેવની ભલામણ કરી, ચમરેન્દ્રની ઋદ્ધિ વગેરેનું વર્ણન કર્યું છે.

ઉ. ૯ : નવમા ઉદ્દેશામાં સમય-ક્ષેત્રનું સ્વરૂપ જણાવતાં વિસ્તાર માટે જીવાભિગમ સૂત્રની સાક્ષી આપી છે.

ઉ. ૧૦ : દશમા ઉદ્દેશામાં કહ્યું છે કે ધર્માસ્તિકાય વગેરે (પુદ્ગલ રહિત) પાંચ પદાર્થો વર્ણાદિ રહિત તથા અવસ્થિત છે. તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણથી પાંચ ભેદો છે. જીવ વર્ણાદિ રહિત છે, ગતિમાં મદદગાર ધર્માસ્તિકાય છે અને સ્થિતિમાં સહાયક અધર્માસ્તિકાય છે. આકાશાસ્તિકાયનો અવગાહના ગુણ છે, તેમજ જીવનો ઉપયોગ ગુણ છે. પુદ્ગલનો ગુણ ગ્રહણ કરવું એ છે. વળી પુદ્ગલાસ્તિકાયમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શો હોય છે. તેમજ જ્યાં સુધી એક પણ પ્રદેશ ઓછો હોય, ત્યાં સુધી ધર્માસ્તિકાય ન કહેવાય. જેમ લાડવો આખો હોય તો જ લાડવો કહેવાય, પણ અડધો હોય તો તે તેનો કટકો કહેવાય. એ પ્રમાણે બધા અસ્તિકાયોમાં સમજી લેવું.

તમામ જીવોના ભેગા મળીને તથા આકાશના ને પુદ્ગલોના પ્રદેશો

અનંતા છે. જીવ ઉત્થાનાદિ ક્રિયા કરે છે. જીવનું લક્ષણ ઉપયોગ છે. આકાશના બે ભેદો –૧. લોકાકાશ, ૨. અલોકાકાશ. લોકાકાશના તથા જીવાજીવના દેશ પ્રદેશ છે. એમ અરૂપી પદાર્થોનું વર્ણન કરી રૂપી અજીવના ૧. સ્કંધ, ૨. સ્કંધનો દેશ, ૩. સ્કંધનો પ્રદેશ, ૪. પરમાણુ-પુદ્ગલ એમ ચાર ભેદો કહ્યા છે. અરૂપી અજીવના પાંચ ભેદો અને અલોકાકાશ અજીવ દ્રવ્યનો દેશ છે, અગુરુલઘુ છે. તથા લોકાકાશમાં વર્ણાદિ નથી. પછી ધર્માસ્તિકાય વગેરેનું પ્રમાણ તથા સ્પર્શના જણાવી કહ્યું કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને એક જીવ એ ત્રણે પદાર્થોના પ્રદેશો લોકના પ્રદેશો જેટલા છે. તથા ધર્માસ્તિકાયનો સાધિક અર્ધ ભાગ એટલે અડધો ઝાઝેરો ભાગ અધોલોકને અડકે છે. તિર્છા લોક ધર્માસ્તિકાયના અસંખ્યાતમા ભાગને તથા ઊર્ધ્વલોક તેના લગાર ઓછા અર્ધા ભાગને અડકે છે. પછી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાશની સાથે રત્નપ્રભાદિ સાતે નરક પૃથ્વીની જંબૂદ્વીપાદિક દ્વીપ સમુદ્રની ને સૌધર્મ દેવલોકાદિથી માંડીને સિદ્ધશિલા સુધીના પદાર્થોની સ્પર્શના વગેરે વિસ્તારથી સમજાવીને અંતે આની બીના ટૂંકામાં જણાવનારી સંગ્રહગાથા કહી છે.

## બીજા શતકની સજ્ઝાય (ભાનવિજયકૃત)

શ્રુતધરા શ્રુતબલઈં જે વદે તસ ભરે કેવલી સાખિ રે
ઈતિ શ્રુતજ્ઞાની આરાધીઇં કેવલી પરિજિન સાખિ રે... ધન્ય૦ ૧
ધન્ય જગિ શ્રુતધરા મુનિવરા તસ ઉપાસક પણ ધન્ય રે
પૃચ્છક કથક સરિખઇ મિલઈ ધર્મિ મન હુઇ પરસન્ન રે... ધન્ય૦ ૨
તુંગીઆ નામિ નગરી હવી ધણ કણ જિહાં ભરપૂર રે
સુસમણોપાસકા તિહાં બહુ ઋદ્ધિપરિવાર જસ ભૂરિ રે... ધન્ય૦ ૩
જાણ નવ તત્ત્વના ભાવીયા જિનમતઇં જેહ નિઃસંક રે
અરથ નિશ્ચય કરી ધારતા પરમત તણી ન ઇહાં કંખ રે... ધન્ય૦ ૪
સુરગણઇં પણિ નવ લાવીયા મોકલ્યાં જસ ગૃહ દ્વાર રે
પૂર્ણ પોસહ ચઉ ઉપવીના પાલતા નિતુ વ્રત બાર રે... ધન્ય૦ ૫
સાધુનૈં નિતુ પડિલાભતા જિનમત રંજિત મીજ રે
એકદા થિવિર સમોસરિયા પાસ સંતાનીયા તિહાં જ રે... ધન્ય૦ ૬
જાતિ કુલ રૂપ બલ તપ વિનય લાજ જ્ઞાનાદિ સંપન્ન રે
જિય કષાયા જિય ઇંદ્રિયા જિય પરીષહ દૃઢ મન્ન રે... ધન્ય૦ ૭

ઉગ્ર તપ ઘોર તપ બ્રહ્મ તિમ ચરણ કરણઈં પરધાન રે
ઉંજ જસ તેજ વચ્ચંસિયા દસયતિધર્મ નિધાન રે... ધન્ય૦ ૮
પંચ શત સાધુઈ પરિવર્યા વિહરતા અપ્રતિબંધ રે
પુપ્ફવઈ ચેઇઇ ઉતર્યા અવગ્રહી અવગ્રહ સંધિ રે... ધન્ય૦ ૯
તે સુણી શ્રાવક હરખીયા વંદના ફલ મનિ આણિ રે
તિહાં જઈ વિધિસું વંદન કરી સાંભળી ધર્મની વાણિ રે... ધન્ય૦ ૧૦
..... ..... ..... .....સંયમ ફલ નિર્જરા હોય રે... ધન્ય૦ ૧૧
તવ ફિરી શ્રાવક બોલીયા દેવગતિ કેમ જંતિ
કાલિક પુત્ર થવિર વદઈ સહ રાગ તપઇં કરી હુંત... બહુ૦ ૧૨
બહુ શ્રુત ધન્ય ધન્યધન્ય જસ વિઘટઇ નહીંય વચન્ન
જસ જ્ઞાનનાં ભીનુ મન્ન જેહથી શાસન અવિતિન્ન... બહુ૦ ૧૩
પામઈ સરાગૈં સંજમઇં ઈમ મોહિલ થવિર વદેય
શેષ કરમથી સુરપણું હોય આણંદ રક્ખિત કહેય... બહુ૦ ૧૪
કાશ્યપ થવિર ભણઇ તદા સત્સંગથી દેવ હવંત
એહ અરથ પરમારથઇં અમો નહીં અહમેવ વદંત... બહુ૦ ૧૫
ઈમ ઉત્તર સુણી શ્રાવકા વંદિ નિજ નિજ ઘરિ જંતિ
એહવઇં રાજગૃહ પુરઇં જિનવીરજી સમવસરંત... બહુ૦ ૧૬
ગોચરીઇં છઠ્ઠ પારણઇં શ્રી ગૌતમ ગણધર જાત
તિહાં જનમુખથી સાંભળ્યો સવિ પ્રશ્ન તણો અવદાત... બહુ૦ ૧૭
થવિર વચન એ કિમ મલઇં ઈમ ધારિ આવ્યો ઠારિ
આહાર દેખાડી વીરનઇં પૂછઇ કરવા નિરધાર... બહુ૦ ૧૮
એહ પ્રશ્ન કહવા પ્રભુ છેં થવિર કહો ભગવંત
વીર કહઈ સમરથ અછેં ઉપયોગી છે એહ સંત... બહુ૦ ૧૯
હું પણ એહ ઈમ જ કહું એહમાં નહીં કો અહમેવ
એહવા શ્રુતધર વંદીઈં જસ અનુવાદક જિનદેવ... બહુ૦ ૨૦
ભગવતિ **બીજા શતકમાં** જોઈ નઈં એહ સજ્ઝાય
પંડિત શાંતિવિજય તણો કહે **માનવિજય** ઉવજ્ઝાય... બહુ૦ ૨૧

## બીજા શતક અંતર્ગત શ્રી સ્કંદક મુનિની સજ્ઝાય (ભાનવિજયકૃત)

શ્રી જિનધરમ લહઈ તે પ્રાણી જેહ કરિ ખરિ ખોજિ,
ખંધાની પરિ નિરહંકારિ જ્ઞાન તણી લહઈ સોઝિ રે.
પરિણતિ પ્રાણી જ્ઞાન અભ્યાસો૦ ૧
માન તજીને જ્ઞાની ગિરુઆ ગુરુનો સેવ્યો પાસો રે... પરિ૦ ૨
સાવત્થી નગરીઇં તાપસ ખંધો નામે મહંત રે,
વેદ ચૌદનો પાઠક પૂરો પંડિત પ્રવર કહંત રે... પરિ૦ ૩
પિંગલ નામિં વીરનઇં શિષ્યઇં પૂછ્યાં પ્રશ્ન તસ ચાર રે,
લોકને સાંત અનંત કે કહીઇં ખંધા ભાખો વિચાર રે... પરિ૦ ૪
જીવ તણા ઈમ સિદ્ધ તણા પણ બોલ્યા દો દો વિકલ્પ રે,
વૃદ્ધિ હાનિ કુણ મરણઇં હોઈ એ ચોથો કહીઓ જલ્પ રે... પરિ૦ ૫
તેણ(હ) સુણીનેં શંકિત હુઓ ઉત્તર દેવા અધીર રે,
એહવઇં કયંગલા પુરીઇં નિસુણ્યા આવ્યા શ્રી જિનવીર રે... પરિ૦ ૬
નિકટ પુરીઇં છે તિહાં જઈ પૂછું વીરનઈ પ્રશ્નના ભાવ રે,
ઈમ વિમાસી મારગ ચાલ્યાં ખંધો સરલ સભાવઈ રે... પરિ૦ ૭
તેહવે ગૌતમનઇં કહિઓ વીરઇં પૂર્વ સંગતી તુમ આવઇ રે,
પુનરપિ ભાખું ગૌતમ પ્રશ્નઇં વેગું ચારિત્ર પાવઇ રે... પરિ૦ ૮
આવતઈ દેખી ખંધો નિકટઈ ગૌતમ સાહમો જાવઈ રે,
સ્વાગત પૂછી કહી મન વાતાં વળતું ગુરુનઇં ભળાવઇ રે... પરિ૦ ૯
દોય જણા પહોંતા જિન પાસિં વીરઇં ખંધા ઉદ્દેસિ રે,
આગમ કારણ જ્ઞાનઇં ભાખી પ્રશ્ન પ્રવૃત્તિ ઉપદેસી રે... પરિ૦ ૧૦
**ઢાલ :** દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી લોક ચતુર્વિધો રે દ્રવ્ય થકી લોક એક
સંખ્યાતીત યોજન પરિમિત છે ક્ષેત્રથી રે કાલથી શાશ્વત છેક...
ખંધા ! સાંભળો રે કેવલી વિણુ એહ અરથ લહે કુણ નિરમલો રે... ખંધા૦ ૧૧
ભાવથી વર્ણાદિક પર્યાય અનંત છે રે જીવ ભેદ ઈમ ચાર,
પણ ભાવથી જ્ઞાનાદિક પર્યાયા કહિયા રે એમજ સિદ્ધ વિચાર... ખંધા૦ ૧૨
એહ વિશેષ પણયાલીસ લખ યોજન કહી રે ઇમ સવિ દુવિધ સઅંત,
તહ અનંત સવે છઈ કાલથી ભાવથી રે ઇમ જિનવર ભાખંત... ખંધા૦ ૧૩

બાલ મરણ સંસાર વધારે જીવને રે કાટઈ પંડિત મૃત્યુ,
અરથ સુણી ઈમ જિન પાસઇં ચારિત્ર લીઈ રે ખંધો બૂઝી ચિત્તિ... ખંધા૦ ૧૪
અંગ એકાદશ પાઠી પ્રતિમા સવિવહી રે શાસ્ત્ર તણે અનુસાર,
સોલમાસ ગુણ રયણ સંવત્સર તપ તપ્યો રે જિહાં ત્રિહોતરિ આહાર... પરિ૦ ૧૫
બાર વરસ અંતઈ ઈક માસ સંલેખના રે કરી અચ્યુત ઉત્પન્ન,
તિહાંથી ચવી ઋષિરાજ વિદેહઈ સીઝસ્યે રે માન કહિ એ ધન્ન... પરિ૦ ૧૬

## શતક ૩

ઉ. ૧ : અહીં શરૂઆતમાં આ ત્રીજા શતકનો સાર જણાવનારી સંગ્રહગાથા કહી છે. પછી વિકુર્વણા એટલે વૈક્રિયલબ્ધિના પ્રતાપે દેવો જે જુદી જુદી જાતનાં રૂપો બનાવે તેને લક્ષ્યમાં રાખીને મોકા નગરીની બહાર નંદન ચૈત્યવાળા ઉદ્યાનમાં શ્રી અગ્નિભૂતિ ગણધરે પ્રભુ શ્રીમહાવીરદેવને ચમરેન્દ્રની વૈક્રિયશક્તિને અંગે પ્રશ્નો પૂછ્યા છે. તેના ઉત્તરો મેળવી તેના સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશક દેવો અને લોકપાલ દેવો તથા અગ્રમહિષી સંબંધી પ્રશ્નોત્તરો જણાવ્યા છે. પછી અગ્નિભૂતિ અને વાયુભૂતિ માંહોમાંહે સવાલ જવાબ કરતા હતા તે અવસરે શ્રી અગ્નિભૂતિએ કહેલી જે બીના સાંભળી વાયુભૂતિને સંદેહ થયો તેનો ખુલાસો પ્રભુ શ્રીમહાવીરદેવે કર્યો. તે સાંભળી વાયુભૂતિને ખાત્રી થઈ કે શ્રીઅગ્નિભૂતિનું કહેવું સાચું છે. આ રીતે પોતાની ભૂલ સમજનારા શ્રીવાયુભૂતિ ગણધરે શ્રીઅગ્નિભૂતિ ગણધરને ખમાવ્યા. આ બીના સ્પષ્ટ સમજાવી છે.

પછી શ્રીમહાવીરદેવને અગ્નિભૂતિએ અને વાયુભૂતિએ અનુક્રમે દક્ષિણેન્દ્ર અને ઉત્તરેન્દ્રના (બલીન્દ્રાદિના) સામાનિકાદિ દેવોની વૈક્રિય લબ્ધિના પ્રશ્નો પૂછ્યા તેમાં સામાનિક દેવના અધિકારે તિષ્યક મુનિનો અધિકાર વર્ણવ્યો છે. તેમાં તેની વૈક્રિયશક્તિનો પ્રશ્ન પૂછેલ છે. પછી અગ્નિભૂતિનો વિહાર જણાવ્યો છે. હવે વાયુભૂતિ ઈશાનેન્દ્રની શક્તિને અંગે પ્રભુને પૂછે છે, અને કુરુદત્ત મુનિ પણ વિકુર્વણા સંબંધી પ્રશ્નો પૂછે છે. તેમાં સનત્કુમારેન્દ્રાદિની ને તેના સામાનિક દેવાદિની વૈક્રિયશક્તિ સંબંધી પ્રશ્નોત્તરો કહ્યા છે.

આની પછી જણાવ્યું છે કે પ્રભુ શ્રીમહાવીરદેવ અહીંથી વિહાર કરી રાજગૃહ નગરમાં પધાર્યા. અહીં ઈશાનેન્દ્ર આવ્યા, તેમણે પ્રભુને પ્રદક્ષિણા વંદનાદિ કરી દેવતાઈ ઋદ્ધિ દેખાડી સંહરી લીધી. આ પ્રસંગે દેવઋદ્ધિના પૂછેલ

પ્રશ્નનો જવાબ દેતાં પ્રભુએ કૂટાકાર શાળાનું દષ્ટાંત તથા તેવી દેવઋદ્ધિને પામવાના ઉપાયો જણાવ્યા છે. પછી મૌર્યપુત્ર ગણધર અને તામલી તાપસના અધિકારમાં જણાવ્યું કે, તેણે (તામલી તાપસે) પ્રાણામા નામની પ્રવ્રજ્યા લીધી હતી ને ઇંદ્ર માટે બલિચંચા રાજધાનીમાં દેવો ભેગા મળ્યા. એકમત થઈને તેઓએ અનશનભાવમાં રહેલ તામલી તાપસને પોતાના ઇંદ્ર થવા માટે બહુ આગ્રહભરી વિનંતી કરી, પણ તેમાં તેઓ સફળ નીવડ્યા નહિ. બન્યું એવું કે નિયાણું ન કરવાથી તે ઈશાનેન્દ્ર થયો. તેથી બલિચંચાના દેવોને તેની ખબર પડતાં તેમણે ક્રોધે ભરાઈ તેના શબની અવગણના કરી. તેની ઈશાનેન્દ્રને ખબર પડતાં તેણે ક્રોધે ભરાઈ બલિચંચા તરફ નજર ફેંકી, તેથી તે બળવા લાગી. દેવો નાસભાગ કરવા લાગ્યા, હેરાન થયેલા તેમણે ઈશાનેન્દ્રને ખમાવ્યા ને ઉપદ્રવને શાંત કરવા વિનંતી કરી. તેથી તેણે દષ્ટિ સંહરી લીધી. પછી ઈશાનેન્દ્રનું આયુ તથા મુક્તિસ્થળની બીના જણાવી કહ્યું કે, દક્ષિણાર્ધના અને ઉત્તરાર્ધના ઇંદ્રો ભેગા મળે છે ને વાર્તાલાપ કરે છે. પછી સહકાર્યક્રમ જણાવી વિવાદ (ઝઘડા)ના પ્રસંગે સનત્કુમારેન્દ્રને યાદ કરતાં તે આવી નિવેડો લાવે છે. (ઝઘડો પતાવી દે છે.)

પછી શક્રના ને ઈશાનેન્દ્રનાં જુદાં જુદાં વિમાનોની બીના, તે બધાંની ઊંચાઈ, ઈશાનેન્દ્રની પાસે શક્રનું આગમન (આવવું) વગેરે હકીકત જણાવીને કહ્યું કે શક્રના ને ઈશાનેન્દ્રના વિવાદનો નિવેડો લાવવાર (ઝઘડાને પતાવનાર) સનત્કુમારેન્દ્ર છે. તે શ્રમણ વગેરેનું હિત ચાહે છે ને કરે છે તેથી તેમાં ભવ્યપણું વગેરે જરૂર છે. પછી તિષ્યક મુનિના ને કુરુદત્ત મુનિના તપ વગેરેની ને વિમાનોની ઊંચાઈ, પ્રાદુર્ભાવ વગેરેની બીના પણ સ્પષ્ટ જણાવી છે.

ઉ. ૨ : રાજગૃહ નગરની બહાર પર્ષદામાં શ્રીગૌતમ ગણધરે પ્રભુ મહાવીરને પૂછ્યું કે અસુરો ક્યાં રહે છે? જવાબમાં પ્રભુએ કહ્યું કે રત્નપ્રભા પૃથ્વીની વચ્ચે રહે છે. તેઓ પાછલા ભવના શત્રુને દુઃખ ઉપજાવવા ને મિત્રને સુખી કરવા નીચે ત્રીજી નરક સુધી ગયા છે. પણ તેઓ સાતે નરક પૃથ્વી સુધી જવાની શક્તિવાળા છે. તથા શ્રીતીર્થંકરદેવોના જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન ને નિર્વાણ કલ્યાણકોનો ઓચ્છવ કરવા તીર્છા નંદીશ્વરદ્વીપ સુધી ગયા છે, પણ તેમનું સામર્થ્ય તો અસંખ્યાતા દ્વીપ-સમુદ્રો સુધી જવાનું હોય છે. તેમજ વૈમાનિક દેવોને અને અસુરોને માંહોમાંહે ભવપ્રત્યયિક વૈર હોય છે. તેથી તેઓ ઊંચે સૌધર્મ દેવલોક સુધી ગયા છે, પણ અચ્યુત દેવલોક સુધી જવાનું તેમનું

સામર્થ્ય હોય છે. તેઓ આત્મરક્ષક દેવોને ડરાવીને રત્નો વગેરે ચોરે છે. દેવીઓ તેમને સજા કરે છે.

પછી અસુરો અને અપ્સરાઓની હકીકત જણાવી કહ્યું કે અનંતી ઉત્સર્પિણી ને અવસર્પિણી વીત્યા બાદ શ્રીઅરિહંતાદિના આશરાથી જ મહાઋદ્ધિવાળા અસુર દેવો ઊંચે જાય છે. અહીં શબર વગેરેની પણ બીના કહી છે. પછી ઊંચે જનારામાં ચમરેન્દ્રનો અધિકાર વર્ણવ્યો છે. તેનું રહસ્ય એ છે કે, તે પાછલા અનંતર ભવમાં જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિંધ્યગિરિની તળેટીમાં આવેલ વેભેલ ગામનો રહીશ પૂરણ નામનો ગૃહસ્થ હતો. તેણે દાનામા નામની તાપસી પ્રવ્રજ્યા લઈ ઉગ્ર તપ કરવા માંડ્યું. પારણાના સમયે ચાર ખાનાંવાળું એક ભાજન લઈ ભિક્ષા લેવા નીકળતો હતો. મળેલી ભિક્ષામાંથી વટેમાર્ગુ વગેરેને દઈને પારણું કરતો હતો. બાર વર્ષો પછી અંતસમયે પૂરણ તાપસ પાદપોપગમન, અનશન વગેરે કરી ચમરેન્દ્ર થયો. આ વખતે પ્રભુ શ્રીમહાવીરના દીક્ષાના દિવસથી ગણતાં છદ્મસ્થ પર્યાયનાં ૧૧ વર્ષો વીત્યાં હતાં. શકેન્દ્રની ઋદ્ધિ જોઈને ચમરેન્દ્રને ઈર્ષ્યા થઈ. તે શ્રીમહાવીર પ્રભુનું શરણું લઈને ભયંકર રૂપ વિકુર્વી શક્રને ગાળો દેતો પહેલા દેવલોકમાં પરિઘ લઈને જતો બહુ જ તોફાનો કરવા લાગ્યો. તે જોઈ વ્યંતરો ભાગવા લાગ્યા, ને જ્યોતિષિકોના વિભાગ થયા. શક્રના આત્મરક્ષક દેવોને ત્રાસ ઉપજાવતો ઠેઠ શક્રની નજીક પહોંચી ગયો. અહીં દરવાજાના ખીલાને ઠોકવા લાગ્યો વગેરે તોફાનો જોઈને અને પોતાના દેવોને તેનાથી ભય પામતા જોઈને શક્રે તેને મારવા વજ્ર છોડ્યું. તેથી ડરીને ચમરેન્દ્ર ભાગી પ્રભુ મહાવીરના પગમાં પડ્યો. ત્યારે સૌધર્મેન્દ્રે પ્રભુને જોઈને આશાતના ન થાય, એ રીતે છેટેથી વજ્રને પકડીને પ્રભુને વાંદી માફી માગી, શ્રીવીરના પ્રભાવે ચમરેન્દ્ર બચી ગયો. આ બીના સુસમારપુરની બહાર પ્રભુ મહાવીર એકરાત્રિકી પ્રતિમા (કાઉસ્સગ્ગ)માં રહ્યા હતા તે સમયે બની હતી.

પછી શ્રીગૌતમે પૂછેલા પ્રશ્નના જવાબમાં પ્રભુએ પુદ્ગલની ગતિનું વર્ણન કરતા શક્રની અને ચમરેન્દ્રની ને વજ્રની ગમનશક્તિ, તથા તે ત્રણેની ગતિની માંહોમાંહે તુલના ને તેમની ગતિનું કાળમાન જણાવ્યું. પછી ચમરેન્દ્રને થયેલ શોક અને તે શોકના કારણના અને તે ચમરેન્દ્રના દેવસંબંધી પ્રશ્નોત્તરો, તથા ચમરની પ્રભુભક્તિ અને તેની સ્થિતિ (આયુષ્ય) અને તેની સિદ્ધિનું વર્ણન વિસ્તારથી કર્યું છે.

ઉ. ૩ : અહીં મંડિતપુત્ર ગણધર અને શ્રીગૌતમ ગણધર આ બે પ્રશ્નકારો છે. તેમાં મંડિતપુત્રે પૂછેલા ક્રિયાના પ્રશ્નનો ઉત્તર દેતાં પ્રભુએ ૧. કાયિકી, ૨. અધિકરણિકી, ૩. પ્રાદ્વેષિકી, ૪. પારિતાપનિકી, ૫. પ્રાણાતિપાતિકી ક્રિયા એમ તેના પાંચ ભેદો જણાવીને બીજા કર્મ અને ઉદયના પ્રશ્નના જવાબમાં કહ્યું કે પહેલી ક્રિયા થાય એટલે કર્મબંધ વગેરે થાય, ને પછી કર્મનાં ફલો વગેરેનો અનુભવ થાય છે. નિર્ગ્રંથોને પ્રમાદથી કે યોગથી કર્મ બંધાય છે. પછી જીવના એજનનો એટલે હાલવું વગેરેનો અને પરિણમન વગેરેનો તથા જીવની અંતક્રિયાનો વિચાર અને આરંભ, સંરંભ, સમારંભ તથા જીવનું અક્રિયપણું જણાવતાં પ્રસંગે ઘાસના પૂળાનું ને અગ્નિનું દષ્ટાંત તથા પાણીનું બિંદુ અને નાવ (હોડી) અને તેના બાકા વગેરેનું સ્વરૂપ સમજાવીને સાધુની સાવચેતી વર્ણવી છે.

પ્રમત્તતાનો અને અપ્રમત્તપણાનો કાલ (સ્થિતિ), અને લવણ સમુદ્રની વેલાની હાનિવૃદ્ધિ (તેમાં ભરતી ઓટ) થવામાં લોકસ્થિતિ (અનાદિ કાલથી ચાલુ લોકની મર્યાદા) રૂપ હેતુ વગેરે બીના કહી જણાવ્યું કે એજનાદિ ક્રિયાવાળા જીવો આરંભાદિ કરતા હોવાથી અંતક્રિયા ન કરી શકે પણ બીજાઓ કરી શકે છે. આ બીના તથા તેને અનુસરતી બીજી પણ બીના સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૪ : અહીં અનગાર (સાધુ) યાન (વાહન) રૂપે જતા દેવને દેવરૂપે જુવે કે વાહનરૂપે દેખે ? આ પ્રશ્નના જવાબમાં ચઉભંગી કહીને એવા દેવી અને દેવની બાબતમાં પ્રશ્નોત્તરો જણાવી 'ઝાડને દેખનારો સાધુ તેના અંદરના કે બહારના ભાગને દેખે કે નહિ ?' આ પ્રશ્નનો જવાબ દેતા સંભવતા ચાર ભાંગા જણાવ્યા છે. એ પ્રમાણે મૂલ, કંદ, થડ વગેરેના પ્રશ્નોત્તરો જણાવતાં ૪૫ ભાંગા જણાવીને કહ્યું કે વાયુ માત્ર ધજાના આકારે વાય છે. તેમાં કારણ જણાવતાં ફરમાવ્યું કે વાયુ ધજાના આકારે ઘણા યોજનો સુધી જાય છે. પછી આત્મઋદ્ધિ, પરઋદ્ધિ, આત્મપ્રયોગ ને પરપ્રયોગની બીના કહીને જણાવ્યું કે વાયુ ધજારૂપ નથી. પછી ધજાના આકારે જનારી વાદળીઓની બીના કારણ કહેવાપૂર્વક વર્ણવી છે.

પછી મરણ પૂર્વેની લેશ્યાવાળા નારકની તથા જ્યોતિષિકની ને વૈમાનિકની લેશ્યાની હકીકત, તેમજ લેશ્યાનાં દ્રવ્યોનું સ્વરૂપ કહીને જણાવ્યું કે અનગાર (સાધુ) બહારના પુદ્ગલોને લઈને વૈભારગિરિને ઓળંગી શકે છે. વિકુર્વણાને કરનારો માયી છે, તેનું કારણ કહીને પ્રણીત ભોજન ને અપ્રણીત ભોજનનું

સ્વરૂપ જણાવતાં કહ્યું કે પ્રણીત ભોજનથી માંસ અને લોહી પાતળું પડે, ને હાડકાં મજબૂત બને છે. તેમજ અપ્રણીત ભોજનથી માંસ અને લોહી ઘટ્ટ બને છે, હાડકાં પાતળાં પડી જાય છે. અંતે જણાવ્યું કે આલોચના નહિ કરનાર માયી જીવ વિરાધક બને છે, ને અમાયી આલોચના કરી આરાધક બને છે.

ઉ. ૫ : અહીં કહ્યું કે અનગાર (સાધુ) બાહ્ય પુદ્‌ગલોને લઈને સ્ત્રી વગેરેનાં રૂપો કરે. એવાં રૂપોથી જંબૂદ્વીપને ભરી દેવાનું માત્ર સામર્થ્ય તેનું હોય છે. પણ તેવું કરતા નથી. પછી યુવક, યુવતી, અસિચર્મપાત્ર, ઘોડા, હાથી વગેરેને રૂપે અનગારની, ને પુદ્‌ગલોને ગ્રહણ કરવાની હકીકત કહીને આત્મઋદ્ધિ-પરઋદ્ધિ વગેરેનું તથા વિકુર્વણાનું સ્વરૂપ જણાવ્યું છે. પછી કહ્યું કે માયી જીવ મરીને આભિયોગિક થાય અને અમાયી જીવ અનાભિયોગિક દેવપણું પામે. અંતે આના સારને જણાવનારી સંગ્રહ ગાથા કહી છે.

ઉ. ૬ : અહીં મિથ્યાદૃષ્ટિ અનગારની વિકુર્વણાનું સ્વરૂપ જણાવતાં કહ્યું કે તેને તથાભાવને સ્થાને અન્યથાભાવ થાય એટલે રાજગૃહને વારાણસી સમજે, ને વારાણસીને રાજગૃહ છે એમ સમજે. આ રીતે મિથ્યાત્વના પ્રતાપે તેને ભ્રમ થાય છે. એમ જનપદ વર્ગની વિકુર્વણાને પણ તે મિથ્યાદૃષ્ટિ અણગાર સ્વાભાવિક માને છે. એ પણ એનો ભ્રમ જ છે, એમ જાણવું. પછી કહ્યું કે આથી વિપરીત હકીકત સમ્યગ્દૃષ્ટિ અનગારની વિકુર્વણામાં બને છે. તેમાં અન્યથાભાવ ન જ હોય, કારણકે સમ્યગ્દૃષ્ટિ છે, તેથી જે પદાર્થ જેવા રૂપે હોય તેને તેવા સ્વરૂપે તે જાણે છે. પછી વીર્યલબ્ધિનું, વૈક્રિયલબ્ધિનું, અવધિજ્ઞાનલબ્ધિનું તથા પુરુષકાર વગેરેનું, ને પુદ્‌ગલોના ગ્રહણાદિનું તથા ગામના રૂપ વગેરેનું સ્વરૂપ કહીને ચમરેન્દ્રના ને બીજા ઇન્દ્રના આત્મરક્ષક દેવોની બીના જણાવીને છેવટે પ્રભુ મહાવીરનો વિહાર વર્ણવ્યો છે.

ઉ. ૭ : અહીં રાજગૃહનગરમાં બનેલી ચાર લોકપાલની હકીકત જણાવી છે. અનુક્રમે સોમ, યમ, વરુણ અને કુબેરનાં વિમાનાદિનું સ્વરૂપ દરેક લોકપાલના તાબાના દેવો, તેમના તાબાની ઔત્પાતિક પ્રવૃત્તિઓ જણાવતાં સોમ નામના લોકપાલના સંધ્યાપ્રભ, વરશિષ્ટ, સ્વયંજ્વલ, વલ્ગુ આ ચાર વિમાન વગેરેનો હેવાલ આપ્યો છે. પછી તેના તાબાના દેવો અને સોમના તાબાની ઔત્પાતિક પ્રવૃત્તિઓ વગેરેનું વર્ણન કર્યું છે. એ જ પદ્ધતિએ યમ વગેરેનું વર્ણન કર્યું છે. યમના તાબાના રોગો તથા દુઃખો, વરુણના તાબાની પાણીને લગતી પ્રવૃત્તિઓ, તથા વૈશ્રમણ (કુબેર)ને સ્વાધીન લક્ષ્મી અને લક્ષ્મીવૃષ્ટિ વગેરેનું

સ્વરૂપ જણાવ્યું છે.

ઉ. ૮ : અહીં રાજગૃહ નગરમાં બનેલી હકીકત જણાવી છે; એટલે ચારે નિકાયના દેવોના સ્વામીઓ (ઉપરીઓ)નું વર્ણન કરીને પ્રભુનો વિહાર જણાવ્યો છે.

ઉ. ૯ : રાજગૃહ નગરમાં પૂછેલા પ્રશ્નના જવાબમાં ઇંદ્રિયોના શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એમ પાંચ વિષયો જણાવતાં વિસ્તાર માટે જીવાભિગમસૂત્રની ભલામણ કરી પ્રભુ મહાવીરનો વિહાર જણાવ્યો છે.

ઉ. ૧૦ : અહીં બનેલી ઘટનાનું સ્થાન રાજગૃહ છે, ચારે દેવનિકાયના ઇંદ્રોની સભાઓનું વર્ણન કર્યું છે. તેમાં ચમરેન્દ્રની ૧. શમિકા, ૨. ચંડા, ૩. જાતા નામની ત્રણ સભા કહી છે.

## ત્રીજા શતકની સજ્ઝાય (૧) (ભાનવિજયકૃત)

(નિંદ્રડી વેરણ હોય રહી — એ દેશી)

પ્રણમું તે ઋષિરાયનઇં સદ્દહણા હો જેહ સુદ્ધ કરંત કે
દોષ ખમાવી આપણા નિજ ચારિત્ર હો નિકલંક કરંત કે... સુધા૦ ૧
સુધા સાધુનઇં સેવીઇં જેહને નહી હો પરમાદ પ્રસંગ કે
જ્ઞાનના રંગ તરંગમાં જેહ લીના હો નિતુ જ્ઞાની સંગ કે... સુધા૦ ૨
મૂકા નગરીઇં વીરનેં અગ્નિભૂતિં હો પૂછિઉં કરી ભગતિ કે
ભગવન ! રિદ્ધિ ચમરેંદ્રની કહો કેહવી હો વિકુર્વણા શક્તિ કે... સુધા૦ ૩
વળતું વીર વદઈ ઇસ્યું તસ ભવન હો છે ચોત્રીસ લાખ કે
ચઉસઢિ સહસ સામાનિકા ત્રાયત્રિશંક હો તેત્રીસની ભાખ કે... સુધા૦ ૪
લોકપાલ ચઉ(ચિહુ) સારિખા અગ્રમહિષી હો પણિ સપરિવાર કે
કટક સાત તિગ પરષદા પતિ કટકના હો સાતે ઝૂઝાર કે... સુધા૦ ૫
ચઉસઢિ સહસ ચઉદિસિં અંગરક્ષક હો બીજા પણિ દેવ કે
ગીતગાન નાટિક કરેં આણા વહેં હો સારે નિતુ સેવ કે... સુધા૦ ૬
વૈક્રિય શક્તિ સુણો હવેં નિજ રૂપઈં હો ભરઇં જંબુદ્વીવ કે
અહવ અસંખ દીવોદહી પણ કેવલ હો એહ વિષય સદીવ કે... સુધા૦ ૭
સામાનિક ત્રાયત્રિંશની ઇમ કહવી હો વિક્રિયની સગતિ કે
લોકપાલ અગ્ર મહિષીનઈં દ્વીપ સમુદ્રની હો સંખ્યાતી, વિગતી કે... સુધા૦ ૮

અગ્નિભૂતિ ઇમ સાંભળી વાયુભૂતિ નઈ હો નિકટઈ આવંત કે
અણપૂછે સવિ ઉપદિશ્યૈ વાયુભૂતિં હો નહુ તે સદ્દહંત કે... સુધા૦ ૯
ઉઠી જિન પાસેં ગયો સહજાતનુ હો ભાષિત પૂછે ય કે
એહ સવિ સાચું જિન કહે ઇમ ગૌતમ હો હું પણ ભાખેય... સુધા૦ ૧૦
જિનવયણાં નિશ્ચઇં કરી સુધર્મનઈ (સહોદરનિ) હો આવી ખામંત કે
ઈમ સદ્દહણા સુદ્ધતા (સાધુતા) જેહ રાખે હો તેહ ધન્ય મહંત કે... સુધા૦ ૧૧
ભગવતી **ત્રીજા શતકમાં** ભગવંતઈ હો ભાખ્યો એહ ભાવ કે
**માનવિજય ઉવજ્ઝાયને** ઇમ આવઈ હો સદ્દહણા ભાવ કે... સુધા૦ ૧૨

## ત્રીજા શતકની સજ્ઝાય (૨) (ભાનવિજયકૃત)

(દેશી બિંદલીની)

ચોકખે ચિત્તેં ચારિત્ર પાળો પૂરવકૃત પાપ પખાલો હો... ભવિયણ ! વ્રત ધરો (ધારો)
વ્રતનો મહિમા છે મોટો વૈમાનિકમાં નહી ત્રોટો હો... ભવિયણ૦ ૧
તિષ્યનામા શ્રી વીરનો શિષ્ય આરાધે નિરમલ દીક્ષ હો ભવિયણ૦
છઠછઠ્ઠ તપઇં નિતુ તપીઓ પારણે આહારનો ખપીઓ હો... ભવિયણ૦ ૨
સૂરજ સનમુખ કાઉસગ્ગ ઊંચી ભુજ ધ્યાનિ લગ્ગ હો ભવિયણ૦
આતાપના ભૂમિં કરતો આતાપના કરમ નિર્જરતો હો... ભવિયણ૦ ૩
ઇમ આઠ સંવત્સર કીધ ઇમ માસ સંલેખણા લીધ હો ભવિયણ૦
સૌધર્મઇં સરગેં પહોંતો સામાનિક દેવ પનોતો હો... ભવિયણ૦ ૪
ચઉ સહસ સામાનિક સાથ ચઉ અગ્ર મહિષીનો નાથ હો ભવિયણ૦
તિગ પરિષદ સાત અનીક તસ અધિપતિ પાત (સાત) જ ઠીક હો... ભવિયણ૦ ૫
અંગરક્ષક ષોડશ સહસ બીજા પણ સુર બહુ સુવિસેસ (કહસ) હો ભવિયણ૦
એહવી જસ રિદ્ધિ વખાણી ચારિત્ર તણી નિસાણી હો... ભવિયણ૦ ૬
ઈમ કહિઓ વલી કુરુદત્તપુત્ર જિનવીરનો (જિનવરનો) શિષ્ય સુપુત્ર હો ભવિયણ૦
અઠ્ઠમ અઠ્ઠમ નિરધાર આયંબિલ અંતરિ પારે હો... ભવિયણ૦ ૭
ષટમાસ શ્રમણ પરયાય સંલેખણાપખ કહિવાય હો ભવિયણ૦
ઈશાન સર્ગિ સૂર હુઓ રિદ્ધિ પૂરવની પરિ (ખરિ) જૂઓ હો... ભવિયણ૦ ૮
ચારિત્રનાં ફલ ઇમ જાણી વ્રત આદરયો ભવિ પ્રાણી હો ભવિયણ૦
ભગવતી નિં **શતકેં ત્રીજેં** અધિકાર સુણી મન રીઝે હો... ભવિયણ૦ ૯

બુધ શ્રી શાંતિવિજયનો સીસ એહવાનેં નામું સીસ હો ભવિયણ૦
કહે **માનવિજય ઉવજ્ઝાય** ઋષિરાજ તણો સજ્ઝાય હો... ભવિયણ૦ ૧૦

## ત્રીજા શતકની સજ્ઝાય (૩) (ભાનવિજયકૃત)

(દેશી . વિછિયાનિ)

શ્રી વીર વદેં ભવિ પ્રાંણિનેં ધરિ ગ્યાંન કરો પચખાણ રે,
નહીતર દુઃપચખાંણી હુસ્યો તેહથી ન હુંઇ નિરવાંણિ રે. ધ૦ ૧
ધરમિ જન ખપ કરો ગ્યાંનનો ગ્યાંનિ સિવસંપત્તિ હોય રે,
તપ થોડો પિણ ગ્યાંનિ ભલો નહી બાલ તપેં ગુણ કોય રે. ધ૦ ૨
તામલિપ્તિ નામિં નયરિંઇ તામલિ ગાથાપતિ રિદ્ધ રે,
ફલ પુન્ય તણાં જાંણિ ભલાં પ્રણામ પ્રવ્રજ્યા લિધ રે ધ૦ ૩
છઠ છઠ નિરંતર પારણેં લીઇં પંચગ્રાસિ આહાર રે,
એક વિસ વેલા જલેં ધોયો આતાપના કરતો સાર રે. ધ૦ ૪
સાઠ સહસ સંવછર એમ તપિ દોય માસ સંલેખણા કિધ રે,
બાલચંચાસુરનિ પ્રાર્થના નવિ માંનિ મૌન તે લીધ રે. ધ૦ ૫
મરિ ઈશાંનેં સુરપતિ હુઓ બલદેવેં કદર્થી કાય રે,
તેહ તેજોલેસ્યાઇં ઇમ કિધા નમતા નિજ પાય રે. ધ૦ ૬
સિવફલ સાધકેં ઇંમ તપ તપિ અગ્યાંનિં હુઓ ફલ અલ્પ રે,
ઇંમ ગામ બિભેલી ઉપનો પૂરણનો એમ જ જલ્પ રે. ધ૦ ૭
પણિં એહ વિશેષ જે ચોપડો પડઘો કરિ ભિક્ષા લેય રે,
પંથી પંખી જલ જીવનેં ચોથિં પુડિ નિજ આદેય રે. ધ૦ ૮
એમ બાર સંવછર તપ તપિ સંલેખણા કરિ ઇક માસ રે,
તિહાંથી મરિ ચમરેંદો હુઓ અગ્યાંનિ હુઓ એહ વાસ રે. ધ૦ ૯
બલ માનિ સૌધરમેં ગયો ઉપાડિ પરિઘ મહંત રે,
શક્રેં વજ્રેં બિહાવિયો શ્રી વીરનેં સરણેં જંત રે. ધ૦ ૧૦
અગ્યાંન તણાં ફલ એહવાં નિસુણિ આરાધો ગ્યાંન રે,
તેહ તો ગુરુ કુલવાસિં હુંઇ નિગુરાનિ સદા અગ્યાંન રે. ધ૦ ૧૧
ભગવતિ અંગેં **ત્રિજેં શતકેં** એહ ચાલ્યો છેં અધિકાર રે,
**શાંતિવિજય** વિનયી વદેં સદગુરુ સેવો હિતકાર રે. ધ૦ ૧૨

## શતક ૪

**ઉ. ૧થી ૮ :** અહીં શરૂઆતના ૮ ઉદ્દેશામાં કહેલી બીનાના સંક્ષિપ્ત સારને જણાવનારી સંગ્રહગાથા કહીને ઈશાનેન્દ્રના ૧. સોમ, ૨. યમ, ૩. વરુણ, ૪. કુબેર આ ચાર લોકપાલોનાં ચાર વિમાનોમાંના સુમનો વિમાનની બીના પહેલા ઉદ્દેશામાં કહી છે. બીજા ઉદ્દેશામાં સર્વતોભદ્ર વિમાનની, ત્રીજા ઉદ્દેશામાં વલ્ગુ વિમાનની તેમજ ચોથા ઉદ્દેશામાં સુવલ્ગુ વિમાનની હકીકત જણાવી છે. એમ પહેલા ચાર ઉદ્દેશામાં ચાર વિમાનોનું વર્ણન કરીને પાંચમાથી આઠમા ઉદ્દેશામાં તે ચાર લોકપાલોની ચાર રાજધાનીઓની ક્રમસર હકીકત જણાવી છે. સુમનો વિમાન ઈશાનાવતંસક વિમાનની પૂર્વમાં રહ્યું છે તે કહી યોગ્ય પ્રસંગે દેવોના સ્થિતિભેદનું સ્વરૂપ પણ જણાવ્યું છે.

**ઉ. ૯ :** અહીં નારક જીવોની હકીકત કહી છે એટલે નરકમાં જે જીવ ઊપજે તે નૈરયિક કહેવાય કે અનૈરયિક કહેવાય ? આનો જવાબ સ્પષ્ટ રીતે સમજાવી કહ્યું કે પ્રજ્ઞાપનાસૂત્રના ૧૭મા લેશ્યાપદના ત્રીજા ઉદ્દેશામાં આ હકીકત વિસ્તારથી જણાવી છે.

**ઉ. ૧૦ :** અહીં પૂછ્યું છે કે કૃષ્ણ લેશ્યા નીલ લેશ્યાને પામીને નીલ લેશ્યા રૂપે અને તેના જેવા વર્ણરૂપે પરિણમે ? આનો ઉત્તર દેતાં જણાવ્યું કે આની વિસ્તારથી હકીકત પ્રજ્ઞાપનાના ૧૭મા લેશ્યાપદના ૪થા ઉદ્દેશામાં કહી છે. પછી લેશ્યાના પરિણામ, વર્ણ, ગંધ, રસ, શુદ્ધ, અપ્રશસ્ત, સંક્લિષ્ટ, ઉષ્ણ, ગતિ, પરિણામ, પ્રદેશ, અવગાહ, વર્ગણા, સ્થાન, અને અલ્પબહુત્વ દ્વારોનું સ્વરૂપ સમજાવીને છેવટે પ્રભુના ઉત્તરોથી સંતુષ્ટ થયેલા શ્રીગૌતમના "હે ભગવન્ ! તે એ પ્રમાણે છે." આવાં શ્રદ્ધાગર્ભિત વચનો જણાવ્યાં છે.

## શતક ૫

આ પાંચમા શતકના ૧૦ ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશામાં સૂર્યને ઉદ્દેશીને પ્રશ્નોત્તરો છે. તે ચંપાનગરીમાં પુછાયા છે. તે જણાવવા માટે વિષયોની સંગ્રહ ગાથામાં 'चंप रवि' એમ કહ્યું છે. બીજા ઉદ્દેશામાં વાયુ સંબંધી પ્રશ્નોત્તરો છે. ત્રીજા ઉદ્દેશામાં જાલગ્રંથિકાના ઉદાહરણ ઉપરથી જણાતી બીનાનો નિર્ણય છે. ચોથા ઉદ્દેશામાં શબ્દને અંગે પ્રશ્નોત્તરો છે. પાંચમા ઉદ્દેશામાં છદ્મસ્થ સંબંધી હકીકત છે. છઠ્ઠા ઉદ્દેશામાં આયુષ્યના ઓછાપણાની ને વધારેપણાની બીના *છે. સાતમા ઉદ્દેશામાં પુદ્ગલોના કંપન સંબંધી વિચારો છે. આઠમા ઉદ્દેશામાં*

નિર્ગ્રંથી પુત્ર અનગારે પદાર્થો સબંધી વિચારો કર્યા છે. નવમા ઉદ્દેશામાં રાજગૃહ નગર સંબંધી વિચારણા કરી છે. દશમા ઉદ્દેશામાં ચંદ્રના પ્રશ્નોત્તરો જણાવ્યા છે. તે હકીકત ચંપાનગરીમાં જણાવી છે.

ઉ. ૧ : પૂર્ણભદ્ર ચૈત્યવાળા ઉદ્યાનમાં શ્રીગૌતમસ્વામીજીએ પ્રભુ શ્રીમહાવીરદેવને સૂર્યોદયાદિના પ્રશ્નો અને દિવસ-રાત્રિના વિચારોને અંગે પ્રશ્નો પૂછી ઉત્તર મેળવ્યા. પછી જંબૂદ્વીપના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધના વિચાર અને મેરુના ઉત્તર-દક્ષિણનો વિચાર તથા અઢાર મુહૂર્ત્તનો દિવસ, ને બાર મુહૂર્ત્તની રાતની બીના, તેમજ દિવસ અને રાત્રિના માપમાં વધઘટ કહીને બાર મુહૂર્ત્તનો દિવસ ને ૧૮ મુહૂર્ત્તની રાત્રિના વિચારો અને વર્ષાઋતુ, હેમંતઋતુ વગેરેના પહેલા સમયનો વિચાર તથા પ્રથમસમયાદિ કાલસંખ્યા જણાવ્યા છે. અહીં સૂર્ય ઈશાન ખૂણામાં ઊગીને અગ્નિ ખૂણામાં આવે વગેરે સૂર્યની સ્પષ્ટ બીના જણાવી મેરુના દક્ષિણાર્ધમાં ને ઉત્તરાર્ધમાં પહેલે દિવસે રાત્રિનાં મુહૂર્ત્તોના પ્રશ્નોત્તરો કહ્યા છે. પછી દક્ષિણાર્ધાદિમાં સમય, આવલિકા વગેરેની પ્રથમતાનો નિર્ણય કહીને લવણસમુદ્રાદિમાં પણ સમય વગેરેની પ્રથમતાનું વર્ણન કર્યું છે. એ પ્રમાણે આનું ટૂંક રહસ્ય છે.

ઉ. ૨ : અહીં જણાવેલી હકીકતનું મૂલ સ્થાન રાજગૃહ નગર છે. ઇષત્પુરોવાત, પશ્ચાદ્વાત, મંદવાત અને મહાવાતનું સ્વરૂપ કહીને દિશાઓને આશ્રીને વાયુના પ્રશ્નોત્તરો જણાવ્યા છે. પછી દ્વીપમાં વાતા વાયુ, સમુદ્રમાં વાતા વાયુ અને એ બંનેનો માંહોમાંહે વ્યત્યાસ વર્ણવ્યો છે. પછી એ વાયુઓને વાવાનાં કારણો, અને વાયુની ગતિ, તથા ઉત્તર ક્રિયા તેમજ વાયુકુમારાદિ દેવો દ્વારા વાયુકાયનું ઉદીરણ જણાવીને કહ્યું કે તે શ્વાસોચ્છ્વાસ લે છે, અને મરી મરીને અનેક વાર વાયુમાં આવે છે. તથા સ્પૃષ્ટ (શરીરાદિને સ્પર્શાયેલો) વાયુ મરે છે, તેમજ વાયુ શરીર સહિત નીકળે ને શરીર રહિત પણ નીકળે છે. વળી ઓદન, અડદ અને સુરા (દારૂ)નાં પુદ્ગલો અપેક્ષાએ વનસ્પતિનાં, પાણીનાં અને અગ્નિનાં શરીર કહેવાય, ને લોઢું, તાંબું, કલાઈ, સીસું, પાષાણ, કષપટ્ટિકા તથા કાટનાં પુદ્ગલો પૃથ્વીનાં ને અગ્નિનાં શરીરો કહેવાય. તથા બળેલાં હાડકાં, ચામડાં, શીંગડાં વગેરેનાં પુદ્ગલો ત્રસ જીવનાં ને અગ્નિનાં શરીરો કહેવાય. તેમજ અંગારો, રાખ વગેરે એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયનાં શરીરો અને અગ્નિનાં શરીરો કહેવાય. પછી લવણસમુદ્રનો ચક્રવાલ-વિષ્કંભ વગેરે જણાવી અંતે લોકસ્થિતિ જણાવી છે. પછી પ્રભુનો વિહાર વર્ણવ્યો છે.

ઉ. ૩ : અહીં અન્યતીર્થિકો કહે છે કે એક સમયે આ ભવનું અને પરભવનું આયુષ્ય (બે આયુષ્ય) જાલગ્રંથિકાના ઉદાહરણથી ભોગવાય. આ વિચાર ખોટો છે. પ્રભુએ કહ્યું કે એક સમયે એકજ આયુષ્ય ભોગવાય. તથા આયુષ્યકર્મ સહિત જીવ નરકમાં જાય છે. અહીં જે આયુષ્ય ભોગવાય, તે પાછલા ભવમાં નિયત સમયે બાંધ્યું હતું એમ સમજવું. ચોવીશે દંડકોમાં આ બીના ઘટી શકે છે. પછી જીવમાત્રને ઉદ્દેશીને યોનિ અને આયુષ્ય સંબંધી વિચારો વર્ણવ્યા છે.

ઉ. ૪ : અહીં કહ્યું છે કે છદ્મસ્થ મનુષ્ય શંખ, ઝલ્લરી વગેરે વાજિંત્રોના તથા બીજા પદાર્થોના પણ શબ્દો સાંભળે છે, તે સ્પર્શાયેલા (કર્ણેન્દ્રિયની સાથે અથડાયેલા, સંબદ્ધ થયેલા) શબ્દો સંભળાય, તથા તે આરગત શબ્દો સંભળાય. અહીં આરગત, અર્વાગ્ગત ને પારગત શબ્દોનું પણ સ્વરૂપ સમજાવ્યું છે. કેવલજ્ઞાની બધા શબ્દો સાંભળી શકે. આ હકીકત છદ્મસ્થના શબ્દશ્રવણના પ્રસંગને અનુસરીને જણાવી છે એમ સમજવું. બાકી કેવલીને કેવલજ્ઞાનથી જ શબ્દજ્ઞાન થતું હોવાથી તેમને સાંભળવાની જરૂરિયાત છે જ નહિ. કેવલજ્ઞાની મિત પણ જાણે ને અમિત પણ જાણે. તેમજ સર્વત્ર સદા અને સર્વથા કેવલી સર્વ ભાવોને જાણે. છદ્મસ્થ જીવ હસે, ને ઉતાવળો પણ થાય. પણ હસવું અને ઉતાવળા થવું એ કેવલજ્ઞાનીને ન જ હોય. કારણ કે મોહના ઉદયથી હસાય છે તે કેવલીને ન જ હોય. હસતાં ૭ કે ૮ આઠ કર્મો બંધાય. અહીં આ બીના ચોવીશે દંડકોમાં ઘટાવીને સમજાવી છે.

પછી જણાવ્યું કે છદ્મસ્થ જીવ ઊંઘે, ને ઊંઘતાં સાત કે આઠ કર્મો બંધાય. આ બીના ૨૪ દંડકોમાં સમજવી. હરિણૈગમેષી યોનિદ્વારા ગર્ભને બહાર કાઢીને બીજા ગર્ભાશયમાં મૂકે છે. તે નખવાટે કે રૂંવાડાવાટે પણ ગર્ભને ફેરવી શકે છે. તેમાં ગર્ભને લગાર પણ પીડા થાય નહિ. ગર્ભને બદલનારો દેવ ચામડીનો છેદ (કાપકૂપ) કરે, ને ગર્ભને સૂક્ષ્મ (ઝીણો) કરીને બદલાવે.

પછી અતિમુક્ત મુનિનું જીવન જણાવીને પ્રભુની પાસે આવેલા મહાશુક્ર દેવલોકના બે દેવોની હકીકત વર્ણવતાં કહ્યું કે શ્રીમહાવીર દેવના ૭૦૦ શિષ્યો મોક્ષે જશે. પછી આ બે દેવોને અંગે શ્રીમહાવીરદેવની ને શ્રીગૌતમસ્વામીજીની વચ્ચે થયેલો વાર્તાલાપ કહીને જણાવ્યું કે દેવો નોસંયત કહેવાય. તેમની મુખ્ય ભાષા અર્ધમાગધી છે. કેવલી અંતકર (સંસારનો અંત કરનાર) જીવને *કેવલજ્ઞાનથી સ્વતંત્ર જાણે-દેખે ને છદ્મસ્થ જીવ સાંભળીને કે પ્રમાણથી જાણે-*

દેખે. પછી કેવલીના શ્રાવક વગેરે અંતકર કેવલીને કેવી રીતે જાણે-દેખે તે બીના જણાવીને પ્રમાણના ૧. પ્રત્યક્ષ, ૨. અનુમાન, ૩. ઉપમા, ૪. આગમ એમ ચાર ભેદો કહ્યા છે. પછી જણાવ્યું છે કે કેવલજ્ઞાની ચરમ કર્મને અને ચરમ નિર્જરાને જાણે, દેખે, ને પ્રણીત મનને ને પ્રણીત વચનને ધારે. તથા કેવલજ્ઞાનીના એ મન-વચનને કેટલાએક વૈમાનિક દેવો જાણે ને કેટલાએક વૈમાનિક દેવો ન જાણે.

પછી તે દેવોના માયી મિથ્યાદષ્ટિ અને અમાયી સમ્યગ્દષ્ટિ, અનંતરોપપન્નક ને પરંપરોપપન્નક, પર્યાપ્ત ને અપર્યાપ્ત, ઉપયુક્ત ને અનુપયુક્ત એમ ચાર રીતે બે બે ભેદો જણાવીને કહ્યું કે અનુત્તરોપપાતિક દેવો સ્વસ્થાને રહ્યા રહ્યા કેવલીની સાથે વાતચીત કરે ને અહીં રહેલા કેવલજ્ઞાની જે કાંઈ કહે, તેને ત્યાં રહેલા અનુત્તરદેવ જાણે, દેખે. તેમજ ઉપશાંતમોહ જીવો પણ અનુત્તર દેવપણું પામે છે. કેવલી ઇંદ્રિયોની મદદથી જાણે-દેખે નહિ, કારણકે છદ્મસ્થ જીવને જ તેની મદદથી જાણવાનું હોય. તથા કેવલી હાલ જેટલા આકાશપ્રદેશોમાં અવગાહીને રહ્યા હોય, તેટલા જ આકાશપ્રદેશોમાં અવગાહીને ભવિષ્યમાં ન રહે, પણ વધઘટ જરૂર થાય જ છે. આ પ્રસંગે સંયોગ-સદ્દ્રવ્યતાનું સ્વરૂપ વર્ણવ્યું છે. પછી કહ્યું કે ચૌદપૂર્વી લબ્ધિના પ્રભાવે એક ઘડામાંથી હજાર ઘડા કરે છે. પછી ઉત્કરિકાના ભેદાદિનું વર્ણન કરી અંતે પ્રભુનો વિહાર જણાવ્યો છે.

ઉ. ૫ : માત્ર સંયમથી સિદ્ધ થાય? આ પ્રશ્નના ઉત્તરમાં વિસ્તારથી સમજવા માટે પહેલા શતકના ચોથા ઉદ્દેશાની ભલામણ કરી છે. પછી અન્યતીર્થિકના વેદનાને અંગે અઘટિત વિચારો જણાવી એવંભૂત વેદનાદિની બીના કહી છે. પછી સાત કુલકરો, તીર્થંકરનાં માતાપિતા, મુખ્ય શિષ્યો તથા મુખ્ય શિષ્યાઓનું તથા ચક્રીના સ્ત્રીરત્નાદિનું, બલદેવોનું તથા વાસુદેવોનું, તેમનાં માતાપિતાનું તથા પ્રતિવાસુદેવનું વર્ણન કરતાં વિસ્તાર માટે સમવાયાંગ સૂત્રની ભલામણ કરી અંતે પ્રભુનો વિહાર જણાવ્યો છે.

ઉ. ૬ : અહીં કહ્યું છે કે હિંસા, જૂઠ આદિ કારણોથી અને શ્રમણાદિ સુપાત્રને અકલ્પનીય દાન દેવાથી ટૂંકું આયુષ્ય બંધાય છે. દયા, સત્ય, શીલાદિ કારણોથી ને સુપાત્રને ખપે તેવા પદાર્થોનું દાન દેવાથી લાંબું (શુભ) આયુષ્ય બંધાય છે. પછી અશુભ દીર્ઘાયુષ્યનાં ને શુભ દીર્ઘાયુષ્યનાં કારણો, કરિયાણું વેચનાર ને લેનારને લાગતી ક્રિયા તથા ચાલુ પ્રસંગે જરૂરી ચાર વિકલ્પો અને

ભાંડ (ઉપકરણ)ના અપહારાદિથી લાગતી ક્રિયા, તથા હમણાં સળગાવેલા અગ્નિની બીના જણાવી ધનુષ્ય ફેંકનાર પુરુષાદિને લાગતી ક્રિયાઓ કહી છે. પછી અન્ય તીર્થિકોનો મત, તેનું ખોટાપણું, ચાલુ પ્રસંગે જીવાભિગમની ભલામણ કરીને આધાકર્મી આહાર લેવાથી નુકસાન અને આચાર્ય-ઉપાધ્યાયના ભવો જણાવ્યા છે. અંતે અભ્યાખ્યાનની બીના કહી છે.

ઉ. ૭ : પરમાણુ કોઈ વાર કંપે ને પરિણમે, કોઈ વખત ન કંપે ને ન પરિણમે, એમ દ્વિપ્રદેશિક સ્કંધ દેશથી કંપે ને દેશથી ન કંપે. આ રીતે ત્રિપ્રદેશિક સ્કંધથી માંડીને અનંત પ્રદેશિક સ્કંધનો વિચાર કરતા દેશાશ્રિત વિકલ્પો કહીને પરમાણુ અને અસિધારાની બીના કહી છે. પછી કહ્યું કે પરમાણુ છેદાતો નથી. એમ દ્વિપ્રદેશિક સ્કંધથી માંડીને ઠેઠ અસંખ્ય પ્રદેશિક સ્કંધ સુધીના સ્કંધોમાં સમજવું. એ પ્રમાણે અનંતપ્રદેશિક સ્કંધોમાંના કેટલાક સ્કંધો છેદાય ને કેટલાક સ્કંધો ન પણ છેદાય. એ પ્રમાણે અગ્નિ અને પરમાણુ વગેરેમાં બળવાની બીના અને પુષ્કરસંવર્ત્ત મેઘ અને પરમાણુ વગેરેમાં ભીંજાવાની બીના તથા ગંગા મહાનદી અને પરમાણુ વગેરેમાં જલના પ્રવાહમાં તણાવાની બીના સમજવી. પછી કહ્યું કે પરમાણુના બે ભાગ ન થાય ને તેનો મધ્યભાગ ન હોય. તેના પ્રદેશો પણ ન હોય. આ વિચાર (સરખા પ્રદેશોનો, વિષમ પ્રદેશોનો વિચાર) દ્વિપ્રદેશિક સ્કંધથી માંડીને અનંતપ્રાદેશિક સ્કંધોમાં જણાવ્યો છે.

પછી પરમાણુ પરમાણુની માંહોમાંહે સ્પર્શના જણાવતાં નવ વિકલ્પો કહીને દ્વ્યણુક સ્કંધાદિની ને ત્ર્યણુક સ્કંધાદિની ને અંતે અનંતપ્રાદેશિક સ્કંધોની માંહોમાંહે સ્પર્શના જણાવી છે. પછી પરમાણુ-પુદ્ગલની કાલથી સ્થિતિ જણાવીને સકંપ એક પ્રદેશાદિમાં અવગાઢ પુદ્ગલોની સ્થિતિ અને નિષ્કંપ એકાદિ આકાશપ્રદેશોમાં અવગાઢ પુદ્ગલોની સ્થિતિ તથા એકાદિગુણ કાળાં, લીલાં, પીળાં, ધોળાં, લાલ પુદ્ગલોની સ્થિતિ જણાવીને વર્ણ-ગંધાદિનાં પરિણામોની સ્થિતિ તથા અંતરકાલ એટલે પરમાણુ વગેરેનો અંતરકાલ, કહીને દ્રવ્યસ્થાનાયુ વગેરે ચાર પદાર્થોનું અલ્પ-બહુત્વ જણાવ્યું છે. પછી કહ્યું કે નરકના જીવો આરંભી છે, ને પરિગ્રહી છે. આ બીના ચોવીશે દંડકોમાં વિચારી છે. પછી શરીરાદિની હકીકત કહીને અંતે પાંચ હેતુ-અહેતુનું સ્વરૂપ જણાવ્યું છે. અહીં સટીક ખંડછત્રીશી પણ જણાવી છે.

ઉ. ૮ : અહીં કહ્યું છે કે પ્રભુ શ્રી મહાવીર દેવના નારદપુત્ર મુનિ અને *નિર્ગ્રંથીપુત્ર અનગાર આ બે શિષ્યો હતા. તેમાંના નારદપુત્ર એમ માને છે*

કે તમામ પુદ્ગલો સાર્ધ (જેના અર્ધા બે ભાગ થાય તેવા) છે, ને સમધ્ય એટલે મધ્યભાગવાળા તથા પ્રદેશવાળા છે. નિર્ગ્રંથીપુત્ર અનગાર આ વાત ખોટી સાબિત કરી સાચી હકીકત જણાવે છે. ત્યારે પોતાની ભૂલ કબૂલ કરી નારદપુત્ર અનગાર નિર્ગ્રંથીપુત્ર અનગારને ખમાવે છે.

પછી વિહાર જણાવીને શ્રી ગૌતમસ્વામીજીએ પૂછેલ પ્રશ્નના જવાબમાં પ્રભુએ કહ્યું કે જીવો વધેઘટે નહિ, અવસ્થિત છે. એમ સર્વ દંડકોમાં સમજવું. સિદ્ધોમાં પણ આ વિચાર જણાવી કહ્યું કે જીવો કાયમ સર્વ કાલ રહે છે. ને નારકો જઘન્યથી એક સમય સુધી ને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્ય ભાગ સુધી વધે છે ને ઘટે છે. તથા નારકોનું અવસ્થાન જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્ત્તો સુધી જાણવું. એમ સાતે નરકમાં તેને લગતી વિશેષતા જણાવવાપૂર્વક આ બીના જણાવી છે. આ વિચારણા બાકીના દંડકોમાં અને સિદ્ધોમાં પણ જેમ ઘટે તેમ જણાવી છે. પછી જીવોના અને સિદ્ધોના સોપચયાદિ સ્વરૂપને અંગે જરૂરી બીના કહીને કાલની અપેક્ષાએ જીવમાત્રને લગતી એ જાતની વિચારણા કરી છે.

ઉ. ૯: અહીં રાજગૃહ નગરનું સ્વરૂપ જણાવી કહ્યું કે શુભ પુદ્ગલોના સંસર્ગથી દિવસે પ્રકાશ અને અશુભ પુદ્ગલોની વિશેષતાથી રાતે અંધારું હોય છે. આ જ કારણથી નરકમાં પણ અંધારું જાણવું. એમ તેઇન્દ્રિયના દંડક સુધીના દંડકોમાં અંધારું હોય. પણ પછી ચતુરિન્દ્રિયાદિમાં પ્રકાશ અને અંધારું બંને હોય. તમામ સ્વર્ગોમાં પ્રકાશ હોય. નારકીઓને કાળનો ખ્યાલ ન હોય. કારણકે તેવો ખ્યાલ અઢીદ્વીપમાં જ હોય છે. એમ પંચેન્દ્રિય તિર્યંચોમાં પણ જાણવું. મનુષ્યોને કાળનો ખ્યાલ હોય ને દેવોને તે ન હોય.

પછી શ્રીપાર્શ્વનાથના સ્થવિરોએ પ્રભુ શ્રીમહાવીરને પૂછ્યું કે અસંખ્ય પ્રદેશવાળા લોકમાં અનંતા રાત્રિ-દિવસો શી રીતે ઘટી શકે? પ્રભુએ શ્રીપાર્શ્વનાથની સાક્ષી આપીને તે વાત સ્પષ્ટ સમજાવતાં તેમને ખાત્રી થઈ કે પ્રભુ શ્રીમહાવીર 'સર્વજ્ઞ છે.' પછી પંચ મહાવ્રત ધર્મને સ્વીકારી આરાધીને તે સ્થવિરો મોક્ષે ગયા. આની પછી દેવલોકની ગણત્રી અને સંગ્રહ ગાથા કહીને વિહાર જણાવ્યો છે.

ઉ. ૧૦: અહીં ચન્દ્રની બીના જણાવતાં વિસ્તાર માટે પાંચમા શતકના પહેલા ઉદ્દેશકની ભલામણ કરી છે.

## પાંચમા શતકની સજ્ઝાય (૧) (ભાનવિજયકૃત)

(ઇમ ઇમ આંબા આંબલી રે – એ દેશી)

ગુણ આદરીયે પ્રાણીઆ રે ગુણવંત વિરલા કોય
ગુણ ગ્રાહક પણ થોડલા રે બુધજન ગુણને જોય...
સુગુણ નર ! ગુણ ઉપરિ કરો દૃષ્ટિ.
બાહ્યાચરણે (બાહ્યાચારે) મ-મ પડો રે અંતર દૃષ્ટિ સુદૃષ્ટિ... સુગુણ નર૦ ૧
અઈમુત્તો કુંવર હુઓ રે વીરનો શિષ્ય ઉત્સાહી
મેહવૃષ્ટિમાં પડિગ્રહો રે તારે જલપરવાહી... સુગુણ નર૦ ૨
દેખી થવિર જિન વીરને રે ઈમ પૂછે ધરી રીસ
કે'તા ભવમાં સીઝસ્યે રે અઈમુત્તો તુમ (મુનિ) સીસ... સુગુણ નર૦ ૩
વીર કહે એહ જ ભવે રે સીઝસ્યે કર્મ ખપાય
એહની નિંદા મત કરો રે ચાલો એહની ધાય... સુગુણ નર૦ ૪
ભાત-પાણી-વિનય કરી રે એહનું કરો વૈયાવચ્ચ
ખેદ તજી એહને ભજો રે ચરમ શરીરી સચ્ચ... સુગુણ નર૦ ૫
થવિર સુણી તિમ આદરે રે વીરવચન (સુણિ) ધરી ખંત
ઇમ અંતરદષ્ટિ કરી રે પરખી ગુણ ગ્રહો સંત... સુગુણ નર૦ ૬
ભગવતી શતકે પંચમે રે ચાલ્યો એ અધિકાર
પંડિત શાંતિવિજય તણો રે માન ધરે બહુ પ્યાર... સુગુણ નર૦ ૭

## પાંચમા શતકની સજ્ઝાય (૨) (ભાનવિજયકૃત)

(આવ્યા રે માસ અષાઢો)

શ્રુતજ્ઞાની રે અભિમાની હોઈ નહીં બહુશ્રુતનઇં રે માન તજી પૂછઈ સહી
નિજ બુદ્ધિ રે ખામી-ખમાવઇ બહુ પરિ તેહ ઋષિને રે વંદિજઈ ઉલટભરી.
ત્રોટક : ભરઈ શ્રુતને રે ભરિઓ નારદ પુત્ર વીરનો શિષ્ય એ
પૂછિઓ સતીર્થ નિયંઠી (નિયઠા) પુત્રઈ કરણ જ્ઞાન પર(ત)ક્ષ (પરિખ) એ
અરધ મધ્યમ દેસ (મધ્યપ્રદેશ) સહિતા કેહી (કે નહી) સવિ પુદ્‌ગલા
કહિ નારદપુત્ર પુદ્‌ગલ સ અરધાધિક સવિ ભલા... ૧.
ચાલ : દ્રવ્યાદિક રે ચઉભેદિં પણિ એમ રે
નિયંઠી (નિયઠા) પુત્ર રે વલતું વદે ધરી એમ (પ્રેમ) રે
સપ્રદેસા રે જો ચઉ (જોવો) આદેસઈં કહેં પરમાણું રે તો અપ્રદેસી કિમ રહે

ત્રોટક : રહે કિમ તે ઇગ પ્રદેસઇં એક સમયની કિમ થિતિ
એક ગુણ કિમ કૃષ્ણ હોઈ સપ્રદેશ કયાવતી (કહિઆવતી)
કહે નારદપુત્ર જાણઉ બિહું (નહીં હું) સમ્યગ ઉપરે
ખેદ ન હોઈ તો પ્રકાસો અરથ ધારૂ મન તરઈ... ૨.
સપ્રદેશા રે અપ્રદેશા પણિ રે સવિ પુદ્ગલ રે ચઉ આદેસેઇં વખાણી રે
ઇમ બોલિ રે પુત્ર નિયંઠા વાણિ રે અપ્રદેસા રે દ્રવ્યથી જેહ પ્રમાણ રે.

ત્રુટક : પરમાણુ ક્ષેત્રથી નિશ્ચયે તે કાલ ભાવ વિકલ્પના
અપ્રદેસા ક્ષેત્રથી જે તાસ ત્રિકથી વિભજના
ઈમ કાલ ભાવથી અપ્રદેશા હિવઇં સપએસા ભણું
દ્રવ્યથી સપ્રદેસ જે તસ ત્રિણ્યથી ભજના ગણું ૩.
ઇમ કાલથી રે જાણવું ઇમ વલી ભાવથી સપ્રદેશા રે ક્ષેત્રથી તે સહી દ્રવ્યથી
ભજનાઇં રે કાલથી ભાવથી સદ્દહિયા સવિ થોડા રે ભાવથી અપ્રદેશા કહિયા

ત્રુટક : કહિયા કાલથી અપ્રદેશા દ્રવ્યથી અપ્રદેશિયા
ક્ષેત્રથી અપ્રદેશ ક્ષેત્રથી સપ્રદેશ અસંખયા
દ્રવ્યથી સપ્રદેશ અધિકા સપ્રદેશા કાલથી
ભાવથી પણિ સપ્રદેશા વિશેષાધિક પૂરવથી. ૪

તવ નારદ રે પુત્ર ખમાવઈ ભ્રાંતિ (ભાત) રે નિયંઠી રે પુત્રપ્રતિ નમી ખાંતિ રે
એહવા મુનિ રે સરલ સ્વભાવી જેહરે શ્રુતજ્ઞાનીનાં રે ખપીયા નમીઇં તેહ રે.
તેહ નમીઇ પાપ વમીઇં નિત્ય રમીઇં જ્ઞાનમાં
શ્રુત અર્થ (ધર્મ) સૂક્ષમ ધારણા કરી ધ્યાઇઇં શુભધ્યાનમાં
બુધ શાંતિવિજય સુસીસ વાચક **માનવિજય** વદઈ ઇસ્યું
ભગવતી **પંચમ શતક** સઘળું જેહના ચિત્તમાં વસ્યું. ૫

## પાંચમા શતકની સજ્ઝાય (૩) (માનવિજયકૃત)

(કપુર હોઇ અતિ ઉજલું રે – એ દેશી)

શ્રી જિનશાસનમાં કહિઉં રે સમકિત વ્રતનું મૂલ
તેહ વિના કિરિયા કરે રે તેહનું કાં નહિં સૂલ રે... ભવિકા ! રાખો સમકિત સુદ્ધ
સદ્દહણા જાણ્યા વિના રે વંદના ન કરઇ બુદ્ધ રે ભ૦ ૧

પારસનાથ સંતાનીયા રે બહુશ્રુત થવિર અનેક
પૂછઇ જઈ જિનવીરનઈ રે રાખી સમકિત ટેક રે... ભ૦ ૨
લોક અસંખ્યાતઇં કહ્યો રે કિમ અહોરાત્ર અનંત
ઉપજઇ વિણસે ત્રિક કાલઇં રે તિમ પરિત્ત કહંત રે... ભ૦ ૩
પાસ જિણંદ મતઈ કહઇ રે વીરજી લોકવિચાર
શાશ્વત ઉરધ (=ઊર્ધ્વ) મધ્યમ અધો રે પૃથુલ શેષ પસ્તાર (સંખેપ વિસ્તાર) રે... ભ૦ ૪
જીવ તિહાં એકઇ કાલઇ રે ઉપજૈ નિગોદ અનંત
તેહ પરિત પ્રત્યેકમાં ઇમ જ પ્રલય પણિ હુંત રે... ભ૦ ૫
જીવ અનંત પ્રત્યેકનેં રે સંબંધઇં કહવાય
કાલવિશેષ પણિ તેટલા રે સહુનો તે પરયાય રે... ભ૦ ૬
ત્યાર પછી શ્રી વીરનઇં રે જાણઇ થવિર સર્વજ્ઞ
પ્રણમી પ્રેમે આદરઇ રે પંચમહાવ્રત પ્રજ્ઞ રે... ભ૦ ૭
કે સિદ્ધા કે સુર હુઆ રે સપડિક્રમણ કરી ધર્મ
ઇમ પરખી જે ગુરૂ કરે રે તે લહે સવિ શ્રુતમર્મ રે ભ૦ ૮
ભગવતિ **પંચમ શતકમાં** રે વાચના ચાલિ ઇંમ
પંડિત શાંતિવિજય તણો રે **માન** કહઇ ધરી પ્રેમ રે... ભ૦ ૯

## શતક ૬

ઉ. ૧ : પહેલા ઉદ્દેશામાં વેદનાની બીના કહી છે. ૨. બીજામાં આહારની, ૩. ત્રીજામાં મહાશ્રવની, ૪. ચોથામાં સપ્રદેશની, ૫. પાંચમામાં તમસ્કાયની, ૬. છઠ્ઠામાં ભવ્યની, ૭. સાતમામાં શાલિની, ૮. આઠમામાં પૃથ્વીની, ૯. નવમામાં કર્મની ને ૧૦. દશમા ઉદ્દેશામાં અન્યતીર્થિકની હકીકત જણાવી છે. આ રીતે દશ ઉદ્દેશાના સારને જણાવનારી સંગ્રહગાથાનો અર્થ કહીને હવે પહેલા ઉદ્દેશાનો ટૂંક પરિચય જણાવે છે. તે આ પ્રમાણે —

જે જીવ મહાવેદનાવાળો હોય તે મહાનિર્જરાવાળો હોય અને જે જીવ મહાનિર્જરાવાળો હોય તે મહાવેદનાવાળો હોય. અહીં સમજવાનું એ છે કે મહાવેદનાવાળા જીવોમાં તથા અલ્પ વેદનાવાળા જીવોમાં જે જીવ પ્રશસ્ત નિર્જરાવાળો હોય તે જ ઉત્તમ જાણવો. આ બીના સ્પષ્ટ સમજાવીને કહ્યું કે છઠ્ઠી-સાતમી નરકના જીવો મહાવેદનાને ભોગવે છે. શ્રમણો જે કર્મનિર્જરા કરે

તેનાથી નરકના જીવોને વધારે કર્મનિર્જરા હોય જ નહિ. આને સ્પષ્ટ સમજાવવાને માટે ચોખ્ખા લૂગડાનું ને મેલા લૂગડાનું દૃષ્ટાંત, કર્દમ રાગ, ગાડાની મળીનો રાગ વગેરેની હકીકત સમજાવીને ફરમાવ્યું કે નારકીનાં પાપકર્મો ચીકણાં હોય છે. અહીં લુહારની એરણનો દાખલો સમજાવ્યો છે. સાધુનાં કર્મો પોચાં-નરમ હોય છે. આ હકીકત સૂકો પૂળો અને અગ્નિનું, તથા પાણીનું ટીપું અને ઊની ધગધગતી લોઢાની કઢાઈનું દૃષ્ટાંત દઈને સ્પષ્ટ સમજાવી છે.

પછી મનકરણ, વચનકરણ, કાયકરણ ને કર્મકરણ રૂપ ચાર કરણોમાંથી દરેક દંડકના જીવને કેટલાં કરણો હોય ? તે બીના તમામ દંડકોમાં વિચારીને કરણ અને અશાતાવેદના, કરણ અને શાતાવેદનાનો વિચાર ૨૪ દંડકોમાં ઘટાવીને વેદનાની ને નિર્જરાની ચઉભંગી જણાવી છે. પછી કહ્યું કે ૧. મહાવેદનાવાળો અને મહાનિર્જરાવાળો જીવ પ્રતિમાધારક મુનિ જાણવા. ૨. છઠ્ઠી સાતમી નરકના જીવોને મહાવેદના છે, ને નિર્જરા થોડી છે. ૩ શૈલેશી અવસ્થામાં રહેલા કેવલી જીવને વેદના થોડી, પણ કર્મનિર્જરા ઘણી થાય છે. ૪. અનુત્તર વિમાનના દેવોને વેદના થોડી હોય ને કર્મનિર્જરા પણ થોડી થાય છે. અંતે આનો સાર જણાવનારી સંગ્રહગાથા કહી છે.

ઉ. ૨ : અહીં આહારનું સ્વરૂપ, અને તેનો તમામ દંડકોમાં વિચાર જણાવતાં વિસ્તાર માટે શ્રીપ્રજ્ઞાપનાસૂત્રના આહારપદની ભલામણ કરી અંતે પ્રભુનો વિહાર જણાવ્યો છે.

ઉ. ૩ : આનો ટૂંકામાં સાર જણાવનારી બે ગાથાનો અર્થ આ પ્રમાણે જાણવો : અહીં બંધાદિની અપેક્ષાએ પુદ્ગલોની વિચારણા કરી છે. તે આ રીતે – મોટા પાપારંભથી જીવને સર્વપ્રકારે પુદ્ગલો બંધાય ? વગેરે કહ્યા પછી જેમ વસ્ત્રમાં પ્રયોગથી કે સ્વાભાવિક રીતે પુદ્ગલો એકઠાં થાય છે, એમ જીવોને પણ શું થાય છે ? આ બીના સ્પષ્ટ જણાવીને કહ્યું કે જેમ લૂગડામાં એકઠાં થતાં પુદ્ગલો સાદિ એટલે આદિવાળાં છે, એમ જીવોને પણ પુદ્ગલસંગ્રહ (પુદ્ગલોનો બંધ) આદિવાળો છે, વગેરે પ્રશ્નોના ઉત્તરો કહીને કર્મની સ્થિતિ જણાવી છે. પછી શું સ્ત્રી, પુરુષ વગેરે કર્મબંધ કરે ? વગેરે પ્રશ્નોના ઉત્તરો દઈને સંયત સમ્યગ્દષ્ટિ વગેરે તથા સંજ્ઞી, ભવ્ય, દર્શની, પર્યાપ્તિ, ભાષક, પરિત્ત, જ્ઞાની, યોગી, (શરીરાદિકૃત યોગ-ચેષ્ટાવાળા જીવો) ઉપયોગવાળા જીવો, આહારક, સૂક્ષ્મ, ચરમ વગેરેને આશ્રીને બંધના વિચારો કહીને એ બધા સ્ત્રી વગેરે કર્મને બાંધનારા જીવોનું અલ્પબહુત્વ કહ્યું છે.

મહાકર્મવાળા જીવને સર્વતઃ અને નિરંતર પુદ્ગલોનો ચય તથા ઉપચય થાય છે. તથા તેનો આત્મા અનિષ્ટાદિ સ્વરૂપે વારંવાર પરિણામ પામે છે. તેમાં કારણ કહીને તાજા વસ્ત્રનું ઉદાહરણ જણાવ્યું છે. પછી અલ્પકર્મવાળા જીવને સર્વતઃ પુદ્ગલો ભેદાય છે, યાવત્ (એમ અંતે સમજવું કે) પરિવિધ્વંસ પામે છે. ને એનો આત્મા શુભાદિ સ્વરૂપે વારંવાર પરિણમે છે. તેમાં કારણ જણાવીને મલિન છતાં પણ પાણીથી ધોવાતા લૂગડાનું દષ્ટાંત કહ્યું છે. પછી જીવને કર્મોનો ઉપચય પ્રયોગથી જ થાય છે. જેમ વસ્ત્રાદિમાં પુદ્ગલોનો ઉપચય થાય છે, તેમ અહીં સમજવું.

પછી મનપ્રયોગ, વચનપ્રયોગ અને કાયપ્રયોગની વિચારણા તમામ દંડકોમાં કહીને સાદિ સાંત વગેરે ભાંગામાંથી વસ્ત્રને લગતો પુદ્ગલોપચય સાદિ સાંત છે એ પ્રમાણે જીવને લગતા પુદ્ગલોપચયની બાબતમાં પ્રશ્નોત્તરો જણાવીને કહ્યું કે ઈર્યાપથિક કર્મને બાંધનાર જીવનો કર્મપુદ્ગલોપચય સાદિ સાંત છે, ભવ્યનો અનાદિ સાંત અને અભવ્યનો અનાદિ અનંત કર્મપુદ્ગલોપચય જાણવો. પણ સાદિ છતાં અનંત એવો કર્મપુદ્ગલોપચય હોય જ નહિ. પછી કહ્યું કે જેમ વસ્ત્ર સાદિ સાંત છે તેમ નરકપણું વગેરે પદાર્થો પણ સાદિ સાંત છે, સિદ્ધિ સાદિ અનંત છે. ભવ્યો અનાદિ સાંત ને અભવ્યો અનાદિ અનંત છે. પછી આઠ કર્મપ્રકૃતિ તથા તેની અબાધા કાલવાળી બંધ સ્થિતિ જણાવીને કહ્યું કે એ કર્મોને બાંધનારા સ્ત્રી આદિ ત્રણમાંના કોઈ પણ જીવ હોય. આયુષ્યને સ્ત્રી આદિ બાંધે અને ન પણ બાંધે. પછી સંયતાદિને લગતા પ્રશ્નોત્તરો કહીને સમ્યગ્દષ્ટિ વગેરે ૪૨ પ્રકારના જીવોને ઉદ્દેશીને કર્મબંધાદિના વિચારો જણાવ્યા છે. અને સ્ત્રી વેદકાદિ ચારેનું અલ્પબહુત્વ સ્પષ્ટ સમજાવ્યું છે.

ઉ. ૪ : અહીં કાલની અપેક્ષાએ અને એકત્વ તથા બહુત્વને આશ્રીને જીવોના પ્રદેશ સહિતપણાના ને પ્રદેશરહિતપણાના વિચારો જણાવ્યા છે. એ જ રીતે આહારક અનાહારક કહ્યા છે. તેમજ ભવ્યાદિ ત્રણ, સંજ્ઞી આદિ ત્રણ, લેશ્યાવાળા, કૃષ્ણાદિ લેશ્યાવાળા અને અલેશ્ય જીવો તથા સમ્યગ્દષ્ટિ વગેરે ૩, તેમજ સંયતાદિ ૩ કષાયી વગેરે ૬ જીવો, મતિજ્ઞાનાદિવાળા જીવો ૫ અને મતિઅજ્ઞાનાદિવાળા જીવો ૩, મનોયોગી આદિ ૪, સાકાર ઉપયોગવાળા, અનાકાર ઉપયોગવાળા જીવો તથા વેદવાળા જીવો વગેરે ૪, શરીરવાળા જીવો *વગેરે ૬, પર્યાપ્તિવાળા જીવો ૬, અપર્યાપ્તિવાળા જીવો ૬ આ બધાને કાલાદેશની અપેક્ષાએ સપ્રદેશ છે કે અપ્રદેશ છે! એ હકીકત વિસ્તારથી*

સમજાવી છે. પછી જીવોમાં પ્રત્યાખ્યાનીપણાની અને અપ્રત્યાખ્યાનીપણાની બીના વર્ણવી છે. અંતે કહ્યું કે પંચેન્દ્રિય જીવો જ પ્રત્યાખ્યાનાદિને જાણે છે. એ જ પ્રમાણે પચ્ચખ્ખાણ કરવાની બાબતમાં પણ સમજી લેવું. પછી પ્રત્યાખ્યાનાદિ અને આયુષ્યની હકીકત કહી છે.

ઉ. ૫: અહીં કહ્યું છે કે તમસ્કાય એ પાણી કહેવાય. એમ કહીને તમસ્કાયના ને પાણીના સ્વભાવમાં સમાનતા સમજાવી છે, ૧ અરુણોદય સમુદ્રથી તમસ્કાયની શરૂઆત થાય ને બ્રહ્મદેવલોકમાં એની સમાપ્તિ થાય છે. ૨. તમસ્કાય રામપાતરના મૂલની જેવો અને ઉપરના ભાગમાં કૂકડાના પાંજરા જેવો છે. ૩. તમસ્કાયના બે પ્રકાર છે. સંખ્યેય યોજન વિસ્તારવાળો તમસ્કાય ને અસંખ્યેય યોજન વિસ્તારવાળો તમસ્કાય. આનો વિષ્કંભ તથા પરિક્ષેપ કહ્યો છે. ૪. શીઘ્ર ગતિવાળો દેવ છ મહિના સુધી ચાલતાં પણ એનો પાર ન પામે એવડો મોટો તમસ્કાય છે. ૫. તમસ્કાયમાં ઘર વગેરે નથી. ૬. તમસ્કાયમાં મેઘો વરસે છે. ૭. તેને કરનારા અસુરકુમાર, નાગકુમાર અને સુવર્ણકુમાર દેવો છે. ૮. તમસ્કાયમાં દેવકૃત બાદર સ્તનિત અને બાદર વીજળી હોય છે. ૯. તમસ્કાયમાં વિગ્રહગતિને અપ્રાપ્ત સિવાય બાદર પૃથ્વી કે અગ્નિ નથી. ૧૦. તમસ્કાયમાં સૂર્યાદિ નથી, પણ તેની પડખે છે. ૧૧. તેમાં સૂર્યાદિની પ્રભા નથી, અર્થાત્ એ પ્રભા છે ખરી, પણ તે તમસ્કાયરૂપે પરિણામ પામેલી છે. ૧૨. તેનો વર્ણ ભયંકર કાળો છે એથી દેવો પણ ભય પામે છે. ૧૩. તેનાં નામો ૧૩ છે, તે તમસ્કાય અંધકાર વગેરે જાણવા. ૧૪. તે પાણીના જીવનો અને પુદ્ગલનો પરિણામ છે. ૧૫. તમસ્કાયમાં જીવ માત્ર ઘણી વાર ઊપજ્યા છે. પણ બાદર પૃથ્વીપણે અને બાદર અગ્નિપણે ઊપજ્યા નથી.

આ રીતે તમસ્કાયની બીના પૂર્ણ થયા બાદ હવે કૃષ્ણરાજીઓની હકીકત જણાવે છે. તે આઠ છે અને સનત્કુમાર કલ્પ અને માહેન્દ્ર કલ્પની ઉપર નીચે બ્રહ્મ દેવલોકના અરિષ્ટ વિમાનના પાથડામાં છે. તથા તેનો અખાડાના જેવો સમચોરસ આકાર છે. તેમજ ચારે દિશામાં બે બે માંહોમાંહે અડેલી છે. આ પ્રસંગે તેની લંબાઈ, પહોળાઈ અને મોટાઈ જણાવી છે. કૃષ્ણરાજીમાં ઘર વગેરે નથી ઇત્યાદિ હકીકત જેમ તમસ્કાયની કહી તેમ જાણવી. તેનાં કૃષ્ણરાજી, મેઘરાજી વગેરે ૮ નામો કહીને જણાવ્યું કે તે પૃથ્વીનો પરિણામ છે. એમાં બાદર પાણીપણે, બાદર અગ્નિપણે, અને બાદર વનસ્પતિપણે જીવો ઊપજતા નથી, બાકી બીજા કોઈ પણ પ્રકારે ઊપજે છે.

પછી કૃષ્ણરાજીઓના ૮ અવકાશાંતરોમાં લોકાંતિક દેવોના અર્ચી, અર્ચિમાલી વગેરે આઠ વિમાનોની વચમાં નવમું રિષ્ટાભ વિમાન કહીને તેને લગતી બીજી હકીકત પણ કહી છે. પછી લોકાંતિક દેવોનું સ્વરૂપ જણાવીને કહ્યું કે એમનાં વિમાનો વાયુ ઉપર પ્રતિષ્ઠિત (રહ્યા) છે. આના વિસ્તાર માટે જીવાભિગમસૂત્રની ભલામણ કરી કહ્યું કે બધા જીવો એ વિમાનોમાં પણ ઊપજેલા છે, માત્ર દેવપણે નહિ. તેમનું આયુ ૮ સાગરોપમનું જાણવું. તથા લોકાંતિક દેવોનાં વિમાનોથી અસંખ્યેય યોજન છેટે લોકાંત છે.

ઉ. ૬ : અહીં સાત નરક પૃથ્વીઓ તથા પાંચ અનુત્તર વિમાનો કહીને મારણાંતિક સમુદ્દ્ઘાતનું સ્વરૂપ અને રત્નપ્રભામાં ઊપજવાને લાયક જીવ જણાવ્યા છે. પછી કહ્યું કે કેટલાક જીવો રત્નપ્રભામાં પહોંચીને આહાર કરે, ને કેટલાક જીવો ત્યાં પહોંચી ત્યાંથી પાછા ફરી, ફરી વાર ત્યાં પહોંચીને આહાર કરે છે. આ વિચારો બીજી નરકોમાં તથા અસુરકુમારાદિમાં જણાવીને અંતે મેરુ, અંગુલ, વાલાગ્રાદિથી માંડીને યોજન કોટી આદિ પદાર્થોનું સ્વરૂપ જણાવ્યું છે.

ઉ. ૭ : અહીં કહ્યું છે કે શાલિ વગેરે પાંચ ધાન્યની યોનિનો બીજોત્પત્તિ કાલ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ વરસ જાણવો. વટાણા વગેરે ૧૦ ધાન્યની યોનિનો બીજોત્પત્તિકાલ ઉત્કૃષ્ટ પાંચ વરસ છે, એ પ્રમાણે અળસી વગેરે ૧૦ ધાન્યની યોનિનો બીજોત્પત્તિકાળ ૭ વરસ જાણવો. એક મુહૂર્તમાં ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ થાય પછી આવલિકાના શ્વાસોચ્છ્વાસ, પ્રાણ, સ્તોકથી માંડીને શીર્ષપ્રહેલિકાની પલ્યોપમની તથા સાગરોપમની બીના પરમાણુ, ઉચ્છ્લક્ષ્ણશ્લક્ષ્ણિકાથી માંડીને યોજનની બીના, ઉત્સર્પિણી આદિની બીના, સુષમસુષમાના ભરત ક્ષેત્રનું સ્વરૂપ વગેરે કહીને આના વિસ્તાર માટે જીવાભિગમ સૂત્રની ભલામણ કરી છે.

ઉ. ૮ : અહીં કહ્યું છે કે પૃથ્વીઓ આઠ છે. રત્નપ્રભાની નીચે ઘર વગેરે નથી. તથા ત્યાં ઉદાર મેઘ અને તેનો સ્તનિત શબ્દ છે. તેમજ તેને કરનારા અસુરકુમાર કે નાગકુમાર છે, વળી ત્યાં વિગ્રહગતિ સિવાય બાદર અગ્નિકાય નથી. ત્યાં ચંદ્ર વગેરે નથી. આ જ વિચારો બધી નરકોને અંગે સમજવા. ફેર એટલો કે ત્રીજી નરકમાં મેઘ વગેરેને નાગકુમાર વગેરે દેવો ન કરે, તથા ચોથી નરક વગેરેમાં બલાહકાદિ એકલા દેવ જ કરે છે. આવા જ પ્રશ્નોત્તરો સૌધર્મ દેવલોકાદિને અંગે પણ જાણવા. ફક્ત ફેર એ કે માત્ર નાગકુમારો બલાહક વગેરેને ન કરે. અને સનત્કુમારાદિ સ્વર્ગોમાં તે બલાહક વગેરેને દેવ જ કરે

છે. પછી સંગ્રહગાથા, આયુષ્યના બંધના ૬ ભેદો, તેની ૨૪ દંડકોમાં વિચારણા તથા લવણ સમુદ્ર સંબંધી વિચાર કહેતાં અહીં જીવાભિગમની વિસ્તાર માટે ભલામણ કરી છે. જેટલાં શુભ વસ્તુનાં નામો હોય તે તે નામના અસંખ્ય દ્વીપ-સમુદ્રો જાણવા. પછી વિહાર જણાવ્યો છે.

ઉ. ૯ : અહીં કહ્યું છે કે જ્ઞાનાવરણીય કર્મ બાંધતાં સાથે ૭-૮ કે ૬ કર્મો બંધાય. અહીં વિશેષ બીના માટે પ્રજ્ઞાપનાસૂત્રનાં બંધોદ્દેશકની ભલામણ કરી છે. મહર્દ્ધિક દેવ બહારના પુદ્ગલો લીધા સિવાય વિકુર્વણા ન કરે. તથા ઇહગત પુદ્ગલાદિમાંના તત્રગત પુદ્ગલોને લઈને વિકુર્વણા કરે છે. તેમજ એક વર્ણ અને અનેક રૂપના ચાર વિકલ્પો થાય છે. વળી દેવ બાહ્ય પુદ્ગલોને લઈને વર્ણાદિમાં ફેરફાર કરી શકે છે, પછી વર્ણાદિના વિકલ્પો જણાવીને કહ્યું કે અવિશુદ્ધ લેશ્યાવાળો દેવ અસમવહત આત્મા દ્વારા અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ વગેરેને જાણે નહિ. અહીં એ ત્રણ પદના ૧૨ વિકલ્પો વગેરે બીના વિસ્તારથી સમજાવી છે.

ઉ. ૧૦ : જીવની બાબતમાં બીજાઓના 'જીવ કોલાસ્થિકમાત્ર છે, નિષ્પાવમાત્ર છે' વગેરે વિચારો ખોટા છે એમ કહીને પ્રભુએ જીવનું સ્વરૂપ જણાવતાં દેવનાં ને ગંધનાં બહુ જ ઝીણાં પુદ્ગલોનું ઉદાહરણ કહ્યું છે. પછી જીવ અને ચૈતન્ય બંને માંહોમાંહે એકરૂપ છે. આ વિચાર તમામ દંડકોમાં જણાવીને કહ્યું કે જે જીવે છે, તે તો જીવ જ છે, અને જીવ તો જીવે પણ ખરો ને ન પણ જીવે. અહીં જીવવું એટલે પ્રાણ ધારણ કરવા, તે સિદ્ધોને ન હોય. આ વિચાર તમામ દંડકોમાં કહ્યો છે. પછી "નારકી અને ભવસિદ્ધિક બધા જીવો એકાંત દુઃખને વેદે છે" આવા બીજાના વિચારો ખોટા છે એમ જણાવતાં પ્રભુએ કહ્યું કે કેટલાએક જીવો એકાંત દુઃખને, કેટલાએક જીવો એકાંત સુખને અને કેટલાએક જીવો સુખદુઃખમિશ્રિત વેદનાને વેદે છે. અહીં તેવા જીવોનાં નામ જણાવીને નારક અને તેના આહાર પુદ્ગલોની બીના જણાવીને તથા ચોવીસે દંડકોમાં ઘટાવીને કહ્યું કે કેવલી ઇંદ્રિયો દ્વારા જાણે નહિ, જુવે નહિ. તેમનું જ્ઞાન-દર્શન અમિત છે. અંતે આના સારને જણાવનારી સંગ્રહગાથા કહી છે.

## શતક ૭

ઉ. ૧ : અહીં પરભવમાં જતાં જીવનું આહારકપણું ને અનાહારકપણું ક્યારે હોય ? તે બીના વિસ્તારથી કહીને લોકનો આકાર જણાવ્યો છે. પછી

શ્રાવકને ઐર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયામાંથી કયી ક્રિયા લાગે ? આનો ઉત્તર જણાવીને વ્રતોના અતિચારો ને કર્ણરહિત જીવની ગતિ કહી છે. પછી કહ્યું કે દુ:ખી જીવ દુ:ખથી વ્યાપ્ત હોય છે. ઉપયોગ રહિત અનગારને લાગતી ઐર્યાપથિકી કે સાંપરાયિકી ક્રિયાની બીના કહીને અનગારને સદોષ પાન-ભોજન વહોરાવતાં નુકસાન ને નિર્દોષ પાન-ભોજન વહોરાવતાં લાભ જણાવીને અંતે ક્ષેત્રાતિક્રાંતાદિ આહારપાણી ને શસ્ત્રાતીતાદિ આહારપાણીનું સ્વરૂપ જણાવ્યું છે.

ઉ. ૨ : અહીં કહ્યું છે કે હિંસાના પ્રત્યાખ્યાન કરનાર જીવને કદાચ સુપ્રત્યાખ્યાન થાય તેનું શું કારણ ? ને કદાચ દુષ્પ્રત્યાખ્યાન થાય તેનું શું કારણ ? આનો સ્પષ્ટ ખુલાસો કરીને પ્રત્યાખ્યાનનું સ્વરૂપ મૂલગુણ પ્રત્યાખ્યાનના ભેદ તથા ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના ભેદ કહ્યા છે. પછી એમાંનું કયું પ્રત્યાખ્યાન કયા દંડકના જીવને હોય ? એ વિચાર ૨૪ દંડકોમાં કહીને મૂલગુણ પ્રત્યાખ્યાની વગેરે જીવોનું અલ્પબહુત્વ જણાવ્યું છે. પછી પંચેન્દ્રિય તિર્યંચોનું ને મનુષ્યોનું ઓછાવત્તાપણું જણાવ્યું છે. પછી પૂછ્યું કે શું જીવો સર્વ મૂલગુણ પ્રત્યાખ્યાની છે ? વગેરે પ્રશ્નોત્તરો ચોવીશે દંડકોમાં જણાવીને કહ્યું કે નારકોને અને પંચેન્દ્રિય તિર્યંચોને સર્વ મૂલગુણ પ્રત્યાખ્યાન હોય નહિ. પછી સર્વમૂલગુણપ્રત્યાખ્યાની જીવ વગેરેનું અલ્પબહુત્વ કહીને શું જીવો સંયત છે, અસંયત છે, કે સંયતાસંયત છે ? તથા જીવો શું પ્રત્યાખ્યાની છે ? આનો સ્પષ્ટ ખુલાસો જણાવ્યો છે. પછી પ્રત્યાખ્યાની જીવ વગેરેનું અલ્પબહુત્વ, અને ચોવીશે દંડકોમાં શાશ્વતપણાના ને અશાશ્વતપણાના ઘટતા વિચારો જણાવ્યા છે.

ઉ. ૩ : અહીં પૂછ્યું છે કે વનસ્પતિના જીવો અલ્પાહારી ક્યારે હોય ? ને મહાહારી ક્યારે હોય ? ઉનાળામાં તે જીવો અલ્પાહારી હોય છે છતાં તેઓ ફૂલોથી ને ફલોથી શોભાયમાન દેખાય છે તેનું શું કારણ ? આ પ્રશ્નોના સ્પષ્ટ ખુલાસા કરીને મૂલકંદ અને બીજની બીના અને વનસ્પતિના જીવોના આહારની બીના તથા અનંતકાય વનસ્પતિ જીવોના આહારની બીના જણાવી છે. પછી પૂછ્યું કે શું કૃષ્ણ લેશ્યાવાળો નારક જીવ અલ્પકર્મવાળો અને નીલલેશ્યાવાળો નારક મહાકર્મવાળો અને કાપોત લેશ્યાવાળો નારક અલ્પકર્મવાળો હોય ? આના સ્પષ્ટ ખુલાસા કરી જણાવ્યું કે વેદના અને નિર્જરા બંને ભિન્ન ભિન્ન પદાર્થ છે, નારકોને વેદના તે નિર્જરા નથી, વેદનાનો સમય અને નિર્જરાનો સમય અલગ અલગ છે, આ બીના નારકાદિમાં જણાવીને તેમનું શાશ્વતપણું,

અને અશાશ્વતપણું ઘટાવ્યું છે.

ઉ. ૪-૫ : *અહીં જીવોના ભેદો કહીને અંતે સંગ્રહગાથાથી આનો સાર* કહ્યો છે. પાંચમા ઉદ્દેશામાં ખેચર જીવોમાં યોનિના વિચારો વર્ણવ્યા છે.

ઉ. ૬ : અહીં નરકાયુષ્યના બંધ-ઉદય અને નરકમાં મહાવેદનાનું ભોગવવું, અસુરકુમારોમાં મહાવેદનાનું ભોગવવું, તેમજ પૃથ્વીકાયિકમાં વિવિધ વેદનાનું ભોગવવું કહીને આયુષ્યના બંધ, અને કર્કશ વેદનીય કર્મનું સ્વરૂપ, તથા તેનાં કારણો જણાવ્યાં છે. પછી કહ્યું કે નારકોને કર્કશ વેદનીયકર્મ હોય છે. પછી અકર્કશ વેદનીયકર્મનું સ્વરૂપ, અને તેનાં કારણો કહીને પૂછ્યું કે નારકો અકર્કશ વેદનીય કર્મ બાંધે છે. આનો ખુલાસો કરી, શાતા અશાતા વેદનીયકર્મનું સ્વરૂપ તથા તેનાં કારણો કહીને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં દુ:ષમદુ:ષમા નામના છઠ્ઠા આરાની પરિસ્થિતિ વર્ણવી છે. તેમાં જણાવ્યું કે એ હાહાભૂત કાલ છે, તે વખતે ભયંકર વાયરા વાશે, દિશાઓ મેલી દેખાશે, ઠંડી અને તડકો વધારે પડશે, તથા અરસ-વિરસાદિ મેઘો વરસશે, તેમજ ગામ વગેરેમાં રહેલાં મનુષ્ય-પશુ-પક્ષી વગેરેનો ને વનસ્પતિનો તથા પર્વતાદિનો નાશ થશે. પછી તે કાલના ભૂમિમનુષ્યો તેના આહાર, ગતિ તથા સિંહાદિની તેમજ કાગડા વગેરેની ગતિની (તે મરીને ક્યાં જશે ?) બીના સ્પષ્ટ જણાવી છે.

ઉ. ૭ : અહીં સંવૃત અનગારને લાગતી ક્રિયા, અને તેને ઐર્યાપથિકી ક્રિયા લાગવાનું કારણ જણાવ્યું છે. પછી પૂછ્યું કે કામ રૂપી છે કે અરૂપી ? અને તે સચિત્ત છે, કે અચિત્ત છે ? તથા જીવરૂપ છે કે અજીવરૂપ છે ? તેમ કામ જીવોને હોય કે અજીવોને હોય ? પછી આવા જ પ્રશ્નો ભોગની બાબતમાં પણ પૂછ્યા છે. તે બધાના ખુલાસા કરીને કામભોગના ભેદો, ચોવીશે દંડકોમાં કામીપણાના ને ભોગીપણાના વિચારો કહી પછી તે સર્વે જીવોનું અલ્પબહુત્વ જણાવ્યું છે. પછી છદ્મસ્થ મનુષ્યાદિની જરૂરી ચાલુ હકીકત વગેરે જણાવી છે. પછી પૂછ્યું કે અસંજ્ઞી જીવો અકામ વેદના વેદે છે ? સમર્થ છતાં પણ અકામ વેદના કેમ વેદે ? આના સકારણ ખુલાસા જણાવીને સમર્થ જીવ તીવ્રેચ્છાપૂર્વક વેદનાને ભોગવે તેનું શું કારણ ? આ બાબત તથા બીજી પણ જરૂરી બીના સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૮ : અહીં પૂછ્યું છે કે છદ્મસ્થ મનુષ્ય કેવલ સંયમ વડે સિદ્ધ થાય ? આનો ઉત્તર દઈને કહ્યું કે હાથીનો જીવ ને કુંથુઆનો જીવ સરખો છે. પછી

પૂછ્યું કે પાપકર્મ દુઃખરૂપ છે? આનો ખુલાસો કરતાં એ પણ જણાવ્યું કે પાપકર્મના બંધથી જીવને દુઃખ ભોગવવું પડે છે, ને તેની નિર્જરાથી સુખ મળે છે. પછી દશ સંજ્ઞાની તથા નરકમાં રહેલી દશ પ્રકારની વેદનાની બીના કહીને જણાવ્યું કે હાથીના જીવને અને કુંથુઆના જીવને અપ્રત્યાખ્યાની ક્રિયા સરખી લાગે છે. પછી આધાકર્મી આહારાદિને વાપરવાનું ફલ વગેરે બીના સ્પષ્ટ જણાવી છે.

ઉ. ૯ : અહીં પૂછ્યું છે કે અસંવૃત અનગાર બહારના પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વિના એક વર્ણવાળું એક રૂપ વિકુર્વવા (બનાવવા) સમર્થ છે? આનો ઉત્તર દેતાં તેની વૈક્રિય રચના સમજાવીને, મહાશિલાકંટક સંગ્રામનું સ્વરૂપ તથા વ્યાખ્યાદિ સમજાવતાં કહ્યું કે તેમાં ૮૪ લાખ જનોનો ક્ષય થયો હતો. તે બધા જનો મરીને ઘણું કરીને નરકમાં કે તિર્યંચમાં ઊપજ્યા છે.

પછી રથમુશલ સંગ્રામની વ્યાખ્યા સ્વરૂપ વગેરે જણાવતાં કહ્યું કે તેમાં ૯૬ લાખ જનોનો ક્ષય થયો હતો. અહીં મરીને તેઓ ઘણું કરીને નારક કે તિર્યંચ થયા હતા. અહીં કોનો જય ને કોનો પરાજય (હાર) થયા? તે જણાવીને કહ્યું કે લડાઈમાં મરેલા જીવો સ્વર્ગે જાય એ વાત ખોટી છે. તથા દેવેન્દ્ર કોણિક રાજાનો (પાછલા ભવનો) મિત્ર હતો. ને ચમરેન્દ્ર પૂર્વભવે સાધુપણામાં તેના સહચારી હતા. પછી વરુણની બીના જણાવતાં કહ્યું કે તે નાગ(સાર્થવાહ)નો પૌત્ર થાય. તે તૈયારી કરી અભિગ્રહ લઈ રથમુશલ સંગ્રામમાં લડતાં સખ્ત ઘાયલ થઈ પાછા ફર્યા, ને સર્વ પ્રાણાતિપદિનું વિરમણ કરી સમાધિથી કાલધર્મ પામ્યા ત્યારે તે સ્થલે સુગંધી પાણીની તથા ફૂલોની વૃષ્ટિ થઈ. કાલધર્મ પામી તે મહર્દ્ધિક દેવ થયો, ત્યાંથી ચ્યવીને મોક્ષે જશે. તેનો મિત્ર મરીને મનુષ્ય થયો વગેરે બીના સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૧૦ : અન્યતીર્થિકોએ પંચાસ્તિકાયનો પ્રશ્ન પૂછતાં શ્રીગૌતમસ્વામીએ તેનો સ્પષ્ટ ઉત્તર સમજાવ્યો. પછી કાલોદાયી શ્રીગૌતમ ગણધરને પૂછે છે કે ૧. પુદ્‌ગલાસ્તિકાયને વિષે કર્મ લાગે? ૨. શું પાપકર્મ અશુભવિપાક સહિત હોય છે? ૩. પાપકર્મો અશુભવિપાક સંયુક્ત હોય તેનું શું કારણ? ૪. શું કલ્યાણકર્મ કલ્યાણ ફલવાળું હોય? કલ્યાણકર્મો કલ્યાણફલવિપાક સહિત હોય તેનું શું કારણ? આ પ્રશ્નોના ઉત્તરો સમજી કાલોદાયી પ્રતિબોધ પામી સાધુ થયા ને સંયમ સાધી સિદ્ધ થયા. પછી અગ્નિ સળગાવવામાં ને ઓલવવામાં મહાકર્મતાનો ને અલ્પકર્મતાનો વિચાર જણાવી અંતે અચિત્ત પુદ્‌ગલો પ્રકાશ

કરે ? આનો ખુલાસો કરતાં તેજોલેશ્યાના અચિત્ત પુદ્‌ગલોના પ્રકાશ વગેરેની બીના સ્પષ્ટ સમજાવી છે.

## સાતમા શતકની સજ્ઝાય (૧) (ભાનવિજયકૃત)

(રાગ અસાઉરી ચાલ)

લોભ તજો રે પ્રાણી આણી વાણી જિણંદની (જિનની) હીઇં
લોભ અનર્થનું મૂલ વિચારી સારી ધૃતિ કરી રહીઇં
એક કોડી લખ એંસી નરનો લોભથી હુઓ ઘાત
મહાસિલા કટકરથ મુશલેઈ તેણ સુણો અવદાત...૧.
ચંપાનયરી કુણી રાજા ભાઈ હલ્લ વિહલ્લ
**દિયવિસૂ(ભૂ)ષણ** (દિવ્યભૂષણ) ભૂષિત હાથી બેઠા વિચરે ભલ્લ
પદમાવતિ રાંણિઇં પ્રેર્યો કૂંણિ માંગે તેહ
તવ તે માતામહ નૃપ ચેટક ચરણે રહિયા ગેહ
કાલાદિક દશ બંધવ મેલી કુંણિ યુદ્ધ સજેય
તવ ગણ રાઇ અઢારનેં મેલી ચેટકરાય વહેય
દસ દિવસે કાલાદિક બાંધવ હણીયા ચેટક ભૂપેં
પ્રતેં દિન એકેકઇં શરિં વીંધિ તવ થયો કુણી રૂપઇં... ૨
પૂર્વ સંગતિ પરયાય સંગતિ તવ શક્ર ચરમપતિ તેડઇ
વજ્ર કવચ કરી સુરપતિ રહીઓ ચમર સંગ્રામ દોડઇ (દો જોડઇ)
હાથી ઉદાયેં બેસી કુણી યુદ્ધેં કરે બહુમાર
વજ્ર કુણી બેહુ જીત્યાં હાર્યા રાય અઢાર... ૩
તૃણ પણિ લોહશિલા સમ હુઇ નાખિઓ જેણઇં સંગ્રામઇં
ચઉરાસી લખ પણ (જણ) તિહાં મૂઆ જાય નરગતિરિ ઠાંમેઇ
અથ રથ મુસલઇં વજ્ર કુણી ચમરેંદો લહે જીત
મલ્લકી લેચ્છકિ કાસી કોસલ પણ નૃપ નાઠા ભીત... ૪
હાથી ભૂતાનંદઈ બૈસી કુણી યુદ્ધ કરેય
વજ્ર કવચ પુંઠઇ ચમરેંદો લોહમય કઠિણ ધરેય
સારથિ યોધ તુરગ વિણું કેવલ રથ મુસલે સબંધ
ફરતઇ છન્નુ લખ મનુષુનો ઘાત હૂઓ સંમુધ... ૫

તેહમાં એક સુરો ઇક માનવમચ્છ સહજ
દસ સહસ શેષ નરગ તિરિ ગતીમાં ઉપના આરતે રૌદ્રઇં
સરસ ભગવતિ **સપ્તમ શતકે** નિસુણી દ્રવ્યઇં લોભ ત્યજાય
ભાખઇ શાંતિવિજય બુધ વિનયી **માનવિજય** ઉવજ્ઝાય...

## સાતમા શતકની સજ્ઝાય (૨) (માનવિજયકૃત)

(મન રંગ ધરિ એ ઢાલ)

ધન્ય તે જગમાંહિ કહિઇં જેણઇં નિજ વ્રત નિરવહિઇં રે,
મન ભાવ ધરી મન ભાવ ધરી વ્રત પાલો રે જિમ માનવભવ અજુઆલો રે. ૧

નાગનનુઓ નામે વરૂણ વિસાલા નગરીનો તરૂણ રે મન ભાવ ધરી
શ્રી વીરજી તણો (વીરનો) સમણોપાસી છઠ છઠ તપ અભ્યાસી રે... મન. ૨

ચેટક નૃપ રાયાભિયોગે રથ મુસલ સંગ્રામનેં યોગઇં રે મન.
છઠીઓ અઠ્ઠમ અણુ વરતઇં રણિ ચઢિઓ અણસરતઇં રે... મન. ૩

પ્રતિયોધઇં કહિઓ કરિ ઘાય કહૈ ન કરૂં પહિલે દાય રે મન.
તવ મૂક્યો તિણઇં તીર લાગે થયો વરૂણો ધીર રે... મન. ૪

ખેંચીને નાખ્યો બાણ તેણે શત્રુના હર્યા (હણ્યા) પ્રાણ રે
પછે વરૂણો જર્જર દેહ રથ કાઢે યુદ્ધથી છેહ રે... મન. ૫

રથ અશ્વ તજી કર્યો તેણેં સંથારો મન સમ શ્રેણ રે મન.
પૂરવસન મુખ તિહાં બેસી કહઇ શક્રસ્તવ દોવિ અસી રે... મન. ૬

સર્વથી સવિ આશ્રવ પચખઇ પટ્ટ છોડિ શલ્ય આકર્ષે રે
મરી પહેલે સરગઇં જાય સુર એકાવતારી થાય રે... મન. ૭

તિહાં દેવઇં કર્યો મહિમાય તિહાંથી ચાલ્યો પડઘાય રે મન.
તસ મિત્રઇં પણ ઇમ કીધ વ્રત વરૂણ તણાં ચિતિ લીધ રે... મન. ૮

મરી ઉત્તમ કુલેં ઉત્પન્ન તેહ સમભાવિં સંપન્ન રે મન.
ઉપજસ્યઇ તિહાંથી વિદેહઇં લેઇ ચારિત્ર સીઝસઇ છેહે રે... મન. ૯

ઇમ વ્યગ્રપણઇ પણિ જેહ વ્રત સંભાળે ધન્ય તેહ રે „
કહે **માનવિજય** (ભવિ) હિતથી ભગવતી સપતમેં શતકેં રે... મન. ૧૦

## સાતમા શતકની સજ્ઝાય (૩) (માનવિજયકૃત)

(ઢાલ ઝુંબખડાની)

જ્ઞાન ગવેખી પ્રાણીયા સુલભ બોધિ (ભવોદધિ) હોય સુબુદ્ધિજન સાંભળો
પૂછંતો પંડિત હોય લોક ઉખાણો કહિ જોય... સુ. ૧
રાજગૃહી નગરી વનઇં અન્યતિથી સમુદાય સુ.
કાલોદાયી પ્રમુખ મીલ્યો કરતો શાસ્ત્રકથાય... સુ. ૨
પંચાસ્તિકાય કહિયા વીરઇં તે કહો કેમ મનાય સુ.
એહવઇં ગૌતમ ગોચરી જાતાં દીઠાં તિહાંય... સુ. ૩
પૂછઇ થકેઇ ગૌતમ કહેઇ જુઓ નિજ મન ભાય સુ.
ભાવ છતાનઇં છતા કહું અછતાનઇં કહું નાય... સુ. ૪
જિનદેશનાઈં અન્યદા આવ્યો કાલોદાય સુ.
તસ (નિજ) મત સંસય પૂર્વલો ટાળે શ્રી જિનરાય... સુ. ૫
પ્રતિબોધીય (પ્રતિબોધાયો) ચારિત્ર લીઇ પૂછઇ પ્રશ્ન બહુ ભાંતિ સુ.
કર્મ ખપાવી મુગતેં (સરગે) ગયો જ્ઞાન ગ્રહો ઇમ ખાંતિ... સુ. ૬
ભગવતિ **સપ્તક શતકમાં** એહનો છઇ વિસ્તાર સુ.
પંડિત શાંતિવિજય તણો **માન** કહે સુવિચાર... સુ. ૭

## શતક ૮

ઉ. ૧ : પહેલા ઉદ્દેશામાં ૧૦ ઉદ્દેશાની સંગ્રહણી ગાથા, પ્રયોગપરિણત પુદ્ગલો અને મિશ્ર પરિણત પુદ્ગલોનો નવ નવ દંડકોમાં વિચાર કરી વિશ્રસાપરિણત પુદ્ગલોની બીના કહી છે. પછી ત્રણ યોગ વગેરેને ઉદ્દેશીને પણ તે પ્રયોગાદિ પરિણત પુદ્ગલોની બીના કહ્યા બાદ અંતે તે બધાંનું અલ્પબહુત્વ જણાવ્યું છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં જાતિની અપેક્ષાએ અને કર્મની અપેક્ષાએ આશીવિષની સ્પષ્ટ ભેદ પ્રભેદ સાથે બીના જણાવીને છદ્મસ્થ ન જાણે તેવાં દશ સ્થાનકો, જ્ઞાન-અજ્ઞાનનું વર્ણન, તેના ભેદાદિના વિચાર, જીવના નારકાદિ દંડકોમાં જ્ઞાનિત્વ-અજ્ઞાનિત્વનો વિચાર, ગતિ-ઇંદ્રિયાદિ માર્ગણામાં જ્ઞાનિત્વાદિનો વિચાર તથા લબ્ધિનું સ્વરૂપ, તેના ભેદાદિ તેમજ લબ્ધિવાળા અને લબ્ધિરહિત જીવોમાં જ્ઞાનિત્વાદિનો વિચાર કહીને, જ્ઞાન-અજ્ઞાનાદિનો વિષય અને જ્ઞાનાદિના

સ્થિતિ ને પર્યાયોનું સ્વરૂપ જણાવ્યું છે. અંતે તે બધાનાં નાનાં મોટાં અલ્પબહુત્વ તથા પ્રસંગને અનુસરીને પરિહાર વિશુદ્ધિ આદિની પણ બીના વિસ્તારથી સમજાવી છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં વૃક્ષ (ઝાડ)ના ભેદો વગેરે બીના કહી છે. અહીં ઝાડના સંખ્યાત જીવીનું, અસંખ્યાતજીવીનું, એક બીજવાળાં વૃક્ષોનું, તથા અનંત જીવોવાળાં વૃક્ષોનું સ્વરૂપ વગેરે કહીને જણાવ્યું કે કોઈ જીવના દેહના બે, ત્રણ કે સંખ્યાતા ટુકડા કર્યા હોય, તો તેની વચ્ચેનો ભાગ જીવપ્રદેશોથી સ્પષ્ટ હોય કે નહિ ? તથા અરૂપી જીવપ્રદેશોને શસ્ત્ર વગેરેથી પીડા થાય કે નહિ ? આના સ્પષ્ટ ઉત્તરો દેતાં જણાવ્યું છે કે છેદાયેલા કાચબા વગેરેની વચમાં રહેલા પ્રદેશો અરૂપી હોવાથી શસ્ત્રાદિથી પીડા ન થાય. જેમ બારણાંની તડમાં ગિરોલીની પૂંછડી દબાઈ જવાથી કપાય, ત્યારે કપાયેલી પૂંછડીની અને બાકીના શરીરના ભાગની વચમાં રહેલા આત્મપ્રદેશો અરૂપી હોવાથી તેમને શસ્ત્રાદિના સંબંધથી પીડા વગેરે ન થાય. અંતે પૃથ્વીઓ વગેરેની ચરમતાદિ (ચરમપણું વગેરે)ની બીના સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં કાયિકી ક્રિયા વગેરે પાંચ ક્રિયાનું વર્ણન કર્યું છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં આજીવિકમતવાળા વાદીનો પ્રશ્ન જણાવતાં કહ્યું છે કે શ્રાવક સામાયિકમાં રહ્યો હોય, ત્યારે તેને ભાંડ (કરિયાણું, વાસણ) અને સ્ત્રી વગેરે મારાં છે, એવો મોહ હોતો નથી. તેથી તે વખતે કોઈ માણસ તેના ભાંડપાત્રાદિનું કે સ્ત્રીનું અપહરણ કરે, તો તે પોતાના ભાંડાદિને શોધે છે કે સ્ત્રીને શોધે છે એમ કેમ કહેવાય ? આનું સમાધાન એ છે કે સામાયિકમાં રહેલા શ્રાવકે મમત્વભાવનું પચ્ચખ્ખાણ કર્યું નથી, તેથી તે ચોરાયેલા પોતાના ભાંડને શોધે છે એમ કહી શકાય. તેમજ સ્ત્રીનું પ્રેમબંધન નથી ત્રુટ્યું, તેથી તે અપહરણ કરાયેલી પોતાની સ્ત્રીને શોધે છે એમ કહેવાય. પછી શ્રાવકનો સ્થૂલ પ્રાણાતિપાતાદિના પચ્ચખ્ખાણ કરવાનો વિધિ જણાવતાં ૪૯ ભાંગા કહીને આજીવિક મતનો સિદ્ધાંત, અને તેના બાર શ્રમણોપાસકો, શ્રાવકને તજવાનાં ૧૫ કર્માદાનો, દેવલોક વગેરે બીના વિસ્તારથી કહી છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં કહ્યું છે કે શ્રાવક સાધુને નિર્દોષ આહારાદિ વહોરાવે, તો તેને એકાંત કર્મનિર્જરાનો અપૂર્વ લાભ મળે, ને ભયંકર માંદગી, લાંબી અટવી આદિમાં મુનિઆદિનો વિહાર વગેરે ખાસ અગત્યનાં કારણો ગીતાર્થગુરુઆદિની જાણમાં હોય તેવા પ્રસંગે ગીતાર્થાદિની આજ્ઞાથી જ મુનિ

વગેરેના સંયમાદિ ગુણોને ટકાવવાની ભાવનાથી ગીતાર્થત્વાદિ-ગુણવંત શ્રાવક સુપાત્ર મુનિ વગેરેને સદોષ આહાર વગેરે વહોરાવે તો તે શ્રાવકને ઘણો કર્મનિર્જરાનો લાભ મળે ને થોડું જ પાપકર્મ બંધાય. અસંયતને આહારાદિ દેતાં તેને એકાંત પાપકર્મ જ બંધાય. અહીં આહારાદિ સદોષ હોય કે નિર્દોષ હોય, પણ કુપાત્રને દેવાથી કર્મનિર્જરાનો લાભ ન થાય. આ હકીકત ટીકામાં સ્પષ્ટ સમજાવી છે. પછી શ્રાવક નિર્ગ્રંથને પિંડ (આહારાદિ) અને પાત્ર વગેરે વહોરવા માટે ઉપનિમંત્રણ (વિનંતી) કરે, તે સમયે મુનિમાર્ગની મર્યાદા અને આલોચનાને અંગે આરાધક-વિરાધકપણાનો વિચાર, તથા બળતા દીપક અને ઘરનો વિચાર, તેમજ જીવ નારકાદિ દંડકોમાં બીજાના શરીર નિમિત્તે લાગતી ક્રિયાઓની બીના પણ સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં અન્ય તીર્થિકોનો ને સ્થવિરોનો સંવાદ જણાવતાં "સ્થવિરોને અન્ય તીર્થિકોએ કહ્યું કે તમે અસંયત છો, ને એકાંતબાલ છો." આ વિચારનું ખંડન કરતાં સ્થવિરોએ જણાવ્યું કે સંયતપણાના ગુણોને સાધતા હોવાથી અમે સંયત છીએ, ને એકાંતબાલ નથી, એમ સાબિત કર્યું છે. તેવા ગુણોથી જે રહિત હોય, તે જ અસંયત અને એકાંતબાલ કહેવાય.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં ગુરુ, શ્રુત વગેરેના પ્રત્યનીક (વિરુદ્ધ પ્રવૃત્તિ કરનારા શત્રુ) જીવોના ૬ ભેદો અને પ્રભેદો તથા વ્યવહારના પાંચ ભેદો, તેનું ફલ, તેમજ ઐર્યાપથિક બંધનું ને સાંપરાયિકબંધનું સ્વરૂપ કહીને ઐર્યાપથિક બંધના સ્વામી, અને આ ઐર્યાપથિક કર્મના ભાંગા, તેના બંધને અંગે જરૂરી બીના જણાવીને સાંપરાયિક કર્મબંધનાં સ્ત્રી વગેરે સ્વામી અને તેના ત્રૈકાલિક બંધના ભાંગા, તથા કર્મપ્રકૃતિનું અને પરીષહોનું સ્વરૂપ જણાવ્યું છે. તથા કયો પરીષહ કયા કર્મના ઉદયથી હોય છે, કોને કેટલા પરીષહ હોય વગેરે પ્રશ્નોના ઉત્તરો વર્ણવ્યા છે. પછી કહ્યું કે તેજના પ્રતિઘાતથી સૂર્ય દૂર છતાં નજીક દેખાય છે, ને તેજના અભિતાપથી પાસે જતાં દૂર દેખાય છે. આ હકીકતને વિસ્તારથી સમજાવીને કહ્યું કે સૂર્ય વર્તમાન સ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશિત કરે છે. ને સૂર્યની ક્રિયા વર્તમાન ક્ષેત્રમાં કરાય છે, તથા સૂર્ય સ્પૃષ્ટ ક્રિયાને કરે છે. આ રીતે તાપક્ષેત્રની બીના કહીને માનુષોત્તર પર્વતની બહારના ને અંદરના ચંદ્ર વગેરેની ઊર્ધ્વલોકમાં ઉત્પત્તિને અંગે જરૂરી હકીકત જણાવીને અંતે પૂછ્યું કે ઇંદ્રસ્થાન કેટલા કાળ સુધી ઉપપાતવિરહિત રહે? આનો સ્પષ્ટ જવાબ આપ્યો છે.

ઉ. ૯ : નવમા ઉદ્દેશામાં બંધનો વિચાર વિસ્તારથી જણાવતાં તેના બે ભેદ કહીને ફરમાવ્યું કે ધર્માસ્તિકાયાદિનો અનાદિ વિશ્રસાબંધ છે. પછી સાદિબંધના ભેદો અને સ્થિતિ, અંતર અને અલ્પબહુત્વ કહ્યા છે. પછી વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણબંધના ભેદો અને સ્વરૂપ તથા પ્રયોગબંધનાં કારણો તેમજ સ્થિતિ કહીને શરીરોના માંહોમાંહે બંધાદિને અંગે વિચારો જણાવ્યા છે. અંતે દેશબંધકાદિનું અલ્પબહુત્વ અને બંધછત્રીશી વર્ણવી છે.

ઉ. ૧૦ : દશમા ઉદ્દેશામાં અન્ય તીર્થિકો કહે છે કે 'એકલું શીલ જ શ્રેયસ્કર (કલ્યાણદાયક) છે.' તેનું ખંડન કરીને સત્ય બીના એ કહી કે મોક્ષની પ્રાપ્તિમાં શ્રુત અને શીલ બંને અસાધારણ કારણ છે. એટલે એ બેનો સાધક આત્મા જ મોક્ષને પામે છે. માટે જ કહ્યું છે કે શ્રુત-શીલવંત જીવો જ સર્વારાધક જાણવા. અહીં શીલસંપન્નપદની ને શ્રુતસંપન્નપદની ચઉભંગી અને દેશારાધકનું ને દેશવિરાધકનું તથા સર્વારાધકનું ને સર્વવિરાધકનું સ્વરૂપ જણાવ્યું છે. પછી આરાધકના ભેદો, જ્ઞાનારાધના ને દર્શનારાધનાની બીના જણાવતાં તેના જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ ભેદો, અને તેનો માંહોમાંહે સંબંધ તથા જઘન્યાદિ ભેદે જ્ઞાન-દર્શન-ચારિત્રના આરાધક જીવોના ભવની હકીકત સ્પષ્ટ સમજાવીને પુદ્ગલપરિણામના સ્વરૂપ, ભેદો તથા પુદ્ગલાસ્તિકાયની જરૂરી બીના કહી છે. પછી લોકાકાશના ને જીવના પ્રદેશો, તથા કર્મપ્રકૃતિ તેમજ તેની ચોવીશે દંડકોમાં હકીકત કહીને આઠે કર્મોના અવિભાગ પરિચ્છેદનું સ્વરૂપ અને તેનાથી નારકાદિના આત્મપ્રદેશોનું વીંટાવવું તથા દરેક કર્મનો એક બીજા કર્મની સાથે સંબંધ, તેમજ પુદ્ગલી બીના અને પુદ્ગલની નારકાદિ જીવોમાં ને સિદ્ધોમાં વિચારી છે.

## શતક ૯

ઉ. ૧થી ૩૦ : આના ૩૪ ઉદ્દેશા છે. તેનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે જાણવો. ૧. પહેલા ઉદ્દેશામાં જંબૂદ્વીપના આકાર વગેરેનું વર્ણન કર્યું છે. ૨. બીજા ઉદ્દેશામાં અઢી દ્વીપમાં ને પુષ્કરોદ સમુદ્રમાં પ્રકાશ કરનાર ચંદ્રની હકીકત જણાવી છે. ૩. ત્રીજાથી ૩૦ ત્રીસમા સુધીના ૨૮ ઉદ્દેશાઓમાં ૨૮ અંતર્દ્વીપોનું સ્વરૂપ વર્ણવ્યું છે.

ઉ. ૩૧ : એકત્રીસમા ઉદ્દેશામાં અશ્રુત્વા કેવલીનું સ્વરૂપ વિસ્તારથી જણાવતાં કહ્યું કે જેઓ કેવલજ્ઞાની વગેરેની દેશના સાંભળ્યા વગર કેવલજ્ઞાન

પામ્યા તેઓ અશ્રુત્વા કેવલી કહેવાય. અને જેઓ કેવલી વગેરેની દેશના સાંભળીને કેવલજ્ઞાન પામ્યા તેઓ શ્રુત્વાકેવલી કહેવાય. આ બંને લક્ષ્યમાં રાખીને અહીં પ્રશ્નોત્તરો જણાવ્યા છે. કેવલજ્ઞાની વગેરેનાં વચનો સાંભળ્યા વગર કોઈ જીવને ધર્મનો બોધ, બોધિલાભ, પ્રવ્રજ્યાનો લાભ, બ્રહ્મચર્ય, સંયમ, જ્ઞાન વગેરેનો લાભ થાય કે નહિ? તેના હેતુ જણાવવા સાથે સ્પષ્ટ ઉત્તરો આપ્યા છે. તેમાં કહ્યું કે કેટલાક જીવો ધર્મનો બોધ, બોધિ વગેરે કેવલી વગેરેનાં વચનો સાંભળ્યા વગર પણ પામે છે ને કેટલાએક જીવો સાંભળીને ધર્મબોધ વગેરેને પામે છે.

અહીં યોગ્ય પ્રસંગે હેતુ વગેરે જણાવવાપૂર્વક વિભંગજ્ઞાનની ઉત્પત્તિ, સમ્યગ્દર્શન, ચારિત્રનો લાભ, અવધિજ્ઞાનનો લાભ, લેશ્યા, સંઘયણ, સંસ્થાન, ઊંચાઈ, આયુષ્ય, વેદ, કષાય, અધ્યવસાય, મુક્તિ અને કષાયોનો ક્ષય વગેરેની બીના સ્પષ્ટ સમજાવીને કહ્યું કે અસોચ્ચાકેવલી ધર્મોપદેશ કરે નહિ, બીજાને દીક્ષા આપે નહિ ને અંતે સિદ્ધ થાય. તેઓ ઊર્ધ્વ લોકમાં ગોળ વૈતાઢ્યાદિ સ્થલે હોય ને અધોલોકમાં કુબડી-વિજય વગેરે અધોલૌકિક ગ્રામાદિમાં હોય. તથા તિર્છાલોકમાં પંદર કર્મ ભૂમિમાં હોય. પછી તેમની એક સમયની સંખ્યા કહીને જણાવ્યું કે કેવલી વગેરેનો ઉપદેશ સાંભળતાં પણ એવું બને છે કે કોઈ જીવ ધર્મ વગેરેને પામે ને કોઈ જીવ ધર્મ વગેરેને ન પણ પામે. આ પ્રસંગે જરૂરી બીજી પણ બીના જણાવતાં ધર્મને સાંભળીને સમ્યગ્દર્શનાદિ ગુણોના ધારક જીવોમાંના કેટલાએક જીવો અવધિજ્ઞાનાદિને પામે છે. તેમના લેશ્યા, જ્ઞાન, યોગ, વેદ, કષાય, અધ્યવસાયાદિને અંગે ઘટતી બીના કહીને જણાવ્યું કે સોચ્ચાકેવલી ધર્મોપદેશ આપે છે, તેઓ તથા તેમના શિષ્ય-પ્રશિષ્યો પણ બીજાને દીક્ષા આપે ને મોક્ષે પણ જાય. પછી ઊર્ધ્વ લોકાદિમાં તેમની હયાતીનો વિચાર કહીને તેમની એક સમયમાં સંખ્યા વગેરે બીના સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૩૨ : બત્રીસમા ઉદ્દેશામાં વાણિજ્યગ્રામે શ્રીપાર્શ્વનાથના સંતાનીય શ્રીગાંગેયમુનિએ પ્રભુ શ્રીમહાવીરદેવને નરકાદિમાં સાંતર (આંતરે આંતરે) અને નિરંતર (આંતરા રહિતપણે) જીવોનું ઊપજવું ને ત્યાંથી નીકળવું આ બેને અંગે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો, તથા રત્નપ્રભાદિ નરકસ્થાનોમાં એકાદિ જીવોનાં પ્રવેશનકો (દાખલ થવા)ના વિચારો એ જ રીતે તિર્યંચ મનુષ્ય દેવોમાં એકાદિ જીવોના પ્રવેશનકોના વિચારો, તેમજ આ પ્રસંગે સંભવતા દ્વિકાદિસંયોગી

ભાંગાનું વર્ણન કરીને નારકાદિ પ્રવેશનકોનાં નાનાં મોટાં અલ્પબહુત્વો જણાવ્યાં છે. પછી નારકાદિના ઉત્પાદમાં અને ઉદ્વર્ત્તનામાં વિદ્યમાનતાના અને અવિદ્યમાનતાના વિચારો કહીને પ્રભુ મહાવીરે ગાંગેયમુનિને પોતાનાં વચનોમાં સાક્ષી આપતાં જણાવ્યું કે જેમ હું કહું છું તેમ પુરુષાદાનીય પ્રભુ શ્રીપાર્શ્વનાથે આ લોકને દ્રવ્યાસ્તિક નયની અપેક્ષાએ શાશ્વતો કહ્યો છે, ને જીવો શુભાશુભ કર્મોના ઉદયાદિથી નારકાદિપણું પામે છે. આ રીતે પ્રભુ મહાવીરની દેશના સાંભળતાં 'પ્રભુ મહાવીર સર્વજ્ઞ' છે, આવી ખાત્રી થતાં પંચ મહાવ્રતો સ્વીકારી આરાધીને ગાંગેય મુનિ મોક્ષે ગયા.

ઉ. ૩૩ : તેત્રીસમા ઉદ્દેશામાં બ્રાહ્મણકુંડ ગ્રામના રહીશ ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણી બહુશાલક ચૈત્યવાળા બગીચામાં પધારેલા પ્રભુ મહાવીરદેવને વંદન કરવા ને દેશના સાંભળવા આવ્યાં. દેવાનંદાની કુક્ષિમાં પહેલાં પ્રભુ મહાવીર રહેલા હોવાથી તે પ્રભુની માતા થાય. પુત્રસ્નેહથી પ્રભુને જોતાં દેવાનંદાના સ્તનમાંથી દૂધ ઝરવા માંડ્યું. આથી આશ્ચર્ય પામેલા શ્રીગૌતમસ્વામી વગેરેને પ્રભુએ સત્ય બીના જણાવી ને વૈરાગ્યમય દેશના આપી. તે સાંભળી બંને પ્રભુના હાથે દીક્ષા લઈ આરાધીને મોક્ષે ગયા. પછી જમાલિની બીના જણાવતાં કહ્યું કે તે જમાલિ રાજકુમાર પ્રભુની દેશના સાંભળી દીક્ષા લેવા તૈયાર થયો. માતાપિતાને સમજાવી અનુમતિ લઈ પ્રભુના હાથે દીક્ષા પામીને આરાધતાં એક વખત પાપકર્મોદયે તેને પ્રભુનાં વચનોમાં અશ્રદ્ધા થઈ, અને કરાતી વસ્તુ અકૃત છે (કરાઈ નથી) વગેરે મિથ્યાવાદ વધારનાર નિહ્નવ થયો. શ્રીગૌતમસ્વામીજીએ તેને લોક અને જીવના શાશ્વતત્વાદિના પ્રશ્નો પૂછ્યા, પણ તે જવાબ દઈ શક્યો નહિ. પ્રભુએ તે બીના વગેરે સ્વરૂપ સમજાવ્યું, તો પણ સમજ્યો નહિ. અંતકાલે મરીને કિલ્બિષિયો દેવ થયો. અંતે તેના પછીના ભવોની બીના તથા કિલ્બિષિયા દેવોના આયુષ્યાદિની હકીકત સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૩૪ : ચોત્રીસમા ઉદ્દેશામાં પ્રશ્નો પૂછ્યા છે કે પુરુષને હણનારા જીવ પુરુષને હણે છે કે નોપુરુષને હણે છે ? એ જ રીતે અશ્વને હણનાર અને ઋષિને હણનાર જીવોની બાબતમાં પ્રશ્નો પૂછીને ફરી પૂછ્યું કે પુરુષાદિને હણનારા જીવો કોના વૈરથી બંધાય છે ? તથા પૃથ્વીકાયિક જીવો વગેરે પૃથ્વીકાયિકાદિને શ્વાસોચ્છ્વાસ રૂપે લે અને મૂકે ખરા ? આના સ્પષ્ટ ઉત્તરો સમજાવીને પૃથ્વી આદિના જીવોને લાગતી ક્રિયાઓની બીના વિસ્તારથી સમજાવી છે.

## નવમા શતકની સજ્ઝાય (૧) (માનવિજયકૃત)

(ઢાલ : રાજાનાં મલેં)

સુધું સમકિત ધરીઇં ધીર જિમ લહીઇં ભવજલ નિધી (તિર)નીર... ભવિકા (ભવિઆં) સુણો
પરખી ગ્રહીઇં ત્રિણિ તત્ત (તત્ત્વ) લોકપ્રવાહની છાંડો વત્ત... ભ. ૧
પારસનાથ સંતાનીઓ જેય (જેહ) વીર કન્હિ આવ્યો ગંગેય ભ.
પૂછઇ ચઉગતીઇં ઉત્પાદ બહુ ભંગઇ કરી કીધો વાદ... ભ. ૨
ઉત્તર કહિ શ્રી વીર જિણંદ તેહ સુણી ગંગેય મુણીંદ ભ.
જાણે કેવલી જ્ઞાની (કેવલજ્ઞાની) એહ ચરમતીર્થંકર સુણીઓ જેહ (તેહ)... ભ. ૩
વંદિનઇ વલીઇ પંચજામ આરાધી પહોંતો શિવઠામ ભ.
ઇમ સમકિતનો હોઇ વિવેક વિણુ પરીક્ષા મૂકે નહિં ટેક... ભ. ૪
ભગવતી **નવમેં શતકઇં** દેખ ચાલ્યો છે અધિકાર વિશેષ ભ.
પંડિત શાંતિવિજયનો શિસ **માનવિજય** મુનિ નામે સીસ... ભ. ૫

## નવમા શતકની સજ્ઝાય (૨) (માનવિજયકૃત)

(થારા મોલા ઉપર મેહ ઝરૂખેં – એ દેશી)

ઉત્તમ જન સંબંધ અલ્પ પણ કીજીઇં હો લાલ કિ અલ્પ૦
ઇહ ભવે જસ મહિમાય કૈ અંતે શિવ દિઇં (દિજીઇં) હો લાલ કિ અંતે ૦
વાણીયગામે (નયર કે) વીર સમોસર્યા હો લાલ કિ વીર૦
વંદન જાયે લોક કે બહુ હરખેં ભર્યા હો લાલ... કિ બહુ૦ ૧
ઋષભદત્ત પિઉ સાથ કિ જિનનઇં વંદતી હો લાલ કિ જિન૦
દેવાનંદા માત કિ થાનો સ્પંદતી હો લાલ કિ પાનો૦
જોતી અનિમિષ દૃષ્ટિ કિ તન-મન ઉલ્લસી હો લાલ કિ તન૦
રોમાંચિત જલસિક્ત કદંબના ફૂલસી હો લાલ... કિ કદંબના૦ ૨
પૂછઇ ગૌતમ વીર કહે અમ્હ માવડી હો લાલ કિ કહે૦
પૂરવ પુત્ર સનેહ ધરૈ ધૃત એવડી હો લાલ કિ ધૃત૦
પ્રતિબોધીયાં માત-તાત કિ ચારિત્ર લીઇ હો લાલ કિ ચારિત્ર૦
ભણીયાં અંગ ઇગ્યાર કે અરથ ગ્રહી હીઇ હો લાલ... કિ અરથ૦ ૩
આરાધી બહુ કાલ કે અંતઇં ઇગ માસની હો લાલ કિ અંતઇ૦
સંલેખનાઇં લીલ લહી શિવવાસની હો લાલ કિ લહી૦

ધન્ય તે નંદન માત-પિતા કિ જેણે ઉદ્ધર્યા હો લાલ કિ જેણે૦
ધન્ય તે માતપિતાય કિ જેણે પુત્ર અનુસર્યા હો લાલ... કિ જેણે૦ ૪
વીવાહપન્નત્તી અંગ તણે **નવમેં શતકઇં** હો લાલ કિ નવમે૦
વાંચી કીધ સજ્ઝાય ભવિકજનને હિતઇં હો લાલ કિ ભવિક૦
શ્રી વિજયાનંદ સૂરિંદ તપાગચ્છ સેહરૂ હો લાલ કિ તપાગચ્છ૦
શાંતિવિજય બુધ સીસ કે કહે **માન** સુહંકરૂ હો લાલ... કિ કહે૦ ૫

## નવમા શતકની સજ્ઝાય (૩) (ભાનવિજયકૃત)

(સારદ બુધદાઇ એ ઢાલ)

શ્રી જિનની આણા આરાધો ભવિ પ્રાણી
નહિંતર ભવ રૂલસ્યો તિહાં છે જમાલિ નીસાની
ક્ષત્રિયકુંડ ગ્રામઇં નયરીઇં વીર પધાર્યા ક્ષત્રિય સુત (પુત્ર) વંદનિ તામ જમાલી સીધાર્યા
ત્રોટક : ધાર્યા અર્થ કહિયા જે વીરઇં તેહ સૂણી મનભીનો
માતતાતની આણા લેઇ જિન પાસે વ્રત લીનો
વર તરૂણી સંઘાતઇં યૌવનલીલા છંડી જેહની (જિણિ)
અંગ ઇગ્યાર ભણી જિનવરનઇં વિનવ્યું એકદા તેહનેં (તેણિ)... ૧
પણસય મુનિ સાથઇં વિચરૂં તુમ આદેંસઇં
બોલ્યા નહિં જિનવર તવ તે વિચર્યો વિદેસઇં
સાવત્થી નયરીઇં પહોંતો તિહાં ઉત્પન્ન (ઉપવંન)
દાહજ્વર દોહિલો લેતાં નીરસ અન્ન
ત્રુટક : નીરસ અન્નઇં નિર્બલ તનુ તે મુનીનઇં
કહે મુઝ હેતઇં તૈયાર કરો (સંથારો) તેણઇ કરવા માંડ્યો **તે** નઇ
વેદનીઇં તે પીડ્યો કહઈ પુણ કીધો કે
સાધુ કહે દેવાણુપ્પિયા નવિ કીધો પણ કરીઈ છઇં... ૨
તવ ચિંતિ મનમાં કરીઇં તે સહી કીધ કહીઇં જિન તે મિથ્યા દીસઈ પ્રત્યક્ષ વિરુદ્ધ
સંથારો કરીઇં કીધો નહીં જે માટઇં બીજા મુનિનેં ઈમ દેખાડઈ ઉવાટિ
ત્રુટક : વાટિ તજી તસ વચનઇં જેણઇં તે તસ પાસઇં રહીયા
કે'તા તસ વચનઇં અણરાતા તે જિન પાસઇં વહિયા
દિન કે'તે નીરોગી હૂઓ તવ ચંપાઇં જાય
જિન આગલિ ઉભો રહી બોલઇં આપ તણો મહિમાય... ૩

બહુ શિષ્ય તુમારા વિચરે જિમ છઉમત્થ
તિમહું નહીં મુઝનઇં કેવલનાણ પસત્થ
તવ કહઇ ગૌતમ હોઈ કેવલનાણ અબાધિ
જો તું છઈ કેવલી તો દોય શ્રેયને સાધિ

ત્રુટક : સાધિ ન લોક અસાસય સાસય (પ્રશમ તે) જીવ પખ્ય ઈમ હોઈ (દોય),
તવ સંકેત હુતો રહિઓ મૌનેં વીરવચન અહ જોય
મુઝ બહુ સીસા છઉમત્થા પણ મુઝ પરિ એહનો અર્થ
કહિવા સમરથ પણિ નહીં તુઝ પરિ ગર્વ વચન કહે વ્યર્થ... ૪
દ્રવ્યથી પર્યાયથી નિત્યાનિત્ય વિચાર ઇમ અણસદ્દહંતો કીધો અન્યત્ર વિહાર
નિજ સુધિ પરિણતિ પરપરિણતિ સુપ્રકાસિ પોતાનઇ પરનઇ બહુદિન્ન કુમતિવાસિ

ત્રોટક : વાસી લંતક હેઠે તેરસ સાગર થિતિ ઉપન્ન
ઇમ કહે વીર કુશિષ્ય તિહાંથી ચ્યવી દંસણ વાવન્ન
નિસુણો ગૌતમ તિરિનિરસુરમાં પંચપંચ ભવ કરસઇં
ઇમ સંસાર ફિરિનઇં અંતઇં અવિચલ પદવી વરસઇ... ૫
તિહાં કિલ્બિષિઆ કહિં જિન ગૌતમ પૂછેઈ
ત્રિણ્ય પલ્યને આયિં પ્રથમ કલ્પદ્રુગ નીચઇં
ત્રિણ્ય સાગર થિતીયા ત્રીજા ચોથા હેઠેં તેરસસાગરના લંતક હેઠિ ઠેઠિ

ત્રુટક : ઠેઠિં કહો કુણકર્મઇં ઉપજૈ વીર વદઇ અહ વાણી
આચારજ ઉવજ્ઝાય સંઘના પ્રત્યનીક જે પ્રાણી
અજસકરા વ્યુદ્ગ્રાહી જનનઇં તે કલ્બિષ સૂર હુંત
તિહાંથી ચવી કે'તા ભવમાંહિ કાલ અનંત ફિરંત... ૬

ત્રુટક : તિરિ-નર-સુરગતિમાં કે'તા જંત ભવપંચક રઝલી સિદ્ધિ લહંત
આલોયા વિણુ તે ભારે કરમી જીવ ઇમ જાણી આરાધો શ્રી જિન આણ સદીવ
દીવ સરીખા ગુર્વાદીકની કીજેં ભક્તિ (વિશેષ)
અરસાહારાદિક કષ્ટી પણિ એહનિ દર્શન દેખ,
ભગવતિ અંગઇં નવમઇં શતકઇં એહ અર્થ (એહથી) જિન ભાખ્યો
પંડિત શાંતિવિજ્યનઇં સીસઇં **માણવિજઇં** પ્રકાસ્યો... ૭

## શતક ૧૦

ઉ. ૧ : પહેલા ઉદ્દેશામાં પૂર્વાદિ દિશાઓ અને દિશાઓનાં ૧૦ નામો તથા શરીરના ભેદાદિનું વર્ણન કર્યું છે. અહીં શરૂઆતમાં ૩૪ ઉદ્દેશાના સારને જણાવનારી સંગ્રહગાથા કહીને દિશા અને શરીરની બીના વર્ણવી છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં કહ્યું કે કષાયી સાધુને સાંપરાયિકી ક્રિયા લાગે ને અકષાયી સાધુને ઈર્યાપથિકી ક્રિયા લાગે. પછી યોનિ, વેદના, અને યોનિના ભેદો, નારકોની વેદના તથા ભિક્ષુપ્રતિમા (૧૨) તેમજ આરાધના વગેરેનું સ્વરૂપ સ્પષ્ટ જણાવ્યું છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં કહ્યું કે દેવો આત્મઋદ્ધિથી ચાર પાંચ દેવાવાસો (વિમાન કે ભુવન) ઉલ્લંઘી જઈ શકે તેથી વધારે વિમાનાદિ ઉલ્લંઘીને જવાનું પરઋદ્ધિથી બને. પછી અલ્પઋદ્ધિવાળા, સમ (સરખી) ઋદ્ધિવાળાને મહાઋદ્ધિવાળા દેવોનું અને દેવીઓનું એકબીજાની વચ્ચે થઈ જવાનું તથા તેઓ મોહ પમાડીને (મૂંઝવીને) જાય કે ગયા પછી મોહ પમાડે ? આ પ્રશ્નોત્તરો અસુરકુમારાદિને અંગે તથા વૈમાનિકાદિને અંગે જણાવ્યા છે. આ બીના સ્પષ્ટ સમજાવીને કહ્યું છે કે ઘોડાના હૃદયની ને યકનુની વચ્ચે કર્બટક નામનો વાયુ હોય છે, તેથી ઘોડો દોડે ત્યારે 'ખુ ખુ' શબ્દ કરે છે. અંતે ભાષાના બાર ભેદો સમજાવ્યા છે. આ પ્રસંગનું મૂળ સ્થાન રાજગૃહ નગર છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં કહેલો પ્રસંગ વાણિજ્યગ્રામે બન્યો છે. પ્રભુ મહાવીરના શ્યામહસ્તી અનગારે પ્રભુને ચમરેન્દ્રના, બલીન્દ્રના, ધરણેન્દ્રના, શક્રેન્દ્રના, ઈશાનેન્દ્રના અને સનત્કુમારેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવોના પૂર્વભવની બીના વગેરેને અંગે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો સ્પષ્ટ સમજાવ્યા છે. તેમાં કહ્યું છે કે ચમરેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવો પાછલા ભવે કાકંદી નગરીના રહીશ હતા. બલીન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવો પૂર્વ ભવે બિભેલક ગામના રહીશ હતા. શક્રના ત્રાયસ્ત્રિંશક દેવો પૂર્વભવે પલાશ ગામના રહીશ હતા. ઈશાનેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવો પૂર્વભવે ચંપાનગરીના રહીશ હતા. અવસરે શ્રીગૌતમસ્વામીના પ્રશ્નના જવાબમાં પ્રભુએ ત્રાયસ્ત્રિંશક દેવોના શાશ્વતત્વ (શાશ્વતપણું) વગેરેની બીના જણાવી છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં જણાવેલી બીનાનું ઉત્પત્તિસ્થાન રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યવાળો રમણીય પ્રદેશ છે. અહીં ચમરેન્દ્રની અગ્રમહિષીઓ, તે દરેકનો પરિવાર વગેરે જણાવીને કહ્યું કે ચમરેન્દ્રાદિની મુખ્ય

ચમરસિંહાસનાદિવાળી ઇંદ્રસભાઓમાં શ્રીજિનેશ્વર દેવોની દાઢા, હાડકા વગેરે પૂજ્ય પદાર્થોની આશાતનાથી બચવાની શુભ ભાવનાવાળા ઇંદ્રો તથા લોકપાલ વગેરે દેવો પણ ભોગ ભોગવતા નથી. પછી ચમરેન્દ્રના સોમ, યમ વગેરે લોકપાલોની અગ્રમહિષીઓની બીના પછી બલીન્દ્રની ને તેના સોમ વગેરે લોકપાલોની અગ્રમહિષીઓની હકીકત કહીને ધરણેન્દ્ર અને તેના લોકપાલોની અગ્રમહિષીઓની હકીકત જણાવી છે. પછી ભૂતેન્દ્રની તથા તેના લોકપાલ દેવોની, કાલેન્દ્રની, સુરૂપેન્દ્રની, પૂર્ણભદ્રની, ભીમેન્દ્રની, કિન્નરેંદ્રની, અતિકાયેન્દ્રની, ગીતરતીન્દ્રની, ચંદ્રની, અંગારગ્રહની, શક્રની, તેના લોકપાલોની, ઈશાનેન્દ્રની અને તેના લોકપાલાદિની અગ્રમાહિષીઓની બીનાવાળા પ્રશ્નોત્તરો કહ્યા છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં શક્રની સુધર્મા સભા, તેની ઋદ્ધિ, સુખ વગેરેનું વર્ણન કરતાં જણાવ્યું કે જેવું સૂર્યાભ દેવના વર્ણનમાં કહ્યું છે, તેવું વર્ણન શક્રની અલંકારસભાદિનું સમજવું. શ્રીરાજપ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભ દેવનું વર્ણન વિસ્તારથી કર્યું છે.

**ઉ. ૭થી ૩૪ :** સાતમા ઉદ્દેશાથી ૩૪મા ઉદ્દેશા સુધીના ૨૮ ઉદ્દેશામાં ઉત્તર ભાગના ૨૮ અંતર્દ્વીપોનું સ્વરૂપ અનુક્રમે જણાવ્યું છે.

## દશમા શતકની સજ્ઝાય (ભાનવિજયકૃત)

(ઘરિ આવોજી આંબો મોરિઓ — એ ઢાલ)

વ્રત લેઇ જે શુભ પરિણામઇં પછિ હોઈ શિથિલ પરિણામ
ભવિજન નિસુણો જિનવયણડાં
તેહ હીણગતિ જઇ ઉપજઇ આરાધઇં લહઇ ઉત્તમ(ઉચ્ચ) ઠાંમ... ભવિ૦ ૧
વાણિયગામિ સમોસર્યા જિનવીર તદા તસ સીસ
સામહત્થિ મુનિ ગોતમ પ્રતિં પૂછિં નામિં જિન (તસ) સીસ... ભ૦ ૨
ચમરિંદ નઇં ત્રાય ત્રિશકા કુણ હેતિ કહો કહવાય ભ૦
કહઇ ગૌતમ કાકંદી પુરઇં શ્રાવક તેત્રીસ સહાય... ભ૦ ૩
સૂધા સંવેગી થઈ પછઇં ધરી પાસત્થાની ટેવ ભ૦
પક્ષ સંલેખણાઇં મરી હુઆ ચમરિંદા નામે (ચમરેંદના તે) સવિ સદેવ... ભ૦ ૪
તિહાં તે દિનથી તે સુર હુઆ ઇમ સામહથી કહે તામ ભ૦
તવ સમકિત ગોતમ પૂછીયા કહે વીર શાશ્વત એ નામ... ભા૦ ૫

ઇમ હુઆ બિભેલક ગામના બલી ઇંદ તે ત્રાયત્રિંસ ભ૦
બીજા પણ ભુવણાહિવઇ નઇં કહિયા તેત્રીસ તેત્રીસ... ભ૦ ૬
હવે આરાધકનાં (આરાધ્યાનાં) ફળ સુણો ઇમ ગામ પાલકના વાસી ભ૦
વ્રત સુધાં છે કલગઇ ધરા (કલગેંધરિ) માસસંલેખણા અહિયાસી... ભ૦ ૭
હૂયા ત્રાયત્રિંસક શક્રના ઈશાન પતિનઇં ચંપાના ભ૦
બીજા પણ સુરપતિનઇં હોઇ વ્રતના મહિમા નહિં છાના... ભ૦ ૮
ઇમ જાણી વ્રત આરાધીઇં કહે **માનવિજય** ઉવજ્ઝાય ભ૦
ભગવતિના **દશમા શતકથી** એહ સવિ અધિકાર જણાય... ભ૦ ૯

## શતક ૧૧

ઉ. ૧ : અહીં ૧૨ ઉદ્દેશાઓ છે. તેના પહેલા ઉદ્દેશામાં ઉત્પલ એ એક જાતનું કમલ છે. તેને લક્ષ્યમાં રાખીને અહીં પ્રશ્નોત્તરો જણાવ્યા છે. ઉત્પલ નામના કમલમાં એક જીવનો અને અનેક જીવોનો વિચાર, એટલે ૧-૨. ઉત્પલ એક જીવવાળું છે કે અનેક જીવવાળું છે ? ૩. ઉત્પલ રૂપે કયા જીવો ઊપજે છે ? ૪. એક સમયમાં ઉત્પલપણે કેટલા જીવો ઊપજે ? ૫. તે જીવો પ્રતિસમય (દરેક સમયે) એકેક જીવ કાઢતાં કેટલા સમયે ખાલી થાય ? આ પાંચ પ્રશ્નોના ઉત્તરો સ્પષ્ટ સમજાવીને તેની અવગાહના ને તેમના કર્મોના બંધ, ઉદય, ઉદીરણા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, લેશ્યા, ઉપયોગ, શરીરના વર્ણાદિ, ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, આહારકપણું વગેરેનો વિચાર જણાવ્યો છે. પછી કહ્યું કે તે ઉત્પલનો જીવ અવિરત છે. સાત કે આઠ કર્મોને બાંધે છે. પછી તેને ઘટતી સંજ્ઞાઓ, કષાય, વેદ, ઇંદ્રિયો, વગેરે કહ્યાં છે. પછી પૂછ્યું કે ૧. ઉત્પલનો જીવ ઉત્પલપણે ક્યાં સુધી રહે ? ૨. ઉત્પલનો જીવ પૃથ્વીમાં ઊપજી ફરી ઉત્પલપણે ઊપજે આવું કેટલો સમય કરે ? ૩. એવી રીતે તે જીવ વચમાં બીજી વનસ્પતિનો ભવ કરી ફરી ઉત્પલપણે ઊપજે, આવું કેટલો સમય કરે ? ૪. આ જ પદ્ધતિએ વચમાં બેઇંદ્રિયોનો કે પંચેન્દ્રિય તિર્યંચનો એક ભવ કરીને ફરી ઉત્પલપણે ઊપજવાનું કેટલો સમય કરે ? આ બધા પ્રશ્નોના ઉત્તરો કહ્યા છે. પછી તેના આહાર, આયુષ્ય, સમુદ્ઘાત, અને ચ્યવનની બીના જણાવી છે. પછી પૂછ્યું કે શું સર્વ જીવો ઉત્પલપણે ઊપજ્યા છે ? આ પ્રશ્નોનો પણ ઉત્તર સ્પષ્ટ સમજાવ્યો છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશકમાં પહેલા ઉદ્દેશકમાં જેવું વર્ણન ઉત્પલનું કર્યું,

તે જ પદ્ધતિએ શાલૂક (એક જાતની વનસ્પતિ)નું સ્વરૂપ જણાવ્યું છે.

ઉ. ૩થી ૮ : ત્રીજા ઉદ્દેશામાં પલાશ (ખાખરાના ઝાડ)ની, ચોથા ઉદ્દેશામાં કુંભિક નામની વનસ્પતિની, તથા પાંચમા ઉદ્દેશામાં નાડીક નામની વનસ્પતિની બીના જણાવી છે. છટ્ઠા ઉદ્દેશામાં પદ્મ (કમલ)ની બીના, સાતમા ઉદ્દેશામાં કર્ણિકાની બીના તથા આઠમા ઉદ્દેશામાં નલિન (એક જાતના કમલ)ની બીના સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૯ : નવમા ઉદ્દેશામાં હસ્તિનાપુરના શિવ રાજાને શિવભદ્ર નામનો રાજકુમાર છે. શિવરાજાને ત્યાગ ભાવના થવાથી પુત્રને રાજ્ય સોંપી તાપસપણું સ્વીકારીને તેમાં અભિગ્રહો ગ્રહણ કરે છે. અહીં તેણે દિક્પ્રોક્ષિતપણું સ્વીકાર્યું છે. તેનો વિધિ જણાવ્યો છે. તાપસપણામાં કરેલા તપના પ્રભાવે તેને વિભંગ જ્ઞાન થયું. તેથી તેણે કહેવા માંડ્યું કે હું જ્ઞાનથી જાણું છું કે દ્વીપો સાત છે, ને સમુદ્રો પણ સાત જ છે. આ વાત લોકમાં ફેલાતાં પ્રભુએ સાચી બીના કહી કે દ્વીપ-સમુદ્રો સાત જ નથી પણ અસંખ્યાતા છે. વગેરે બીના સાંભળી શિવરાજર્ષિ શંકિત થઈને પ્રભુની પાસે આવ્યા, ને સાચી બીના જાણીને પ્રભુની પાસે દીક્ષા લીધી. તેને સાધીને તે મોક્ષે ગયા. અહીં સિદ્ધગંડિકાનો અતિદેશ કર્યો છે.

ઉ. ૧૦ : દશમા ઉદ્દેશામાં લોકની બીના, તેના ભેદો, ક્ષેત્ર લોકના ઊર્ધ્વ લોક વગેરે ત્રણ ભેદો, તે દરેકના પણ ભેદ જણાવતાં ઊર્ધ્વલોકના ૧૫ ભેદો, અધોલોકના ૭ ભેદો ને તિર્છાલોકના અનેક ભેદો કહ્યા છે. પછી તે બધાના સંસ્થાનની ને અલોકના સંસ્થાનની હકીકત કહીને તે અધોલોકાદિના એક આકાશપ્રદેશમાં જીવો છે ? વગેરે પ્રશ્નોત્તરો જણાવ્યા છે. પછી દ્રવ્યાદિની અપેક્ષાએ અધોલોકના વિસ્તારાદિની બીના કહી છે. પછી પૂછ્યું કે લોકના એક આકાશપ્રદેશમાં અનેક જીવના પ્રદેશો માંહોમાંહે સંબદ્ધ છે; તેથી એ સ્થિતિમાં રહેતા એકબીજાને પીડા થાય કે નહિ, એનો ઉત્તર દઈને અંતે એક આકાશપ્રદેશમાં જઘન્ય પદે અને ઉત્કૃષ્ટપદે રહેલા જીવોનું ને જીવપ્રદેશોનું અલ્પબહુત્વ અને નિગોદનું સ્વરૂપ નિગોદછત્રીશીમાં કહ્યું છે.

ઉ. ૧૧ : અગિયારમા ઉદ્દેશામાં વાણિજ્ય ગ્રામના દૂતિપલાશ ચૈત્યવાળા પ્રદેશમાં આ પ્રસંગ બન્યો છે. એમ કહીને કાળના ભેદો, અને પ્રમાણકાળનું સ્વરૂપ કહીને સુદર્શન શેઠના પૂર્વ ભવની બીના ટૂંકામાં કહી છે. તેનો સાર આ છે – હસ્તિનાપુરના બલરાજાની પ્રભાવતી રાણીને સિંહનું સ્વપ્ન આવ્યું,

તે બીના જાણી રાજાએ તેનું ફલ કહ્યું. સ્વપ્નપાઠકોએ પણ પુત્ર-લાભરૂપ ફલ કહ્યું. અવસરે જન્મેલા પુત્રનું મહાબલ નામ પાડ્યું. મોટો થતાં કલાકુશલ થયો. તેના પાણિગ્રહણ અને પ્રીતિદાન થયાં. શ્રીધર્મઘોષ અનગારની દેશના સાંભળી એક દિવસનું રાજ્ય ભોગવી માતાપિતાની રજાથી દીક્ષા લઈ પૂર્ણ ઉલ્લાસથી તેની આરાધના કરી અંતે સમાધિથી કાલધર્મ પામી બ્રહ્મ દેવલોકમાં મહર્દ્ધિક દેવપણું ભોગવી અંતે ચ્યવીને સુદર્શન શેઠ થયો. અહીં તેણે જાતિસ્મરણના પ્રતાપે પૂર્વભવોની બીના જાણી વૈરાગ્ય ભાવે દીક્ષા લીધી. તેની આરાધના કરીને સિદ્ધ થયા. આ મહાબલ કુમારના ચરિત્રની પહેલાં જઘન્ય ઉત્કૃષ્ટ પૌરુષી, દિનરાત્રિનું પ્રમાણ અને યથાયુઃકાલ વગેરેની બીના, તથા નારકાદિની સ્થિતિ જણાવીને પલ્યોપમાદિ બહુ દીર્ઘકાલનો ક્ષય થવામાં મહાબલનું દૃષ્ટાંત જણાવ્યું છે.

**ઉ. ૧૨ :** બારમા ઉદ્દેશામાં આલંભિકા નગરીના શંખવન નામના ચૈત્યવાળા પ્રદેશમાં આ અધિકાર વર્ણવ્યો છે. અહીં ઋષિભદ્રપુત્ર વગેરે શ્રાવકોને માંહોમાંહે દેવલોકમાં દેવોની સ્થિતિ, જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ વગેરેની ચર્ચા થતાં નિર્ણય અધૂરો રહ્યો. અહીં પધારેલા પ્રભુ મહાવીરને પૂછતાં સંપૂર્ણ નિર્ણય થતાં જેને ભૂલ જણાઈ તે શ્રાવકે બીજા શ્રાવકોને ખમાવ્યા. પછી પૂછ્યું કે ઋષિભદ્રપુત્ર દીક્ષા લેશે ? અહીંથી તે કઈ ગતિ પામશે ? દેવલોકથી ચ્યવીને ક્યાં જન્મ લેશે ? આ પ્રશ્નોત્તરો સ્પષ્ટ સમજાવ્યા છે.

## અગિયારમા શતકની સજ્ઝાય (૧) (ભાનવિજયકૃત)

(આ ગિરિસિખર સોહે – એ ઢાલ)

જેહ નર માર્ગાનુસારી સહજ સરલ સભાવ રે
તેહનઇં આજ્ઞા નથી પણિ હુઇ સામાયિક ભાવ રે... સુણો૦ ૧
સુણો પ્રાણી વીર વાણી ધરો અશઠ આચાર રે
તેહથી હોઇ મુગતિ વહેલી શઠપણિ નહિં પાર રે... સુણો૦ ૨
હત્થિણાઉર નયરસાંમી નામથી શિવરાય રે
સુકૃત ફલ સવિ ઋદ્ધિ જાણી સુકૃત કરવા ધ્યાય રે... સુણો૦ ૩
પુત્ર નિજ શિવભદ્રનિં તવ રાજ્ય દેઇ વિસાલ રે
દિસાપોષિ હુઓ તાપસ છટ્ઠ છટ્ઠ નિહાલ રે... સુણો૦ ૪
પારણે ફલ ફૂલ ભોજી કરી ગંગાસ્નાન રે
અસિતર્પણ (અગનિત્રપણ) બલિ સમર્પણ (સર્પણ) તથા અતિથિનઇં દાન રે... સુણો૦ ૫

ઉર્ધ્વ બાંહઇ આતાપનાઇં એકદા વિભંગ રે
ઉપનું તિણઇં સાત દેખઇં દીવ સમુદ્ર અભંગ રે... સુણો૦ ૬
ચિંતવઇ મુઝ જ્ઞાન દરિસન અતિસયી ઉપ્પન્ન રે
સાત સમુદ્રઇં દ્વીપ (દિવસમુદ્ર) લોકઇં ઉપરાંત વિચ્છિન્ન રે... સુણો૦ ૭
એહ પ્રરૂપણ પ્રકટ નિસુણી કહે બહુજન એમ રે
વયણ એ શિવરાય ઋષિનું કહો મનાયે કેમ રે... સુણો૦ ૮
એહવઇં તિહાં કણે વીર આવ્યા હીંડિ ગૌતમ જાય રે
સ્વામી પૂછે વીર ભાખઇં શિવ કહે મિથ્યાત(મિથ્યાય) રે... સુણો૦ ૯
અસંખ્યાતા દીવ-ઉદહી (દિપસમુદ્ર) એહ પ્રરૂપણ મુઝ રે
તિહાં રૂપી અરૂપી દ્રવ્યા વાત હુઇ પુર મજ્ઝ રે... સુણો૦ ૧૦
સુણી તાપસ હુઓ શંકિત પડિઓ નાણવિભંગ રે
ચિંતવઇ તવ વીર સ્વામી જઇં વંદું રંગઇં રે... સુણો૦ ૧૧
વીર વંદી સુણી દેશના લેઇ સંજમ બુદ્ધ રે
ભણી અંગ અગ્યારઇં પહોંતો મોક્ષમાંહિ સુદ્ધ રે... સુણો૦ ૧૨
પરિવ્રાજક એમ મોગ્ગલ આલિંભાપુરીઇં થયો
બ્રહ્મલોકઇં દેવની થિતિ અંતરદસ દેખી રહ્યો... સુણો૦ ૧૩
લઘુસ્થિતિ દસ સહસ વરિસા અંતરદસ ગુરૂથિતિ કહઈ
જિન મતઇં તેત્રીસ નિસુણી ગઈ વિભંગઈ વ્રત ગ્રહઈ... સુણો૦ ૧૪
**શતક અગ્યારમઈં** ભગવતી સૂત્ર વાંચી સદહી
કહે ઇમ **મુનિ માન** ભવિજન કદાગ્રહ કો મત વહો... સુણો૦ ૧૫

## અગિયારમા શતકની સજ્ઝાય (૨) (ભાનવિજયકૃત)

(રાગ : સામેરી, ચાલિ વેલિ)

મુહુરત પણ ચારિત્રનો યોગ ન લહઈ દુષ્કરમી લોગ
ધન્ય તેહ પુરુષ ભવ ભવમાં ચારિત્ર લહે ઉલટમાં... ૧
વાણિજ્ય ગામઈં સુદંસણ સેઠ જઈ વીરનેં વંદે ઠેઠ
પૂછઈ કેતિ વિધિ છઈ કાલ કહે જિન ચઉ ભેદઈં નિહાલ... ૨
દિન રજની કાલપ્રમાણ બીજો આઉસકાલ વખાણ
મૃત્યુકાલ નેં અદ્ધાકાલ ચોથાનો છે સઘળો ચાલ... ૩

પલ્યાદિકનો કિમ અંત ફિરિ પૂછેઈ કહે ભગવંત
તસ પૂરવભવ અનુભૂત સુણતાં હોઈ અદભુત... ૪
શ્રી હત્થિણાઉરિં બલભૂપ પદમાવતી રાણી અનૂપ
સિંહ સુપનઇં સુચિત જાત તસ પુત્ર મહાબલ ખ્યાત... ૫
પરણાવી કન્યા આઠેં તાતઇં, બાલાપણ નાઠેં
ગૃહ આદી સકલ ગૃહવસ્ત આઠ આઠ દીઠી તસ હસ્ત... ૬
અન્યદા જિન વિમલના વંશી ગુરૂ ધર્મઘોષ, શુભ હુંસી
વાંદી તસ સાંભળી વાણી ચારિત્ર લિંઇં ગુણખાણી... ૭
શ્રુતકેવલી મરી બ્રહ્મલોકઇં પહોંતો દસ સાગર થોકઈં
પૂરી આઉખું ઉપ્પન્ન તું સેઠ સુદર્શન ધન્ન... ૮
ઇમ સાંભળી શુભ પરિણામઇં જાતિસમરણ લહિઉં તિણઈં ઠામઈં
સુખ સંપત્તિ લીલ વિલાસ હુઈ સકલ દુરિતનો નાસ... ૯
ભગવતી ઇગ્યારમઈં શતકઈં વાંચીનઈં ભાખ્યું વતકઈં
બુધ શાંતિવિજયનઇં સીસઈં માનવિજયઇં અધિક જગીસઇં... ૧૦

## અગિયારમા શતકની સજ્ઝાય (૩) (માનવિજયકૃત)

(સુમતિ સદા દિલમેં ધરો – એ ઢાલ)

ભાવે ભવિ શ્રુત સાંભળો સાંભળઇ હોઈ નાણ સુબોધી !
નાણથી ગુરૂ રીઝઇ ઘણું પામઇ પદ નિરવાણ... સુ૰ ભાવે૰ ૧
સમણોપાસક બહુ વસઇ આલંભી નયરિ સમૃદ્ધ સુ૰
ઇસિભદ્રપુત્ર તિહાં વડો સમજુમાંહિ પ્રસિદ્ધ... સુ૰ ભાવે૰ ૨
એકદા સવિ ભેગા (ભેલા) મલ્યા દેવસ્થિતિ પૂછાય સુ૰
ગુરૂ સાગર તેત્રીસની વર્ષ અચ્યુત લઘુ થાય... સુ૰ ભાવે૰ ૩
ઇસિભદ્રપુત્રઇ ઇમ કહે માને નહિં કો તેહ સુ૰
એહવઇં વીર સમોસર્યા વંદી પૂછઇ એહ... સુ૰ ભાવે૰ ૪
વીર કહઇ અમ શ્રાવકઇં ભદ્રપુત્રઇં કહિઉં સાચ સુ૰
ઇમ સુણી સહુઇ ખમાવિઓ તેહને કહિ સુભવાચ... સુ૰ ભાવે૰ ૫
માસ સંલેખણાઇ મરી ગયો ઇસિભદ્રનો પુત્ર સુ૰
પહિલે સરગેં તિહાં થકી એકાવતારી મુત્ત... સુ૰ ભાવે૰ ૬

ઇમ શ્રુત અભ્યાસી પ્રતઇં જિનપતિ કરે સુપ્રમાણ સુ૰
ભગવતી **શતક અગ્યારમઇં** ઇમ કરે **માન** વખાણ... સુ૰ ભાવે૰ ૭

## શતક ૧૨

ઉ. ૧ : આના ૧૦ ઉદ્દેશાના ટૂંક સારને જણાવનારી સંગ્રહગાથા કહી છે. પછી પહેલા ઉદ્દેશામાં શ્રાવસ્તી નગરીના રહીશ શંખ શ્રાવક વગેરે શ્રાવકોની બીના, જાગરિકાનું સ્વરૂપ તથા કષાયના વિપાકો (કડવાં ફલો) વગેરે પદાર્થો વર્ણવ્યા છે. તેમાં શંખ શ્રાવકને ઉત્પલા નામની સ્ત્રી છે, બીજા પુષ્કલી શ્રાવક છે. શંખ શ્રાવકને વિચાર થાય છે કે "અશન વગેરેનો આહાર કરતાં પાક્ષિક પૌષધ લેવો મારે શ્રેયસ્કર (કલ્યાણકારક) નથી." પૌષધ લીધા પહેલાં શંખ શ્રાવકે જણાવ્યા પ્રમાણે પુષ્કલી શ્રાવક શંખ શ્રાવકને આહારાદિ કરવા માટે બોલાવે છે, ત્યારે શંખ શ્રાવકે પુષ્કલી શ્રાવકને કહ્યું કે આહારનો આસ્વાદ કરીને (એકાસણું કરીને) પૌષધ કરવાનો ઇરાદો પહેલાં હતો, પણ હાલ આહાર વાપરવાની ઇચ્છા નથી. મેં ઉપવાસ કર્યો છે. પુણ્યોદયે આ અવસરે પ્રભુ શ્રીમહાવીરદેવ પધાર્યાની બીના સાંભળી તેણે નક્કી વિચાર કર્યો કે "હું પ્રભુને વાંદીને પારણું કરીશ." તે પ્રમાણે તેણે કર્યું પણ ખરું.

બીજા શ્રાવકો શંખ શ્રાવકની નિંદા કરતા હતા, તે જાણી પ્રભુએ તેમને નિંદા કરવાની ના પાડી, ને કહ્યું કે તે આસન્નસિદ્ધિક, દૃઢધર્મી અને જરૂર મોક્ષને પામનારો ભવ્ય જીવ છે. પછી તેઓએ શંખ શ્રાવકને ખમાવ્યા. આ હકીકત વિસ્તારથી સમજાવીને કહ્યું કે જાગરિકાના ત્રણ ભેદો છે. તે આ પ્રમાણે – ૧. બુદ્ધ જાગરિકા, ૨. અબુદ્ધ જાગરિકા, અને ૩. સુદર્શન જાગરિકા. તેમાં સર્વજ્ઞ અરિહંતદેવો બુદ્ધજાગરિકા જાગે છે. અષ્ટ પ્રવચનમાતાના પાલન વગેરે ગુણોને ધારણ કરનાર મુનિઓ અબુદ્ધ જાગરિકા જાગે છે. છદ્મસ્થ મુનિઓને બોધ (કેવલજ્ઞાન) ન હોવાથી જ અહીં અબુદ્ધ કહ્યા છે એમ સમજવું. બાકી તેઓ મતિજ્ઞાનાદિને ધારણ કરનારા તો જરૂર હોય છે જ. તથા દૃઢ સમ્યગ્દર્શન વ્રતાદિધારક શ્રાવકો સુદર્શન જાગરિકા જાગે છે. આ રીતે જાગરિકાનો અધિકાર પૂરો થયા બાદ શંખ શ્રાવકે પૂછેલા કષાયના ફલના પ્રશ્નોના ઉત્તરો દેતાં પ્રભુ શ્રી મહાવીરદેવે કહ્યું કે કષાયી આત્મા લાંબી સ્થિતિવાળાં ચીકણાં કર્મો બાંધે છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં કૌશાંબી નગરીના પ્રદેશમાં બનેલી બીના કહી છે. અહીંના ઉદાયીરાજા અને જયંતી શ્રાવિકાનું વર્ણન કરતાં કહ્યું કે જયંતી

શ્રાવિકા મૃગાવતી રાણી સહિત ત્યાં પધારેલા પ્રભુ શ્રીમહાવીરદેવને વાંદવા જાય છે. દેશના સાંભળીને અવસરે જયંતી શ્રાવિકાએ જે પ્રશ્ન પૂછી ઉત્તરો મેળવ્યા તેનો સાર ટૂંકામાં આ પ્રમાણે જાણવો. હિંસાદિ પાપકર્મો કરવાથી જીવો ભારે બને છે, ને દયાદિ ગુણોની સાધનાથી જીવો હળવા બને છે. ભવ્યપણું સ્વાભાવિક છે. જે મોક્ષે જાય તે નિશ્ચયે ભવ્ય જ હોય, પણ જે ભવ્ય હોય તે જરૂર મુક્તિ પામે જ એવું બનતું નથી. કારણકે એવા પણ ઘણા ભવ્યો હોય છે, કે જેઓ મુક્તિને પમાડનારી સાધનસામગ્રી ન મળવાથી મોક્ષમાં જવાને લાયક છતાં જઈ શકતા નથી. આવા ભવ્ય જીવો જાતિભવ્ય નામથી પ્રસિદ્ધ છે. આથી સાબિત થયું કે બધા ભવ્ય જીવો મુક્તિમાં જતા નથી, તેથી ભવ્ય જીવ રહિત લોક બને જ નહિ. તથા ધર્મી જીવોનું જ જાગવું, સબલપણું ને દક્ષપણું સારું છે, પરંતુ અધર્મી જીવોનું સૂવું, દુર્બલપણું ને આળસુપણું સારું. તેમજ ઇંદ્રિયોના શબ્દાદિ વિષયોમાં આસક્ત જીવોનાં દુઃખો વગેરે દેશના સાંભળી જયંતી શ્રાવિકા દીક્ષા લઈને તેની આરાધના કરીને મોક્ષનાં સુખ પામી.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં રત્નપ્રભાદિ પૃથ્વીઓનાં નામ અને ગોત્રનું સ્વરૂપ જણાવ્યું છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં પૂછ્યું છે કે એક બે ત્રણ યાવત્ અનંતા પરમાણુઓ એકઠા થઈને કેવું સ્વરૂપ પામે છે ? આના જવાબમાં દ્વયણુકાદિ સ્કંધોથી માંડીને અનંતાણુક સ્કંધોના સમુદાયમાં સંઘાત, ભેદ તથા ભંગની બીના ને પુદ્ગલપરાવર્તોના ભેદપ્રભેદોનું સ્વરૂપ, તથા તે સર્વેના અતિક્રાંતત્વાદિની હકીકત, તેમજ એક અનેક નારકાદિમાં, એકબીજા દંડકોમાં ઔદારિક-વૈક્રિય-પુદ્ગલપરાવર્તો જે પહેલાં વિતાવ્યા તેનો વિચાર કહીને, દરેક પુદ્ગલપરાવર્તોનો કાળ અને ઔદારિકાદિ પુદ્ગલપરિવર્તન કાળનું તથા પુદ્ગલપરાવર્તોનું પણ અલ્પબહુત્વ જણાવ્યું છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં પ્રાણાતિપાતાદિમાં ને પ્રાણાતિપાત વિરમણાદિમાં વર્ણાદિની બીના અને મતિના અવગ્રહાદિ ૪ ભેદો તથા ઉત્થાનાદિ, સાતમા અવકાશાંતર તનવાતમાં, નારકી વગેરેમાં, વર્ણાદિની બીના કહીને ગર્ભમાં ઊપજતા જીવનું સ્વરૂપ તથા જીવ અને જગતની વિચિત્રતાનું કારણ વગેરે બીના સ્પષ્ટ જણાવી છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં રાહુદેવનું વર્ણન કરતાં તેનાં નામો, વિમાનો, ભેદો, કહીને રાહુ જતાં કે આવતાં ચંદ્રના કે સૂર્યના પ્રકાશને ક્યારે ઢાંકે છે ? ચંદ્રનું

સશ્રી (શશી) નામ, ને સૂર્યનું આદિત્ય નામ હોવાનું શું કારણ? આના ઉત્તરો સમજાવી, તેની અગ્રમહિષીઓની ને ઋદ્ધિ, કામભોગાદિની બીના કહી છે.

ઉ. ૭: સાતમા ઉદ્દેશામાં લોકનું મોટાપણું કહીને નારકાદિ જીવો પહેલાં સાત નરક વગેરે સ્થાને પૃથ્વીકાયિકાદિ સ્વરૂપે ઊપજ્યા છે કે નહિ? આનો ઉત્તર આપી આ જીવ સર્વ જીવોના માતાપિતારૂપે, સર્વ જીવો આ જીવના માતાપિતા વગેરે સંબંધીરૂપે, શત્રુરૂપે, રાજા અને દાસ તરીકે પહેલાં ઉત્પન્ન થયા છે કે નહિ? આ પ્રશ્નોત્તરો સ્પષ્ટ સમજાવ્યા છે.

ઉ. ૮: આઠમા ઉદ્દેશામાં પ્રશ્નો પૂછ્યા છે કે મહાઋદ્ધિવાળો દેવ બે શરીરવાળા નાગમાં, મણિમાં ને વૃક્ષમાં ઊપજે? ને નાગના જન્મમાં લોકોથી અર્ચા-પૂજા પામે? તથા વાંદરા વગેરે જીવો અને સિંહ કાગડા વગેરે જીવો રત્નપ્રભાદિ નરકોમાં જાય? આ પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તરો સમજાવ્યા છે.

ઉ. ૯: નવમા ઉદ્દેશામાં દેવોના ૧. દ્રવ્યદેવ, ૨. નરદેવ, ૩. ધર્મદેવ, ૪. દેવાધિદેવ, ૫. ભાવદેવ આ રીતે પાંચે ભેદોનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે. ૧. દેવાયુષ્યને બાંધનાર મનુષ્ય-તિર્યંચો દ્રવ્યદેવ કહેવાય. ૨. ચક્રવર્તી રાજાઓ નરદેવ કહેવાય. ૩. મુનિઓ ધર્મદેવ કહેવાય. ૪. શ્રીઅરિહંતદેવો દેવાધિદેવ કહેવાય. અને ૫. દેવાયુષ્યને ભોગવનારા દેવો ભાવદેવ કહેવાય.

આને અંગે પ્રશ્નો પૂછ્યા છે કે ૧. દ્રવ્યદેવો કઈ ગતિમાંથી આવીને ભવ્ય દ્રવ્ય દેવપણું પામ્યા? એ જ પ્રમાણે નરદેવો ક્યાંથી આવીને ઊપજે? રત્નપ્રભાદિમાંની કઈ નરકથી આવીને ઊપજે? ને કયા દેવલોકમાંથી આવીને નરદેવપણું પામે? તથા ધર્મદેવ દેવાધિદેવ કઈ ગતિમાંથી આવીને ધર્મદેવપણું કે દેવાધિદેવપણું પામે? કદાચ પાછલા ભવે નરકમાં હોય તો કઈ નરકમાંથી આવીને દેવાધિદેવ કે ધર્મદેવ થાય? કદાચ પાછલા ભવે સ્વર્ગમાં હોય તો કયા દેવલોકમાંથી આવી ધર્મદેવ કે દેવાધિદેવ થાય? કઈ ગતિનો જીવ ભાવદેવપણું પામે? આ પ્રશ્નોના ઉત્તરો જણાવીને તે પાંચે દેવોનું આયુષ્ય ને વિકુર્વણાની શક્તિ તથા તેમની ભવિષ્યમાં થનારી ગતિ, તેમ ભવ્ય-દ્રવ્યદેવાદિની સ્થિતિ તથા આંતરું જણાવીને, છેવટે તે પાંચે દેવોનું પરસ્પર અલ્પબહુત્વ વગેરે હકીકતો સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૧૦: દશા ઉદ્દેશામાં આત્માના દ્રવ્યાત્મા વગેરે ભેદો, અને તે બધાનો માંહોમાંહે એકબીજાની સાથે ઘટતો સંબંધ તથા તેમનું અલ્પબહુત્વ કહ્યું છે. પછી આત્માનું સ્વરૂપ કહીને તે બીના નારકાદિમાં પણ વિચારીને રત્નપ્રભા

વગેરે નારકી, દેવલોક, પરમાણુ વગેરેના સદ્રૂપાદિપણાનો નિર્ણય કરીને દ્વિપ્રદેશિકાદિ સ્કંધોના ભાંગા વગેરે બીના વિસ્તારથી સમજાવી છે.

## બારમા શતકની સજ્ઝાય (૧) (ભાનવિજયકૃત)

(રાગ... ઇણિ પરે રાજિ કરંત – એ દેશી)

ચઢતેં ભાવેં જે કરઇ રે ધરમી ધરમનાં કામ
તેહ વિસેસે વખાણીઇં (વર્ણવીઇં) રે લીજૈ ધુરિ તસ નામ રે
ભવિજન ગુણધરો ધરમ છે સુભ પરિણામ રે... ભવિજન૦ ૧
સાવત્થી નયરી વસે રે સમણોપાસક ભૂરિ
તેહમાંહિ સંખ મુખ્ય છે રે શ્રાવક ગુણઇં ભરપૂર રે... ભવિજન૦ ૨
એકદા વીર સમોસર્યા રે વાંદવા શ્રાવક જંત
વળતાં સંખ કહે કરો રે ભોજન સામગ્રી તંત રે... ભવિજન૦ ૩
જીમી પાખઇં પોષહો રે કરસ્યું(વું) સરવ સંજુત
વળતુ ચિંતઇ એકલો રે ચઉવિહ પોષહ જુત... ભવિજન૦ ૪
ઘરિ જઇ ઉપ્પલા નારીને રે પૂછિ પોષહ લીધ
પુષ્કલી ભોજન નીપજઇ રે તેડવા આવ્યો સમૃદ્ધ રે... ભવિજન૦ ૫
વંદિ કહિં ઉપ્પલા નારી રે પોષહ પોસહસાલિં
તિહાં જઇ શંખ નિમંત્રીઓ રે કહે જમો ચિત્ત વાલિ (ચિતાચાલિ) રે... ભવિજન૦ ૬
તવ ઘરિ જઇ પુષ્કલી જમ્યો રે સર્વ સાધર્મિક સંગિ
વંદી પ્રભાતે વીરને રે પૌષધી પણિ સંખ રંગિ રે... ભવિજન૦ ૭
વાર્યા શંખને હીલતા રે વીરે શ્રાવક તેહ
સુદકખુ જાગરિઆ જગી રે દઢધર્મી છઇં એહ રે... ભવિજન૦ ૮
ફલ પૂછી સંખ ક્રોધનાં રે કીધા શ્રાવક સંત
વિનય કરીનઇ ખમાવતી રે ધન્ય એહવા ગુણવંત રે... ભવિજન૦ ૯
ભગવતી **બારમા શતકમાં** રે એહ કહિઓ અવદાત
પંડિત શાંતિવિજય તણો રે **માનવિજય** કરે ખ્યાત રે... ભવિજન૦ ૧૦

## બારમા શતકની સજ્ઝાય (૨) (ભાનવિજયકૃત)

(રાગ : જયતસિરિ જંબુદ્વિપના ભરતમાં — એ દેશી)

ધન્ય ધન્ય તે જગ જીવડા સુદ્ધ વસ્તિનું દાન રે
આપઇ જે સવિ સાધુનઇં તેહમાં જયંતી પ્રધાન રે... ધન્ય૦ ૧

કોસંબી નગરી ભલી રાણી મૃગાવતી જાત રે
રાય શતાનીક નંદન ઉદયન નૃપ વિખ્યાત રે... ધન્ય૦ ૨
શ્રમણની પૂર્વ શય્યાતરી ભૂયા તાસ જયંતી રે
વંદિ પરિજન સંઘાતિ વીરનેં પ્રશ્ન પૂછંતી રે... ધન્ય૦ ૩
ગિરૂઆ જીવ કેણઇં હુઇ જિન કહઇ પાપસ્થાનઇં રે
તસ વિરમણ લહુઆ હુઇ ફિરી પૂછઇ બહુમાનઇં રે... ધન્ય૦ ૪
ભવ્ય સવેં જો સીઝસ્યે તો તસ વિણુ જગ થાય રે
કાલ અનાગત ભાવના તિહાં શ્રી વીર દેખાવઇ રે... ધન્ય૦ ૫
સૂતાં કે ભલા જાગતાં દુર્બલ કે ભલા બળીયા રે
આળસુ કે ભલા ઉદ્યમી ઇમ પૂછઇ અકખલિયા રે... ધન્ય૦ ૬
પહેલે બોલે અધર્મી બીજઇં ધરમી જાણ રે
ઇમ ઉત્તર કહે વીરજી રીઝીનઇં સુણીઇ વાણિ રે... ધન્ય૦ ૭
ઇંદ્રીય તંત્રનાં ફલ સુણી ચારિત્ર લેઇ સુરંગ રે
કરમ ખપાવી મોક્ષમાં પામી સુખ અભંગ રે... ધન્ય૦ ૮
ભગવતી **બારમા શતકમાં** એહ કહિઓ અધિકારો રે
પંડિત શાંતિવિજય તણો **માન** કહે સુવિચારો રે... ધન્ય૦ ૯

## શતક ૧૩

**ઉ. ૧ :** આના ૧૦ ઉદ્દેશા છે. તેમાંના પહેલા ઉદ્દેશામાં દશે ઉદ્દેશાના ટૂંકા સારને જણાવનારી સંગ્રહગાથા કહી છે. પછી રત્નપ્રભાદિ પૃથ્વીઓનાં નામ અને નરકાવાસો, તથા તે દરેકના નરકાવાસોમાંના સંખ્યાત-અસંખ્યાત યોજન વિસ્તારવાળા નરકાવાસોમાં એક સમયે નારકાદિ જીવોના ઉત્પાદ અને ઉદ્વર્ત્તના, તથા સત્તા કહીને એ જ ઉત્પાદાની બીના સમ્યગ્દષ્ટિ વગેરે જીવોને અંગે વિચારીને પૂછ્યું કે સાતમી નરકમાં સમ્યગ્દષ્ટિ વગેરે જીવો ઊપજે કે નહિ ? કૃષ્ણાદિ લેશ્યાવાળો થઈને કૃષ્ણ લેશ્યાવાળા નારકોમાં ઉત્પન્ન થાય ? કે નીલ લેશ્યાવાળા નારકોમાં ઊપજે ? કે કાપોત લેશ્યાવાળા નારકોમાં ઊપજે ? આ પ્રશ્નોના ઉત્તરો જણાવતાં તેમાં હેતુ વગેરે પણ સ્પષ્ટ રીતે સમજાવ્યા છે. અહીં ઉત્પાદ, લેશ્યા વગેરે ૩૯ દ્વારોનું સ્વરૂપ સમજાવ્યું છે.

**ઉ. ૨ :** બીજા ઉદ્દેશામાં દેવોના ભેદો તથા તે દરેકના પણ ભેદો (પ્રભેદો) અને તેમના આવાસ વિમાનો વગેરે કહીને તે તે સ્થલે ભુવનપતિ વગેરે દેવોના એક સમયે ઉત્પાદ વગેરેની બીના કહી છે. પછી પૂછ્યું કે અસુરકુમારવાસાદિમાં

સમ્યગ્દષ્ટિ વગેરે જીવો ઊપજે કે નહિ ? તથા કૃષ્ણાદિ લેશ્યાવાળા થઈને કૃષ્ણ લેશ્યાવાળા દેવોમાં ઊપજે કે નહિ ? આ પ્રશ્નોના ઉત્તરો વિસ્તારથી સમજાવ્યા છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં પૂછ્યું છે કે નરકના જીવો અનંતરહારી હોય અને તે પછી અનુક્રમે પરિચારણા કરે કે નહિ ? આ પ્રશ્નોના ઉત્તર વગેરે બીના સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં નરક પૃથ્વીઓ જણાવીને નૈરયિક દ્વારાદિ પાંચ દ્વારોની હકીકત સમજાવી છે. પછી ત્રણે લોકના મધ્ય ભાગો કહીને દિશા-વિદિશા-પ્રવહદ્વારનું સ્વરૂપ જણાવતાં દિશા-વિદિશાઓને નીકળવાનું સ્થાન અને તે બંનેનાં ૮ નામો તથા લોકનું સ્વરૂપ જણાવ્યું છે. પછી અસ્તિકાય-પ્રવર્ત્તનદ્વારનું સ્વરૂપ જણાવતાં ધર્માસ્તિકાયાદિ વડે થતાં પ્રવર્ત્તનો (ઉપકારો)નું વર્ણન કર્યું છે. પછી અસ્તિકાયપ્રદેશસ્પર્શનાદ્વારનું વર્ણન કરતાં પૂછ્યું કે ધર્માસ્તિકાયાદિનો એક પ્રદેશ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના કેટલા પ્રદેશો વડે સ્પર્શાયેલો છે ? આ રીતે અધર્માસ્તિકાયાદિના એક પ્રદેશાદિની બીજા અસ્તિકાયોના પ્રદેશોની સાથે સ્પર્શનાને લગતા પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તરો આપી અવગાઢ દ્વારની બીના જણાવતાં પૂછ્યું કે જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાહીને રહ્યો હોય ત્યાં બીજા ધર્મસ્તિકાયાદિના કેટલા પ્રદેશો અવગાઢ (અવગાહીને) રહ્યા હોય ? આ રીતે બે ત્રણ વગેરે પ્રદેશોની અવગાહનાને લગતા પ્રશ્નોના ઉત્તરો જણાવ્યા બાદ અસ્તિકાયનિષદનદ્વારનું વર્ણન કરતાં પૂછ્યું કે કોઈ જીવ ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યમાં બેસવાને સમર્થ થાય ? આનો ઉત્તર દઈને બહુસમદ્વારનું ને લોકના વક્ર ભાગ તથા સંસ્થાનનું સ્વરૂપ સ્પષ્ટ જણાવ્યું છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં નારકાદિના સચિત્તાદિ આહારનો નિર્ણય કર્યો છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં નારકોની સાંતર કે નિરંતર ઉત્પત્તિનો નિર્ણય જણાવીને ચમરેન્દ્રના ચમરચંચ નામના આવાસનું સ્વરૂપ અને તેમાં ચમરેન્દ્રને રહેવાની હકીકત જણાવી છે. પછી ચંપાનગરી અને પૂર્ણભદ્ર ચૈત્યનું વર્ણન તથા સિંધુસૌવીર દેશના વીતભય પત્તનના રાજા ઉદાયનનું વર્ણન કરતાં કહ્યું કે તેને પ્રભાવતી રાણી ને અભીચિ કુમાર હતો. પ્રભુશ્રી મહાવીરદેવ *કેવલજ્ઞાનથી ઉદાયન રાજાનો દીક્ષા લેવાનો વિચાર જાણી બહુ લાંબો વિહાર*

કરીને અહીં પધાર્યા. તે વખતે 'મારો પુત્ર રાજ્યના પાપે દુર્ગતિમાં જશે, તે ન જાય' તેવા ઇરાદાથી તેણે પોતાના ભાણેજ કે શિવકુમારને રાજ્ય સોંપી પ્રભુના હાથે દીક્ષા લીધી, ને તેની આરાધના કરી તે મોક્ષે ગયા. અભીચિ કુમાર "પિતાએ મને રાજ્ય ન આપ્યું" આથી પિતાની ઉપર વૈરાનુબંધ રાખતો વીતભયપત્તનમાંથી નીકળી ગયો. અંતે મરીને અસુરકુમાર દેવ થયો.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં ભાષાના સ્વરૂપનો નિર્ણય જણાવતાં ફરમાવ્યું કે ભાષા એ આત્મસ્વરૂપ નથી, જડ છે, રૂપી છે, ને અચિત્ત છે, તથા અજીવસ્વરૂપ છે. તેમજ ભાષા જીવને હોય, અજીવને ન હોય. પછી પૂછ્યું કે ભાષા ક્યારે કહેવાય ? ને તે ક્યારે ભેદાય ? આ પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તરો દઈને ભાષાના ચાર ભેદો કહ્યા છે. આ જ પદ્ધતિએ મનનું ને કાયાનું વર્ણન કરીને મરણના પ્રકારો તથા આવીચિમરણના દ્રવ્યાવીચિ ને ક્ષેત્રાવીચિ ભેદો જણાવતાં, નૈરયિક દ્રવ્યાવીચિ મરણનું ને નૈરયિક ક્ષેત્રાવીચિ મરણનું પણ સ્વરૂપ સમજાવ્યું છે. પછી અવધિમરણ તથા દ્રવ્યાવધિ મરણ કહીને પૂછ્યું કે નૈરયિક દ્રવ્યાવધિ મરણ શાથી કહેવાય છે ? તેનો ઉત્તર આપીને આત્યન્તિક મરણ, દ્રવ્યાત્યંતિક મરણ જણાવતાં પૂછ્યું કે નૈરયિક દ્રવ્યાત્યંતિક મરણ શાથી કહેવાય છે ? આનો ઉત્તર દઈને બાલમરણના પ્રકાર, ને પંડિતમરણનું, પાદપોપગમનનું તથા ભક્તપ્રત્યાખ્યાનનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં કર્મપ્રકૃતિની બીના કહી છે.

ઉ. ૯ : નવમા ઉદ્દેશામાં પ્રશ્નો પૂછ્યા છે કે, વક્રિયલબ્ધિવાળો કોઈ (જીવ) દોરડાથી બાંધેલી ઘડી લઈને એવા રૂપે ગમન કરે ? તે જીવ કેટલા રૂપો વિકુર્વી શકે ? આ જ પદ્ધતિએ હિરણ્યની પેટી લઈને જવું, વડવાગુલીની પેઠે જવું, જલૌકા (જળો)ની પેઠે ને બીજબીજંક પક્ષીની પેઠે જવું, બિડાલક પક્ષી ને જીવજીવક પક્ષીની પેઠે જવું, હંસની જેમ જવું, સમુદ્ર વાયસના આકારે ગતિ કરવી, ચક્રહસ્ત પુરુષની જેમ અને રત્નહસ્ત પુરુષની પેઠે જવું, બિસ-મૃણાલિકા વનખંડ પુષ્કરિણીના આકારે આકાશમાં જવું. આને અંગે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપ્યા છે. પછી પૂછ્યું કે તે કેટલાં રૂપો વિકુર્વે ? માયી જીવ વિકુર્વે કે અમાયી જીવ વિકુર્વે ? આ પ્રશ્નોના ઉત્તરો પણ વિસ્તારથી સમજાવ્યા છે.

ઉ. ૧૦ : ૧૦મા ઉદ્દેશામાં છદ્મસ્થ જીવને સંભવતી સમુદ્ઘાતોનું સ્વરૂપ જણાવ્યું છે.

# તેરમા શતકની સજ્ઝાય (ભાનવિજયકૃત)

(રાગ ખંભાતિ : સીત હરી રાવણ જવ આવ્યો – એ ઢાલ)

ઉદિતોદિત(ઉદયવાન) પુરૂષા અવિરોધે... સવિ પુરૂષારથ સાધે રે,
રાજઋદ્ધિ લીલા અનુભવતાં વિષય-કષાય ન સાંધે રે,
ભવિકા ! (ભવિ પ્રાંણિ રે) ચરમ રાજર્ષિ વંદો રે.
જેણે મનમાંહે વિવેક ધરીને ઉન્મૂલ્યો ભવકંદો રે... ભવિકા૦ ૧
સિંધુ સૌવીર પ્રમુખ જનપદનો સોલ દેશનો રાય રે,
વીતભય આદિ ત્રણસે નગરનો વળી ત્રેસઠ કહેવાય રે...
(વિતિભય આદિ પૂત્ર ત્રિણ્યસે ત્રેંસઠ જસ કહિવાય રે) ભવિકા૦ ૨
મહસેનાદિ મુગુટ બદ્ધ દશનો રાયા રાય વિરાજે રે
રાય ઉદાયન શ્રમણોપાસક રાણી પ્રભાવતી (પદ્માવતી) છાજે રે... ભવિકા૦ ૩
એકદા પૌષધમાંહે ચિંતવે ગ્રામ-નગર ધન્ય તેહ રે,
જિહાં જિન વિચરે તે ધન્ય રાજાદિક વીરને વંદે જેહ રે... ભવિકા૦ ૪
ઈહાં આવે તો હું પણ વંદું જાણિ એમ વિચાર રે,
ચંપાથી જિન વીર પધાર્યા કરતાં સુપરિ વિહાર રે... ભવિકા૦ ૫
વાંદી દેશના નિસુણી રાજા ચારિત્ર લેવા ઉમાહ્યો રે,
અભિચિકુંવરને રાજ સોંપવા આવે નિજ ઘર ધાયો રે... ભવિકા૦ ૬
મારગે જાતા ચિંતવે ઉદાયી પુત્ર એક જ (અભિચિ એક જ સુત) મુજ વહાલો રે,
રાજ્ય ભોગવી ભોગ લોલુપી નરકે જાશે ઠાલો રે... ભવિકા૦ ૭
એમ વિચારી કેશી ભાણેજને આપે રાજ્ય વિશાલ રે
ચારિત્ર લેઈ કર્મ ખપાવી સિદ્ધિ પહોંચ્યો મયાલ રે... ભવિકા૦ ૮
અભિચિકુમાર મનમાંહે દૂણો જઈ કોણિકને સેવે રે,
દેશવિરતિ પાળીને અંતે અણસણ પક્ષનું લેવે રે... ભવિકા૦ ૯
તાતસ્યું વેર વિના આલોઈ ભુવનપતિમાં જાય રે,
મહાવિદેહમાં મોક્ષે જાશે (ઉપજિ વિદેહે સિઝસ્યે) અદ્‌ભુત વ્રત મહિમાય રે... ભવિકા૦ ૧૦
ભગવતી **તેરમે શતકે** ભાખ્યું એ ઋષિરાજ ચરિત્ર રે
**માનવિજય ઉવજ્ઝાય** પ્રકાશી કીધો જન્મ પવિત્ર રે... ભવિકા૦ ૧૧

# શતક ૧૪

ઉ. ૧ : આના ૧૦ ઉદ્દેશા છે. તેના સારને જણાવનારી સંગ્રહગાથા કહીને પહેલા ઉદ્દેશામાં ભાવિતાત્મા અણગાર કે જેણે ચરમ દેવાવાસનું ઉલ્લંઘન કર્યું છે, અને પરમ દેવાવાસને પ્રાપ્ત થયો નથી તે મરીને ક્યાં ઊપજે ? આનો ઉત્તર સમજાવતાં ટીકાકારે અધ્યવસાયસ્થાનોની (બંધસ્થાનોની) બીના વર્ણવી છે. આ જ હકીકત અસુરકુમાર આવાસાદિને અંગે જણાવીને નારકોની શીઘ્રગતિ, અનંતરોપપન્નાદિ ત્રણ પ્રકારના નારકોની બીના તથા તે ત્રણેમાં આયુષ્યના બંધનો વિચાર, તેમજ અનંતરનિર્ગત નારક વગેરે ત્રણ ભેદોનું સ્વરૂપ જણાવ્યું છે. પછી અનંતરનિર્ગતાદિને આશ્રયી આયુષ્યનો બંધ અને અનંત ખેદોત્પન્ન નારકાદિની બીના પણ સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં ઉન્માદના ભેદો અને નારક, અસુરકુમારાદિને ઉન્માદ થવાનું કારણ, ઇંદ્ર અસુરકુમાર દેવોને અરિહંતોના જન્માદિમાં વૃષ્ટિ કરવાનો વિધિ, તેમજ ઈશાનેન્દ્ર વગેરેને તમસ્કાય કરવાનું કારણ સ્પષ્ટ સમજાવ્યું છે. અહીં યક્ષાવેશથી કે મોહોદયાદિથી ઉન્માદ થાય એમ પણ કહ્યું છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં મહાકાય સમ્યગ્દષ્ટિ વૈમાનિકાદિ દેવ ભાવિતાત્મા અનગારની વચ્ચે થઈ જઈ શકે નહિ, ને અસુરકુમારાદિમાં સત્કાર વગેરે ૧૦ પદો ઘટે. પણ નારક એકેન્દ્રિયાદિમાં તે ન હોય. તથા તિર્યંચ પંચેન્દ્રિયોમાં આસનાભિગ્રહ અનુપ્રદાન સિવાયનાં પદોની બીના ઘટે. આ હકીકત પૂરી કરીને અલ્પર્દ્ધિક મહર્દ્ધિક સમર્દ્ધિક દેવદેવીઓની એકબીજાની વચ્ચે થઈને જવાની, ને વચ્ચે થઈને જનાર દેવ વગેરે શસ્ત્રનો પ્રહાર કરીને જાય કે તે કર્યા વિના જાય ? ને પહેલાં શસ્ત્રનો પ્રહાર કર્યા પછી વચ્ચે થઈને જાય ? કે ગયા પછી શસ્ત્રનો પ્રહાર કરે ? આ પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તરો સમજાવીને અંતે રત્નપ્રભાદિ નારકોમાં પુદ્ગલ પરિણામના અનુભવની બીના સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં ત્રણે કાલમાં એક સમયમાં થતા પુદ્ગલ સ્કંધાદિના પરિણામોની બીના કહીને પરમાણુને અંગે શાશ્વતપણું, અશાશ્વતપણું, ચરમપણું, અચરમપણું, આનો નિર્ણય જણાવતાં સામાન્ય પરિણામની પણ બીના કહી છે. દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાએ પરમાણુ આદિમાં શાશ્વતપણું વગેરે ને પર્યાયાસ્તિકનયની અપેક્ષાએ અશાશ્વતપણું વગેરે ઘટે છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં કહ્યું છે કે વિગ્રહગતિમાં અગ્નિની વચમાં થઈને નારકાદિ જીવો જાય છે. ને દેવાદિનું તે રીતે જવું અવિગ્રહગતિમાં પણ થાય

છે. એમ ઋદ્ધિપ્રાપ્ત મનુષ્યો અને તિર્યંચો પણ અગ્નિની વચમાં થઈને જાય છે. તથા નારકાદિને અનિષ્ટ શબ્દ વગેરે દશ પદાર્થોનો અનુભવ થાય છે. તેમજ મહર્દ્ધિક દેવો બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને પર્વતાદિને ઉલ્લંઘી શકે છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં નારક જીવોના આહાર, પરિણામ, યોનિ, સ્થિતિ વગેરે અને તેમનાં વીચિ-અવીચિ દ્રવ્યોના આહારની બીના કહીને જણાવ્યું કે શક્રાદિ ઇંદ્રો દેવતાઈ ભોગ ભોગવવા માટે જુદું વિમાન વિકુર્વે છે.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં શ્રી ગૌતમ સ્વામીજી વિચારે છે કે 'હજુ સુધી મને કેવલજ્ઞાન કેમ થતું નથી ?' આ પ્રશ્નનો ખુલાસો કરતાં પ્રભુશ્રી મહાવીરદેવે જણાવ્યું કે તું મારો લાંબા કાળથી ચિરપરિચયવાળો છે. તેથી મારી ઉપર રહેલા પ્રશસ્ત રાગને જ્યારે તું દૂર કરીશ, ત્યારે તું જરૂર કેવલજ્ઞાનને પામીશ. આ રીતે આશ્વાસન દેવાની બીના કહીને અનુત્તર વિમાનવાસી દેવોના જ્ઞાન-દર્શનની બીના, અને તુલ્યતા (સરખાપણા)ના ૬ ભેદોની બીના, તથા આહારાદિનો ત્યાગ કરનાર સાધુની જરૂરી બીના, કહીને લવસત્તમ (અનુત્તર વિમાનવાસી દેવો)નું સ્વરૂપ જણાવતાં કહ્યું કે તેમને પાછલા ભવમાં સાત લવ પ્રમાણ આયુષ્ય ઓછું હતું, ને છઠ્ઠ તપ કરવાથી જેટલાં કર્મો ખપે, તેટલાં કર્મો ખપવાનાં બાકી હતાં. તેથી તેઓ લવસત્ત નામના અનુત્તર વિમાનવાસી દેવપણું પામ્યા. જો તેટલું આયુષ્ય અને છઠ્ઠ તપ કરવાની અનુકૂળતા મળી હોત, તો સાત લવમાં શેષ કર્મો ખપાવીને જરૂર મોક્ષે જાત.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં રત્નપ્રભાદિ પૃથ્વીઓનું, તમામ દેવલોકોનું તથા સિદ્ધશિલાનું માંહોમાંહે એકબીજાની અપેક્ષાએ આંતરું તથા શાલવૃક્ષની શાલયષ્ટિકા (શાલવૃક્ષની લાકડી)ની તથા ઉંમરાના ઝાડની યષ્ટિકા (લીલી લાકડી)ની ભાવી ગતિ કહીને અંબડ પરિવ્રાજકની બીના જણાવી છે. પછી અવ્યાબાધ દેવનું સ્વરૂપ જણાવતાં કહ્યું કે જે દેવો બીજા મનુષ્યાદિની આંખની પાંપણમાં નાટક કરે, તોપણ તે પુરુષને લગાર પણ પીડા ન થાય અથવા બીજાને પીડા કરે નહિ તેવા દેવો અવ્યાબાધ દેવો કહેવાય. શક્રની શક્તિનું વર્ણન કરતાં કહ્યું કે શક્રેન્દ્ર બીજા મનુષ્યાદિના મસ્તકાદિનો છેદ, તથા ચૂરેચૂરા કરી પાછું હતું તેવું કરે તોપણ તેને લગાર પીડા ન થાય, તેવી શક્તિ શક્રેન્દ્રની હોય છે. અંતે જૃંભક દેવોની વ્યાખ્યા, સ્વરૂપ, ભેદો, સ્થાન તથા આયુષ્ય જણાવીને કહ્યું કે આ દેવોના અનુગ્રહથી જશ ફેલાય છે ને ઇતરાજીથી (શત્રુતાથી) અપજશ ફેલાય છે. આ દેવો દીર્ઘ વૈતાઢ્યાદિમાં રહે છે.

ઉ. ૯ : નવમા ઉદ્દેશામાં પ્રશ્નો પૂછ્યા છે કે ૧. જે ભાવિતાત્મા અનગાર પોતાની કર્મલેશ્યાને જાણતો નથી, તે શરીર સહિત જીવને જાણે કે નહિ ? ૨. રૂપી પુદ્‌ગલ સ્કંધો પ્રકાશિત થાય છે ? આ બે પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તરો જણાવીને કહ્યું કે નરકના જીવોને આત્ત (સુખોત્પાદક) પુદ્‌ગલો હોતા નથી અને અસુરકુમારાદિ દેવોને સુખકર પુદ્‌ગલો હોય છે. તથા પૃથ્વીકાયિકાદિ જીવોને સુખને કરનારાં ને દુઃખને કરનારાં બંને પ્રકારનાં પુદ્‌ગલો હોય છે. નારકોને અનિષ્ટ પુદ્‌ગલો હોય છે. તેમજ મહાર્દ્ધિક દેવ હજાર મનુષ્યાદિનાં રૂપો વિકુર્વીને હજાર ભાષા બોલી શકે તેવી તેની શક્તિ હોય છે. અંતે સૂર્ય, તેની પ્રભા, છાયા તથા લેશ્યાનો અન્વર્થ કહીને માસાદિ પ્રમાણ મુનિપર્યાય વધતાં શ્રમણ નિર્ગ્રંથો કયા દેવોની તેજોલેશ્યાને (સુખને) ઉલ્લંઘી જાય ? આનો સ્પષ્ટ ખુલાસો કરતાં શ્રમણોના સુખની દેવતાઈ સુખની સાથે દેશથી સરખામણી કરી છે.

ઉ. ૧૦ : દશમા ઉદ્દેશામાં કહ્યું છે કે કેવલજ્ઞાની અને સિદ્ધ છદ્મસ્થને તથા અવધિજ્ઞાનીને જાણે છે, તેમજ સિદ્ધને દેહ નથી તેથી કેવલજ્ઞાનીની પેઠે સિદ્ધ બોલતા નથી. વળી કેવલજ્ઞાની આંખ ઉઘાડે છે અને મીંચે છે. તેઓ અને સિદ્ધો પણ તમામ નરકસ્થાનોને, સ્વર્ગોને ને સિદ્ધશિલાને તથા પરમાણુ-પુદ્‌ગલને પણ જાણે છે.

## ચૌદમા શતકની સજ્ઝાય (૧) (ભાનવિજયકૃત)

(ઓ સખિ અમિય ખ્યાલ કે – એ ઢાલ)

શ્રી ગૌતમ ગણધાર નમો ભવિકા જના રે નમો ભવિકા જના રે
દીક્ષા દિવસથી જેહ રહ્યો નહિ ગુરૂ વિના રે રહ્યો૦
અષ્ટાપદ ગિરિશૃંગે જઇ જિન વંદીયા રે જઈ૦
વળતાં તાપસ પન્નરસેં પડિબોહિયા રે પડિ૦ ૧.
મારગ જાતાં જેહ સવે થયા કેવલી રે સવે થયા કેવલી રે ૦
તસ પરિષદમાં વીર સમીપઇ ગયા ભળી (ભલા) રે સમીપઇ૦
પ્રભુને વંદી એમ કહંતો ગૌતમો રે કહંતો૦
વારિઓ વીરઇં તાસ ખમાવેઇ ગૌતમો રે ખમાવઈ૦ ૨.
તવ તે ગૌતમ અધૃતિ કરંતો કેવલ કારણે રે કે કેવલ૦
વયણેઇં બોલાવ્યો વીર જિનઇં ચિત્ત ઠારણઇ રે જિનઇં૦

નેહઇ ચિર સંબંધ તું છઇ મુજ ઉપરિ રે તું છઇં૦
ચિર પરિચિત ચિર સંસ્તુત ચિર સેવિત ખરે રે... કે સેવિત૦ ૩.
ચિર અનુગત અનુકૂલ પણેં વરણવ્યો વીરે રે (વિરતિ ઉચરે રે) વર્ણવ્યો૦
પૂરવ ભવનું એમ રહિઉ મન તુઝથી રે રહિયું મન૦
ઇહાંથી ચવ્યા પછી થાસ્યું સરીખા બેહુ જણા રે થાસ્યું૦
(દ્વોય થાસ્યું સરીખાપણેં રે) (દ્વોય૦)
હરખ્યો ગૌતમ સ્વામ તવ ફિરિ પૂછઇ જિન ભણી રે... ફિરિ પૂછઇ૦ ૪.
આપણની પરે જાણઇ અનુત્તર સુરવરા રે અનુત્તર૦
ઇમ આશ્વાસ્યો વીરેં નમો (નમેં૦) ગૌતમ નરા રે નમો૦ (નમેં૦)
**ચૌદમઇ શતકઇં** વીરવયણ કહિયાં સૂત્રથી રે વયણ કહ્યાં૦
**માનવિજય ઉવજ્ઝાય** વખાણઇ વૃત્તિથી રે... વખાણઇ૦ ૫.

## ચૌદમા શતકની સજ્ઝાય (૨) (ભાનવિજયકૃત)

(જોગીસર ચેલા – એ ઢાલ)

ધન્ય ધન્ય તે જગ જીવડા રે પ્રાણાંતઇ પણિ જેહ.. ધર્મિજન
મૂકઇ નહીં વ્રત મૂલગા રે વ્રતનો મહિમા અછેહ... ધર્મિજન ધન્યધન્ય૦ ૧
અંબડ પરિવ્રાજક તણા રે શિષ્ય સય સાત પ્રધાન ધર્મિજન
પુરિમતાલપુરિ સંચર્યા રે કંપિલપુરિથી મધ્યાન્હ... ધર્મિજન ધન્યધન્ય૦ ૨
પચ્ચકખાણી અદત્તના રે ન મિલ્યો જલ દાતાર ધર્મિજન
સચિત જલ નીંછઇ સવે રે કરે અણસણ ઉચ્ચાર... ધર્મિજન ધન્યધન્ય૦ ૩
બ્રહ્મસરગિ તિહાં ઉપના રે જુઓ જુઓ વ્રત મહિમાય ધર્મિજન
ગૌતમ પૂછઇ વીરનઇં રે કંપિલ્યપુર બહુ ઠાય રે ધર્મિજન ધન્યધન્ય૦ ૪
અંબડ જીમઇ નેહસ્યું (તે કિસ્યું) રે જિન કહિ વૈક્રિય શક્તિ ધર્મિજન
તેણીંઇ જન વિસમાવવા રે કરે તનુની શતવ્યક્તિ ધર્મિજન ધન્યધન્ય૦ ૫
આરાધી ગૃહિધર્મનઇ રે બ્રહ્મસરગે સુર થાય ધર્મિજન
તિહાંથી વિદેહે સીઝસઇ રે **ચૌદમે શતકે** એ કહાય... ધર્મિજન ધન્યધન્ય૦ ૬

## શતક ૧૫

આ શતક એકસરું છે એટલે તેમાં એક પણ ઉદ્દેશો નથી. અહીં ગોશાલ-મંખલિપુત્રનું વર્ણન કર્યું છે. તેનો સાર ટૂંકમાં આ પ્રમાણે જાણવો : જે નગરીની

બહારના ભાગમાં કોષ્ટક નામનું ચૈત્ય છે તે શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણને ઘેર સંઘ સહિત ગોશાલો આવ્યો. અહીં તેને ૬ દિશાચરોનો પરિચય થયો. અહીંના લોકો બોલે છે કે "આ ગોશાલો 'હું જિન છું' એમ કહેતો ફરે છે તે શું સાચું માનવું?" ૧. આ પ્રસંગે પ્રભુશ્રી મહાવીરે ગોશાલાની સાચી હકીકત જણાવતાં કહ્યું કે શરવણ ગ્રામના રહીશ મંખલિ નામના ભિક્ષાચરની ભદ્રા સ્ત્રીનો તે પુત્ર થાય. ગોબહુલ બ્રાહ્મણની ગોશાલામાં તે જન્મ્યો હતો તેથી તેનું ગોશાલો નામ સુપ્રસિદ્ધ થયું.

પ્રભુ શ્રીમહાવીરે માતાપિતા દેવલોક ગયા પછી દીક્ષા લીધી, તેના પ્રથમ વર્ષે અસ્થિક ગામમાં ચોમાસું કર્યું, ને બીજા વર્ષે રાજગૃહનગરમાં ચોમાસું કર્યું. જ્યારે પહેલો માસખમણના પારણાંનો દિવસ આવ્યો, ત્યારે પ્રભુને વિજય ગાથાપતિએ પારણું કરાવ્યું તે સમયે પંચ દિવ્યો પ્રકટ થયાં. આ બનાવ ગોશાલાએ જોયો. બીજા માસખમણ તપનું પારણું આનંદ ગૃહપતિએ, અને ત્રીજા માસક્ષમણનું પારણું સુનંદ ગૃહપતિએ કરાવ્યું. પછી ચોથા માસક્ષમણનું પારણું કોલ્લાક સંનિવેશમાં બહુલ બ્રાહ્મણે કરાવ્યું. અહીં પ્રભુએ ગોશાલાને શિષ્ય તરીકે સ્વીકાર્યો.

અહીંથી આગળ કૂર્મગ્રામ તરફ વિહાર કરતાં પ્રભુને સાથે રહેલા ગોશાલાએ તલના છોડને જોઈને પૂછ્યું કે આ તલનો છોડ નીપજશે કે નહિ? પ્રભુએ કહ્યું 'નીપજશે.' પ્રભુનું વચન ખોટું પાડવાના ઇરાદાથી તેણે તલનો છોડ ઉખેડી એક બાજુ ફેંકી દીધો. તેણે વેશ્યાયન નામના બાલ તપસ્વીની મશ્કરી કરી. તેથી તેણે ગોશાલાની ઉપર તેજોલેશ્યા મૂકી, તેથી તે બળવા લાગ્યો, ત્યારે દયાની લાગણીથી પ્રભુએ શીતલેશ્યા મૂકી તેને બચાવ્યો. પ્રભુની પાસેથી તેજોલેશ્યા સિદ્ધ કરવાનો વિધિ શીખ્યો. અહીંથી પ્રભુએ સિદ્ધાર્થ ગામ તરફ વિહાર કરતાં સાથે રહેલા ગોશાલાએ તલના છોડની હકીકત પૂછી. ત્યારે પ્રભુએ જે બીના કહી તે જ પ્રમાણે સાચી પડી. આ રીતે પ્રભુનું વચન સાચું પડવાથી ગોશાલો પરિવર્તનવાદ સ્વીકારીને પ્રભુથી જુદો પડ્યો. તેણે તેજોલેશ્યા સિદ્ધ કરી. અવસરે છ દિશાચરો તેના શિષ્યો થયા.

'હું જિન છું' એમ કહેતો તે ફરવા લાગ્યો. આ બાબતમાં પ્રભુએ 'ગોશાલો જિન નથી' વગેરે સાચી બીના કહી. તે સાંભળી ગુસ્સે થઈ પ્રભુના આનંદ નામના શિષ્યને ધમકી દેવાપૂર્વક કહેવા લાગ્યો કે "તું તારા મહાવીરને કહેજે કે 'ગોશાલો જિન નથી' એમ બોલે નહિ, હવેથી બોલશે તો હું તેને

બાળી નાખીશ." અહીં વાણિયાનું દૃષ્ટાંત જણાવીને કહ્યું કે હું તને નહિ બાળું. આનંદ મુનિએ આ વાત પ્રભુને કહી ત્યારે, "ગોશાલો તેજોલેશ્યા વડે બાળી ભસ્મ કરવા સમર્થ છે ?" આ પ્રશ્નનો ઉત્તર દઈ પ્રભુએ આનંદ મુનિને કહ્યું કે "તું ગૌતમાદિ મુનિઓને કહે કે ગોશાલાની સાથે કોઈએ વાદવિવાદ કરવો નહિ."

એટલામાં ગોશાલો આવી ભગવંતની આગળ ઉપાલંભસૂચક વચનો બોલવા લાગ્યો. ને 'હું તે તમારો શિષ્ય ગોશાલો નથી' વગેરે અસત્ય વચનો બોલવા લાગ્યો. તેમાં તેણે પોતાનું કલ્પિત સ્વરૂપ જણાવવાપૂર્વક પોતાનો મત કહેતા ચોરાશી લાખ મહાકલ્પનું પ્રમાણ તથા સાત દિવ્ય ભવાંતરિત સાત મનુષ્યના ભવો અને સાત શરીરાંતર પ્રવેશની હકીકત જણાવી. ત્યારે પ્રભુએ તેની કહેલી બીના અસત્ય જણાવીને કહ્યું કે તું તારા આત્માને છુપાવે છે. તે સાંભળી ગોશાલો ગુસ્સે થઈ પ્રભુને અછાજતાં વેણ કહેવા લાગ્યો, ત્યારે સર્વાનુભૂતિ મુનિનાં પણ સાચાં વેણ સાંભળતાં વધારે ગુસ્સે થઈ તેજોલેશ્યા મૂકી તેમને બાળી નાખ્યા. એ જ પ્રમાણે કહેતા સુનક્ષત્ર મુનિને પણ બાળી નાખ્યા. તેણે ત્રીજી વાર ગુસ્સે થઈ પ્રભુને મારવા તેજોલેશ્યા મૂકી. તે તેના જ શરીરમાં પેઠી. આ વખતે પ્રભુએ કહ્યું કે "તું તારા તપના તેજથી હેરાન થઈ છ મહિનામાં કાળ કરીશ."

આમાં સાચું શું બનશે ? આ બાબતની શ્રાવસ્તી નગરીમાં વાતો થવા લાગી. સાધુઓએ પ્રશ્નો પૂછીપૂછીને તેને નિરુત્તર કર્યો. જ્યારે તે જવાબ ન દઈ શક્યો, ત્યારે તેનો મત ખોટો જાણી તેના કેટલાએક શિષ્યો પ્રભુનાં વચનો સ્વીકારી પ્રભુની પાસે રહ્યા. અહીંથી તે (ગોશાલો) હાલાહલા કુંભારણને ઘેર ગયો. (અહીં તેની તેજોલેશ્યાનું સામર્થ્ય જણાવ્યું છે.) તેના આજીવિક મતે પાનકના ને અપાનકના ચાર ચાર ભેદો જણાવતાં ૧. સ્થાલ પાણી, ૨. ત્વાચા પાણી, ૩. શીંગનું પાણી, તથા ૪. શુદ્ધ પાણીની બીના વર્ણવી છે. પછી આજીવિકમતનો ઉપાસક અયંપુલક ગોશાલાની પાસે આવ્યો, પણ તેની વિચિત્ર અવસ્થા જોઈને પાછો ફર્યો. ત્યારે તેના શિષ્યોએ સમજાવીને ફરી તેની પાસે મોકલ્યો. ગોશાલાએ તેના મનનું સમાધાન કર્યું. હવે અંત સમય જાણી તેણે શિષ્યોને કહ્યું કે મારા મૃતદેહને ધામધૂમ સાથે બહાર કાઢજો. પણ આ વખતે 'હું જિન નથી' એમ તેણે સાચી બીના જણાવતાં તેને સમ્યક્ત્વ ગુણ પ્રગટ થયો. પ્રભુની આશાતના વગેરેનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તેણે કહ્યું કે પ્રભુ

મહાવીરદેવ એ જ ખરા જિન-કેવલી છે. વળી તેણે શિષ્યોને ભલામણ કરી કે "હું જ્યારે કાળધર્મ પામું, ત્યારે તમે મારા ડાબા પગને દોરડાથી બાંધી ઘસડજો, અને મોંઢામાં થૂંકજો તથા 'હું જિન નથી' એમ લોકોને જણાવીને મારી નિંદા કરીને મારા શબને બહાર કાઢજો." હવે જ્યારે તે મરી ગયો, ત્યારે આજીવિક સ્થવિરોએ હાલાહલા કુંભારણના ઘરનાં બારણાં બંધ કરી શ્રાવસ્તી નગરીને ચિત્રીને ગોશાલાના કહ્યા મુજબ કર્યું.

આ રીતે ગોશાલાના જીવનનો સાર જણાવીને તેજોલેશ્યાના તાપથી પ્રભુને થયેલા લોહખંડ વ્યાધિ (જેમાં વડીનીતિ સાથે લોહી પડે, તેવા મરડાનો રોગ))ની બીના જણાવતાં કહ્યું કે પ્રભુશ્રી મહાવીરદેવને આ વ્યાધિ થયો તે જોઈને મેંઢિક ગામના શ્વાનકોષ્ટક ચૈત્યવાળા પ્રદેશમાં માલુકાવનમાં રહેલા પ્રભુના શિષ્ય સિંહ નામના અનગારને આશંકા થઈ કે "પ્રભુ મહાવીર રોગની પીડાથી છદ્મસ્થપણે શું કાળધર્મ પામશે ?" આ બીના જાણી પ્રભુએ તેને બોલાવી રોતાં અટકાવીને આશ્વાસન દેતાં જણાવ્યું કે તારા વિચાર પ્રમાણે થવાનું જ નથી. રેવતી શ્રાવિકાના ઘેરથી વહોરી લાવેલા બીજોરા પાકથી વ્યાધિ શાંત થયો. સર્વાનુભૂતિ મુનિ મહાશુક્ર દેવલોકે ને સુનક્ષત્ર મુનિ અચ્યુત દેવલોકે દેવ થયા, તથા ગોશાલો દેવલોકથી ચ્યવીને ઘણા ભવો ભમીને દેવસેન (વિમલવાહન) નામે રાજકુમાર થશે. સુમંગલમુનિને ઉપસર્ગ કરતાં તેમણે મૂકેલી તેજોલેશ્યાથી બળીને સાતમી નરકે જશે. સુમંગલ મુનિ કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાને એકાવતારી દેવ થશે. ત્યાંથી ચ્યવીને નરભવ પામી મોક્ષે જશે.

અહીં ગોશાલાની વિચિત્ર દુઃખમય ભવપરંપરા જણાવતાં કહ્યું કે પાપકર્મોનો નાશ થતાં ભવિષ્યમાં તે પણ સમ્યગ્દર્શન પામશે, ને અંતે દૃઢપ્રતિજ્ઞાના ભવમાં કેવલી થઈ મોક્ષે જશે.

## શતક ૧૬

ઉ. ૧ : આના ૧૪ ઉદ્દેશાઓ છે, તેમાંના પહેલા ઉદ્દેશામાં કહ્યું છે કે હથોડાથી એરણની ઉપર ઘા કરતાં વાયુકાય ઉત્પન્ન થાય, અને બીજા પદાર્થના સંબંધથી પણ તેનું મરણ થાય છે. પછી પૂછ્યું કે વાયુકાય આવતા ભવમાં શરીર સહિત જાય કે શરીર રહિત જાય ? અને સગડીમાં અગ્નિ કેટલા સમય સુધી રહે ? આના ઉત્તરો દઈને સાણસા વડે (તપાવેલું) લોઢું ઊંચું નીચું કરનાર પુરુષને લાગતી ક્રિયાની બીના, અને લોઢાને તપાવી એરણની ઉપર મૂકનાર પુરુષને લાગતી ક્રિયાની બીના, તથા અધિકરણી અને અધિકરણની બીના, તેમજ

તે બંનેની ચોવીશે દંડકોમાં વિચારણા કરતાં જીવને અધિકરણી અને અધિકરણ કહેવાનું કારણ જણાવ્યું છે.

પછી પ્રશ્નો પૂછ્યા કે 'જીવ સાધિકરણી કે નિરધિકરણી ?' તેમજ તે જીવ આત્માધિકરણી, પરાધિકરણી કે ઉભયાધિકરણી કહેવાય. આના સ્પષ્ટ ઉત્તરો આપ્યા છે. પછી જીવોને અધિકરણ આત્મપ્રયોગથી થયેલ છે કે પરપ્રયોગથી છે કે ઉભયપ્રયોગથી થયેલ છે ? આનો ઉત્તર દેતાં અવિરતિને આશ્રયી અધિકરણની બીના સમજાવી છે. પછી શરીરના ઇંદ્રિયોના ને યોગના પ્રકારો જણાવ્યા છે. પછી પૂછ્યું કે ઔદારિક શરીરને કે આહારક શરીરને બાંધતો જીવ અધિકરણી હોય કે અધિકરણ હોય ? આનો સ્પષ્ટ ઉત્તર આપતાં અધિકરણાદિની તથા ઇંદ્રિય મનોયોગાદિની હકીકત પણ વિસ્તારથી સમજાવી છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં કહ્યું છે કે પૃથ્વીકાયને જરા હોય પણ શોક ન હોય. તેને શોક નહિ હોવાનું કારણ જણાવીને શક્રનું વર્ણન કર્યું છે. તેમાં તેનું પ્રભુની પાસે આવવું, તેણે પૂછેલા અવગ્રહના પ્રશ્નોત્તરો અને સ્વસ્થાને જવાની હકીકત કહી છે. પછી શક્રેન્દ્ર સત્યવાદી છે કે મિથ્યાવાદી ? તે સાવદ્ય ભાષા બોલે કે નિરવદ્ય ? તથા તે ભવ્ય છે કે અભવ્ય ? તેમજ કર્મો એ ચૈતન્યકૃત છે કે અચૈતન્યકૃત છે ? આ બધાના ઉત્તરો કારણ કહેવાપૂર્વક વિસ્તારથી સમજાવ્યા છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં કર્મપ્રકૃતિનું સ્વરૂપ જણાવીને પછી જ્ઞાનાવરણને વેદતો જીવ બીજી કેટલી કર્મપ્રકૃતિઓને વેદે ? (તેના ફલને ભોગવે ?) આનો ઉત્તર દઈને કાયોત્સર્ગમાં રહેલા મુનિના અર્શને છેદનાર વૈદ્ય અને મુનિને લાગતી ક્રિયાની બીના સ્પષ્ટ કહી છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં કહ્યું છે કે નિત્યભોજી સાધુ સંયમાદિના પ્રતાપે જેટલાં કર્મો ખપાવે, તેટલાં કર્મો નરકના જીવો સો વર્ષે પણ ખપાવતા નથી. અને ચતુર્થ ભક્તાદિ કરનાર મુનિ તપ વગેરેના પ્રભાવે જેટલાં કર્મો ખપાવે, તેટલાં કર્મો નારક જીવો હજાર કે લાખ વર્ષે પણ ખપાવી શકતા નથી. અહીં સાધુને કર્મો વધારે ખપવાનું કારણ વિસ્તારથી સમજાવ્યું છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં જણાવેલી હકીકતનું મૂલ સ્થાન ઉલ્લૂકતીર નગરનો એક જંબૂક ચૈત્યવાળો પ્રદેશ છે. દેવ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને જ અહીં આવી શકે છે, તેમજ બોલવું વગેરે પણ ક્રિયા તે જ રીતે કરી શકે છે. આ હકીકત સ્પષ્ટ સમજાવીને શક્ર ઉતાવળથી વાંદીને ગયા તેનું શું કારણ ?

આનો ઉત્તર આપ્યો છે. પછી સમ્યગ્દૃષ્ટિ ગંગદત્ત નામના દેવની ઉત્પત્તિ અને મિથ્યાદૃષ્ટિ દેવની સાથે તેણે કરેલા સંવાદની બીના કહીને પૂછ્યું કે "શું પરિણામ પામતાં પુદ્ગલો પરિણત કહેવાય ?" આ રીતે પૂછવા માટે તે દેવ અહીં આવે છે. તે દેવ ભવસિદ્ધિક છે (ભવ્ય છે) તેની દિવ્ય દેવર્દ્ધિ ક્યાં ગઈ ? આનો ઉત્તર દઈને ગંગદત્ત દેવના પાછલા ભવની બીના જણાવતાં કહ્યું કે એક વખત હસ્તિનાપુરના સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં વીશમા તીર્થંકર શ્રીમુનિસુવ્રત સ્વામી પધાર્યા. તેમને ત્યાંના રહીશ ગંગદત્ત નામના ગૃહસ્થ વાંદીને દેશના સાંભળવા બેઠા. પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય પામી તેણે દીક્ષા લીધી. તેની હર્ષથી આરાધના કરીને મહાશુક્ર દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયા. આ પ્રસંગે તેનું આયુષ્ય અને ભાવી ભવોની બીના કહી છે. અંતે મહાવિદેહે મનુષ્યભવ પામી મોક્ષે જશે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં સ્વપ્નદર્શન (સ્વપ્ન જોવા)ની બીના જણાવતાં જે સ્થિતિમાં (સૂતા કે જાગતા) જે સમયે સ્વપ્નદર્શન થાય, તે બંને કહી ને સૂતા અને જાગતાનો અધિકાર પંચેન્દ્રિય તિર્યંચાદિમાં વિચાર્યો છે. પછી પૂછ્યું કે સંવૃત જીવ કેવું સ્વપ્ન જુએ ? જીવો શું સંવૃત છે કે અસંવૃત છે ? વગેરે પ્રશ્નોના સ્પષ્ટ ઉત્તરો સમજાવીને, સ્વપ્ન, મહાસ્વપ્ન અને સર્વ સ્વપ્નોના ભેદો તીર્થંકર ચક્રવર્તી અને વાસુદેવની માતાએ દેખેલા સ્વપ્નોની સંખ્યા, તથા છદ્મસ્થાવસ્થામાં પ્રભુ મહાવીરે જોયેલાં દશ મહાસ્વપ્નોનું ફલ, તેમજ સામાન્ય સ્વપ્નનું ફલ કહીને તે ભવમાં મોક્ષને દેનારાં સ્વપ્નોનું વર્ણન કરી અંતે નાકની સાથે સંબદ્ધ ગંધ પુદ્ગલોને વાવાની (ફેલાવાની) બીના સ્પષ્ટ સમજાવી છે.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં પશ્યત્તાનું વર્ણન કર્યું છે.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં ચરમાંત (છેક છેલ્લા છેડા)ની બીના જણાવતાં લોકની પૂર્વાદિ ચારે દિશાના ચરમાંત અને ઉપરનો તથા નીચેનો ચરમાંત, તેમજ રત્નપ્રભાદિના પણ તે જ રીતે પૂર્વાદિ ચરમાંતને સમજાવીને એક સમયમાં લોકાંત સુધી થતી પરમાણુની ગતિની બીના કહી છે. પછી વરસાદને જાણવા માટે હાથ વગેરેનું પહોળા કરવું, સંકોચવું વગેરે ક્રિયા કરતાં કાયિકી ક્રિયા લાગવાની બીના જણાવી છે. પછી દેવ પણ અલોકમાં હસ્તાદિની આકુંચનાદિ ક્રિયા કરવા અસમર્થ છે. કારણકે ત્યાં ધર્માસ્તિકાયાદિનો અભાવ છે, તે જણાવ્યું છે.

ઉ. ૯ : નવમા ઉદ્દેશામાં બલીંદ્રની સુધર્મા સભાનું વર્ણન કર્યું છે.

ઉ. ૧૦ : દશમા ઉદ્દેશામાં અવધિજ્ઞાનના ભેદો વર્ણવ્યા છે.

ઉ. ૧૧ : અગિયારમા ઉદ્દેશામાં દ્વીપકુમાર દેવોના આહાર ઉચ્છ્વાસાદિ સમાનતાને અંગે પ્રશ્નોત્તરો જણાવ્યા છે. શું બધા દ્વીપકુમાર દેવો સમાન આહારવાળા છે ? આનો ઉત્તર દઈને તેમની લેશ્યાઓની બીના કહી છે. અંતે લેશ્યાવંત જીવોનું અલ્પબહુત્વ વગેરે હકીકત જણાવી છે.

ઉ. ૧૨થી ૧૪ : બારમાથી ૧૪મા સુધીના ત્રણ ઉદ્દેશાઓમાં ઉદધિકુમાર સ્તનિતકુમાર દેવોની હકીકત પણ દ્વીપકુમારની હકીકતની જેમ જણાવી છે.

## સોળમા શતકની સજ્ઝાય (૧) (ભાનવિજયકૃત)

(ભનમધુકરની ઢાલ)

સમકિત દૃષ્ટિ દેવતા સાધુ પ્રમુખની ભક્તિ રે
ભગવંતઇં પરસંસીઇં કિમ નિંદઇ જિ કુયુક્તિ રે... ભવિયણ૦ ૧
ભવિયણ ! ગુણ પરસંસીઇ આદરીઇ નિજ શક્તિ રે
રાજગૃહઈ શક્ર વીરનઇં પૂછઇ અવગ્રહ ભેદિ રે
જિન કહે પંચ અવગ્રહા પહિલો ઇંદ્રનો વેદ રે... ભવિયણ૦ ૨
તેહ છઇં લોક અરધમીનો રાજાવગ્રહ બીજો રે
પૂરણ ભરતાદિક સમો ગાહાવઇનો ત્રીજો રે... ભવિયણ૦ ૩
નિજ નિજ દેશ પ્રમાણ તે ગૃહ લગઇં સામાચારિનો રે
સાધર્મિકનો પાંચમો પંચ કોસ લગીનો રે... ભવિયણ૦ ૪
તવ ઇંદો કહૈ આજના સાધુનઇં હું અણજાણું રે
તેહ ગયા પછે ગોતમો પૂછઇ જાણઇ ટાણું રે... ભવિયણ૦ ૫
એહ કહે છે તે ખરું જિન કહઇ સાચું માનો રે
સાચાબોલો એ સહી નહિં જુઠા બોલવાનો રે... ભવિયણ૦ ૬
ઇમ ઉપબૃંહણા કીજીઇ **સોલમો શતક** વિચારી રે
પંડિત શાંતિવિજય તણો માન કહે હિતકારી રે... ભવિયણ૦ ૭

## સોળમા શતકની સજ્ઝાય (૨) (ભાનવિજયકૃત)

(રાગ : રામગિરિ : છાંનો નેં છપ્પીનેં — એ ઢાલ)

*જે જિનતનો થાપક ભાવિકો રે કરી પરમતનો નિરાસ*
તોહિ સદ્ગુરુ વચન સાપેક્ષકો રે સાચું સમકિત ભાસ (તાસ)... ભાવો૦ ૧

ભાવો ભવિયણ સમકિત નિરમલું રે સમકિતથી શિવવાસ થાય
ઉલ્લયતિરઇં (વીર) સમોસર્યા રે વંદિ શક્રિ પૂછેય
પુદ્ગલ બાહ્ય. ગ્રહ્યા વિણુ દેવતા રે આગમણ ગમણ કરેય... ભાવો૦ ૨
જિન કહે ન કરે ઇમ વચનાદિકઇ રે ઉન્મેષાદિ પ્રકાર
આકુંચનાદિક સ્થાનાદિક તથા રે વિકુર્વણા પરિવાર (પરિચાર)... ભાવો૦ ૩
પૂછે એ અડ-પ્રશ્ન સંક્ષેપથી રે વંદી સંભ્રાંતિ માંહિ
પોહતો નિજ સરગઇં તવ ગૌતમો રે પૂછઇ કારણ ત્યાંહિ... ભાવો૦ ૪
જિન કહેં શુક્ર સરગેં સુર સમ્યક્તિ રે મિથ્યાત્વિ સ્યું વિવાદ
પરિણમ માણા પુદ્ગલ પરિણમ્યા રે ઇમ થાપીને અલ્હાદ... ભાવો૦ ૫
અવધિ પ્રયુંજઇ મુઝ ઇહાંથી જાણીને રે આવઇ પૂછવા ઇહાંય
તસ તનુ તેજ અસહતો સુરપતિ રે જાય સસંભ્રમ ઠાય... ભાવો૦ ૬
એહવે આવી તે સુર જિન નમે રે પૂછી કરે નિરધાર
નૃત્ય કરી ગયો તવ જિન ગૌતમ પ્રતિ રે કહે પૂરવ ભવસાર... ભાવો૦ ૭
પુર હસ્તિનાઉરઇં ગંગદત્તો ગૃહી રે શ્રી મુનિસુવ્રત પાસ
ચારિત્ર લેઇ આરાધી સુર હુઓ રે એક ભવે શિવવાસ... ભાવો૦ ૮
ભગવતી **સોલમા શતકમાં** ભાખીઓ રે એ અધિકાર વિસેસ
પંડિત શાંતિવિજય કોવિદ તણો રે માન કહે તસ લેસ... ભાવો૦ ૯

## શતક ૧૭

અહીં શરૂઆતમાં આના ૧૭ ઉદ્દેશાના સારને જણાવનારી સંગ્રહગાથામાં જણાવ્યા પ્રમાણે પહેલા ઉદ્દેશામાં કોણિકના મુખ્ય હાથીની બીના, બીજા ઉદ્દેશામાં સંયતાદિની બીના, ત્રીજા ઉદ્દેશામાં શૈલેશી અવસ્થાને પામેલા સાધુની બીના, ચોથા ઉદ્દેશામાં ક્રિયા(કર્મ)ની બીના, પાંચમા ઉદ્દેશામાં ઈશાનેન્દ્રની સુધર્મા સભાની બીના, છઠ્ઠા, સાતમા ઉદ્દેશામાં પૃથ્વીકાયિકની બીના, આઠમા નવમા ઉદ્દેશામાં અપ્કાયિક (પાણી)ની બીના, દશમા અગિયારમા ઉદ્દેશામાં વાયુની બીના, બારમા ઉદ્દેશામાં એકેન્દ્રિય જીવોની બીના, તેરમાથી સત્તરમા સુધીના પાંચ ઉદ્દેશાઓમાં ક્રમસર નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, વાયુકુમાર ને અગ્નિકુમાર દેવોની જરૂરી બીના કહી છે.

ઉ. ૧ : હવે તે સર્વનો અનુક્રમે ટૂંક પરિચય જણાવું છું. ૧. પહેલા

ઉદ્દેશામાં કોણિક રાજાના ઉદાયિ હાથીની ને ભૂતાનંદ હાથીની પાછલા ભવની ને ભવિષ્યના ભવની બીના કહી છે. પછી કાયિકી વગેરે ક્રિયાઓનું સ્વરૂપ અને ઝાડનાં મૂળિયાંને હલા(ચલા)વનાર પુરુષને લાગતી ક્રિયા અને ઝાડના મૂળને લાગતી ક્રિયાનું વર્ણન, આ જ પદ્ધતિએ ઝાડના કંદને ચલાવનારને તેમજ કંદને લાગતી ક્રિયાનું વર્ણન કરી શરીરો, ઇંદ્રિયો, અને યોગની હકીકત કહીને ઔદારિક વગેરે શરીરને બાંધતા જીવને લાગતી ક્રિયાઓનું, અને જીવો જે ક્રિયાઓ કરે છે તેઓનું તથા ઔદયિકાદિ ભાવોનું વર્ણન કર્યું છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં સંયત વગેરે જીવોના ધર્મ, અધર્મ અને ધર્માધર્મ-સ્થિતપણાનો નિર્ણય અને તે ત્રણેનું સ્વરૂપ, તથા ધર્માદિમાં બેસવાનો નિર્ણય જણાવીને તે વિચારો નારકાદિ દંડકોમાં સમજાવ્યા છે. પછી બાલપંડિતાદિની બાબતમાં અન્યતીર્થિકોની મિથ્યા (ખોટી) માન્યતા કહીને પંડિતાદિ ત્રણેનું સત્ય સ્વરૂપ જણાવ્યું છે. આ બીના ચોવીશે દંડકોમાં પણ વિચારી છે. અને જણાવ્યું છે કે એક જીવના વધની અવિરતિ છતાં પણ તે એકાંત બાલજીવ કહેવાય નહિ. તથા અન્યતીર્થિકો (બીજા ધર્મવાળા) જીવને અને જીવાત્માને અલગ માને છે, તેમાં સત્ય હકીકત જણાવતાં જીવનું ને આત્માનું અપેક્ષાએ એકપણું, પ્રાણાતિપાત વગેરેમાં, ને ઉત્થાનાદિમાં કહીને ફરમાવ્યું કે જ્યાં સુધી જીવ સંસારી હોય, ત્યાં સુધી તે રૂપી જ કહેવાય. દેહધારી દેવ અરૂપી રૂપ (પદાર્થ) વિકુર્વી શકે નહિ, તે બંનેનું સ્પષ્ટ કારણ સમજાવ્યું છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં શૈલેશી ભાવને પામેલા અનગાર પોતાની મેળે એજનાદિ ક્રિયા (યોગ ક્રિયા) કરતા નથી, એમ જણાવતાં એજના (હલનચલન – હાલવુંચાલવું વગેરે)ના ભેદો, તથા દ્રવ્ય એજનાનું ને ક્ષેત્ર એજનાનું સ્વરૂપ કહ્યું છે. તે ભેદોની નારકાદિ દંડકોમાં હેતુ જણાવવાપૂર્વક વિચારણા કરી ચલનાના ભેદો, શરીરચલના, ઇંદ્રિયચલના ને યોગચલનાના ભેદો કહીને ઔદારિક વૈક્રિય શરીરચલના, શ્રોત્રેન્દ્રિયાદિ ચલના, મનોયોગ ચલનાને આ સર્વ ચલના કહેવાનાં કારણો સમજાવતાં છેવટે સંવેગાદિનું ફલ પ્રશસ્તપણું વગેરે હકીકત જણાવી છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં પ્રાણાતિપાત મૃષાવાદ વગેરેથી થતી ક્રિયા, સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ કર્મ કરાય કે નહિ ? તેનો ખુલાસો, ક્ષેત્રને આશ્રયી કર્મ અને પ્રદેશને આશ્રયી કર્મનું સ્વરૂપ કહીને દુઃખ અને વેદના એ બે આત્મકૃત છે કે પરકૃત છે કે ઉભયકૃત છે ? આના સ્પષ્ટ ઉત્તરો જણાવ્યા છે. અંતે વેદનાને ભોગવવાને

અંગે પૂછેલા પ્રશ્નોના પણ ખુલાસા કર્યા છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં ઈશાનેન્દ્રની સુધર્મા સભા વગેરેના પ્રશ્નોત્તરો જણાવ્યા છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં પૃથ્વીકાયિક જીવો પહેલાં ઉત્પન્ન થાય ને પછી આહાર કરે, કે આહાર કરીને ઊપજે વગેરે પ્રશ્નોના ઉત્તરો કહ્યા છે.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં જે પૃથ્વીકાયિક જીવ સૌધર્મ દેવલોકમાં મરણ પામી પૃથ્વીકાયપણે ઊપજવાનો છે તે જીવ ત્યાં ઉત્પન્ન થઈને આહાર કરે કે આહાર કરીને ઉત્પન્ન થાય ? વગેરે પ્રશ્નોના ઉત્તરો જણાવ્યા છે.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં જેમ પહેલાં પૃથ્વીકાયિકની આહાર અને ઉત્પત્તિને અંગે પ્રશ્નોત્તરી કહી, તે જ પ્રમાણે જે અપ્કાયિક જીવ સૌધર્મ દેવલોકમાં અપ્કાયિકાદિપણે ઊપજવા યોગ્ય છે, તેને પહેલો આહાર કે ઉત્પત્તિ ? આ પ્રશ્નોત્તરો કહ્યા છે.

ઉ. ૯ : નવમા ઉદ્દેશામાં જે અપ્કાયિક જીવ ઘનોદધિ વલયોમાં ઊપજવાને લાયક છે, તેને અંગે તે પહેલો આહાર કરે કે ઊપજે ? આ બીના પહેલાની માફક જણાવી છે.

ઉ. ૧૦ : દશમા ઉદ્દેશામાં એવી જ બીના સૌધર્મ દેવલોકમાં ઊપજવાલાયક વાયુકાયિકને અંગે કહી છે.

ઉ. ૧૧ : અગિયારમા ઉદ્દેશામાં ઘનવાત ને તનવાતના વલયોમાં ઊપજવાલાયક વાયુકાયિક જીવને અંગે તેવા જ આહારના ને ઉત્પત્તિના પ્રશ્નોત્તરો કહ્યા છે.

ઉ. ૧૨ : બારમા ઉદ્દેશામાં પૂછ્યું છે કે શું આ બધા એકેન્દ્રિય જીવો સમાન આહારવાળા છે ? આનો ઉત્તર દઈને તેમની લેશ્યાની બીના, ને લેશ્યાવાળા એકેન્દ્રિયોનું ને તેમની ઋદ્ધિનું અલ્પબહુત્વ જણાવ્યું છે.

ઉ. ૧૩થી ૧૭ : તેરમાથી સત્તરમા સુધીના પાંચ ઉદ્દેશામાં અનુક્રમે બધા નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, વાયુકુમાર ને અગ્નિકુમાર દેવો શું સમાન આહારવાળા છે ? વગેરે પ્રશ્નોત્તરો જણાવ્યા છે. એટલે ૧૩મા ઉદ્દેશામાં નાગકુમાર દેવોના સમાન આહારના પ્રશ્નોત્તરો જણાવ્યા છે. ૧૪મા ઉદ્દેશામાં સુવર્ણકુમારના, પંદરમા ઉદ્દેશામાં વિદ્યુતકુમારના, ૧૬મા ઉદ્દેશામાં વાયુકુમારના, ૧૭મા ઉદ્દેશામાં અગ્નિકુમાર દેવોના સમાન આહારના પ્રશ્નોત્તરો જણાવ્યા છે.

## શતક ૧૮

ઉ. ૧ : આના ૧૦ ઉદ્દેશામાંના પહેલા ઉદ્દેશામાં જીવદ્વાર, આહારક દ્વાર વગેરે ૧૪ દ્વારોમાં જીવભાવ, આહારભાવ વગેરે ભાવ વડે પ્રથમતા, અપ્રથમતા, ચરમતા, અચરમતાની બીના જ્યાં જેવી ઘટે તેવી ઘટાવી છે. એટલે જીવ જીવભાવ વડે પ્રથમ છે કે અપ્રથમ, ચરમ છે કે અચરમ ? તથા આહારક જીવ આહારભાવ વડે પ્રથમ છે કે અપ્રથમ ? ચરમ છે કે અચરમ ? આ રીતે ૧૪ દ્વારોમાં કહેલા પ્રશ્નોના ઉત્તરો દેતાં પ્રથમપણું, ચરમપણું વગેરે શબ્દોના અર્થો સ્પષ્ટ રીતે સમજાવ્યા છે.

ઉ. ૨ બીજા ઉદ્દેશામાં કાર્તિક શેઠના વર્તમાન ભવની અને ભાવી ભવની બીના જણાવતાં કહ્યું કે વીશમા તીર્થંકરના સ્થવિરોની દેશના સાંભળી તે વૈરાગ્ય પામી પ્રભુને કહેવા લાગ્યા કે આ લોક આદીપ્ત છે, પ્રદીપ્ત છે. એટલે આધિ-વ્યાધિ-ઉપાધિ રૂપી દાવાનળ લોકમાં ચારે બાજુ સળગી રહ્યો છે. હે ગુરુદેવ ! મને તેમાંથી બચાવી લ્યો, ને જૈનેન્દ્રી દીક્ષા આપો. આ રીતે કહીને શ્રીમુનિસુવ્રતસ્વામીના સ્થવિર મહામુનિની પાસે તેમણે દીક્ષા લઈ ચૌદ પૂર્વોનો અભ્યાસ કર્યો. અંતે યથાર્થ આરાધના કરી શક્રેન્દ્રપણું પામ્યા.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં પ્રભુ શ્રી મહાવીરના શિષ્ય માકંદિકપુત્ર નામના અનગારે પ્રભુ વીરને પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાં કહ્યું કે, કાપોત લેશ્યાવાળા પૃથ્વીકાયિક અપ્કાયિક અને વનસ્પતિકાયિકોમાંના કેટલાએક જીવો કર્મોની લઘુતા પામીને અનંતર (મનુષ્ય)ભવે સિદ્ધ થાય છે. પછી પૂછ્યું કે નિર્જરા પુદ્‌ગલો શું સર્વ લોકમાં ફેલાઈને રહે ? તથા છદ્મસ્થ જીવ નિર્જરાપુદ્‌ગલોના માંહોમાંહે જુદાપણાને દેખે ? આ પ્રશ્નોના ઉત્તરો દઈને બંધના ને ભાવબંધના ભેદો કહીને પહેલાં બાંધેલાં કર્મોની ને બંધાતાં કર્મોની ભિન્નતા તથા નારક વગેરે જીવોના કર્મબંધની ભિન્નતા (જુદાશ) જણાવી છે. પછી કહ્યું કે ગ્રહણ કરેલા આહારના પુદ્‌ગલોમાંથી અસંખ્યાતમો ભાગ રસાદિ રૂપે પરિણમે છે, ને ઘણો ભાગ મલાદિરૂપ થઈ નીકળી જાય છે. અને નિર્જરેલા પુદ્‌ગલોની ઉપર બેસવું-સૂવું વગેરે ક્રિયા ન થઈ શકે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં જીવોના પરિભોગમાં આવતા અને નહિ આવતા પ્રાણાતિપાતાદિની બીના અને કષાયના ૪ ભેદ, તથા નારકાદિ દંડકોમાં કૃતયુગ્માદિ ચાર રાશિઓની ઘટતી બીના કહી છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં બે અસુરકુમારાદિ દેવોમાં એક દેવ દર્શનીય અને

બીજો દેવ અદર્શનીય હોય તેનું કારણ, અને બે નારક જીવોમાં એકને કર્મો થોડાં હોય ને બીજાને વધારે હોય તેનું પણ કારણ જણાવીને પૂછ્યું કે નરકના જીવને મરવાના સમયે આ ભવના ને આવતા ભવના આયુષ્યનો અનુભવ હોય ? આનો ઉત્તર દઈને અંતે દેવો જે ઇષ્ટ અને અનિષ્ટ વિકુર્વણા કરે છે તેનું વર્ણન કર્યું છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં સૂક્ષ્મ-બાદર સ્કંધોના, ભમરાના, પોપટની પાંખના તથા પરમાણુ વગેરેના વર્ણાદિમાં નિશ્ચય-વ્યવહાર નયે ઘટતી વર્ણાદિની હકીકત જણાવી છે.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં પ્રભુએ કહ્યું કે કેવલી સત્ય ભાષા અને વ્યાવહારિક ભાષા જ બોલે, કોઈ પણ કાલે અસત્ય કે મિશ્ર ભાષા બોલે જ નહિ. તેમને યક્ષાદિ ઉપદ્રવ કરે જ નહિ. આથી વિપરીત બોલનારા બીજા ધર્મવાળાનું વચન સત્ય નથી. પછી ઉપધિના બે રીતે થતા ત્રણ ત્રણ ભેદો, અને પરિગ્રહના તથા પ્રણિધાનના ભેદો કહીને મદ્રુક શ્રાવકને કાલોદાયિ વગેરે અન્યતીર્થિકોની સાથે થયેલ સંવાદ જણાવતાં કહ્યું કે અસ્તિકાયના પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં મદ્રુક શ્રાવકે વાયુના દૃષ્ટાંતે ધર્માસ્તિકાયાદિને સાબિત કર્યા છે. પ્રભુએ તેની પ્રશંસા કરી પછી દેવોનું વૈક્રિય રૂપ કરવાનું સામર્થ્ય અને વૈક્રિય શરીરનો જીવ સાથે સંબંધ તથા પરસ્પર અંતર અને બે શરીરની વચલા ભાગનો જીવ સાથે સંબંધ જણાવ્યો છે. પછી પ્રભુને પ્રશ્ન પૂછ્યો કે તે પરસ્પર અંતરનો શસ્ત્રાદિથી છેદ થાય કે નહિ ? આના ઉત્તર દઈને દેવોના ને અસુરોના સંગ્રામનું વર્ણન કર્યું છે. પછી દેવોનું ગમનસામર્થ્ય તથા દેવોના પુણ્યકર્મક્ષયની તરતમતા સ્પષ્ટ સમજાવી છે. તેમજ દેવોને ઘાસ વગેરે પણ શસ્ત્રરૂપ બને, તે અસુરોનું શસ્ત્ર વૈક્રિય છે વગેરે જણાવ્યું છે.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં ઐર્યાપથિક કર્મબંધની બીના અને અન્યતીર્થિકો અને શ્રીગૌતમસ્વામીનો સંવાદ તથા છદ્મસ્થના જ્ઞાનનો વિષય, તેમજ પરમાણુનો તથા દ્વિપ્રદેશિક સ્કંધાદિનો વિચાર કહીને અવધિજ્ઞાનનો વિષય અને જ્ઞાન અને દર્શનના સમયની જુદાશ જણાવી છે.

ઉ. ૯ : નવમા ઉદ્દેશામાં ભવ્ય દ્રવ્ય દેવ મનુષ્ય તિર્યંચ નારકાદિનાં સ્વરૂપ-સ્થિતિ વગેરે બીના કહી છે.

ઉ. ૧૦ : ૧૦મા ઉદ્દેશામાં પૂછ્યું છે કે અનગાર વૈક્રિયલબ્ધિના પ્રતાપે તલવાર કે અસ્ત્રાની ધાર ઉપર રહે કે નહિ ? તથા પરમાણુ વાયુથી સ્પૃષ્ટ

હોય કે વાયુ પરમાણુથી સ્પૃષ્ટ હોય ? એમ દ્વિપ્રદેશિકાદિ સ્કંધોમાં પણ પૂછેલા પ્રશ્નોના ઉત્તરો કહ્યા છે. પછી બસ્તિ વાયુથી સ્પૃષ્ટ હોય કે વાયુ બસ્તિથી સ્પૃષ્ટ હોય ? આનો ઉત્તર કહીને રત્નપ્રભાદિની તથા સૌધર્માદિ દેવલોકોની નીચેના દ્રવ્યોની બીના કહી છે. સોમિલે પ્રભુને પૂછેલા પ્રશ્નોના ઉત્તરો દેતાં યાત્રા, યાપનીય, અવ્યાબાધ પ્રાસુક વિહાર, યાપનીયના બે ભેદ, સરિસવ, માસ, કુલ તથા એક અનેક અક્ષય વગેરેનું સ્વરૂપ યથાર્થ સમજાવ્યું. તેથી તેણે પ્રભુની પાસે શ્રાવકધર્મ સ્વીકાર્યો.

## અઢારમા શતકની સજ્ઝાય (૧) (માનવિજયકૃત)

(એક દિન દાસી દીઠતી — એ ઢાલ)

પુર હત્થિણાઉરવાસીયો કાર્તિક સેઠ સમૃદ્ધ રે
તે ઇંદ્રાદિક પદ લહી પામે અંતે સિદ્ધિ રે... ધન્ય૦ ૧
મુનિસુવ્રત જિન દેશના સાંભળીનેં પ્રતિબુદ્ધ રે
ધન્ય લઘુકર્મી જીવડા જે કરે ધરમની વૃદ્ધિ રે... ધન્ય૦ ૨
નિજ અનુયાયી નીગમા અઠ્ઠોત્તર હજાર રે
તસ વૈરાગ્યઇં વૈરાગીયા સાથઇ લેઈ વ્રત ભાર (ધાર) રે... ધન્ય૦ ૩
ચૌદઇ પૂરવ અભ્યાસી કરી માસ સંલેખણા કીધ રે
પ્રથમ સરગઇં સુરપતિ હુઓ એક ભવે હુસઇ સિદ્ધ રે... ધન્ય૦ ૪
શક્ર ભવઇં જવ વાંદવા આવ્યો વીર કનઇં તામ રે
એ વૃત્તાંત ગૌતમ પ્રતિ ભાખ્યો વિશાખા ગામ રે... ધન્ય૦ ૫
ભગવતિ શતક અઢારમઇં જોઈ એહ સજ્ઝાય રે
પર ઉપગાર ભણી કહે માનવિજય ઉવજ્ઝાય રે... ધન્ય૦ ૬

## અઢારમા શતકની સજ્ઝાય (૨) (માનવિજયકૃત)

(ચંદનબાલા બારણે રે – એ ઢાલ)

રાજગૃહીઇં જિનવીરજી રે લાલ આવ્યા કરતા વિહાર મનમોહન
માકંદી પુત્ર સંયતી રે લાલ પૂછઇ પ્રશ્ન વિચાર મનમોહન
ભવિયણ શઠતા છાંડિઇ રે લાલ શઠ ભાવઇં નહિં પાર મનમોહન ભવિયણ૦ ૧
ભૂજલ વણસ્સઈ કાઈયા રે લાલ કાઉ લેસાવંત મનમોહન
એકાવતારી કાંઈ હોઈ રે લાલ હોઈ વીર કહંત... મનમોહન ભવિયણ૦ ૨

તેહ સુણી મન ગહગહ્યો રે લાલ અવર શ્રમણનેં કહેય મનમોહન
તિણઇં અણસદહતઇં કરિઓ રે લાલ નિશ્ચઇં જિનનઇં પૂછેય મનમોહન ભવિયણ૦ ૩
તવ માકંદી પુત્રનઇં રે લાલ આવી ખમાવે તેહ મનમોહન
ઈમ જે અરથી જીવડા રે લાલ સંકા ટાલે જેહ મનમોહન ભવિયણ૦ ૪
ભગવતી **શતક અઢારમેં** રે લાલ ભાખ્યો એ અધિકાર મનમોહન
**માનવિજય વાચક** કહે રે લાલ છાંડો હઠ નિરધાર મનમોહન ભવિયણ૦ ૫

## અઢારમા શતકની સજ્ઝાય (૩) (માનવિજયકૃત)

(ષટખંડ ચક્રિ સુદરુ – એ ઢાલ)

સમકિત તાસ વખાણીઇં જેહનઇં જિનજી સરાય રે
જે અન્યતીર્થી વયણડે છલીયા પણ ન છળાય રે... જિનધર્મે૦ ૧
જિનધર્મઇં કરો દઢપણું તેહની પ્રસિદ્ધિ થાય રે
રાજગૃહી નગરઇ વસઇ શ્રાવક મડ્ડુક નામ રે
ચાલ્યો વીરને વાંદવા મિલઇ અન્યતીર્થી તામ રે... જિનધર્મે૦ ૨
કાલોદાયી પ્રમુખ બહુ પૂછે પંચાસ્તિકાય રે
જિન ભાખ્યો કિમ માંનિઇં કહે મડ્ડુક તિણિ ઠાય રે... જિનધર્મે૦ ૩
કાજ વિના કિમ જાણીઇં તવ બોલ્યા ફિરિ તેહ રે
સમણોપાસક તું કિસ્યો જેણઇં ન જાણઇ એહ રે... જિનધર્મે૦ ૪
તવ મડ્ડુક કહે વાયુનઇં અરણિ અગનિ નઇં દેખો રે
ગંધ પુગ્ગલદધિ પારના સરગના રૂપનઇં પેખો રે... જિનધર્મે૦ ૫
તો કિમ એહનઇં દેખિઇં ઇમ નિરુત્તર કરી તેહ રે
જિનનઇં વંદઇ હર્ષ સ્યું વીર વખાણ્યો છેહ રે... જિનધર્મે૦ ૬
અણજાણ્યાં અણસાંભલ્યાં જે કરિ અરથીનિ સંક રે
તે જિનનો જિનધરમનો આસાતનક હોઇં ખરે... જિનધર્મે૦ ૭
ઇમ સુણી મન આણંદિઓ જિણ વંદિ ઘરિ જાય રે
એક ભવે સિદ્ધિ પામસઇં એ સવિ ધરમ પસાય રે... જિનધર્મે૦ ૮
ઇમ સુવિવેકઇં ધરમીની (ધર્મની) બહુ પરસંસા થાય રે
**અઢારસમા શતક** થકી કહિ **મુનિ માન** સજ્ઝાય રે... જિનધર્મે૦ ૯

## અઢારમા શતકની સજ્ઝાય (૪) (ભાનવિજયકૃત)

(હો મતવાલે સાજના - એ દેશી)

ગૌતમ ગણધર ગાઇઇં શ્રીવીરનો વૃદ્ધ વિનેય રે
પૂરણ ગણિપીટક ધરો જેણઇં પરમત કીધઉ છેય રે... ગૌતમ૦ ૧
રાજગૃહેં અન્ય યૂથીઆ તસ આવી કહી ચો સાલ રે
જીવ હણ્યો તુમે હિંડતા તેણઇં થયો છે એકાંત બાલ રે... ગૌતમ૦ ૨
ગૌતમ કહઇ તનુ શક્તિઇં વલી આસિરી સંજમ જોગ રે
ઇર્યાસમિતિઇં હિંડતાં અમો એકાંત પંડિત લોગ રે... ગૌતમ૦ ૩
ઈમ અણહિંડંતો તુમે સાહમું થાઓ છો બાલ રે
ઇમ નિરધારી આવીઓ વર્ણવ્યો વીરઈં તતકાલ રે... ગૌતમ૦ ૪
અવરથી અતિશાયી કહિઓ એહવા સદ્‌ગુરૂનઈં વંદું રે
વાંચી **શતક અઢારમું મુનિ માન** કહે આણંદું રે... ગૌતમ૦ ૫

## અઢારમા શતકની સજ્ઝાય (૫) (ભાનવિજયકૃત)

(સુણિ બહિનિ, પિઉડો પરદેશી - એ ઢાલ)

દૂરભિનિવેસ રહિત ચિત્ત જેહનું મત્સરપણિ તસ લેખે રે
વીરવચન સુણી સોમિલ વિપ્રઈં મિથ્યાત રાખ્યું ન રેખઈ રે... ધન્ય૦ ૧
ધન્યધન્ય સરલ સ્વભાવી જીવા જે ગુણ-દોષ પરીખઈ રે
વાણિયગામઇં વીર પધાર્યા નિસુણી સોમિલ વિપ્ર રે
ચિંતઈ પૂછ્યાં કહિંસઈ તો તસ વદીસ (વાંદિસ) ક્ષિપ્ર રે... ધન્ય૦ ૨
નહિં તો નિરુત્તર કરસ્યું ઇમ મનિ ચિંતઈ તિહાં જઈ પૂછઈ રે
તુમ યાત્રા યાપનીય અબાધા પ્રાસુકવિહાર કહો છઈ રે... ધન્ય૦ ૩
એ ચ્યારે મુઝ ઈમ જિન બોલઈ યાત્રા સંયમ યોગઈં રે
ઇંદ્રિય મન થિરતાઇં યાપન અવ્યાબાધ વિણુ રોગઈં રે... ધન્ય૦ ૪
યાચિત આરામાદિક રહેવઈ પ્રાસુકવિહાર અમારેઈં રે
ફિરિ પૂછઈ સરિસવ ભક્ષ્ય અભક્ષ્યા ભાખઈ જિનવલિ ત્યારઈ રે... ધન્ય૦ ૫
મિત્ર સરિસવા ત્રિવિધ અભક્ષ્યા ધાંન સરિસવા બહુધા રે
શસ્ત્ર અપરિણત એષણારહિતા અપ્રાર્થિનઈં અલદ્ધા રે... ધન્ય૦ ૬

જતિ નઈં અભક્ષ્ય અવર ચઉભેયા મિલિયા ભક્ષ્યપ્રરૂપ રે
ભક્ષ્ય અભક્ષ્ય ઈમ માયા જાણો કાલનઇં ધાન્ય સરૂપ રે... ધન્ય૦ ૭
કુલત્થી ધાન્ય પ્રકારે દૂવિધા કુલથાપણિ ઈમ કહેવા રે
પૂછઈ ફિરિ ઈક દોય અક્ષયનું અવ્યય અવસ્થિત અહવા રે... ધન્ય૦ ૮
ભાવ અનેકઈં પરિણત કિંવા જિન કહિ એ સવિ સત્ય રે
દ્રવ્યથી એક દંસણ નાણઈં દોઉ જાણિ પ્રદેશથી નિત્ય રે... ધન્ય૦ ૯
વિવિધ વિષય ઉપયોગઇં અનિત્યો ઇમ સુણી અરથ અનેક રે
બૂઝયો ચારિત્ર લેઈ નિરમલ સિદ્ધિ ગયો સુવિવેકઈ રે... ધન્ય૦ ૧૦
ભગવતિ **શતકઈ અઢારમું** જોઈ એ મુનિરાજ સજ્ઝાય રે
પંડિત શાંતિવિજય શિષ્ય પભણઇ **માનવિજય** ઉવજ્ઝાય રે... ધન્ય૦ ૧૧

## શતક ૧૯

ઉ. ૧ : આના ૧૦ ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશામાં લેશ્યાનું સ્વરૂપ તથા ભેદો જણાવતાં પ્રજ્ઞાપનાના સત્તરમા લેશ્યાપદની ભલામણ કરી છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં લેશ્યા અને ગર્ભની બીના કહી છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં પૃથ્વીકાયિકાદિ પાંચેમાં ૧૨ દ્વારોની બીના વિચારવાના ઇરાદાથી પહેલાં પૃથ્વીકાયિકને ઉદ્દેશીને પૂછ્યું કે કદાચ બે અથવા અનેક પૃથ્વીકાયિક જીવો એકઠા મળીને સાધારણ શરીર બાંધે ? પછી આહાર કરે અને પરિણમાવે ? આના સ્પષ્ટ ઉત્તરો સમજાવીને લેશ્યા દ્વારમાં પૃથ્વીકાયિક જીવોને લેશ્યા કહીને અનુક્રમે દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગની બીના કહી છે. પછી કિમાહાર દ્વાર, પ્રાણાતિપાતાદિમાં સ્થિતિ (રહેવું) વગેરેનું વર્ણન કર્યું છે. પછી ઉત્પાત, આયુષ્ય, સમુદ્ઘાત અને ઉદ્વર્ત્તનાની હકીકત જણાવી છે. એ જ પ્રમાણે અપ્કાયિકાદિ ચારેમાં ૧૨ દ્વારો ઘટાવીને તે પાંચેની અવગાહનાનું અલ્પબહુત્વ, અને માંહોંમાંહે એકબીજાની અપેક્ષાએ સૂક્ષ્મપણું તથા બાદરપણું તેમજ તેમના શરીરનું પ્રમાણ, અવગાહના અને તેમને ભોગવાતી પીડાનું સ્વરૂપ સમજાવ્યું છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં કદાચ નરકના જીવો મહાશ્રવવાળા, મહાક્રિયાવાળા, મહાવેદનાવાળા ને મહાનિર્જરાવાળા હોય, તે સંબંધી ભાંગાનું સ્વરૂપ વિસ્તારથી કહ્યું છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં પૂછ્યું છે કે નારક જીવો ચરમ એટલે અલ્પ આયુષ્યવાળા અને પરમ એટલે અધિક આયુષ્યવાળા હોય ? અને ચરમ

નૈરયિકો કરતાં પરમ નૈરયિકો શું મહાશ્રવવાળા, મહાક્રિયાવાળા, મહાવેદનાવાળા અને મહાનિર્જરાવાળા હોય ? આવા પ્રશ્નો અસુરકુમારાદિને ઉદ્દેશીને પણ પૂછ્યા છે. તે બધાના ઉત્તરો સમજાવીને વેદનાના ૧. નિદા, ૨. અનિદા, આ બે ભેદોનો વિચાર નારકાદિ દંડકોમાં પણ જણાવ્યો છે. તથા નિદા વેદના અને અનિદા વેદનાનું સ્વરૂપ પણ સમજાવ્યું છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં દ્વીપ-સમુદ્રોનાં સ્થાન, સંખ્યા અને આકારાદિનું સ્વરૂપ જણાવ્યું છે.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં ભુવનપતિ વગેરે ચારે પ્રકારના દેવોના આવાસો અને વિમાનોની સંખ્યા તથા આકૃતિ (આકાર)નું સ્વરૂપ સમજાવ્યું છે.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં નિર્વૃત્તિનું સ્વરૂપ કહીને તેના જીવનિર્વૃત્તિ વગેરે ભેદો ને તે દરેકના પણ ભેદો જણાવ્યા છે. પછી પ્રશ્નકારે પૂછ્યું કે પૃથ્વીકાયિક જીવને કેટલી ઇંદ્રિય નિર્વૃત્તિ હોય ? આનો ઉત્તર કહીને ભાષાનિર્વૃત્તિ, મનોનિર્વૃત્તિ, કષાય, વર્ણ, સંસ્થાન, લેશ્યા, સંજ્ઞા, દષ્ટિ, જ્ઞાન, અજ્ઞાન, યોગ અને ઉપયોગ નિર્વૃત્તિની બીના નારકાદિમાં જેમ ઘટે તેમ જણાવી છે.

ઉ. ૯ : નવમા ઉદ્દેશામાં કરણની બીના જણાવતાં તેના શરીરકરણ, ઇંદ્રિયકરણ વગેરે પાંચ ભેદો અને તેના પણ ભેદોના વિચારો નારકાદિમાં જણાવ્યા છે.

ઉ. ૧૦ : દશમા ઉદ્દેશામાં પૂછ્યું છે કે શું બધા વ્યંતરો સમાન આહારવાળા હોય છે ? વગેરે પ્રશ્નોના ઉત્તરો સમજાવતાં દેવોનું મનોભક્ષિપણું એટલે તેમને અમુક નિયમિત સમયે આહારની ઇચ્છા થવાની સાથે જ ધરાયેલા માણસના જેવી તૃપ્તિ થાય છે વગેરે આહારને લગતી બીજી પણ હકીકત સ્પષ્ટ સમજાવી છે.

## શતક ૨૦

ઉ. ૧ : આના ૧૦ ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશાની શરૂઆતમાં દશે ઉદ્દેશાના ટૂંક સારને જણાવનારી સંગ્રહગાથા કહી છે. પછી બેઇંદ્રિય વગેરે જીવોના શરીરને બાંધવાનો ક્રમ લક્ષ્યમાં રાખીને પૂછ્યું કે બેઇંદ્રિય જીવો શું સાધારણ શરીર બાંધે છે કે પ્રત્યેક શરીર બાંધે છે ? આનો ઉત્તર જણાવીને તેમને ઘટતી લેશ્યાની બીના કહીને જણાવ્યું કે તેમને સંજ્ઞા પ્રજ્ઞા વગેરે હોતાં નથી. એ જ પ્રમાણે પંચેન્દ્રિય જીવો શું સાધારણ શરીર બાંધે છે કે પ્રત્યેક શરીર બાંધે છે ? આ પ્રશ્નનો ઉત્તર કહીને બેઇંદ્રિયાદિ જીવોનું અલ્પબહુત્વ

વગેરે હકીકતો સમજાવી છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં આકાશના ભેદો જણાવીને પૂછ્યું કે લોકાકાશ એ જીવરૂપ છે કે જીવના દેશરૂપ છે ? અને અધોલોક ધર્માસ્તિકાય વગેરેના કેટલા ભાગને અવગાહીને રહેલો છે ? આના ઉત્તરો કહીને ધર્માસ્તિકાયાદિ ચારેના પર્યાયવાચક શબ્દોની અર્થઘટના કરી છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે કે પ્રાણાતિપાત વગેરે આત્મા સિવાય બીજે પરિણમતા નથી. પછી ગર્ભવ્યુત્ક્રમ, વર્ણ વગેરેની બીના જણાવી છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં ઇંદ્રિયોપચયાદિની બીના જણાવી છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં પરમાણુ, દ્વિપ્રદેશિક સ્કંધથી માંડીને અનંત પ્રદેશિક સ્કંધોમાં વર્ણાદિની બીના, અને તે દરેકને આશ્રયી સંભવતા ભાંગાઓનું સ્વરૂપ કહીને પરમાણુના, ને દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ પરમાણુના ભેદો વગેરે બીના વિસ્તારથી જણાવી છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં પૂછ્યું છે કે જે પૃથ્વીકાયિકનો જીવ રત્નપ્રભાની અને શર્કરાપ્રભાની વચ્ચે મરણ સમુદ્ઘાત કરીને સૌધર્મ દેવલોકમાં પૃથ્વીકાયિકપણે ઊપજવાનો છે, તે પહેલાં ઊપજીને આહાર કરે કે આહાર કરીને ઉત્પન્ન થાય ? આ રીતે અપ્કાયિક અને વાયુકાયિકના જીવને ઉદ્દેશીને પ્રશ્નો પૂછ્યા, તે બધાના ઉત્તરો અહીં વિસ્તારથી સમજાવ્યા છે.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં કર્મબંધની હકીકત જણાવતાં જીવના અનંતરબંધાદિની બીના અને જ્ઞાનાવરણીય કર્મના બંધને અનુસરતી હકીકત સ્પષ્ટ જણાવી છે.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં કર્મભૂમિ ને અકર્મભૂમિના ભેદો, અકર્મભૂમિમાં તથા ઐરવત ક્ષેત્રમાં વર્તતા કાલની બીના તેમજ મહાવિદેહમાં ચાર મહાવ્રતાદિ રૂપ ધર્મનો ઉપદેશ જણાવીને કહ્યું કે અહીં શ્રી ઋષભાદિ ૨૪ તીર્થંકરો થઈ ગયા. તેમના ૨૩ આંતરા થાય. પછી કાલિકશ્રુતના વિચ્છેદ-અવિચ્છેદની બીના તથા પૂર્વગત શ્રુતની અને તીર્થની સ્થિતિ, તેમજ ભાવી છેલ્લા તીર્થંકરના તીર્થની સ્થિતિ જણાવીને તીર્થ અને તીર્થંકરનું અને પ્રવચનનું તથા પ્રવચનીનું સ્વરૂપ, તથા ઉગ્રાદિ કુલોમાં ઉત્પન્ન ક્ષત્રિયાદિ જીવોનો ધર્મમાં પ્રવેશ તેમજ દેવલોકના ભેદો વગેરેનું સ્પષ્ટ વર્ણન કર્યું છે.

ઉ. ૯ : નવમા ઉદ્દેશામાં ચારણમુનિના ભેદ અને તેમનું સ્વરૂપ તથા લબ્ધિનું સામર્થ્ય કહ્યું છે. પછી વિદ્યાચારણની ને જંઘાચારણની ઊંચે જવાની

ને તિર્છા જવાની હદ કહેતાં જણાવ્યું કે વિદ્યાચારણની પાછા વળતાં શીઘ્ર ગતિ હોય, ને જંઘાચારણની સ્વસ્થાનેથી જતાં શીઘ્ર ગતિ હોય. તીર્થયાત્રાદિ કરીને પાછા વળતાં શ્રમ વગેરે કારણોથી મંદ ગતિ હોય.

ઉ. ૧૦: દશમા ઉદ્દેશામાં સોપક્રમ નિરુપક્રમ આયુષ્યની બીના, અને આત્મોપક્રમ, પરોપક્રમ, ને નિરુપક્રમનું સ્વરૂપ સમજાવ્યું છે. પછી પ્રશ્નો પૂછ્યા છે કે નરકના જીવો નરકમાં આત્મોપક્રમથી પરોપક્રમથી કે નિરુપક્રમથી ઊપજે છે ? એ જ પદ્ધતિએ પૂછ્યું કે તેમની ઉદ્વર્ત્તના આત્મોપક્રમાદિ ત્રણમાંથી કોનાથી થાય છે ? તથા તેમની નરકમાં ઉત્પત્તિ આત્મશક્તિથી કે પરની શક્તિથી થાય છે ? અને તે (ઉત્પત્તિ) સ્વકર્મથી થાય છે કે અન્યના કર્મથી થાય છે ? તેમજ તે આત્મપ્રયોગથી થાય છે કે પરપ્રયોગથી થાય છે ? આ બધા પ્રશ્નોના ઉત્તરો સ્પષ્ટ રીતે સમજાવીને કતિસંચિતાદિ ત્રણ પદોનું સ્વરૂપ જણાવ્યું છે. પછી તે ત્રણે પદોની બીના નારકાદિને અંગે વિચારી છે. એટલે નરકના જીવો કતિસંચિત છે કે અકતિસંચિત છે કે અવક્તવ્ય સંચિત છે ? આવા જ પ્રશ્નો પૃથ્વીકાયાદિ અને સિદ્ધોને ઉદ્દેશીને પૂછ્યા છે. તે બધાને હેતુ જણાવવાપૂર્વક ઉત્તરો આપીને નારકોને અને સિદ્ધોને આશ્રયી કતિસંચિતાદિના અલ્પબહુત્વો સમજાવ્યા છે. પછી ષટ્કસમર્જિતાદિનું સ્વરૂપ સમજાવીને તે ત્રણ પદોનો નારકાદિમાં કતિસંચિતાદિની માફક વિચાર કરીને અલ્પબહુત્વ જણાવ્યું છે. પછી એ જ પ્રમાણે દ્વાદશ સમર્જિતાદિનું ને ચોરાશી સમર્જિતાદિનું સ્વરૂપ સમજાવીને નરકાદિમાં તે બંનેના વિચારો કહીને અલ્પબહુત્વો પણ વિસ્તારથી સમજાવ્યાં છે.

## વીસમા શતકની સજ્ઝાય (ભાનવિજયકૃત)

(ભયગલ માતો – એ ઢાલ)

વિદ્યાચારણ જંઘાચારણ મહિયલ મોટા મુનીસ
ભગવતી **વીસમઈ શતકઈ** વર્ણવઇ (વરણવ્યા) જાસ લબ્ધિ જગદીસ... વિદ્યા० ૧
છઠ્ઠ છઠ્ઠ અઠ્ઠ અઠ્ઠ પારણઇ કરતે ઉપજરે શક્તિ
વિદ્યા કેરી રે જંઘા કેરડી અનુક્રમેં દોયની વ્યક્તિ... વિદ્યા० ૨
વિદ્યાચારણ પ્રથમ માતુસ (માનુસ) નગરઈ બીજઇ અઠ્ઠમ દીવિ
આવિ ઠામિ ત્રીજઇ ઉત્પાદઇ તિરીગતિ વિષય સદીવ... વિદ્યા० ૩
ઉરધગમન પ્રથમ નંદનવનઇ પંડુકવનિ દ્વિતીયેણ
ત્રીજી વારેં નિજ થાનકેં આવેઇ નિશ્રિત રવિકિરણેણ... વિદ્યા० ૪

જંઘાચારણ પહિલઇં ઉત્પાદઇં રુચિક દ્વીપઇં રે જાય
તિહાંથી વળતો રે નંદીસર દીવઇં તિહાંથી આવઇ ઇહાંય... વિદ્યા૦ ૫
ઉંચે પહિલઇ રે પંડુકવન જાય નંદનવનેં વલમાન
તિહાંથી આવઇ રે સઘલઉ થાનકિ ચૈત્યપ્રતેં વંદન માન... વિદ્યા૦ ૬
લબધિ પ્રયુંજઇ રે આલોએ હુઇ આરાધક મુનિરાય,
વંદઇ નિત્યઇં રે એહવા મુનિ પ્રતઇં **માનવિજય ઉવજ્ઝાય**... વિદ્યા૦ ૭

## શતક ૨૧

**વર્ગ ૧થી ૮ :** આના ૮ વર્ગો છે. શતકનો ઉદ્દેશા જેવો જે ભાગ તે વર્ગ કહેવાય. પહેલા વર્ગમાં પૂછ્યું છે કે શાલિ વગેરે દશ જાતિનાં અનાજનાં મૂળ વગેરે રૂપે હાલ જે જીવો વર્તે છે, તે જીવો અનંતર પાછલા ભવમાં કઈ ગતિમાં હતા ? અને એક સમયમાં તેવા જીવો કેટલા ઊપજે ? આના સ્પષ્ટ ઉત્તરો કહીને તેમની અવગાહના, કર્મોનો બંધ, લેશ્યા તેમજ આયુષ્યની બીના સમજાવી છે. પછી શાલિ વગેરેનો અને પૃથ્વીકાયિક જીવોનો સંવેધ અને શાલિ વગેરેના મૂળપણે સર્વ જીવોને ઊપજવાનો નિર્ણય જણાવ્યો છે. બીજા વર્ગમાં શાલિ વગેરેની હકીકત જે પદ્ધતિએ કહી તે જ પદ્ધતિએ વટાણા વગેરે દશ જાતના અનાજના કંદરૂપે જીવોની બીના કહી છે. ત્રીજા વર્ગના દશ ઉદ્દેશામાં અનુક્રમે અળશી વગેરે દશ જાતના અનાજના મૂળપણે રહેલા જીવોની બીના પહેલા વર્ગની માફક જણાવી છે. ચોથા વર્ગના દશ ઉદ્દેશામાં અનુક્રમે વાંસ વગેરે દશ વનસ્પતિની બીના કહી છે. પાંચમા વર્ગના દશ ઉદ્દેશામાં અનુક્રમે શેલડી વગેરે દશ વનસ્પતિની બીના કહી છે. છઠ્ઠા વર્ગના દશ ઉદ્દેશામાં અનુક્રમે સેડિય, ભંતિય વગેરે દશ વનસ્પતિની બીના કહી છે. સાતમા વર્ગના ૧૦ ઉદ્દેશામાં અનુક્રમે અભ્રરૂહ વગેરે દશ વનસ્પતિની બીના કહી છે. આઠમા વર્ગના ૧૦ ઉદ્દેશામાં અનુક્રમે તુલસી વગેરે દશ વનસ્પતિની બીના કહી છે. દરેક વર્ગના ૧૦-૧૦ ઉદ્દેશા ગણતાં ૮૦ ઉદ્દેશા અહીં જાણવા.

## શતક ૨૨

**વર્ગ ૧થી ૬ :** આના ૬ વર્ગો છે. તેમાં પહેલા વર્ગમાં તાડ વગેરે વલય વર્ગના મૂલાદિના જીવોની બીના કહી છે. બીજા વર્ગમાં લીંબડા વગેરે એકાસ્થિક (એક ઠળિયાવાળી) વનસ્પતિની બીના કહી છે. ત્રીજા વર્ગમાં અગસ્તિક વગેરે બહુબીજ વનસ્પતિના મૂલાદિ રૂપે રહેલા જીવોની બીના કહી છે. ચોથા વર્ગમાં

વેંગણ વગેરે ગુચ્છ વર્ગની વનસ્પતિના મૂલાદિ રૂપે રહેલા જીવોની બીના કહી છે. પાંચમા વર્ગમાં સિરિયક વગેરે ગુલ્મ વનસ્પતિની બીના પૂર્વની માફક કહી છે. છઠ્ઠા વર્ગમાં પુસ્ફલી (પૂસફલી) વગેરે વેલડીયોની બીના પહેલા વર્ગની માફક કહી છે.

## શતક ૨૩

**વર્ગ ૧થી ૫ :** આના પાંચ વર્ગો છે. દરેક વર્ગના ૧૦-૧૦ ઉદ્દેશા હોવાથી કુલ ૫૦ ઉદ્દેશા જાણવા. પહેલા વર્ગમાં પહેલાની માફક જ આલુ વગેરે સાધારણ વનસ્પતિના મૂલાદિ રૂપે રહેલા જીવોની બીના કહી છે. બીજા વર્ગમાં લોહી (થોર) વગેરે અનંતકાયિક વનસ્પતિના મૂલ જીવાદિની બીના કહી છે. ત્રીજા વર્ગમાં આયકાય (પ્રાથમિક) વગેરે વનસ્પતિના મૂલ જીવાદિની બીના કહી છે. ચોથા વર્ગમાં પાઠા વગેરે વનસ્પતિના મૂલ જીવાદિની બીના કહી છે. પાંચમા વર્ગમાં માષપર્ણી વગેરે વેલડીયોના મૂલ જીવાદિની બીના કહી છે.

## શતક ૨૪

**ઉ. ૧ :** આના ૨૪ ઉદ્દેશા છે. તેમાંના પહેલા ઉદ્દેશામાં નરકમાં ઊપજવા લાયક જીવોની બીના જણાવતાં કહ્યું કે તિર્યંચો, પંચેન્દ્રિય તિર્યંચો, અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો, પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો આ બધા જીવોમાં અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો જે નરકમાં જેટલા આયુષ્યવાળા નારક રૂપ ઊપજે તે હકીકત વિસ્તારથી કહી છે. પછી તેમનું ૧. પરિમાણ અને રત્નપ્રભામાં એક સમયે ઊપજતાં તેમની ૨. સંખ્યા તથા તેમનાં ૩. સંઘયણ, ૪. શરીરની અવગાહના, ૫. સંસ્થાન, ૬. લેશ્યા, ૭. દૃષ્ટિ, ૮. જ્ઞાન અને અજ્ઞાન, ૯. યોગ, ૧૦. ઉપયોગ, ૧૧. સંજ્ઞા, ૧૨. કષાય, ૧૩. ઇંદ્રિય, ૧૪. સમુદ્ઘાત, ૧૫. વેદના, ૧૬. વેદ, ૧૭. આયુષ્ય, ૧૮. અધ્યવસાય, ૧૯. અનુબંધ, અને ૨૦. કાયસંવેધની હકીકત વિસ્તારથી સમજાવી છે. એટલે ૨૦ દ્વારોના વિચારો વર્ણવ્યા છે.

પછી જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોના જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્યવાળા રત્નપ્રભા નારકમાં ઉપપાતની બીનાને જણાવતાં પૂર્વે કહેલા ૨૦ દ્વારો તેમાં જેમ ઘટે તેમ વિચાર્યા છે. એ જ પ્રમાણે જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્યવાળા રત્નપ્રભાના નારકપણે ઉપપાતની બીના જણાવતાં તે ૨૦ દ્વારોની ઘટતી હકીકત જણાવી છે. પછી આ જ પદ્ધતિએ રત્નપ્રભાને સ્થાને અનુક્રમે શેષ છએ નરકનાં નામો

ફેરવીને ત્યાં ઊપજનાર જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોની પહેલાંની માફક (જેમ અસંજ્ઞી પંચેન્દ્રિયની બીના કહી તે પ્રમાણે) હકીકત જણાવી છે. પછી જેમ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોના ઉપપાતાદિની બીના પહેલાં કહી તે જ પદ્ધતિએ નરકમાં ઊપજનાર સંજ્ઞી મનુષ્યોના ક્રમસર રત્નપ્રભાદિ સાતે નરક-સ્થાનોમાં ઉપપાતાદિને ઉદ્દેશીને તે ૨૦ દ્વારોની હકીકત વિસ્તારથી સમજાવી છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અસુરકુમારમાં જઘન્ય ઉત્કૃષ્ટ સંખ્યેય વર્ષાયુષ્ક તથા અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા અસંજ્ઞી તથા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો અને સંજ્ઞી મનુષ્યોના ઉપપાતાદિની બીના જણાવતાં પહેલાંની માફક ૨૦ દ્વારોની પણ ઘટતી હકીકત જણાવી છે. અહીં ઉપજનારા જીવોમાં કેટલાએક અસંખ્યેય વર્ષાયુષ્ક પણ હોય, તેમાં પણ કોઈ જઘન્ય અસંખ્યેય વર્ષાયુષ્ક હોય ને કોઈ ઉત્કૃષ્ટ અસંખ્યેય વર્ષાયુષ્ક હોય. એ પ્રમાણે સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા જીવોમાં પણ બે ભેદો સમજી લેવા. જ્યાં તેમને ઊપજવાનું છે તે અસુરકુમાર નિકાયમાં પણ પહેલાં કહેલા સ્વરૂપવાળા તિર્યંચ મનુષ્યોમાંના કેટલાએક જીવો જઘન્ય આયુષ્યવાળા અસુરકુમાર દેવપણે ઊપજે, ને કેટલાએક જીવો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અસુરકુમાર દેવપણે ઊપજે. આ પદ્ધતિ બાકીના ઉદ્દેશાઓમાં પણ ઘટાવી છે.

ઉ. ૩થી ૧૧ : ત્રીજાથી અગિયારમા સુધીના ૯ ઉદ્દેશામાં જે અસુરકુમારમાં બીના કહી; તે જ બીના નાગકુમારાદિ ૯ નિકાયોના દેવોને ઉદ્દેશીને સમજવી.

ઉ. ૧૨ : બારમા ઉદ્દેશામાં પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરોમાં જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્યવાળા ૨૪ દંડકોના ઉપપાતાદિની બીના જણાવતાં તે ૨૦ દ્વારો પણ ઘટાવ્યાં છે.

ઉ. ૧૩થી ૧૯ : તેરમાથી ઓગણીસમા સુધીના ૭ ઉદ્દેશામાં અનુક્રમે અપ્કાયિકાદિ ૭ જીવોની આગતિનો વિચાર વર્ણવ્યો છે. એટલે હાલ જેઓ અપ્કાયિકપણે વર્તે છે, તેઓ અનન્તર પાછલા ભવે કઈ ગતિમાં હતા, આવી બીના આ ૭ ઉદ્દેશાઓમાં કહી છે. ૧૩મા ઉદ્દેશામાં અપ્કાયની, ૧૪મા ઉદ્દેશામાં અગ્નિકાયની, ૧૫મા ઉદ્દેશામાં વાયુકાયની, ૧૬મા ઉદ્દેશામાં વનસ્પતિકાય જીવોની, ૧૭મા ઉદ્દેશામાં બેઇંદ્રિયોની, ૧૮મા ઉદ્દેશામાં ત્રીન્દ્રિયોની અને ૧૯મા ઉદ્દેશામાં ચતુરિન્દ્રિય જીવોની બીના કહી છે.

ઉ. ૨૦ : ૨૦મા ઉદ્દેશામાં જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્યવાળા નારકાદિ ચારે ગતિના જીવોના જઘન્ય ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અસંજ્ઞી તથા સંજ્ઞી પંચેન્દ્રિય

તિર્યંચોમાં ઉત્પાતાદિનું વર્ણન કરતા સંભવ પ્રમાણે ઘટતાં ૨૦ દ્વારોની જરૂરી બીના પણ સમજાવી છે. આનતાદિ દેવલોકવાસી વૈમાનિક દેવો અનન્તરભાવી ભવમાં પંચેન્દ્રિય તિર્યંચપણું પામતા જ નથી. માટે અહીં સહસ્રાર દેવલોક સુધીના દેવોનો જ વિચાર જણાવ્યો છે.

**ઉ. ૨૧ :** એકવીશમા ઉદ્દેશામાં પણ પહેલાંની માફક જ ઉત્પાદાદિની બીના અને ૨૦ દ્વારોની બીના કહી છે. ફક્ત ફેર એટલો જ કે તેઉકાય અને વાયુકાય અનંતર થનારા ભવમાં તિર્યંચપણું જ પામે, મનુષ્યપણું પામે જ નહિ. માટે તે અને સાતમી નરકના જીવો સિવાયના ચારે ગતિના જીવોના મનુષ્યમાં ઉત્પાદાદિની બીના વર્ણવી છે એમ સમજવું.

**ઉ. ૨૨ :** બાવીસમા ઉદ્દેશામાં અનંતર થનારા ભવમાં વ્યંતરપણું પામનારા જીવોના વ્યંતર વાનવ્યંતર ભવમાં ઉત્પાદાદિની બીના જણાવતાં ૨૦ દ્વારોની જરૂરી બીના કહી છે.

**ઉ. ૨૩ :** તેવીસમા ઉદ્દેશામાં અસંખ્યાત સંખ્યાત વર્ષોના આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના જ્યોતિષ્ક દેવોમાં ઉત્પાદાદિની બીના અને ૨૦ દ્વારોની પણ જરૂરી બીના કહી છે. અહીં અસંજ્ઞી જીવો જ્યોતિષ્કપણું પામતા નથી માટે તેમનો વિચાર કર્યો નથી.

**ઉ. ૨૪ :** ચોવીસમા ઉદ્દેશામાં અસંખ્યેય વર્ષાયુષ્ક, સંખ્યેય વર્ષાયુષ્ક, જઘન્ય ઉત્કૃષ્ટાયુષ્યવાળા સંજ્ઞી તિર્યંચના અને મનુષ્યોના વૈમાનિકોમાં ઉત્પાદાદિની બીના જણાવતાં તે ૨૦ દ્વારોની પણ જરૂરી બીના જણાવી છે. અહીં યાદ રાખવાનું એ કે ઊપજનારા સંજ્ઞી તિર્યંચ મનુષ્યોમાં કોઈક જીવો સંખ્યાતાં વર્ષના આુયષ્યવાળા હોય, તેમજ અસંખ્યાતાં વર્ષોના આયુષ્યવાળા પણ કેટલાએક જીવો હોય છે. તેમાં પણ કેટલાએક જીવો જઘન્યાયુષ્યવાળા હોય ને કેટલાએક જીવો ઉત્કૃષ્ટાયુષ્યવાળા પણ હોય છે. આ જ પદ્ધતિએ જ્યાં ઊપજવાનું હોય તે સ્થાનમાં રહેલા દેવ વગેરેની ઘટતી બીના સમજવી. યુગલિયા મનુષ્ય તિર્યંચો મરીને જરૂર દેવગતિમાં જ જાય. તેમાં યુગલિયાપણામાં જેટલું આયુષ્ય હોય, તેટલી અથવા તેથી ઓછી સ્થિતિ (આયુષ્ય)વાળા દેવલોકમાં દેવપણું પામે. તથા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો આઠમા દેવલોક સુધી જ જાય, તે પછીના દેવલોકમાં મનુષ્યો જ જઈ શકે છે. તેમજ અભવ્ય જીવો પણ દ્રવ્યચારિત્રથી નવમા ગ્રૈવેયક સુધી જ જાય. તેથી આગળ ભાવચારિત્રી જીવો જ અનુત્તર વિમાનવાસી દેવપણું પામે.

## શતક ૨૫

આના ૧૨ ઉદ્દેશા છે, તેના સારભૂત અર્થને જણાવનારી સંગ્રહગાથા કહી છે. તેનો અર્થ આ પ્રમાણે જાણવો : પહેલા ઉદ્દેશામાં લેશ્યાદિની બીના કહી છે. બીજા ઉદ્દેશામાં દ્રવ્યની, ત્રીજા ઉદ્દેશામાં સંસ્થાદિની બીના, ચોથા ઉદ્દેશામાં યુગ્મ કૃતયુગ્માદિની બીના, પાંચમા ઉદ્દેશામાં પર્યવ વગેરેની બીના કહી છે. છઠ્ઠા ઉદ્દેશામાં પુલાકાદિ નિર્ગ્રંથોની, સાતમા ઉદ્દેશામાં શ્રમણોની ને આઠમા ઉદ્દેશામાં નારકાદિની ઉત્પત્તિની બીના કહી છે. નવમા ઉદ્દેશામાં ભવ્ય નારકાદિની બીના, દસમા ઉદ્દેશામાં અભવ્ય નારકાદિની બીના, અગિયારમા ઉદ્દેશામાં સમ્યગ્દષ્ટિ નારકાદિની બીના તથા ૧૨મા ઉદ્દેશામાં મિથ્યાદષ્ટિ નારકાદિની બીના વર્ણવી છે.

ઉ. ૧ : પહેલા ઉદ્દેશામાં લેશ્યાની બીના ને સંસારી જીવોના ૧૪ ભેદો તથા જઘન્ય યોગોનું ને ઉત્કૃષ્ટ યોગોનું અલ્પબહુત્વ જણાવીને પહેલાં સમયમાં ઉત્પન્ન થયેલા બે નારકીને આશ્રયી યોગની બીના એટલે તેમના સમ-વિષમ યોગિપણાનો નિર્ણય કરી બતાવ્યો છે. અંતે યોગના ભેદો તથા તેનું અલ્પબહુત્વ કહ્યું છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં દ્રવ્યોના ને અજીવ દ્રવ્યોના ભેદો તથા જીવદ્રવ્યની સંખ્યા કહીને જીવદ્રવ્યો અનંતાં કહ્યાં તેનુ કારણ સમજાવ્યું છે. પછી કહ્યું કે ઔદારિક શરીરાદિ રૂપે અજીવ દ્રવ્યોનો પરિભોગ (વપરાશ) થાય છે તે હકીકત નારકાદિ જીવોમાં જણાવી છે. પછી અસંખ્યાતા પ્રદેશવાળા લોકમાં અનંતા દ્રવ્યો કઈ રીતે રહી શકે ? તેનો ખુલાસો કરીને એક આકાશપ્રદેશમાં પુદ્‌ગલોના ચય(ભેગાં થવું) ને અપચય (સ્કંધથી છૂટા પડવું) જણાવ્યા છે. પછી કહ્યું છે કે, સ્થિત પુદ્‌ગલોનું ને અસ્થિત પુદ્‌ગલોનું ઔદારિકાદિ રૂપે ગ્રહણ કરાય છે. એટલે શરીરાદિની રચના કરવા માટે જે પુદ્‌ગલોનું ગ્રહણ કરાય છે તે પુદ્‌ગલો સ્થિત પણ હોય ને અસ્થિત પણ હોય. ટીકાકારે સ્થિત અસ્થિત પુદ્‌ગલોની સરલ વ્યાખ્યા જણાવી છે. અંતે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી દ્રવ્યગ્રહણની બીના પણ વિસ્તારથી સમજાવી છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં પરિમંડલ વૃત્તાદિ સંસ્થાનોની બીના ને આકાશપ્રદેશોની શ્રેણિઓના સાત ભેદો, તથા તે દરેકનું સ્વરૂપ, તેમજ પરમાણુ તથા દ્વિપ્રદેશિક સ્કંધાદિની બીના કહીને નારકોની ગતિ, અને નરકાવાસ તથા આચારાંગાદિ ગણિપિટકની બીના સ્પષ્ટ રીતે સમજાવી છે. પછી પાંચ ગતિનું

ને આઠ ગતિનું તથા સેન્દ્રિયાદિ (ઇંદ્રિયોવાળા) જીવોનું, તેમજ જીવ પુદ્ગલોના સર્વ પર્યાયોનું અલ્પબહુત્વ કહીને અંતે આયુષ્યકર્મને બાંધનારા ને નહિ બાંધનારા જીવોનું અલ્પબહુત્વ વિસ્તારથી સમજાવ્યું છે. અહીં સંસ્થાનોનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં યુગ્મના ભેદો ને તેનો નારક ને વનસ્પતિકાયમાં વિચાર, તથા દ્રવ્યના ભેદો તેમજ ધર્માસ્તિકાયાદિમાં કૃતયુગ્માદિની બીના કહી છે. પછી ધર્માસ્તિકાયાદિના પ્રદેશો અને ધર્માસ્તિકાયાદિનું અલ્પબહુત્વ, તથા ધર્માસ્તિકાયાદિના અવગાઢપણાનો વિચાર, તેમજ જીવદ્રવ્યમાં, નારકોમાં, જીવપ્રદેશોમાં, તથા સિદ્ધોમાં કૃતયુગ્માદિની વિચારણા કરીને પ્રદેશોની અપેક્ષાએ જીવોમાં ને સિદ્ધોમાં કૃતયુગ્માદિની ઘટતી બીના કહી છે.

પછી એક જીવને આશ્રયી ને અનેક જીવોને આશ્રયી તથા નૈરયિકાદિ દંડકો અને સિદ્ધોને આશ્રયી આકાશપ્રદેશોમાં કૃતયુગ્માદિની ઘટતી બીના કહીને જીવના અને નૈરયિકાદિ જીવોના સ્થિતિ-કાળના સમયોને આશ્રીને પણ કૃતયુગ્માદિની હકીકત સમજાવી છે.

પછી કૃષ્ણાદિ વર્ણોના અને મતિજ્ઞાનાદિના પર્યાયોમાં કૃતયુગ્માદિની ઘટતી હકીકત, અને શરીરના ભેદો જણાવીને, જીવોમાં દેશથી કે સર્વથી સકંપતાનો ને નિષ્કંપતાનો નિર્ણય જણાવ્યો છે. પછી પરમાણુનું, એક આકાશપ્રદેશમાં રહેલા પુદ્ગલોનું, એક સમયની સ્થિતિવાળા પુદ્ગલોનું અને એક ગુણવાળા પુદ્ગલાદિનું વર્ણન કર્યું છે. પછી પરમાણુ અને દ્વિપ્રદેશિક સ્કંધોનાં, દ્વિપ્રદેશિક સ્કંધોનાં અને ત્રિપ્રદેશિક સ્કંધોનાં, દશપ્રદેશિક અને સંખ્યાતપ્રદેશિક સ્કંધોનાં, સંખ્યાતપ્રદેશિક અને અસંખ્યાતપ્રદેશિક સ્કંધોનાં, અસંખ્યાત પ્રદેશિક અને અનંતપ્રદેશિક સ્કંધોનાં દ્રવ્યાર્થરૂપે અને પ્રદેશાર્થરૂપે અલ્પબહુત્વો જણાવ્યાં છે.

પછી એકાદિ આકાશપ્રદેશાવગાઢ પુદ્ગલોનાં, સમયાદિ સ્થિતિવાળા પુદ્ગલોનાં અને વર્ણાદિ વિશિષ્ટ પુદ્ગલોનાં દ્રવ્યાર્થરૂપે ને પ્રદેશાર્થરૂપે છૂટાં છૂટાં ને ભેગાં (નાનાંમોટાં) અલ્પબહુત્વો સમજાવ્યાં છે. પછી પરમાણુ તથા દ્વિપ્રદેશિકાદિ સ્કંધોમાં કૃતયુગ્માદિની બીના જણાવીને પરમાણુ અને દ્વિપ્રદેશિકાદિ સ્કંધોની કૃતયુગ્માદિ સમયની સ્થિતિ, વર્ણાદિ પર્યાયોમાં ઘટતી કૃતયુગ્માદિની બીના, પરમાણુ અને દ્વિપ્રદેશિકાદિ સ્કંધોમાં સાર્ધતા (જેના અર્ધા બે ભાગ થાય તેવું સ્વરૂપ) અને અનર્ધતા (જેના બે અર્ધા ભાગ ન થાય તેવા સ્વરૂપ)નો નિર્ણય જણાવીને પરમાણુની સકંપતાનો ને નિષ્કંપાવસ્થાનો કાળ

અને પરમાણુ-દ્વિપ્રદેશિકાદિ સ્કંધોની સકંપ નિષ્કંપાવસ્થાનું અલગ અલગ આંતરું અને તે બધાનું ભેગું આંતરું અને અલ્પબહુત્વો સમજાવ્યાં છે. પછી પરમાણુ વગેરેના કંપન-અકંપનનું સ્વરૂપ, દેશ કંપન, સર્વ કંપન, તે બંનેનો કાળ, આંતરું, દ્રવ્યાર્થ રૂપે ને પ્રદેશાર્થ રૂપે જુદાંજુદાં અને ભેગાં (નાનાંમોટાં) અલ્પબહુત્વો કહીને ધર્માસ્તિકાયાદિના મધ્યપ્રદેશોની અને તે પ્રદેશોની અવગાહનાની હકીકત વિસ્તારથી સમજાવી છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં પર્યાયોના ભેદો તથા આવલિકા, આનપ્રાણ ને પુદ્ગલપરાવર્ત્તાદિનું સ્વરૂપ જણાવતાં તેને અંગે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો સમજાવ્યા છે. અંતે નિગોદો, નિગોદના જીવો, તે બંનેના તથા નામના અને ભાવના પણ ભેદો વિસ્તારથી સમજાવ્યા છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં સાધુના પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક નામના પાંચ ભેદોમાં પ્રજ્ઞાપન વગેરે ૩૬ દ્વારોની બીના વિસ્તારથી સમજાવી છે. તેમાં પહેલા પ્રજ્ઞાપન દ્વારમાં દરેક ભેદના સ્વરૂપ અને પ્રભેદો કહ્યા છે. ૨. વેદ દ્વારમાં પુલાક વગેરે વેદસહિત હોય કે વેદરહિત હોય ? તેનો નિર્ણય જણાવ્યો છે. ૩. રાગ દ્વારમાં પુલાકાદિ સરાગ હોય કે વીતરાગ હોય ? તેનો ખુલાસો કર્યો છે. ૪. કલ્પ દ્વારમાં પુલાક વગેરે સ્થિત કલ્પમાં હોય કે અસ્થિત કલ્પમાં હોય ? તેનો નિર્ણય કર્યો છે. ૫. ચારિત્ર દ્વારમાં પુલાકાદિના ચારિત્રની બીના કહી છે.

૬. પ્રતિસેવના દ્વારમાં પુલાકાદિને અંગે પ્રતિસેવનાનો વિચાર જણાવ્યો છે. ૭. જ્ઞાન દ્વારમાં પુલાકાદિને સંભવતા જ્ઞાનની બીના કહી છે. ૮. શ્રુત દ્વારમાં પુલાકાદિને ઘટતા શ્રુતજ્ઞાનની બીના જણાવી છે. ૯. તીર્થ દ્વારમાં પુલાક વગેરે તીર્થકાલે હોય કે અતીર્થકાલે હોય ? તેનો નિર્ણય જણાવ્યો છે. ૧૦ લિંગ દ્વારમાં સ્વલિંગાદિનું વર્ણન કર્યું છે. ૧૧. શરીર દ્વારમાં પુલાકાદિના શરીરની બીના કહી છે. ૧૨. ક્ષેત્ર દ્વારમાં કયા ક્ષેત્રમાં પુલાક વગેરે હોય ? તેનો ખુલાસો જણાવ્યો છે. ૧૩. કાળ દ્વારમાં પુલાકાદિના પુલાકાદિપણાનો કાળ જણાવ્યો છે. ૧૪. ગતિદ્વારમાં પુલાક વગેરેની ભાવી ગતિની બીના અને કયા દેવપણે ઊપજે ? ત્યાં તેનું આયુષ્ય કેટલું હોય ? આ પ્રશ્નોના ઉત્તરો જણાવ્યા છે. ૧૫. સંયમ દ્વારમાં પુલાકાદિનાં સંયમસ્થાનોનું વર્ણન અને અલ્પબહુત્વ તથા પુલાકાદિનો ચારિત્રપર્યાય કહ્યો છે.

૧૬. સંનિકર્ષ દ્વારમાં પુલાકના સ્વસ્થાન સંનિકર્ષની, અને બકુશાદિની

અપેક્ષાએ પરસ્થાન સંનિકર્ષની બીના જણાવતાં માંહોમાંહે બકુશના પુલાકની અપેક્ષાએ ચારિત્રપર્યાયોનું વર્ણન કર્યું છે. એ જ પ્રમાણે બકુશના સ્વસ્થાનની અપેક્ષાએ, બકુશના, પ્રતિસેવના કુશીલની ને નિર્ગ્રંથની અપેક્ષાએ ચારિત્ર પર્યાયો કહ્યા છે. પછી પ્રતિસેવના કુશીલના ને કષાયકુશીલના ચારિત્રપર્યાયો કહીને પુલાકની અપેક્ષાએ નિગ્રંથના તથા નિગ્રંથના સજાતીયની અપેક્ષાએ, તેમજ સ્નાતકના પુલાકની અપેક્ષાએ ચારિત્રપર્યાયોની બીના કહીને પુલાકાદિનું અલ્પબહુત્વ જણાવ્યું છે. ૧૭. યોગ દ્વારમાં પુલાકાદિને ઘટતા યોગોની બીના કહી છે. ૧૮મા ઉપયોગ દ્વારમાં પુલાકાદિના ઉપયોગની બીના કહી છે. ૧૯. કષાય દ્વારમાં પુલાકાદિને ઘટતા કષાયોની બીના કહી છે. ૨૦. લેશ્યાદ્વારમાં પુલાકાદિની લેશ્યાનું વર્ણન કર્યું છે. ૨૧. પરિણામ દ્વારમાં પુલાકાદિના પરિણામોનું સ્વરૂપ અને કાળ વર્ણવ્યા છે. ૨૨. બંધ દ્વારમાં પુલાકાદિના કર્મબંધની બીના કહી છે. ૨૩. વેદ (ઉદય) દ્વારમાં પુલાકાદિના કર્મોદયની બીના કહી છે. ૨૪. ઉદીરણાદ્વારમાં પુલાકાદિને ઘટતી કર્મોની ઉદીરણાની હકીકત કહી છે. ૨૫. ઉપસંપદ્ – હાનદ્વારમાં પુલાક વગેરે શું છોડે, ને શું પામે ? આ પ્રશ્નોનો સ્પષ્ટ ખુલાસો કર્યો છે.

૨૬. સંજ્ઞા દ્વારમાં પુલાકાદિની સંજ્ઞા જણાવી છે. ૨૭. આહાર દ્વારમાં પુલાકાદિના આહારનું વર્ણન કર્યું છે. ૨૮. ભવ દ્વારમાં પુલાકાદિના ભવની બીના કહી છે. ૨૯. આકર્ષ દ્વારમાં પુલાકાદિને અનેક ભવોમાં સંભવતા આકર્ષોની બીના વગેરે હકીકત જણાવી છે. ૩૦. અંતર દ્વારમાં પુલાકાદિના અંતર (આંતરાં)ની બીના કહી છે. ૩૧. સમુદ્ઘાત દ્વારમાં પુલાકાદિના સમુદ્ઘાતોની બીના કહી છે. ૩૨. ક્ષેત્રદ્વારમાં પુલાકાદિની ક્ષેત્રની બીના કહી છે. ૩૩. સ્પર્શના દ્વારમાં પુલાકાદિની સ્પર્શના કહી છે. ૩૪. ભાવ દ્વારમાં પુલાકાદિના ક્ષાયોપશમિક ભાવાદિની બીના કહી છે. ૩૫. પરિમાણ દ્વારમાં પુલાકાદિની સંખ્યા કહી છે. ૩૬. અલ્પબહુત્વ દ્વારમાં પુલાકાદિનું અલ્પબહુત્વ જણાવ્યું છે.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં સામાયિક સંયત અને છેદોપસ્થાપનીય સંયતાદિમાં ૩૬ દ્વારો (છઠ્ઠા ઉદ્દેશામાં કહેલા તે દ્વારો)ની બીના વિચારી છે. ૧. પ્રજ્ઞાપના દ્વારમાં સામાયિક સંયત વગેરે પાંચે સંયતોના ભેદો કહ્યા છે. ૨. વેદ દ્વારમાં તે સંયતો સવેદ હોય કે વેદ રહિત હોય ? આનો ખુલાસો કર્યો છે. ૩. રાગ દ્વારમાં તે સંયતો સરાગ હોય કે વીતરાગ હોય ? આનો

ખુલાસો કર્યો છે. ૪. કલ્પ દ્વારમાં તે સંયતો સ્થિતકલ્પમાં હોય કે અસ્થિતકલ્પમાં હોય ? તેનો નિર્ણય કર્યો છે. ૫. પાંચમા દ્વારમાં તેમની પ્રતિસેવાની બીના. ૬. જ્ઞાનદ્વારમાં જ્ઞાનની બીના. ૭. શ્રુત દ્વારમાં તેમના શ્રુતની વિચારણા કરી છે. આ રીતે બાકીનાં દ્વારો પણ તે પાંચે સંયતોમાં વિચારીને પ્રતિસેવનાના ભેદો, આલોચનાના દશ દોષો, આલોચના દેનારના ને લેનારના ગુણો; સમાચારીના ને પ્રાયશ્ચિત્તના દશ ભેદો કહીને અંતે તપના બાર ભેદનું સવિસ્તર વર્ણન કર્યું છે.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં નારકાદિને ઊપજવાની રીત અને તેમની ગતિનું કારણ તથા ઉત્પત્તિનાં કર્માદિ કારણો જણાવ્યાં છે.

**ઉ. ૯થી ૧૨ :** ૯માથી ૧૨મા સુધીના ૪ ઉદ્દેશામાં અનુક્રમે ભવસિદ્ધિક નારકોની ઉત્પત્તિની, અભવસિદ્ધિક નારકોની ઉત્પત્તિની, સમ્યગ્દષ્ટિ નારકની ઉત્પત્તિની ને મિથ્યાદષ્ટિ નારકની ઉત્પત્તિની બીના જણાવી છે.

## શતક ૨૬

**ઉ. ૧ :** આના ૧૧ ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશામાં જીવદ્વારાદિ ૧૧ દ્વારોમાં પાપકર્મના બંધની બીના જણાવી છે. એટલે ૧. જીવ દ્વારમાં સામાન્ય જીવને આશ્રયી પાપકર્મના બંધની બીના કહી છે. ૨. લેશ્યા દ્વારમાં તે જ બીના લેશ્યાવાળા જીવોને આશ્રયી કહી છે. ૩. પાક્ષિક દ્વારમાં કૃષ્ણપાક્ષિક ને શુકલપાક્ષિક જીવોને આશ્રયી તે બીના કહી છે. ૪. દૃષ્ટિદ્વારમાં મિથ્યાદષ્ટિ સમ્યગ્દષ્ટિ આદિને આશ્રયી, ૫-૬. જ્ઞાન અને અજ્ઞાન દ્વારમાં જ્ઞાની અજ્ઞાની જીવોને આશ્રયી, ૭. સંજ્ઞા દ્વારમાં સંજ્ઞાવાળા જીવોને આશ્રયી, ૮. વેદ દ્વારમાં વેદોદયવાળા જીવાદિને આશ્રયી તે બીના કહી છે. ૯. કષાય દ્વારમાં કષાયી આદિ જીવોને આશ્રયી, ૧૦-૧૧. યોગ દ્વાર અને ઉપયોગ દ્વારમાં અનુક્રમે યોગ અને ઉપયોગવાળા જીવોને આશ્રયી પાપકર્મોના બંધની બીના કહી છે. પછી નારકાદિ જીવોને આશ્રયી જ્ઞાનાવરણીયના, વેદનીયના, મોહનીયના, આયુષ્યના અને પાપકર્મના બંધની બીના વિસ્તારથી સમજાવી છે.

**ઉ. ૨થી ૧૧ :** બીજા ઉદ્દેશામાં અનંતરોપપન્ન નારકને આશ્રયી તથા ત્રીજા ઉદ્દેશામાં પરંપરોપપન્ન નારકને આશ્રયી પાપકર્મના બંધની બીના કહી છે. ચોથા ઉદ્દેશામાં અનંતરાવગાઢ નારકને આશ્રયી, પાંચમા ઉદ્દેશામાં પરંપરાવગાઢ નારકોને આશ્રયી કર્મબંધની બીના કહી છે. છઠ્ઠા ઉદ્દેશામાં અનંતર આહારક નારકોને આશ્રયી, સાતમા ઉદ્દેશામાં પરંપરા આહારક

નારકોને આશ્રયી કર્મબંધની બીના કહી છે. આઠમા ઉદ્દેશામાં અનંતરપર્યાપ્ત નારકોને આશ્રયી, નવમા ઉદ્દેશામાં પરંપર પર્યાપ્ત નારકોને આશ્રયી કર્મબંધની બીના કહી છે. દશમા ઉદ્દેશામાં ચરમ નારકોને આશ્રીને કર્મબંધની બીના જણાવી છે. ૧૧મા ઉદ્દેશામાં અચરમ નારક, અચરમ મનુષ્ય તથા લેશ્યાવાળા અચરમ મનુષ્યને ઉદ્દેશીને કર્મબંધની બીના કહીને અચરમ નારકો આશ્રયી જ્ઞાનાવરણીયાદિ કર્મોના બંધની બીના કહી છે.

## શતક ૨૭–૨૮

૨૭મા શતકના ૧૧ ઉદ્દેશામાં જીવે પાપકર્મ કર્યું હતું, કરે છે અને કરશે વગેરે બાબતોના પ્રશ્નોત્તરો જણાવ્યા છે.

૨૮મા શતકના ૧૧ ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશામાં કઈ ગતિમાં પાપકર્મનું સમર્જન (ઉપાર્જન; બંધ) થાય ? આનો ખુલાસો કરી તે બીના નારકોમાં ઘટાવતાં લેશ્યાનો પણ વિચાર જણાવ્યો છે. બીજા ઉદ્દેશામાં અનંતરોપપન્ન નારકોમાં પાપકર્મના સમર્જનની બીના કહી છે.

ત્રીજાથી અગિયારમા સુધીના ૯ ઉદ્દેશામાં અનુક્રમે પરંપરોપપન્ન, અનંતર પરંપરાવગાઢ, અનંતર, પરંપર આહારક, અનંતર પરંપરપર્યાપ્ત, ચરમ અચરમ નારકોને ઉદ્દેશીને પાપકર્મોના સમર્જનની બીના કહી છે.

## શતક ૨૯

૨૯મા શતકના ૧૧ ઉદ્દેશા છે. તેમાં પાપકર્મોને ભોગવવાની બીના જણાવતાં પહેલા ઉદ્દેશામાં પાપકર્મોને ભોગવવાની શરૂઆત અને અંત (છેડા)ને લક્ષ્યમાં રાખીને પૂછેલા પ્રશ્નોના ઉત્તરો હેતુપુરસ્સર દીધા છે. તેમાં પ્રસંગે લેશ્યા આશ્રયી કર્મોદયના આરંભ અને અંતની બીના કહી છે. બીજા ઉદ્દેશામાં અનંતરોપપન્ન નારકોને આશ્રયી સમકપ્રસ્થાપનાદિ (કર્મોદયને સાથે ભોગવવાના આરંભ અને અંત)ની બીના કહી છે. ત્રીજાથી અગિયારમા સુધીના ૯ ઉદ્દેશામાં (૨૬મા શતકના ત્રીજાથી ૧૧મા સુધીના ૯ ઉદ્દેશામાં કહેલા) ક્રમ પ્રમાણે પરંપરોપપન્ન નારકાદિને પાપકર્મોને ભોગવવાના આરંભ અને અંતની બીના કહી છે.

## શતક ૩૦

ઉ. ૧ : આના ૧૧ ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશામાં સમવસરણની હકીકત જણાવી છે. પછી જીવોનો, સલેશ્ય અલેશ્ય જીવોનો, કૃષ્ણપાક્ષિકાદિ

જીવોનો, મિશ્રદૃષ્ટિ આદિ જીવોનો, નારકનો, પૃથ્વીકાયિકાદિનો, ક્રિયાવાદીત્વાદિનો (ક્રિયાવાદીપણાનો અને અક્રિયાવાદીપણાનો) નિર્ણય કરીને અનેક ક્રિયાવાદી, અક્રિયાવાદી જીવોના, સલેશ્ય અને કૃષ્ણલેશ્યાવાળા તથા તેજોલેશ્યાવાળા જીવોના આયુષ્યના બંધનો વિચાર જણાવ્યો છે. પછી કૃષ્ણપાક્ષિક અક્રિયાવાદીના, સમ્યગ્દૃષ્ટિ ક્રિયાવાદીના અને સમ્યગ્દૃષ્ટિ અજ્ઞાનવાદીના આયુષ્યના બંધને અંગે જરૂરી હકીત જણાવી છે. પછી મનઃપર્યવજ્ઞાની, ક્રિયાવાદી નારક, સલેશ્ય ક્રિયાવાદી નારક, અક્રિયાવાદી પૃથ્વીકાયિક, ક્રિયાવાદી પંચેન્દ્રિય તિર્યંચ અને કૃષ્ણલેશ્યાવાળા ક્રિયાવાદી પંચેન્દ્રિય તિર્યંચોના આયુષ્યના બંધની હકીકત કહી છે. પછી ક્રિયાવાદીના, અક્રિયાવાદીના, સલેશ્ય ક્રિયાવાદી અક્રિયાવાદીના અને લેશ્યારહિત ક્રિયાવાદી જીવોના ભવ્યત્વ અભવ્યત્વનો નિર્ણય જણાવ્યો છે.

**ઉ. ૨થી ૧૧ :** બીજા ઉદ્દેશામાં પહેલા ઉદ્દેશામાં જે બીના કહી તે જ અનંતરોપપન્ન નારક જીવોમાં જણાવી છે. ત્રીજા ઉદ્દેશામાં પરંપરોપપન્ન નારકોમાં તે જ બીના કહી છે. એ જ પ્રમાણે (૨૬મા શતકના ચોથાથી અગિયારમા સુધીના ૮ આઠ ઉદ્દેશામાં કહ્યા મુજબ) ચોથાથી અગિયારમા સુધીના ૮ આઠ ઉદ્દેશામાં અનંતરાવગાઢ નારકાદિ જીવોમાં પણ ક્રિયાવાદિત્વાદિનો વિચાર કર્યો છે.

## શતક ૩૧

**ઉ. ૧ :** આના ૨૮ ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશામાં ક્ષુદ્રયુગ્મનું સ્વરૂપ કહીને ચાર ક્ષુદ્રયુગ્મો જણાવવાનું કારણ પણ કહ્યું છે. પછી નારકોના ઉપપાતની બીના કહેતાં ઉપપાત સંખ્યા, ઉપપાતના ભેદો તથા રત્નપ્રભા નારકોનો ઉપપાત જણાવીને ક્ષુદ્રવ્યોજ પ્રમાણ, ક્ષુદ્ર દ્વાપર યુગ્મ પ્રમિત, ક્ષુદ્રકલ્યોજ પ્રમાણ નારકોના ઉપપાતની બીના વર્ણવતાં ઉપપાત સંખ્યા પણ જણાવી છે.

**ઉ. ૨થી ૪ :** બીજાથી ચોથા સુધીના ત્રણ ઉદ્દેશામાં અનુક્રમે કૃષ્ણ લેશ્યાવાળા કૃતયુગ્માદિ પ્રમાણ નારકોના ઉપપાતની, નીલ લેશ્યાવાળા કૃતયુગ્માદિ પ્રમાણ નારકોના ઉપપાતની તથા કાપોત લેશ્યાવાળા કૃતયુગ્માદિ પ્રમાણ નારકોના ઉપપાતની બીના કહી છે.

**ઉ. ૫ :** પાંચમા ઉદ્દેશામાં ભવ્ય ક્ષુદ્રકૃતયુગ્માદિ પ્રમાણ નારકોના ઉપપાતની બીના કહી છે.

**ઉ. ૬ :** છઠા ઉદ્દેશામાં કૃષ્ણલેશ્યાવાળા ભવ્ય ક્ષુદ્રકૃતયુગ્માદિ પ્રમાણ

નારકોના ઉપપાતની બીના કહી છે.

**ઉ. ૭થી ૨૮:** સાતમાથી અઠ્ઠાવીસમા સુધીના ૨૨ ઉદ્દેશામાં નીલ લેશ્યાવાળા અને કાપોત લેશ્યાવાળા ભવ્ય કૃતયુગ્માદિ પ્રમાણ નારકોના તથા અભવસિદ્ધિક સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ, કૃષ્ણપાક્ષિક, શુકલપાક્ષિક, ભવ્ય કૃતિયુગ્માદિ પ્રમાણ નારકોના ઉપપાતની બીના કહી છે.

## શતક ૩૨

૩૨મા શતકમાં ૨૮ ઉદ્દેશા છે. તે બધા ઉદ્દેશાઓમાં ક્ષુદ્ર કૃતયુગ્મરાશિ રૂપ નારકોની ઉદ્વર્ત્તના જણાવતાં નારકો એક સમયે કેટલા ઉદ્વર્ત્તે ? અને કેવી રીતે ઉદ્વર્ત્તે ? આનો ખુલાસો કરી કૃતયુગ્મરૂપ રત્નપ્રભા નારકોની ઉદ્વર્ત્તના વિસ્તારથી સમજાવી છે. ઉદ્વર્ત્તના એટલે ચાલુ ગતિમાંથી નીકળવું.

## શતક ૩૩

૩૩મા શતકમાં એકેન્દ્રિયોના ૧૨ અવાંતર શતકોમાંના પહેલા એકેન્દ્રિય શતકમાં એકેન્દ્રિયના પૃથ્વીકાયના ને સૂક્ષ્મ બાદર પૃથ્વીકાયના ભેદો, તથા કર્મપ્રકૃતિની બીના, તેમજ તેના બંધ-ઉદયની બીના કહીને અનંતરોપપન્ન એકેન્દ્રિયોના ભેદો, તથા તે જીવોને સંભવતી કર્મપ્રકૃતિની, તેના બંધઉદયની બીના સમજાવી છે. અંતે પરંપરોપપન્ન એકેન્દ્રિયોને ઉદ્દેશીને કર્મપ્રકૃતિ વગેરેનું વર્ણન કર્યું છે. બીજા એકેન્દ્રિય શતકમાં પણ આ જ બીના કૃષ્ણલેશ્યાવાળા એકેન્દ્રિયોને ઉદ્દેશીને વર્ણવી છે. ત્રીજા એકેન્દ્રિય શતકમાં નીલલેશ્યાવાળા એકેન્દ્રિયોની ને ચોથા એકેન્દ્રિય શતકમાં કાપોત લેશ્યાવાળા એકેન્દ્રિયોની તે જ બીના જણાવી છે. પાંચમા એકેન્દ્રિય શતકમાં ભવસિદ્ધિક એકેન્દ્રિયોના ભેદો વગેરે પદાર્થો કહ્યા છે. છઠ્ઠા એકેન્દ્રિય શતકમાં કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેન્દ્રિયોના ને અનંતરોપપન્ન કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેન્દ્રિયોના ભેદાદિનું સ્વરૂપ જણાવ્યું છે. સાતમા એકેન્દ્રિયશતકમાં નીલ લેશ્યાવાળા ભવસિદ્ધિક એકેન્દ્રિયોના ભેદાદિની બીના કહી છે. આઠમા એકેન્દ્રિયશતકમાં કાપોત લેશ્યાવાળા તે જ એકેન્દ્રિયોના ભેદાદિનું વર્ણન કર્યું છે. નવમા એકેન્દ્રિયશતકમાં અભવ્ય એકેન્દ્રિયોના ભેદાદિનું સ્વરૂપ કહ્યું છે. પછી ૧૦માથી ૧૨મા સુધીના ત્રણ એકેન્દ્રિયશતકમાં અનુક્રમે કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યાવાળા અભવ્ય એકેન્દ્રિયોના ભેદાદિની બીના જણાવી છે.

# શતક ૩૪

અહીં એકેન્દ્રિયોનાં ૧૨ અવાંતર શતકો છે. તેમાં પહેલા એકેન્દ્રિય શ્રેણિ શતકના ૧૧ ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશામાં એકેન્દ્રિયોના ભેદો કહીને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકની વિગ્રહગતિમાં એક બે ત્રણ સમય લાગવાનું કારણ સમજાવ્યું છે. પછી જ્યારે તે જ અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકપણે અથવા બાદર તેઉકાયપણે ઊપજે, ત્યારે વચમાં થતી વિગ્રહગતિની અને પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકની વિગ્રહગતિની બીના જણાવી છે. પછી અપર્યાપ્ત બાદર તેઉકાયના અને પર્યાપ્ત બાદર વનસ્પતિકાયના તથા અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકના ઉત્પાદનું સ્વરૂપ જણાવ્યું છે. પછી અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ શર્કરાપ્રભાના પૂર્વ ચરમાંતથી પશ્ચિમ ચરમાંતમાં ઊપજે તેને લગતી બીના, અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકને વિગ્રહગતિમાં ત્રણ સમયો કે ચાર સમયો લાગવાનું કારણ, તથા અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ બાદર તેઉકાયપણે ઊપજે, તે સમયે થતી વિગ્રહગતિનું તેમજ અપર્યાપ્ત બાદર તેઉકાયની વિગ્રહગતિનું સ્વરૂપ સમજાવ્યું છે. પછી તે જ જીવ પર્યાપ્ત બાદર તેઉકાયપણે ઊપજે, તે સમયે થતી વિગ્રહગતિની અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકની ઊર્ધ્વલોકમાંથી અધોલોકે ઊપજતાં થતી વિગ્રહગતિની તથા લોકના પૂર્વ ચરમાંતમાં ઊપજતા પૃથ્વીકાયાદિ જીવોની વિગ્રહગતિ થવામાં કારણની હકીકત વિસ્તારથી સમજાવી છે. પછી અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવલોકના પૂર્વ ચરમાંતથી પશ્ચિમ ચરમાંતમાં ઊપજે, તે વખતે થતી વિગ્રહગતિનું સ્વરૂપ કહીને બાદર પૃથ્વીકાયિક જીવોનાં સ્થાન અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકને સંભવતી કર્મપ્રકૃતિ અને તેના બંધ તથા ઉદયની બીના સમજાવી છે. પછી એકન્દ્રિયોના ઉપપાત અને સમુદ્દ્ઘાતનું સ્વરૂપ કહીને એકેન્દ્રિય જીવો સરખાં કર્મો બાંધે કે ઓછાં વધતાં બાંધે ? આનો સ્પષ્ટ ખુલાસો કર્યો છે.

બીજા ઉદ્દેશામાં અનંતરોપપન્ન એકેન્દ્રિયોમાં તે જ બીના કહી છે. ત્રીજા ઉદ્દેશામાં પરંપરોપપન્ન એકેન્દ્રિયોમાં તે જ વિગ્રહગતિ વગેરેનું વર્ણન કર્યું છે. ચોથાથી અગિયારમા સુધીના ૮ ઉદ્દેશામાં ૨૬મા શતકમાં કહ્યા પ્રમાણે અનંતરાવગાઢ એકેન્દ્રિયાદિ ૮ ભેદોમાં તે જ બીના કહી છે. અહીં પહેલા એકેન્દ્રિય શ્રેણી શતકના ૧૧ ઉદ્દેશાની બીના પૂરી થઈ. હવે બીજા ત્રીજા ચોથા અને પાંચમા એકેન્દ્રિયશતકોમાં અનુક્રમે કૃષ્ણલેશ્યાનું, નીલલેશ્યાનું, કાપોતલેશ્યાનું, ભવસિદ્ધિક એકેન્દ્રિયોના ઉત્પાદ વિગ્રહગતિ વગેરેનું વર્ણન કર્યું

છે. છઠ્ઠા એકેન્દ્રિયશતકમાં કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક અનંતરપરંપરોપપન્ન કૃષ્ણલેશ્યાવાળા ભવસિદ્ધિક એકેન્દ્રિયોના ભેદાદિનું વર્ણન પૂર્વની માફક જ જણાવ્યું છે. સાતમાથી બારમા સુધીનાં ૬ અવાંતર એકેન્દ્રિયશતકોમાં અનુક્રમે નીલ કાપોત લેશ્યાવાળા ભવસિદ્ધિક એકેન્દ્રિયોની બીના ૭મા, ૮મા શતકોમાં ને એ જ પ્રમાણે અભવસિદ્ધિક એકેન્દ્રિયોની બીના છેલ્લા ૯, ૧૦, ૧૧, ૧૨મા શતકમાં કહી છે.

## શતક ૩૫

અહીં અવાંતર ૧૨ શતકો છે. તે દરેક શતક એકેન્દ્રિય મહાયુગ્મ શતક નામથી ઓળખાય છે. મોટા શતકમાં જે નાનાં નાનાં શતક હોય, તે અવાંતર શતક કહેવાય છે. પહેલા એકેન્દ્રિય મહાયુગ્મ શતકના ૧૧ ઉદ્દેશામાંના પહેલા ઉદ્દેશામાં મહાયુગ્મના ભેદો અને ૧૬ મહાયુગ્મ કહેવાનું કારણ જણાવીને કૃતયુગ્મ કૃતયુગ્મરાશિરૂપ એકેન્દ્રિયોના ઉપપાત, એકસમયમાં ઊપજનારા જીવોની સંખ્યા, અને તેમને ખાલી થવાનો કાળ તથા કર્મના બંધ ને ઉદયની બીના વિસ્તારથી સમજાવી છે. પછી તેમની લેશ્યા, શરીરોના વર્ણાદિ અને અનુબંધ કાળનું સ્વરૂપ કહ્યું છે. પછી સર્વ જીવોના કૃતયુગ્મ કૃતયુગ્મરાશિરૂપ એકેન્દ્રિયપણે ઉત્પાદનું વર્ણન કરી કૃતયુગ્મ ત્ર્યોજ રાશિ પ્રમાણ, કૃતયુગ્મ દ્વાપર રાશિ પ્રમાણ, કૃતયુગ્મ કલ્યોજ રાશિ પ્રમાણ, ત્ર્યોજ કૃતયુગ્મ પ્રમાણ, ત્ર્યોજ ત્ર્યોજ પ્રમાણ, કલ્યોજ કલ્યોજ પ્રમાણ, એકેન્દ્રિયોના ઉત્પાદ અને ઉત્પાદ સંખ્યાદિનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે.

બીજા ઉદ્દેશામાં તે જ પ્રમાણે પ્રથમ સમયોત્પન્ન કૃતયુગ્મ કૃતયુગ્મરાશિ પ્રમાણ એકેન્દ્રિયોના ઉત્પાદની બીના કહી છે. ત્રીજાથી અગિયારમા સુધીના ૯ ઉદ્દેશામાં અપ્રથમ સમયોત્પન્ન, ચરમઅચરમ, પ્રથમાપ્રથમ, પ્રથમચરમ, ચરમચરમ, ચરમાચરમ સમય કૃતયુગ્મ કૃતયુગ્મ એકેન્દ્રિયાદિ જીવોના ઉત્પાદાદિનું વર્ણન કર્યું છે. બીજા એકેન્દ્રિય મહાયુગ્મ શતકમાં તે જ બીના કૃષ્ણલેશ્યાવાળા અને કૃતયુગ્માદિ સ્વરૂપવાળા એકેન્દ્રિયોના ઉત્પાદ અને આયુષ્ય વગેરે કહીને પ્રથમ સમયોત્પન્ન પૂર્વોક્ત સ્વરૂપવાળા એકેન્દ્રિયોના ઉત્પાદાદિનું સ્વરૂપ સમજાવ્યું છે.

એ જ પ્રમાણે ત્રીજા ચોથા એકેન્દ્રિય મહાયુગ્મ શતકોમાં અનુક્રમે નીલ કાપોત લેશ્યાવાળા પૂર્વોક્ત એકેન્દ્રિયોના ઉત્પાદાદિનું વર્ણન કર્યું છે. એ જ

પ્રમાણે પાંચમા અવાંતર શતકમાં ભવસિદ્ધિક પૂર્વોક્ત એકેન્દ્રિયોના ઉત્પાદાદિની બીના કહી છે. છઠ્ઠાથી આઠમા સુધીના ત્રણ શતકોમાં અનુક્રમે કૃષ્ણ નીલ કાપોત લેશ્યાવાળા ભવસિદ્ધિક પૂર્વોક્ત એકેન્દ્રિયોના ઉત્પાદાદિની બીના કહી છે. ૯માથી ૧૨મા સુધીના ૪ અવાંતર શતકોમાં જેમ ભવસિદ્ધિક એકેન્દ્રિયોમાં કહ્યું, તેમ અભવસિદ્ધિક કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાવાળા અભવસિદ્ધિક એકેન્દ્રિયોના ઉત્પાદાદિનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે. શરૂઆતમાં કૃતયુગ્માદિ રાશિના ભેદોની વ્યાખ્યા પણ વિસ્તારથી કરી છે.

## શતક ૩૬થી ૪૦

અહીં અવાંતર શતકો ૧૨ છે. તેમાંનાં ૧થી ૪ શતકોમાં કૃતયુગ્મ રૂપ બેઇંદ્રિયોના ઉત્પાદાદિની, ને અનુબંધ કાળની તથા પહેલા સમયમાં ઊપજેલા કૃતયુગ્મ કૃતયુગ્મરૂપ બેઇંદ્રિયોના ઉત્પાદાદિની બીના કહીને કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાવાળા પૂર્વોક્ત બે ઇંદ્રિયોના ઉત્પાદાદિની હકીકત વિસ્તારથી સમજાવી છે. પછી ભવસિદ્ધિક, કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાવાળા ભવસિદ્ધિક પૂર્વોક્ત બેઇંદ્રિયોના ઉત્પાદાદિની બીના ૫માથી ૮મા સુધીના ૪ શતકોમાં કહી છે. પછી તે જ પ્રમાણે ૯માથી ૧૨મા સુધીના ૪ શતકોમાં અભવસિદ્ધિક, પૂર્વોક્ત સ્વરૂપવાળા બેઇંદ્રિયોના ઉત્પાદાદિની બીના સ્પષ્ટ રીતે સમજાવી છે. ૩૭મા શતકના ૧૨ અવાંતર શતકોમાં બેઇંદ્રિયોની માફક જ કૃતયુગ્મ કૃતયુગ્મરૂપ તેઇંદ્રિયોના ઉત્પાદાદિની બીના જણાવી છે. ૩૮મા શતકનાં ૧૨ અવાંતર શતકોમાં પૂર્વે કહેલા સ્વરૂપવાળા ચઉરિન્દ્રિય જીવોના ઉત્પાદાદિની બીના કહી છે. ૩૯મા શતકમાં પહેલાંની માફક જ અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોના ઉત્પાદાદિની બીના સમજાવી છે. ૪૦મા સંજ્ઞી પંચેન્દ્રિય મહાયુગ્મ શતકમાં ૨૧ અવાંતર શતકો છે. તેમાં પહેલા શતકમાં કૃતયુગ્મ કૃતયુગ્મરૂપ સંજ્ઞી પંચેન્દ્રિયોના ઉત્પાદાદિની બીના કહી છે. બીજાથી સાતમા સુધીના ૬ શતકોમાં અનુક્રમે કૃષ્ણ નીલાદિ ૬ લેશ્યાવાળા પૂર્વોક્ત સંજ્ઞી પંચેન્દ્રિયોના ઉત્પાદાદિની હકીકત જણાવી છે. ૮માથી ૧૪મા સુધીના ૭ અવાતંર શતકોમાં અનુક્રમે કૃતયુગ્મ કૃતયુગ્મરૂપ ભવસિદ્ધિક પૂર્વોક્ત સંજ્ઞી પંચેન્દ્રિય અને કૃષ્ણાદિ ૬ લેશ્યાવાળા પૂર્વોક્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના ઉત્પાદાદિની બીના કહી છે. આ જ પદ્ધતિએ ૧૫માથી ૨૧મા સુધીનાં ૭ શતકોમાં કૃતયુગ્મ કૃતયુગ્મ પ્રમાણ અભવસિદ્ધિક પૂર્વોક્ત સંજ્ઞી પંચેન્દ્રિયોના ઉત્પાદાદિની બીના વર્ણવી છે.

## શતક ૪૧

ઉ. ૧ : આના ૧૯૬ ઉદ્દેશા છે. તેમાં પહેલા ઉદ્દેશામાં રાશિયુગ્મના ભેદો કહીને ચાર રાશિયુગ્મ કહેવાનું કારણ સમજાવ્યું છે. પછી કૃતયુગ્મ પ્રમાણ નારકાદિની અનંતર પાછલા ભવની બીના, અને એક સમયમાં તે જીવો કેટલા ઉત્પન્ન થાય? તેઓ સાંતર ઊપજે કે નિરંતર ઊપજે? તેઓ જે સમયે કૃતયુગ્મરાશિરૂપ હોય તે સમયે ત્ર્યોજ રાશિરૂપ હોય કે નહિ? તેમને આશ્રયી કૃતયુગ્મ અને દ્વાપરયુગ્મનો, કૃતયુગ્મ અને કલ્યોજ રાશિનો સંબંધ હોય કે નહિ? આ પ્રશ્નોના ઉત્તરો વિસ્તારથી સમજાવીને જીવોના ઉપપાતનું વર્ણન અને તે ઉપપાતમાં હેતુનું વર્ણન તથા આત્મસંયમાદિની બીના વિસ્તારથી વર્ણવી છે. પછી પૂર્વોક્ત સ્વરૂપવાળા નારક જીવો સલેશ્ય હોય કે અલેશ્ય હોય? સલેશ્ય જીવ સક્રિય હોય કે અક્રિય હોય? આ પ્રશ્નોના ઉત્તરો દીધા છે એ જ પ્રમાણે દેવ મનુષ્યોના આગતિ ઉત્પાદાદિની બીના પણ સ્પષ્ટ રીતે વર્ણવી છે.

ઉ. ૨ : બીજા ઉદ્દેશામાં ત્ર્યોજ રાશિ પ્રમાણ નારક જીવોના ઉત્પાદની બીના અને કૃતયુગ્મ અને ત્ર્યોજ રાશિના તેમજ ત્ર્યોજ રાશિ અને દ્વાપરયુગ્મના પરસ્પર સંબંધાદિની બીના પણ કહી છે.

ઉ. ૩ : ત્રીજા ઉદ્દેશામાં દ્વાપરયુગ્મરાશિ પ્રમાણ નારકોના ઉત્પાદાદિની બીના, અને દ્વાપરયુગ્મ તથા કૃતયુગ્મનો પરસ્પર સંબંધ વગેરે બીના જણાવી છે.

ઉ. ૪ : ચોથા ઉદ્દેશામાં કલ્યોજ પ્રમાણ નારકોના ઉત્પાદાદિની અને કલ્યોજ તથા કૃતયુગ્મનો માંહોમાંહે સંબંધ વગેરેની બીના કહી છે.

ઉ. ૫ : પાંચમા ઉદ્દેશામાં કૃષ્ણલેશ્યાવાળા કૃતયુગ્મ પ્રમાણ નારકોના ઉત્પાદાદિની બીના કહી છે.

ઉ. ૬ : છઠ્ઠા ઉદ્દેશામાં ત્ર્યોજ રાશિ પ્રમાણ કૃષ્ણલેશ્યાવાળા નારકોના ઉત્પાદાદિની બીના કહી છે.

ઉ. ૭ : સાતમા ઉદ્દેશામાં દ્વાપરયુગ્મ પ્રમાણ કૃષ્ણલેશ્યાવાળા નારકોના ઉત્પાદાદિની બીના કહી છે.

ઉ. ૮ : આઠમા ઉદ્દેશામાં કૃષ્ણલેશ્યાવાળા કલ્યોજ રાશિ પ્રમાણ નારકોના ઉત્પાદાદિની બીના કહી છે.

ઉ. ૯થી ૧૨ : ૯માથી ૧૨મા સુધીના ચાર ઉદ્દેશામાં અનુક્રમે નીલલેશ્યાવાળા કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ, કલ્યોજ રાશિ પ્રમાણ નારકોના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૧૩થી ૧૬ :** ૧૩માથી ૧૬મા સુદીના ૪ ઉદ્દેશામાં એ જ પ્રમાણે ચાર રાશિ પ્રમાણ કાપોત લેશ્યાવાળા નારકોના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૧૭થી ૨૦ :** ૧૭માથી ૨૦મા સુધીના ૪ ઉદ્દેશામાં અનુક્રમે એ જ પ્રમાણે તેજોલેશ્યાવાળા કૃતયુગ્માદિ રાશિ પ્રમાણ અસુરકુમાર દેવોના ઉત્પાદાદિની હકીકત સમજાવી છે.

**ઉ. ૨૧થી ૨૪ :** ૨૧માથી ૨૪મા સુધીના ૪ ઉદ્દેશામાં અનુક્રમે એ જ પ્રમાણે પદ્મલેશ્યાવાળા કૃતયુગ્માદિ રાશિ પ્રમાણ અસુરકુમારાદિના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૨૫થી ૨૮ :** ૨૫માથી ૨૮મા સુધીના ૪ ઉદ્દેશામાં એ જ પ્રમાણે અનુક્રમે શુક્લ લેશ્યાવાળા ચાર રાશિ પ્રમાણ અસુરકુમારાદિના ઉત્પાદાદિનું સ્વરૂપ સમજાવ્યું છે.

**ઉ. ૨૯થી ૩૨ :** અનુક્રમે એ જ પ્રમાણે ૨૯માથી ૩૨મા સુધીના ૪ ઉદ્દેશામાં કૃતયુગ્માદિ ૪ રાશિ પ્રમાણ ભવસિદ્ધિક નારકાદિના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૩૩થી ૩૬ :** ૩૩માથી ૩૬મા સુધીના ૪ ઉદ્દેશામાં કૃષ્ણલેશ્યાવાળા એ જ ભવસિદ્ધિક જીવોના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૩૭થી ૪૦ :** એ જ પદ્ધતિએ ૩૭માથી ૪૦મા સુધીના ૪ ઉદ્દેશામાં નીલલેશ્યાવાળા જ ભવ્ય જીવોના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૪૧થી ૪૪ :** ૪૧માથી ૪૪મા સુધીના ૪ ઉદ્દેશામાં કાપોત લેશ્યાવાળા તે જ ભવ્ય નારકાદિ જીવોના ઉત્પાદાદિની હકીકત કહી છે.

**ઉ. ૪૫થી ૪૮ :** આ જ પદ્ધતિએ ૪૫માથી ૪૮મા સુધીના ઉદ્દેશામાં તેજોલેશ્યાવાળા તે પૂર્વોક્ત ભવ્ય જીવોના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૪૯થી ૫૨ :** એ જ પ્રમાણે ૪૯માથી ૫૨મા સુધીના ૪ ઉદ્દેશામાં પદ્મ લેશ્યાવાળા તે જ ભવ્ય જીવોના ઉત્પાદાદિની બીના વર્ણવી છે.

**ઉ. ૫૩થી ૫૬ :** ૫૩માથી ૫૬મા સુધીના ૪ ઉદ્દેશામાં શુક્લ લેશ્યાવાળા તે જ ભવ્ય નારકાદિના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૫૭થી ૮૪ :** જેમ આ ૨૮ ઉદ્દેશામાં ભવ્ય જીવોના ઉત્પાદાદિની બીના કહી, એ જ પ્રમાણે ૫૭માથી ૮૪મા સુધીના ૨૮ ઉદ્દેશામાં ૬ લેશ્યાવાળા ૪ રાશિ પ્રમાણ અભવ્ય જીવોના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૮૫થી ૧૧૨ :** ૮૫માથી ૧૧૨મા સુધીના ૨૮ ઉદ્દેશામાં સમ્યગ્દષ્ટિ

પૂર્વોક્ત જીવોના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૧૧૩થી ૧૪૦:** ૧૧૩માથી ૧૪૦મા સુધીના ૨૮ ઉદ્દેશામાં મિથ્યાદષ્ટિ પૂર્વોક્ત સ્વરૂપવાળા નારકાદિના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૧૪૧થી ૧૬૮:** ૧૪૧માથી ૧૬૮મા સુધીના ૨૮ ઉદ્દેશામાં પૂર્વોક્ત કૃષ્ણપાક્ષિક નારકાદિના ઉત્પાદાદિની બીના કહી છે.

**ઉ. ૧૬૯થી ૧૯૬:** ૧૬૮માથી ૧૯૬મા સુધીના ૨૮ ઉદ્દેશામાં તે જ પૂર્વોક્ત શુક્લ પાક્ષિક જીવોના ઉત્પાદાદિની બીના કહી છે. છેવટે શ્રી ભગવતીસૂત્રના શતક ઉદ્દેશા અને પદની સંખ્યા (પ્રમાણ) કહીને સમુદ્રની જેવા શ્રીસંઘની અને શ્રુતદેવતા વગેરેની સ્તુતિ કરી છે. પછી ટૂંકામાં યોગવિધિ કહીને પ્રશસ્તિની જરૂરી હકીકત એ જણાવી છે કે શ્રી અભયદેવસૂરિએ યશશ્ચંદ્ર ગણિની મદદથી વિ. સં. ૧૧૨૮ની સાલમાં આ ટીકા બનાવી, તેને શ્રી દ્રોણસૂરિએ શોધી છે. આના પ્રથમાદર્શ(પહેલી ટીકાની પ્રત)ના લેખક વિનયગણિ વગેરે છે. શેઠ દાયિકના પુત્ર માણિક્ય શેઠની પ્રેરણાથી આ શ્રીભગવતીસૂત્રની ટીકા બનાવી છે.

*

## ‘શ્રી ભગવતીસૂત્ર’માં ઉલ્લિખિત

# શ્રી મહાવીરસ્વામી પાસે દીક્ષિત થનારા થોડાક અનગારોનો પરિચય

*લેખક :* **મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી**

ભગવતીસૂત્ર એ અતિ માનનીય, પ્રામાણિક અને પંચમાંગ તરીકે પ્રસિદ્ધ સૂત્ર છે. ભગવતીસૂત્રનું બીજું નામ ‘વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ’ છે. હજારો વિષયોથી ભરેલો જ્ઞાનનો આ મહાસાગર છે. જીવ, અજીવ, સ્વર્ગ, નરક, પરમાણુ અને યાવત્ ન્હાનામાં ન્હાની અને મ્હોટામાં મ્હોટી બાબતોનો ઘણી જ સૂક્ષ્મ દૃષ્ટિએ, આ ભગવતીસૂત્રમાં વિચાર કરેલો છે. કોઈ વિજ્ઞાની આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ ભગવતીસૂત્રનો અભ્યાસ કરે, તો, જે વખતે, કોઈ પણ જાતનાં યંત્રોનો આવિષ્કાર થયો ન હતો, તે વખતે – એટલે આજથી અઢી હજાર વર્ષ ઉપરના સમયે ભગવાન મહાવીરસ્વામીએ પ્રકાશિત કરેલી એ બાબતોને જોતાં, ભગવાન મહાવીરસ્વામીના અતીંદ્રિયજ્ઞાન – કેવળજ્ઞાન માટે દઢ શ્રદ્ધા થયા વિના રહી શકે નહિ. ભગવતીસૂત્રના એ છત્રીસ હજાર પ્રશ્નોમાં, ન કેવળ એવી સૂક્ષ્મ પદાર્થ-વિજ્ઞાનની જ બાબતો છે, બલ્કે ભગવાન મહાવીરસ્વામીએ, રૂઢિવાદને તોડવા માટે પણ પ્રચંડ ઉપદેશ-પ્રવાહ વહેતો મૂકેલો છે. યજ્ઞ-યાગાદિ ક્રિયાઓ, ધર્મને નામે થતી હિંસાઓ, અને એવી અનેક બાબતોવાળી જડ ક્રિયાઓ સ્હામે પ્રચંડ વિરોધ કર્યો હતો. ભગવાનના વિરોધમાં એક વસ્તુ ખાસ હતી; અને તે એ કે ભગવાને ગમે તે મન્તવ્યનો પ્રતિવાદ કર્યો છે. તે પ્રતિપાદક શૈલીથી જ કર્યો છે. આક્ષેપક શૈલીનો ક્યારે પણ પ્રયોગ કર્યો નથી. ગૌતમસ્વામીએ કે ગમે તેણે જ્યારે જ્યારે જે જે પ્રશ્નો પૂછ્યા, એનો ઉત્તર કોઈના પણ ઉપર આક્ષેપ કર્યા સિવાય પ્રતિપાદક શૈલીથી આપ્યો છે. ભગવાનના પ્રવચનની આ એક ખૂબી છે. અસ્તુ.

આવી રીતે હજારો વિષયોથી પરિપૂર્ણ ભગવતીસૂત્ર છે. ભગવતીસૂત્રમાં જેમ ઉપર કહેવામાં આવ્યું – અનેક પદાર્થનું સ્વરૂપ પ્રકાશમાં આવ્યું છે, એવી રીતે કેટલીક ઐતિહાસિક વ્યક્તિઓ પણ દર્શન દે છે. આ વ્યક્તિઓમાં ભગવાનના કેટલાક શિષ્યો અને શિષ્યાભાસોનો ઉલ્લેખ પણ આવે છે. યદ્યપિ ભગવાનને તો ગણધરાદિ હજારો શિષ્યો હતા, પરન્તુ આ લેખમાં તો, ગણધરોથી અતિરિક્ત જે થોડાક શિષ્યોનો ઉલ્લેખ ભગવતીસૂત્રમાં જોવાય છે, તેનો જ પરિચય માત્ર

કરાવવાનો ઉદ્દેશ રાખ્યો છે, કે જેઓ વિશેષ પ્રસિદ્ધ નહિ હોવા છતાં ઐતિહાસિક કહી શકાય.

**૧. આર્ય શ્રીરોહ :**

આર્ય શ્રીરોહ એ ભગવાનના શિષ્ય હતા. પરન્તુ તેઓ કોણ હતા, તેમણે ક્યારે દીક્ષા લીધી હતી વગેરે પૂર્વપરિચય કાંઈ પણ જોવામાં નથી આવતો. બેશક, ભગવતીસૂત્રના પહેલા શતકના છટ્ઠા ઉદ્દેશામાં જ્યારે શ્રીરોહ ભગવાનને પ્રશ્નો પૂછે છે, ત્યારે તેમના સ્વભાવનું વર્ણન અવશ્ય કરવામાં આવ્યું છે, અને તે આ પ્રમાણે છે :

''समणस्स भगवओ महावीरस्स अंतेवासी रोहेणामं अणगारे पगइभद्दए, पगइमउए, पगइ विणीए, पगइउवसंते, पगइपयणुकोह-माण-माया-लोभे, मिउमद्दवसंपन्ने, अलीणे, भद्दए, विणीए, समणस्स भगवओ महावीरस्स अदुरसामंते उढ्ढंजाणु, अहोसिरे, झाणकोढ्ढोवगए, संजमेणं, तवसा अप्पाणं भावेमाणे विहरइ ।''

અર્થાત્ – શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામીના અંતેવાસી રોહ નામના અણગાર, ભદ્ર પ્રકૃતિવાળા, કોમળ પ્રકૃતિવાળા, વિનયી, શાન્ત પ્રકૃતિવાળા, જેના ક્રોધ-માન-માયા લોભ પાતળા થયા છે એવા, અતિ નિરભિમાની, અલીન, ભદ્ર, વિનીત હતા. તેઓ ભગવાન્ મહાવીરસ્વામીથી બહુ દૂર પણ નહિ, ને બહુ નજીક પણ નહિ, એવા સ્થાને, ઉભડક રહીને, મસ્તક ઝુકાવીને, ધ્યાનરૂપ કોઠામાં પ્રવેશ કરીને, સંયમ અને તપથી આત્માને ભાવતા વિચરે છે — રહે છે.

આવા વિનયી ગુણવાળા અને પ્રકૃતિવાળા રોહ નામના ભગવાનના શિષ્ય, તે પછી ભગવાનને પ્રશ્નો પૂછે છે. રોહ અણગારે પૂછેલા પ્રશ્નોમાં મુખ્ય, લોક પહેલો કે અલોક ? જીવ પહેલો કે અજીવ ? ઈંડું પહેલું કે કુકડી ? લોકાંત પહેલો કે અલોકાંત ? ઇત્યાદિ પ્રશ્નો છે.

આ સિવાય ભગવાન્ મહાવીરસ્વામીના શિષ્ય રોહ સંબંધી વિશેષ પરિચય આપવામાં આવ્યો નથી.

**૨. આર્ય સ્કંદક :**

આર્યસ્કંદક, એ પણ ભગવાનના શિષ્ય હતા. એમનો પરિચય અને દીક્ષાનો પ્રસંગ વગેરે ભગવતીસૂત્રના બીજા શતકના પહેલા ઉદ્દેશામાં બહુ વિસ્તારથી કહેવામાં આવેલ છે, તેનો સાર આ છે :

સ્કંદક, એ શ્રાવસ્તીમાં રહેતા કાત્યાયનગોત્રીય ગર્દભાલ નામના પરિવ્રાજકનો શિષ્ય હતો. વેદાદિ વિષયોનો મહાન વિદ્વાન હતો. તે જ

શ્રાવસ્તીમાં ભગવાન્ મહાવીરનો પિંગલ* નામનો નિર્ગ્રંથ રહેતો હતો. પિંગલ નિર્ગ્રંથે, એક વખત સ્કંદક તાપસની પાસે જઈને આક્ષેપપૂર્વક લોક અંતવાળો છે કે અંત વિનાનો ? જીવ અંતવાળો છે કે અંત વિનાનો ? વગેરે કેટલાક પ્રશ્નો પૂછ્યા. સ્કંદક તાપસ કંઈ જવાબ ન આપી શક્યો. એમ ધારીને કે પોતે જે જવાબો આપે તે સાચા હશે કે કેમ ! પિંગલ નિર્ગ્રંથે બીજી વાર ત્રીજી વાર પણ એ પ્રશ્નો પૂછ્યા પણ સ્કંદકે કંઈ જવાબ ન આપ્યો. આવા અવસરમાં શ્રાવસ્તી નગરીના હજારો લોકોનાં ટોળાં ભગવાનનાં દર્શન કરવાને બહાર જતાં જોયાં. લોકોને પૂછવાથી માલૂમ પડ્યું કે, ભગવાન્ મહાવીરસ્વામી કૃતંગલા નગરીની બહાર છત્રપલાશ નામના ચૈત્યમાં પધાર્યા છે. કૃતંગલા નગરી શ્રાવસ્તીની પાસે જ હતી. આથી સ્કંદકે ભગવાનની પાસે જવાનો અને ત્યાં જઈને પ્રશ્નો પૂછી મનનું સમાધાન કરવાનો વિચાર કર્યો. સ્કંદક ત્યાંથી પરિવ્રાજકોના મઠમાં ગયો. ત્યાં જઈ તેણે પોતાના તાપસ વેષનાં ઉપકરણો — ત્રિદંડ, કુંડી, માળા, વાસણ, આસન, છત્ર, જૂતાં, વસ્ત્ર, વગેરે બધુ લઈને, શ્રાવસ્તી નગરીની મધ્યમાં થઈને, કૃતંગલા નગરીમાં જ્યાં છત્રપલાશક ચૈત્ય છે, કે જેમાં ભગવાન્ મહાવીરસ્વામી વિરાજતા હતા, તે તરફ આવવાને પ્રસ્થાન કર્યું.

બીજી તરફ ભગવાન્ મહાવીરસ્વામીએ, તે જ સમયે શ્રી ગૌતમસ્વામીને કહ્યું કે : "હે ગૌતમ, આજે તું તારા પૂર્વના સંબંધીને જોઈશ." ગૌતમે પૂછ્યું, "ભગવન્ હું કોને જોઈશ ?" ભગવાને કહ્યું : "તું સ્કંદક નામના તાપસને જોઈશ." ગૌતમે પૂછ્યું "હું તેને ક્યારે ? કેવી રીતે ? અને કેટલા સમયે જોઈશ ?" ભગવાને સ્કંદકનો પરિચય આપ્યો, અને કહ્યું કે — "તે મારી પાસે આવવા નીકળી ચૂકેલ છે. બહુ માર્ગ વ્યતીત કરી ચૂકેલ છે. રસ્તામાં જ છે અને તેને તું આજે જ જોઈશ." ગૌતમે પૂછ્યું, "ભગવન્, શું તે આપની પાસે અનગારપણું લેવાને શક્ત છે ?" ભગવાને કહ્યું; 'હા,' આ વાત ચાલતી

---

* પિંગલ નિર્ગ્રંથને મૂલ સૂત્રમાં 'વેસાલિઅસાવએ' એવું વિશેષણ આપવામાં આવ્યું છે. આ વિશેષણ સંબંધી ટીકાકારે લખ્યું છે :

"विशाला महावीरजननी, तस्या अपत्यमिति वैशालिको भगवान्, तस्य वचनं शृणोति तद्रसिकत्वादिति वैशालिकश्रावकः – तद्वचनामृतपाननिरत इत्यर्थः ।"

અર્થાત્ 'વિશાલા' એ મહાવીરની માતા, તેમના પુત્ર તે વૈશાલિક—અર્થાત્ ભગવાન્ મહાવીર, તેમનાં વચનો રસિક હોવાથી, જે તેનું વચન સાંભળે તે વૈશાલિક શ્રાવક—ભગવાન મહાવીરના વચનામૃતનું પાન કરવામાં લીન એવો પિંગલ નામનો નિર્ગ્રંથ સાધુ.

હતી, એટલામાં સ્કંદક નજીક આવી પહોંચ્યો. ગૌતમસ્વામી, આસનથી ઊભા થઈ તેની સ્હામે જાય છે. એટલું જ નહિ પરંતુ ગૌતમસ્વામી, સ્કંદક તાપસનું સ્વાગત કરે છે. ગૌતમસ્વામી કહે છે :

''हे खंदया, सागयं ! खंदया, सुसागयं ! खंदया, अणुरागयं ! खंदया, सागयमणुरागयं !''

અર્થાત્ — હે સ્કંદક, તમને સ્વાગત છે, તમને સુસ્વાગત છે; હે સ્કંદક, તમને અન્વાગત છે, હે સ્કંદક, તમને સ્વાગત અન્વાગત છે ! મતલબ કે, હે સ્કંદક, પધારો, તમે ભલે પધાર્યા !

વ્યવહારનું કેટલું સુંદર પાલન ! ભવિષ્યમાં ભલે તે જૈન દીક્ષા લેવાનો હોય, પરન્તુ વર્તમાનમાં તાપસ વેષધારીની સ્હામે ગૌતમસ્વામી પોતે જાય, અને એનું આટલું સ્વાગત — સન્માન કરે, એ કેટલું વ્યવહારપાલન !

આ પછી શ્રી ગૌતમસ્વામીએ સ્કંદકના આવવાનો હૃદયગત હેતુ કહી બતાવ્યો. આથી સ્કંદકને આશ્ચર્ય થયું, અને તેણે ગૌતમસ્વામીને પૂછ્યું કે — 'તે એવા પ્રકારના જ્ઞાની કોણ છે કે, જેમણે મારા હૃદયની વાત તમને કહી !' શ્રી ગૌતમસ્વામીએ ભગવાન્ મહાવીરસ્વામીનું નામ લીધું. અને ભગવાનના જ્ઞાનનો મહિમા કહ્યો. તે પછી ગૌતમસ્વામીની સાથે, સ્કંદક ભગવાન્ મહાવીરસ્વામી પાસે આવે છે. ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દે છે. ભગવાન્ સ્કંદક અને વૈશાલિક નિર્ગ્રંથ પિંગલકનો પ્રસંગ કહી બતાવીને પછી લોકાદિનું સ્વરૂપ પ્રકાશે છે. આ ઉપરાંત મરણના ભેદો અને બીજી જે જે બાબતોની શંકાઓ સ્કંદકને હતી એ બધી બાબતોનું સમાધાન ભગવાન્ કરે છે.

ભગવાનના પ્રવચનથી સ્કંદકને રુચિ ઉત્પન્ન થઈ, ભગવાન પ્રત્યે એને શ્રદ્ધા થઈ. છેવટે તેણે પોતાની ઇચ્છા પ્રભુ પાસે વ્યક્ત કરી કે — 'હે ભગવન્, હું આપની પાસે પ્રવ્રજિત — દીક્ષિત થવા ઇચ્છું છું.' તે પછી ભગવાને સ્વયં સ્કંદકને દીક્ષા આપી. સૂત્રકાર કહે છે :

''तएणं समणे भगवं महावीरे खंदयं कच्चायणसगोतं सयमेव पव्वावे ।''

દીક્ષા લીધા પછી ભગવાનની આજ્ઞા લઈને તે પોતાનું જીવન ઘોર તપસ્યા કરવામાં વ્યતીત કરે છે. ભિક્ષુપ્રતિમાઓ વહન કરે છે. ગુણરત્નસંવત્સર નામનો તપ કરે છે. ઘણી તપસ્યાઓથી શરીર અતિ કૃશ કરી નાખે છે. છેવટે — ભગવાનની આજ્ઞા લઈ વિપુલપર્વત પર જઈ એક મહિનાની સંલેખના કરીને કાળધર્મ પામે છે.

શ્રી ગૌતમસ્વામીના પૂછવાથી, ભગવાને જણાવ્યું કે સ્કંદક અનગાર

અચ્યુતકલ્પમાં દેવપણે ઉત્પન્ન થયેલ છે. ત્યાં બાવીસ સાગરોપમનું આયુષ્ય પૂરું કરી, મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, સિદ્ધ-બુદ્ધ-મુક્ત થશે, પરિનિર્વાણ પામશે.

**૩. તિષ્યક અનગાર :**

તિષ્યક અનગાર પણ ખુદ પરમાત્મા મહાવીરદેવના શિષ્ય હોવાનું ભગવતીસૂત્રના શતક ૩, ઉદ્દેશા ૧માં જણાવવામાં આવ્યું છે. યદ્યપિ આ અનગારનો પણ ખાસ વિશેષ પરિચય આપવામાં આવ્યો નથી. ભગવાનના બીજા ગણધર અગ્નિભૂતિ અનગાર, ભગવાનને શક્રાદિ ઇન્દ્રોની ઋદ્ધિ અને વિકુર્વણ શક્તિ સંબંધી પ્રશ્નો પૂછે છે, તે પ્રસંગે એક એ પણ પ્રશ્ન પૂછવામાં આવે છે કે "જ્યારે શક્ર ઇંદ્ર એટલી મોટી ઋદ્ધિવાળો અને વિકુર્વણની શક્તિવાળો છે તો પછી સ્વભાવે ભદ્ર, વિનીત, નિરંતર છઠ છઠની તપસ્યા કરીને આત્માને ભાવતો, આઠ વર્ષ સુધી સાધુપણું પાળીને માસિક સંલેખના કરીને સમાધિપૂર્વક કાળ કરીને આપનો શિષ્ય તિષ્યક નામનો અનગાર સૌધર્મ કલ્પમાં, પોતાના વિમાનમાં ઉત્પન્ન થયો છે..... તે કેટલી મોટી ઋદ્ધિવાળો અને કેટલું વિકુર્વણ કરી શકે છે ?"

આ ઉપરથી જણાય છે કે, ભગવાન્ મહાવીરસ્વામીનો તિષ્યક નામનો શિષ્ય હતો, અને તે સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો હતો.

આથી અતિરિક્ત તિષ્યકનો વિશેષ પરિચય આલેખવામાં આવ્યો નથી.

**૪. કુરુદત્ત પુત્ર :**

તિષ્યક અનગારની માફક ભગવતીસૂત્રના શતક ૩. ઉદ્દેશા ૧માં કુરુદત્તપુત્ર નામના અનગાર ભગવાન્ મહાવીરસ્વામીના શિષ્ય હોવાનું જણાવ્યું છે. કુરુદત્તપુત્ર પણ સ્વભાવે શાન્ત, ભદ્ર, વિનીત હતા. નિરંતર અઠ્ઠમ અઠ્ઠમના પારણે આંબીલ એવી કઠિન તપસ્યા કરી, તેમજ સૂર્યની સ્હામે આતાપના લઈ, પૂરા છ મહિનાનું સાધુપણું પાળી, પંદર દિવસની સંલેખના કરી, સમાધિપૂર્વક કાળ કરી ઈશાન દેવલોકમાં ઈશાનેન્દ્રના સામાનિક દેવપણે ઉત્પન્ન થયા હતા. આ કુરુદત્તપુત્રની ઋદ્ધિ અને વિકુર્વણશક્તિ વગેરે સંબંધી પ્રશ્નો ત્રીજા ગણધર શ્રી વાયુભૂતિ અનગારે પૂછ્યા હતા.

આ સિવાય કુરુદત્તપુત્રનો વિશેષ પરિચય નથી મળતો.

**૫. અતિમુક્તક – (અઇમત્તા મુનિ) :**

ભગવતીસૂત્રના શતક ૫. ઉદ્દેશા ૪માં અતિમુક્તક (અઇમત્તા) મુનિનો ટૂંક

પરિચય આવે છે. અઇમત્તા મુનિની સજ્ઝાય ઉપરથી માલૂમ નથી પડતું કે તેઓ કોના શિષ્ય હતા. પરંતુ ભગવતીસૂત્ર ઉપરથી સ્પષ્ટ છે કે તેઓ ભગવાન્ મહાવીરસ્વામીના શિષ્ય હતા. પણ ભગવતીના એ સંબંધીના મૂળ પાઠમાં એ નથી જણાવ્યું કે, તેમણે કેટલી ઉંમરે દીક્ષા લીધી હતી. પરંતુ ટીકાકારે 'છ વર્ષની ઉંમરમાં દીક્ષા લીધી હતી,' એવું જણાવ્યું છે. અઈમત્તાનો પરિચય આપતાં મૂળમાં કહ્યું છે કે:

''समणस्स भगवओ महावीरस्स अंतेवासी अइमुत्ते णामं कुमारसमणे पगइभद्दए, जाव विणीए.''

આમાં આવેલા 'कुमारश्रमण' એ વિશેષણ ઉપરથી સ્પષ્ટ છે કે – એમણે કુમારાવસ્થામાં – બાલ્યાવસ્થામાં દીક્ષા લીધેલી હોવી જોઈએ.

અતિમુક્તક અનગારના ચરિત્રમાં એક વાત એ આવે છે કે તેઓ કોઈ સમયે પાત્ર અને ઓઘો લઈને બહાર વડીનીતિ(જાજરૂ)એ જાય છે. રસ્તામાં પાણીનું – વહેતા પાણીનું એક ખાબોચિયું તે જુએ છે. પોતાની મેળે માટીની એક નાનકડી પાળ બાંધી પોતાના પાત્રને પાણીમાં વહેતું મૂકે છે. અને "આ મારી નાવ છે, આ મારી નાવ છે." એમ કહે છે. સ્થવિરો આ બનાવને જોઈ લે છે. પછી ભગવાન્ મહાવીરસ્વામી પાસે આવી, ભગવાનને પૂછે છે કે "આપના શિષ્ય અતિમુક્તક કેટલા ભવે મોક્ષે જશે ?" ભગવાન્ કહે છે કે – 'સ્વભાવનો ભદ્રિક અને વિનયી એવો મારો તે શિષ્ય આ ભવ પૂરો કરીને સિદ્ધ થશે. માટે હે આર્યો, તમે તેની નિંદા કરશો નહિ, તેને વગોવશો નહિ, તેનું અપમાન કરશો નહિ. તેને સાચવશો, સહાય કરશો અને તેની સેવા કરશો."

તે પછી સ્થવિરોએ ભગવાનની આજ્ઞા પ્રમાણે અતિમુક્તકને સંભાળ્યા ને સેવા કરી.

**૭. નારદપુત્ર, ૮. નિર્ગ્રંથીપુત્ર :**

આ બે પણ ભગવાન્ મહાવીરસ્વામીના જ શિષ્યો હતા. આ બંને અનગારોનો અધિકાર ભગવતીસૂત્ર શતક ૫, ઉદ્દેશા ૮માં આવે છે. આ બંને અનગારોનો ખાસ કોઈ પરિચય નથી. પરન્તુ બન્નેનો સંવાદ આપવામાં આવેલો છે. નિર્ગ્રંથીપુત્ર અનગાર નારદપુત્ર અનગારની પાસે જાય છે, અને નારદપુત્ર અનગારને 'પુદ્ગલો શું અર્થસહિત છે ? મધ્યસહિત છે ? પ્રદેશસહિત છે ? અથવા અનર્થ, અમધ્ય અને અપ્રદેશ છે ?' એ પ્રમાણે પ્રશ્ન પૂછી પ્રશ્નોની શરૂઆત કરે છે.

આ બંને અનગારોનો મીઠો સંવાદ લંબાણપૂર્વક ચાલ્યો છે. છેવટે

નારદપુત્ર અનગાર નિર્ગ્રંથીપુત્ર અનગારની વાતને મંજૂર કરી, તેમને વંદન-નમસ્કાર કરે છે, અને વારંવાર વિનયપૂર્વક તેમની ક્ષમા માગે છે.

મહાજ્ઞાની આ બન્ને મહાપુરુષો, મનભિન્નતાનો નિવેડો આમ પાસે બેસીને કરે છે, અને પોતાની માન્યતા ખોટી જણાતાં સામાની માન્યતાનો સ્વીકાર કરે છે. આ ઉદારતા, ખરેખર, દરેક વખતે અને દરેક રીતે અનુકરણીય અને લાભપ્રદ છે.

**૯. ઋષભદત્ત :**

બ્રાહ્મણકુંડગામ નામના નગરમાં રહેનાર ઋષભદત્ત નામનો બ્રાહ્મણ. બહુ પ્રસિદ્ધ, ધનાઢ્ય અને પ્રતાપી હતો. બ્રાહ્મણ હોવા છતાં પણ તે શ્રમણોનો ઉપાસક, જીવાદિ તત્ત્વોનો જાણકાર, અને પુણ્ય-પાપને ઓળખતો હતો. દેવાનંદા નામની તેની પત્ની હતી. એક વખત ભગવાન્ મહાવીરસ્વામી ગામાનુગામ વિહાર કરતા આ બ્રાહ્મણકુંડગામ નગરમાં પધાર્યા. ઋષભદત્ત અને દેવાનંદા પોતાના કુટુંબ પરિવાર સાથે બહુશાલક ચૈત્યમાં આવે છે કે જ્યાં પ્રભુ મહાવીર સમોસર્યા છે. દેવાનંદાએ જ્યાં ભગવાનને દેખ્યા કે તત્કાળ તેના સ્તનમાંથી દૂધ ઝર્યું. તેનાં નેત્રો આનંદાશ્રુથી ભીનાં થયાં. હર્ષથી રોમ-રાય વિકસ્વર થયાં. તે ભગવાનને જોતી જોતી જ ઊભી રહી ગઈ.

શ્રી ગૌતમસ્વામીએ ભગવાનને, આ સ્ત્રીને આ પ્રમાણે સ્તનમાંથી દૂધ ઝરવા વગેરેનું કારણ પૂછતાં ભગવાને કહ્યું : "ગૌતમ ! દેવાનંદા બ્રાહ્મણ, એ તો મારી માતા છે. હું દેવાનંદા બ્રાહ્મણીનો પુત્ર છું."

તે પછી ભગવાન્ ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદાને ધર્મોપદેશ સંભળાવે છે. પરિણામે ઋષભદત્ત બ્રાહ્મણ ભગવાનની પાસે જ દીક્ષા અંગીકાર કરે છે. દેવાનંદા બ્રાહ્મણીને પણ ભગવાન દીક્ષા આપે છે, અને ચંદના નામની આર્યાને ભગવાન્ સુપરત કરે છે.

ઋષભદત્ત અને દેવાનંદાની દીક્ષાનું આ વર્ણન ભગવતીસૂત્ર શતક ૯, ઉદ્દેશા ૩૩માં વિસ્તારથી છે.

**૧૦. શ્યામહસ્તિ અનગાર :**

શ્યામહસ્તિ નામના અનગાર પણ ભગવાન્ મહાવીરસ્વામીના શિષ્ય હતા. અને તેઓ રોહ અનગારની જેવા ભદ્ર પ્રકૃતિવાળા હતા. તેમણે ભગવાનને 'અસુરકુમારના ઇન્દ્ર ચમરને ત્રાયસ્ત્રિંશક દેવો છે ?' વગેરે પ્રશ્નો પૂછ્યાની હકીકત ભગવતીમાં શતક ૧૦, ઉદ્દેશા ૪માં આપેલી છે. એ સિવાય વિશેષ પરિચય નથી.

**૧૧. શિવરાજ ઋષિ :**

હસ્તિનાપુરનો શિવ નામનો રાજા, પોતાના પુત્ર શિવભદ્રને ગાદી સોંપી, તામલીની માફક તાપસોની પાસે દીક્ષિત થઈ, દિશાપ્રોક્ષકતાપસ રૂપે તાપસ થઈ, યાવજ્જીવ છઠ છઠની તપસ્યા કરતો વિચરે છે. તેની ઉગ્ર તપસ્યાના કારણે, અને પ્રકૃતિથી ભદ્ર હોવાથી તેને વિભંગ જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન વડે તે સાત દ્વીપો ને સાત સમુદ્રો સિવાય આગળ કંઈ નથી, એવી પ્રરૂપણા કરે છે. એવા અવસરમાં ભગવાન્ હસ્તિનાપુરમાં સમોસરે છે. ગૌતમસ્વામી ગામમાં ગોચરી જાય છે અને શિવરાજની પ્રરૂપણા લોકોના મુખથી સાંભળે છે. ભગવાનને પૂછે છે. ભગવાન્ ખુલાસો કરે છે. ગૌતમસ્વામી લોકોને સત્ય સમજાવે છે. શિવરાજના કાને વાત જાય છે. શિવરાજ શંકિત થાય છે. શિવરાજ ભગવાન્ મહાવીરસ્વામી પાસે આવે છે. ભગવાન શિવરાજને સમજાવવા મોટી ધર્મસભા સમક્ષ દેશના આપે છે. શિવરાજ ઋષિ આરાધક થાય છે. અને પછી ભગવાનની પાસે દીક્ષા લે છે અને આખરે મુક્તિ મેળવે છે. શિવરાજ ઋષિનું વિસ્તૃત વર્ણન ભગવતીસૂત્રના શતક ૧૧, ઉદ્દેશા ૯માં છે.

**૧૨. સુદર્શન :**

સુદર્શન એ વાણિજ્યગ્રામનો રહેનાર અને શ્રમણોપાસક હતો. ભગવાન્ મહાવીરસ્વામી કોઈ સમયે વાણિજ્યગ્રામના દૂતિપલાસક નામના ચૈત્યમાં સમોસર્યા, ત્યારે આ શ્રમણોપાસક ભગવાનને વંદન કરવા આવ્યો. તેણે 'ભગવન્ કાલ કેટલા પ્રકારનો છે ?' વગેરે કેટલાક પ્રશ્નો ભગવાનને પૂછ્યાં, ને સમાધાન મેળવ્યું. ભગવાને પ્રસંગોપાત્ત સુદર્શનના પૂર્વ ભવનું વર્ણન કહી બતાવ્યું એટલે સુદર્શનને વૈરાગ્ય થયો. અને તેણે ભગવાન્ પાસે દીક્ષા લીધી. આ સુદર્શનનું વર્ણન ભગવતીના શતક ૧૧, ઉદ્દેશા ૧૧માં છે.

**૧૩. ઉદાયન અનગાર :**

ઉદાયન એ સિંધુસૌવીર દેશનો રાજા હતો. એની રાજધાની વીતભય નગરમાં હતી. એની રાણીનું નામ પ્રભાવતી. અભીજિ નામનો તેનો કુમાર હતો. કેશિ નામનો તેનો ભાણેજ હતો. ઉદાયન રાજા સિંધુસૌવીર વગેરે સોળ દેશ, વીતભય આદિ ત્રણસો ત્રેસઠ નગર, મહાસેન વગેરે દસ મુકુટબંધ રાજાઓ, અને એવા બીજા અનેક રાજાઓ વગેરેનું આધિપત્ય ભોગવતો હતો. 'ભગવાન્ મહાવીરસ્વામી મારા નગર પધારે તો કેવું સારું ?' એવી ભાવના ભાવતા ઉદાયન રાજાની ભાવના એક વખતે સફળ થાય છે. પ્રભુ વીતભય નગરના

મૃગવન ઉદ્યાનમાં પધાર્યા. ભગવાનની દેશના સાંભળી ઉદાયન રાજાને દીક્ષા લેવાની ભાવના થાય છે, પરંતુ રાજ્યાભિષેક પોતાના પુત્ર અભીજિ કુમારને કરવો કે ભાણેજ કેશિને કરવો, એ વિચાર થાય છે. ''મારો પુત્ર રાજ્ય ભોગવતાં કામભોગમાં મૂર્ચ્છિત થઈ અનાદિઅનંત સંસારમાં પરિભ્રમણ કરશે. માટે મારા ભાણેજ કેશિને ગાદી સોંપી મારે દીક્ષા લેવી ઠીક છે,'' એમ નક્કી કરે છે. ઉદાયન જે હેતુથી પોતાના પુત્રને રાજ્યાભિષેક કરવામાં પાછો પડે છે, એ હેતુનો વિચાર પોતાના ભાણેજને માટે કેમ ન આવ્યો ? — એ વિચિત્ર વસ્તુ છે. આખરે કેશિકુમારનો અભિષેક થાય છે, અને પોતે – ઉદાયન રાજા ભગવાન્ મહાવીરસ્વામી પાસે જઈને દીક્ષા લે છે.

પોતાના પિતાએ પોતાને ગાદી નહિ આપવાના કારણે, અભીજિ કુમાર દુઃખિત થઈ અંતઃપુરના પરિવાર સાથે થોડી સામગ્રી લઈને ચાલ્યો જાય છે. તે ચંપાનગરી પહોંચે છે. ત્યાં કુણિકનો આશ્રય લે છે. ત્યાં પણ તેને ઘણી ભોગ-સામગ્રી મળે છે. તે પછી તે શુદ્ધ શ્રાવક બને છે. જીવાદિ તત્ત્વનો જાણકાર થાય છે. છતાં ઉદાયન પ્રત્યેના વૈરથી તે મુક્ત થતો નથી. ભગવતીસૂત્રના શતક ૧૩ના ઉદ્દેશા ૬માં કહ્યા પ્રમાણે તે મરીને નરકે જાય છે. શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને કહ્યું છે કે, તે ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધ થશે.

એ પ્રમાણે ભગવતીસૂત્રમાં ઉલ્લિખિત પ્રભુ મહાવીરના થોડાક અપ્રસિદ્ધ શિષ્યોનો પરિચય ઉપર આપવામાં આવ્યો છે. આ સિવાય જમાલી, મંખલીપુત્ર ગોશાળ જેવા શિષ્યાભાસોનો પરિચય પણ આપવા જેવો છે, પરંતુ લેખવિસ્તીર્ણતાના કારણે તે પરિચય ભવિષ્ય ઉપર રાખી હાલ તો અહીં જ વિરમું છું.

*

## ॥ श्री भगवतीसूत्राय नमोनमः ॥

પરમ પવિત્ર પંચમાંગ શ્રી ભગવતીજીસૂત્ર એ દેવતાધિષ્ઠિત આગમગ્રન્થ છે. અનેકવિધ, મૌલિક, આત્મહિતકર, પદાર્થોનો ખજાનો છે. આ ગ્રન્થના ભાવોથી ભાવિત થનાર આત્માને અધિગમ સમ્યક્ત્વ પ્રાપ્ત થવાની શક્યતા વધી જાય છે. તે પ્રાપ્ત થતાં અનાદિકાલીન આત્મહિતકારક વિભાવો પાતળા પડે છે, મંદ પડે છે એ સ્વાધ્યાયનો પરમ લાભ છે. સકલ ભવ્યલોક એ લાભને પ્રાપ્ત કરનારો થાઓ.